જ્યોતિષ સિદ્ધાન્ત

પૂર્વ ભાગ

શુદ્ધ ગુજરાતી ભાષામાં

પ્રસિદ્ધ કરનાર

ચન્દુલાલ મુકુંદરાય માસ્તર

પ્રાચીન જ્યોતિષ મંડળી વ્યવસ્થાપક.

પ્રથમાવૃત્તિ

અમદાવાદ

માણેકચોક આગળ કાગદીઓળની સામે શા૦ હીરાભાઈ પુનમસાના મકાનમા "અમદાવાદ ટાઈમ્સ પ્રેસ"માં કાળીદાસ સાકળચંદે છાપ્યુ

સંવત ૧૯૪૫ સને ૧૮૮૮.

કીમત રૂપીઆ એક

અર્પણ પત્રીકા.

શાસ્ત્રી છગનલાલ લાધા.

સ્વસ્થાન જામનગર.

આપ સાહેબ
વિદ્યોત્તેજક કામ
માં આગેવાન થઈ
સ્વદેશનું શ્રેય અને ભારતીનો
ઉદય કરવા તન, મન અને ધનથી જે
પરીશ્રમ લઈ જ્યોતિષ શાસ્ત્રનો વિદ્યાર્થી-
ઓને જે જે બોધ આપો છો, તેમજ પ્રત્યેક વર્ષે
આપની જ્યોતિષશાળામાં વિદ્યાર્થીઓને જે વિદ્યાદાન
આપોછો અને મારા પ્રત્યેની અગાધ પ્રીતીની
યાદગીરી રાખવા સારૂ આ જ્યોતિષ
સિદ્ધાન્ત ગ્રંથ સાથે આપનું માંગલ્ય
નામ જોડી હું આપને આ
ગ્રંથ અર્પણ કરૂં છું
તે સ્વિકારશો.

અમદાવાદ
તા૦ ૧ લી જાનેવારી
સને ૧૮૮૯

ચંદુલાલ મુકુંદરાય માસ્તર
પ્રાચીન ગ્રંથોદય મંડળી વ્યવસ્થાપક.

પ્રસ્તાવના.

પ્રાચીન કાળમાં મહત વિદ્વાનોએ રચેલા જ્યોતિષ શાસ્ત્રના ઘણાક ગ્રંથો આપની દ્રષ્ટીગોચર થાય છે, જેનો તત્વ વિદ્વાન લોકો સમજી શકે છે પરંતુ સમયાનું સારે ગુર્જર ભાષાનું પરીબળ વધારે હોવાથી અને જ્યોતિષ શાસ્ત્રનો શોક વધારે થવાથી, આ જ્યોતિષ સિદ્ધાન્ત, ગ્રંથનો પૂર્વ બાગ શુદ્ધ ગુજરાતી ભાષામાં પ્રગટ કર્યો છે, જેનું કારણ માત્ર આટલુજ કે પૂર્વે જે જે ગ્રંથો છે તેનું બંધારણ સંસ્કૃત શ્લોક અને તેની ટીકા પણ સંસ્કૃત ગદ્યમાંજ જોવામાં આવે છે, જેથી કેટલાક અલ્પજ્ઞાની કે જેને પુરતુ ગુજરાતી પણ આવડતું નથી તો તે સંસ્કૃત વાંચી શકે કે તે સમજી શકેજ ક્યાંથી; એવા હેતુથી ગણીત ફળ અને મૂહુર્ત જેની જ્યોતિષ શાસ્ત્રમાં ત્રણ પ્રકારે કલ્પના કરી છે; જે ત્રણ ભાગને જાણી શકે તે જ્યોતિષ શાસ્ત્ર જાણે છે એમ સમજવું. તે ત્રણ ભાગને આ ગ્રંથની અંદર યથામતી સમજ સાથે તત્વરૂપે દર્શાવ્યાછે જે વાંચવાથી ખાત્રી થસે. જ્યોતિષ સિદ્ધાન્ત ગ્રંથની અન્દર આવેલા વિષય કઠણ છે પણ તેને બરાબર જો વાંચશે અને ખરો તત્વ સમજશે તો તે વિષય સેહેજ સમજી શકાશે, પણ જ્યોતિષ સિદ્ધાન્તની અંદર ઘણા વિષય છે તથાપિ મુખ્ય વીષય જન્મપત્રિકા, વર્ષફળ, સૂર્ય ચન્દ્ર ગ્રહણ, નળીકાબંધન ઉદયાદીક વક્રમાર્ગ પર્યંત ગણીતભાગ અને ફળાધીશ મૂહુર્ત વીગેરે કેટલીએક જાણવા જોગ બાબત પ્રગટ કરી છે જેનો તત્વ સ્વદેશ બાંધવો સમજી સાર સાર ગ્રહણ કરશે, એજ મારા કર્તવ્યનું સફળપણું છે. આ ગ્રંથની પ્રસ્તાવના સમાપ્તી કરતાં પેહેલાં મારા મીત્ર મી૰ કલ્યાણરાય આરતલાલ મી૰ શીવપ્રસાદ બેહેચરલાલ અને મી૰ છોટાલાલ હરીલાલ તેઓનો આ પ્રસંગે મ્હારે મ્હોટો ઉપકાર માનવો જોઈએ; કારણ કે આ ગ્રંથ જલદી બ્હાર પાડવામાં પ્રસંગોપાત મને યોગ્ય સલાહ તથા સહતા આપી છે જેથી ઉપકાર માનવો ઘટીત છે.

આ પુસ્તક છાપવામાં ઘણી કાળજી રાખ્યા છતાં કેંચીત સ્થળે નજર ચુકથી ભુલ રહી છે જે વાંચનાર વિદ્વજ્જનો સુધારી લેશે એ મારી પ્રાર્થના છે કારણ કે ગુજરાતી ભાષામાં આ મહારો પેહેલોજ પ્રયત્ન છે.

ચં. મુ. માસ્તર.

અનુક્રમણિકા.

જ્યોતિષ સિદ્ધાન્ત.

॥ श्रीगणेशायनमः ॥ अथ ज्योतिषसिधान्त प्रारंभ ॥ मंगलाचरण प्रारंभ ॥ यद्वंद्यपूजाब्जध्यानं सकलसुखमूलंबुधजनाः प्रकुर्वंत्यप्रमात्ते विमलमनपरं सुखपदं ॥ सुराधिशंदेवासुरनतपदाब्जयुगलंतमाप्यप्रत्युहंसावितरतुसर्वत्रगणपः॥१॥

અર્થ—સર્વ સુખના મૂળ રૂપ જેનાં ચરણારવિંદનું ધ્યાન વિદ્વાન લોકો કરે છે, અને તેથી તે નિરમળ મતી વાળા થાય છે. તે દેવતાઓમાં મ્હોટા છે. દેવતાઓ અને અસુરો જેના ચરણકમળને નમે છે તે દેવને હું પ્રણામ કરૂં છું. અને તે ગણપતી સર્વત્ર મારૂં વિઘ્ન હરી લેજો.—॥ ૧ ॥

॥ जाड्यांधकारोलयमेतियस्यास्तांवागधीशांकृपयाननामि उमारमेशावपिसंप्रणम्य पुराणदैवज्ञवरानूनमामि॥ २॥

અર્થ—જેની કૃપાથી જડરૂપ અંધકાર લય પામી જાય છે એવાં તે સરસ્વતીને હું પ્રણામ કરૂં છું. પાર્વતીનાં પતી શંકર અને લક્ષ્મીના પતી વિષ્ણુને નમ્રતા પુર્વક પ્રણામ કરીને પૂર્વે થઇ ગએલા જ્યોતિષવેતાઓને હું પ્રણામ કરૂં છું. ॥ ૨ ॥

॥पूर्वैः सद्विबुधैः श्रुतानिगचितान्यत्यादरा द्दीश्यपद्व्रोयं तु मया सगुर्जरगिराप्रत्नैः सुपद्यैःपरम्॥ ग्रंथस्याःसुखहेतुरेषवमुधादेवात्मजानांसदा प्रेम्णात्रप्रकटीकृतोत्र ममचैषायाससाफल्यता ॥ ३॥

અર્થ—મેં પૂર્વના સદ્વિદ્વાનોયે રચેલા શાસ્ત્રનું ઘણા આદરથી અવલોકન કરીને પૂર્વ કૃત શ્લોકની સાથે ગુજરાતી ભાષામાં આ ગ્રંથ બાંધ્યો છે અને તે ઘણા સ્નેહથી પ્રગટ કરેલો આ ગ્રંથ બ્રાહ્મણોના બાળકને સુખના હેતુ રૂપ થાય એજ મારા શ્રમનું સફળપણું છે એમ માનું છું.

વીક્રમાદીત સંવત સમજવાની રીત—શાલીવાહન શકમાં વર્ષ ૧૩૪ મેળીએ ત્યારે ગત સંવત થાય, અને ૧૩૫ મેળીએ ત્યારે વર્તમાન (ચાલુ) સંવત થાય. આ સંવત અસાડ માસથી ગણવામાં આવે છે. કેટલાક દેશમાં દીવાળીથી સંવત ગનાય છે.

શાલિવાહન શક સમજવાની રીત—સંવતમાંથી ૧૩૫ બદ કરીએ ત્યારે ચાલુ શાલિવાહન શક થાય. અને ૧૩૪ બાદ કરીએ ત્યારે ચૈત્રાદીક શાલિવાહન શક થાય.

સંવત્સર સમજવાની રીત—શકમાં ૨૨ મેળવતાં જે અંક આવ્યો તેને ૬૦ નો ભાગ લેવો લબ્ધાંકનું કામ નહી શેષ રહે તે પ્રભવને આદી દઇને ૬૦ સંવત્સરમાં જે શંખ્યાનો આંક હોય તેટલામો સંવત્સર જાણવો.

બીજા પ્રકારે સંવત્સર સમજવાની રીત—શકમાં ૧૯૫ મેળતાં આવે તેને ૨૨ ગુણવા. ગુણાકાર આવે તેને ૧૮૭૫ ભાગવા લાધે. તેમાં શક મેળવવો તે વર્ષાદી થાય. પછી વર્ષના અંકને ૬૦ ને ભાગ લેવો શેષાંક રહે તે પ્રભવાદી ગતી સંવત્સર થાય અને વર્ષના અંક ઉપર માસાદીક છે તે માસાદીકે ગત સંવત્સર ઉતરીને તેની આગળનો સંવત્સર પ્રવેશ થાય.

સાઠ સંવત્સરનાં નામ—પ્રભવ ૧ વિભવ ૨ શુક્લ ૩ પ્રમોદ ૪ પ્રજાપતી ૫ આંગીરા ૬ શ્રીમુખો ૭ ભા-

વો ૮ યુવા ૯ ધાતા ૧૦ ઇશ્વર ૧૧ બહુધાન્ય ૧૨ પ્રમાથી ૧૩ વિક્રમ ૧૪ વૃષભ ૧૫ ચિત્રભાનું ૧૬ સુભાનું ૧૭ તારણ ૧૮ પાર્થીવ ૧૯ વ્યય ૨૦ સર્વજીત ૨૧ સર્વધારી ૨૨ વીરોધી ૨૩ વીકૃત ૨૪ ખર ૨૫ નંદન ૨૬ વિજય ૨૭ જય ૨૮ મન્મથ ૨૯ દુર્મુખ ૩૦ હેમલમ્બન ૩૧ વિલંબ ૩૨ વિકારી ૩૩ સાર્વરી ૩૪ પ્લવ ૩૫ શુભકૃચ્છ ૩૬ કૃત ૩૭ ક્રોધી ૩૮ વિશ્વા ૩૯ વસુપરાભવો ૪૦ પ્લવંગ ૪૧ વિલક ૪૨ સૌમ્ય ૪૩ સાધારણ ૪૪ વિરોધ કૃત ૪૫ પરીધાવી ૪૬ પ્રમાદી ૪૭ આનંદાં ૪૮ રાક્ષસ ૪૯ નળ ૫૦ પિંગળ ૫૧ કાળયુક્ત ૫૨ સિધાર્થ ૫૩ રૌદ્ર ૫૪ દુર્મતી ૫૫ દુંદુભી ૫૬ રૂધીરોદગારી ૫૭ રક્તાક્ષી ૫૮ ક્રોધન ૫૯ ક્ષય ૬૦ આ સાઠ સંવત્સર જન્મ પત્રીકાને માથે લખવામાં આવે છે તથા તેના ઉપરથી વર્ષના ભાવ કહેવાય છે).

ગોલ જાણવાની રીત—મેષાદી ૭ સંક્રાંતી સુધી ઉત્તર ગોલ જાણવું અને તુલાદીક ૭ સંક્રાંતી સુધી દક્ષણ ગોલ જાણવું.

ઉત્તરાયન અને દક્ષણાયનની સમજ—મકર થકી ૬ રાશી સુધી ઉત્તરાયન જાણવું અને કરકથી ૬ સંક્રાંતી સુધી દક્ષણાયન જાણવું.

૭ રૂતુ સમઝવાની રીત—મીન અને મેષ રાશીના સૂર્યમાં વસંત રૂતુ જાણવી. વૃષ અને મીથુનના સૂર્યમાં ગ્રીષ્મ રૂતુ જાણવી. સીંહ અને કર્ક રાશીના સૂર્યમાં વૃષા રૂતુ જાણવી, કન્યા તુલના સૂર્યમાં સરદ રૂતુ જાણવી. વૃશ્ચિક અને ધન રાશીના સૂર્યમાં હેમન્ત રૂતુ જાણવી. મકર અને કુંભની રાશીના સૂર્યમાં શશી રૂતુ જાણવી, રૂતુ ઉપરથી કેટલોએક ભાવ તેમજ શીત ઉષ્ણ અને વર્ષાત વીગેરે ફળફળાદીકનું પ્રફુલીત થવુ અને કેટલાએક રોગોનો ઉપદ્રવ વીગેરે જાણવાનું અવશ્ય છે.

બાર માસના નામો—ચૈત્ર ૧ વૈશાક ૨ જેષ્ટ ૩ આસાડ ૪ શ્રાવણ ૫ ભાદ્રપદ ૬ આશ્વિન ૭ કાર્તીક ૮ માગેશીર્ષ ૯ પૌષ ૧૦ માઘ ૧૧ ફાલ્ગુન ૧૨

સાત વારના નામ-રવી ૧ સોમ ૨ ભોમ ૩ બુધ ૪ ગુરૂ ૫ શુક્ર ૬ શની ૭.

સત્યાવીશ નક્ષત્રનાં નામ-અશ્વની ૧ ભરણી ૨ કૃતીકા ૩ રોહીણી ૪ મૃગશીર્ષ ૫ આરદ્રા ૬ પુનરવસૂ ૭ પુષ્ય ૮ અશ્લેષા ૯ મઘા ૧૦ પુર્વાફાલ્ગુની ૧૧ ઉતરાફાલ્ગુની ૧૨ હસ્ત ૧૩ ચીત્રા ૧૪ સ્વાતી ૧૫ વિશાખા ૧૬ અનુરાધા ૧૭ જ્યેષ્ટા ૧૮ મૂલ ૧૯ (અભીજીત „૨૦) પૂર્વાષાઢા ૨૦ ઉતરાષાઢા ૨૧ શ્રવણ ૨૨ ધનેષ્ટા ૨૩ શતભીશા ૨૪ પૂ. ભા. ૨૫ ઉતરા ભા. ૨૬ રેવતી ૨૭

અઠાવીસ યોગના નામો-વિષ્કુંભ ૧ પ્રીતી ૨ આયુષ્માન ૩ સોભાગ્ય ૪ સોભન ૫ અતીગંડ ૬ શુકર્માં ૭ ધૃતી ૮ શૂલ ૯ ગંડ ૧૦ વ્રધી ૧૧ ધ્રુવ ૧૨ વ્યાઘાત ૧૩ હર્ષણ ૧૪ વજ્ર ૧૫ સિદ્ધ ૧૬ વતિપાત ૧૭ વરીયાન ૧૮ પરીઘ ૧૯ શીવ ૨૦ સિદ્ધ ૨૧ સાધ્ય ૨૨ શુભ ૨૩ શુક્લ ૨૪ બ્રહ્મા ૨૫ ઇન્દ્ર ૨૬ વૈધૃત ૨૭

કર્ણ જાણવાની રીત—બવ ૧ બાલવ ૨ કૌલવ ૩ તૈતીલ ૪ ગીર ૫ વાણીજ્ય ૬ વિષ્ટી ૭ કૃષ્ણ પક્ષની ચૌદશના બીજા ભાગનું શકુની કર્ણ જાણવું અને અમાવાસ્યાના પહેલા ભાગનું ચતુષ્પદકર્ણ જાણવું અને બીજા ભાગનું નાગકર્ણ જાણવું. શુકલ પડવાને દીવસે પેહેલા ભાગનું કિસ્તુઘ્નકર્ણ જાણવુ.

કર્ણ વર્તવાની રીત—ગત તીથીને બે ગણી કરવી તેમાં શુકલ પ્રતિપદથી જેટલી તીથી ગઇ હોય તેટલી મેળવી પછી જે સંખ્યા આવી તેમાંથી એક ઓછો કરવો. બાકીનાને સાતે ભાગ લેવો. લાધે તેનું કામ નહી. શેષ રહે તે બવ આદી લઇને સાત કર્ણ જાણવા.

સંક્રાંતી અથવા રાશીનાં નામો-મેષ ૧ વૃષ ૨ મિથુન ૩ કર્ક ૪ સિંહ ૫ કંન્યા ૬ તુલા ૭ વૃશ્ચિક ૮ ધન ૯ મકર ૧૦ કુંભ ૧૧ મીન ૧૨ આ રીતે બાર રાશી જાણવી. જે રાશીમાં સૂર્ય ઉગે તેને સંક્રાંતી કહે છે. આ બાર રાશી પ્રત્યેક જોતિષના પ્રકરણમાં કામ આવે છે.

નક્ષત્ર ઉપરથી યોની સમજવાની રીત—અશ્વની અને શતભીષાની અશ્વયોની. ભરણીની ગજયોની. કૃતીકા, પુષ્ય મેષયોની રોહીણી, મૃગશીર્ષ, સર્પયોની. આરર્દ્રા, મૂળ શ્વાનનીયોની. પુનર્વસુ, અશ્લેષા બીલાડાનીયોની. મઘા, પૂર્વાફાલ્ગુની. ઉંદરની યોની. ઉત્તારાફાલ્ગુની ઉત્તરાભાદ્રપદની ગૌની યોની. હસ્ત સ્વાતીની ભેંશની યોની. ચીત્રા, વીશાખાની વ્યાઘ્રની યોની અનુરાધા, જેષ્ટાની મૃગયોની. પૂ. ષા. શ્રવણની કપીની યોની. ઉ. ષા. અભીજીત. બભ્રુની યોની ધનેષ્ટા. પૂ. ભા. સીંહની યોની.

નક્ષત્ર ઉપરથી ગણ **જાંણવાની રીત**—અશ્વની. મૃગશીર્ષ. પુનર્વસુ. પુષ્ય. હસ્ત. સ્વાતી. અનુરાધા. શ્રવણ. રેવતી. એટલા નક્ષત્રનો દેવ ગણ જાણવો. ભરણી. રોહીણી આરદ્રા પૂ. ફા. ઉ. ફા. પૂ. ષા. ઉ. ષા. પૂ. ભા. ઉ. ભા. એ નવ નક્ષત્રો મનુષ્ય ગણ જાણવા. કૃતીકા, અશ્લેષા, મઘા. ચીત્રા. વીશાખા. જેષ્ટા. મૂલ. ધનેષ્ટા, શતભીષા. એટલા નવ નક્ષત્રોનો રાક્ષસ ગુણ જાણવો. આ ગુણો ઉપરથી શરીરના ગુણો અને પ્રકૃતી તેમજ સ્ત્રી પુરૂષોને મેળાપક્ષ જોવા કામ આવે છે.

નક્ષત્ર ઉપરથી ચુંજા સમજવાની રીત--અશ્વની. ભરણી. કૃતીકા. રોહીણી. મૃગશીર્ષ એ છ નક્ષત્રની પૂર્વ ભાગ ચુંજા જાણવી. આર્દ્રા. પુનર્વસુ. પુષ્ય. અશ્લેષા. મઘા. પૂ૦ ફા૦ ઉ૦ ફા૦ હસ્ત. ચીત્રા. સ્વાતી. વીશાખા. અનુરાધા એ બાર નક્ષત્રની મધ્ય ભાગ ચુંજા જાણવી. જ્યેષ્ટા. મૂલ. પૂ૦ ષા૦ ઉ૦ ષા૦ (અભીજીત) શ્રવણ ધ-

નેષ્ટા. શતભીષા. પૂ૦ભા૦ ઉ૦ ભા૦ આ નવ નક્ષત્રની અં-ત્ય ચુંજા જાણવી. જેષ્ટા. મૂલ. અશ્વની. આરદ્રા. પુનર્વસુ શ-તભીષા. પૂ૦ભા૦ ઉ૦ફા૦ હસ્ત. એ નવ નક્ષત્રની આદ્ય-નાડી જાણવી (જેને પહેલી નાડી કહેછે) મૃગ. ચીત્રાશીર્ષ. અનુરાધા. ભરણી. ધનેષ્ટા. પૂષ્ય. ઉ૦ફા૦ પૂ૦ ફા૦ પૂ૦ષા૦ એ નવ નક્ષત્રમાં મધ્ય ભાગ નાડી જાણવી (વચલા ભાગની નાડી જાણવી) રોહીણી. કૃતીકા. અશ્લેષા. મઘા. સ્વાતી. વિશાખા. રેવતી. ઉ૦ ષા૦ શ્રવણ. એ નવ નક્ષત્રમાં અત્ય નાડી જાણવી (એટલે છેલી નાડી જાણવી)

રાશી ઉપરથી હંશા જાણવાની રીત—મેષ સીંહ. ધન. એ ત્રણ રાશીની અગ્ની હંસા જાણવી. વૃષ. કન્યા. મકર. એ ત્રણ રાશીની ભુમી હંસા જાણવી. મિથુન. તુલ. કુંભ. એ ત્રણ સંક્રાતીની વાયુ હંસા જાણવી. કર્ક. વૃશ્ચિક. મીન. એ ત્રણની વારી હંસા જાણવી.

રાશી ઉપરથી વર્ણ સમજવાની રીત—મેષ. સીંહ. ધન. એનો ક્ષત્રી વર્ણ જાણવો. વૃષ. કન્યા. મકર એ ત્રણેનો વૈસ્ય વર્ણ જાણવો. મીથુન. તુલ. કુંભ. એનો શુદ્ર વર્ણ જાણવો. કર્ક વૃશ્ચિક. મીન. તેનો બ્રાહ્મણ વર્ણ જાણવો.

અથ વર્ગ સમજવાની રીત—અ. ૪. ઉ. ૨. ઌ. એટલા અક્ષર વાળાનો ગરૂડ વર્ગ જાણવો. ક ખ ગ ઘ ઙ. એનો બીલાડાનો વર્ગ જાણવો. ચ. છ. જ. ઝ. ઞ. એનો સીંહ વર્ગ જાણવો. ટ ઠ ડ ઢ ણ એનો શ્વાનનો વર્ગ જાણવો. ત થ દ ધ ન એનો સર્પનો વર્ગ જાણવો પ ફ બ ભ મ એનો ઊંદરનો વર્ગ જાણવો. ય ર લ વ શ એનો મૃગનો વર્ગ જાણવો. ષ સ હ ળ ક્ષ એનો મેષ વર્ગ જાણવો.

અથ પુરૂષ ચક્ર સમજવાની રીત—સૂર્યના નક્ષત્રથી દીવસના નક્ષત્ર સુધી ગણવું. પછી જે સંખ્યા થાય

તેમાંથી અનુક્રમ વડે દેવા. તેની વીગત. પેહેલા ત્રણ નક્ષત્ર માથે દેવા ત્રણ મુખે દેવા. બે નક્ષત્ર કાંધે દેવા. બે નક્ષત્ર ભુજે દેવા. બે હાથે દેવા. પાંચ નક્ષત્ર નાભીએ દેવા એક ગુદાએ દેવું. બે નક્ષત્રો જાનુએ દેવા અને છ નક્ષત્રો પગે દેવા.

અથ સ્ત્રી નક્ષત્ર ચક્ર સમજવાની રીત—ઉપરની રીત પ્રમાણે સુર્ય નક્ષત્રથી ત્રણ નક્ષત્ર માથે દેવા. સાત નક્ષત્ર મૂખે દેવા આઠ નક્ષત્રો સ્તને દેવાં. ત્રણ નક્ષત્ર હ્રદે દેવા ત્રણ નક્ષત્ર નાભીએ દેવા. ત્રણ નક્ષત્ર ગુદે દેવા.

નક્ષત્ર ઊપરથી નામ પાડવું અને તેના સ્વર અને અક્ષર જ્ઞાન—એક નક્ષત્ર સાઠ ઘડી ભોગવે તેના ચાર પાયા કલ્પવામાં આવ્યા છે જેનો પ્રત્યેક ભાગ ૧૫ ઘડી સુધી રહે અને તેના ભાગ ઉપરથી નક્ષત્રનો ચોથો અક્ષર જાણવો. જેમ અશ્વનીમાં જન્મ થયો છે તે અશ્વનીના ચાર પાયાના ચાર અક્ષર. ચુ. ચે. ચો. લા. તે ૧૫–૩૦–૪૫–૬૦ ના અનુક્રમ વડે રહે અને તે ઉપરથી નામ ધારણ કરવું. ચુ. ચે. ચો. લા. અશ્વની. લી. લુ. લે. લો. ભરણી. અ. ઈ. ઊ. એ કૃતીકા. ઉ. વા. વી. વુ. રોહીણી—વે. વો. કાકી મૃગશીર્ષ કુ. ઘ. ઙ. છ. આરદ્રા. કે. કો હા. હી. પુનર્વસુ. હુ. હે. હો. ડા. પુષ્ય ડી. ડુ. ડે. ડો. આશ્લેષા. મ. મી. મુ. મે. મઘા. મો. ટા. ટે. ટુ. પૂ. ફા. ટે. ટો. પા. પી. ઉ. ફા. પૂ. ષ. ણ. ઠ. હસ્ત. પે. પો. ર. રી. ચિત્રા. રૂ. રે. રો. તા. સ્વાતી. તી. તૂ. તે. તો. વિષાખા. ના. ની. નૂ. ને. અનુરાધા. નો. યા. યી. યૂ. જ્યેષ્ઠા. યે. યો. ભા. ભી. મૂલ. ભુ. ધ. ફા. ઢા. પૂ.ષા. ભે. ભો. જા. જી. ઉ.ષા. જુ. જે. જો. ખા. અભીજીત. ખી. ખુ. ખે. ખો. શ્રવણ. ગા. ગી. ગ. ગે. ધનેષ્ટા. ગો. સા. સી. સુ. શતંભીષા. સે. સો. દા. દી. પૂ.ભા. દુ. ઝ. ત્ર. થા. ઉ.ભા. દે. દો. ચ. ચી. રેવતી.

ઇંગ્રેજી વર્ષ સાધન સમજવાની રીત.

ધ્રુવાંક ૬૯૦.૧૮૪—૧૫ નો છે તેમા અહરગણ મે-ળવો. અહરગણ મેળતાં જે સંખ્યા આવે તેને ચારે ગુણ-ના પછી તેને ૧૪૬૧ ભાગ લેવો લાધે તે સન અને શેષ રહે તેને ચારે ભાગવા. લાધે તે તારીખ ને જે દીવસ, તેના માસ કરવા ને જે માસની જેટલી તારીખ હોય તેટલી તારીખ પ્રમાણે માસ ગણતાં બાકી રહે તે તારીખ અને સનને ચારે ભાગતાં જે શેષ રહે તે સાલ માટે સાલને ચોથે માસ બીજો ફેબરવારી તારીખ ૨૯ થાય છે એ પ્ર-માણે આગળ કરવુ.

ઇંગ્રેજી બાર માસનાં નામ

જાનેવારી ૩૧ ફેબરવારી ૨૮ માર્ચ ૩૧ એપ્રીલ ૩૦ મે ૩૧ જુન ૩૦ જુલાઇ ૩૧ આગષ્ટ ૩૧ સપટેમ્બર ૩૦ ઓકટોબર ૩૧ નવેંબર ૩૦ ડીસેમ્બર ૩૧ ઇસ્વીમાસ ૧૨ ના દીવસ ૩૬૫ દીન થાય છે.

દરીઆનો નરોજ સમજવાની રીત.

અહરગણુમાં ૨૧૮ મેળીને ૩૬૫ નો ભાગ લેવો. લબ્ધાંકનું કામ નહીં. શેષ રહે તે નરોજ જાણુવા. આ ન-રોજ વેપારી લોકોને તથા વાહાણુ ચલાવનાર લોકોને ઉ-પયોગમાં આવે છે.

ગત અને શેષ કળીયુગનાં વર્ષ જાણુવાની રીત

શાલીવાહનના શકમાં વર્ષ ૩૧૭૮ ને ૭ માસ (૬) મેળીએ તો ચૈત્રસુદી ૧ નો ગત કળી થાય. તેને કળીયુ ગના વર્ષ સંખ્યામાંથી બાદ કરીએ ત્યારે શેષકળી થાય.

અગસ્તનો ઉદય અને અસ્ત સમજ વાની રીત.

અક્ષપ્રભાને (૮) આઠે ગુણુવા. ગુણુતાં જે સંખ્ય આવે તે નતાંશામાં પુનઃ—અંશ ૯૮ માં નતાંશા મેળ-

વવા આવે તે અંશાદીક. તેનું રાસ્યાદીક કરવું. જે રાસ્યાદીક આવે તે રાસ્યાદીકના સૂર્યનાં અંશાદીકે અગસ્તનો ઉદય થાય તેમજ અંશ ૭૮ માંથી નતાંશા બાદ કરી સૂર્યની રાસી અંશે અગસ્તનો અસ્ત થાય. અગસ્તના ઉદય ઉપરથી કચ્છ અને કાઠીયાવાડ તરફ અગસ્ત્યાર્ઘ આપવાનો રીવાજ છે.

ઇષ્ટકાળ સમજવાની રીત.

પ્રથમ સરખી જમીન ઉપર ઉભુ રહેવું અને આપણી જયાં સુધી છાયા પડે ત્યાં આગળ નીશાની રાખવી. પછી આપણે ઉભા છીએ ત્યાંથી છાયાની નીશાની સુધી પગલાં ભરવાં તેની જે સંખ્યા થાય તેમાં ૬ (છ) ઉમેરવા-ઉમેરતાં જે સંખ્યા આવે તેને [૧૨૧]નો ભાગ લેવો. લાધે તે ઘડી શેષાંક રહે તે પળ જાણવા વીશેષ. બપોર પેહેલાં ચડયો દીવસ સમજવો અને બપોર પછી દીવસ શેષ જાણવો.

સુક્ષ્મ પ્રકારે ઇષ્ટ ઘટી શમજવાની રીત,

જે દીવસે ઇષ્ટકાળ વરતવાનો હોય તે દીવસનું મધ્યપાદ વર્તવું. તે વરતવાની રીત, જે દીવસ ઇષ્ટકાળ વરતવાનો હોય તે દીવસનું દીનમાન ને પરદીનમાન (એટલે ૩૩-૪) નું પરદીનમાન હમેશ હોય છે તેમાંથી બાદ કરવું શેષાંક જે રહે તેને [૫] પાંચ ગુણા કરવા. ગુણતાં જે અંક આવે તેને (૭) ૬ નો ભાગ લેવો, લાધે તે મધ્યપાદ જાણવું.

જે દીવસ ઇષ્ટકાળ સાધન કરવો હોય તે દીવસ પેહેલા સરખી ભુમી ઉપર ઉભા રહેવુ, પછી પગલાં ભરવાં, પગલાં ભરતાં જે સંખ્યા આવી તે સંખ્યામાંથી મધ્યપાદ બાદ કરવુ. બાદ કરતા જે શેષાંક રહે તેમાં સાત (૭) ભેળવવા. પછી તેને બે ગણાકરવા. બે ગણા કરતાં જે સંખ્યા આવે તેને ભાંજય કહેવું. ભાજયક-

ની રીત. દીનમાનને સાત ગણું કરવું, પછી પેહેલા ફળને ૬૦ ગણું કરવું તેમાં બીજુ ફળ મેળવવું એટલે ભાજ્ય થાય. તે ભાજ્ય વડે ભાજકને ભાગ લેવો. લાધે તે ઘડી શેષ રહે તેને સાઠ ગુણું કરવું પછી પેહેલાંની પેઠે ભાજકથી ભાજ્યને ભાગ લેવો. લાધે તે પળ, એ પ્રમાણે ઘટી અને પળ આવે તે સ્પષ્ટ ઈપકાળ જાણવે..

ઘડીઆળની સમજ.

ઘડીઆળ દેખાવમાં વર્તુલ આકાર ચક્ર જેવું હોય છે તેની ઉપર એકથી બાર સુધી આકડા હોય છે, અને પ્રત્યેક આંકડાને ૬૦ મીનીટનો અંતર હોય છે જે અતરના ૪ ભાગ કરવામાં આવે કે ૧૫--૩૦--૪૫--૬૦ જેની સમજ પા અરધ પોણી અને કલાક કહેવામાં આવે છે. તે ચક્રના મધ્યમા બે કાંટા હોય છે જે નાનો કાંટો હોય છે તે કલાકનો અને મોટા કાંટો હોય છે તે મીનીટનો. મીનીટનો કાંટો બાર ઉપર અને કલાકનો કાંટો કલાકના આંકડા ઉપર આવે તે વખત જે આંક ઉપર આવે તેટલા વાગ્યા એમ સમજવુ. અહી ઘડીનો એક કલાક કલ્પવામા આવ્યો છે અને તેમજ એક મીનીટની અઢા (૨॥)પળ થાય છે કેટલાએક ઘડીઆળમાં કલાક વાગે છે. કેટલા એક ટાઈમપીસ કહેવાય છે (જે વાગતા નથી તે) પણ ફકત ટાઈમજ આપે છે. તેમજ કેટલાંક તો પા કલાકે (૪) અરધાએ (૮) આઠ પોણાએ (૧૨) અને કલાકે (૧૬) ઠણકા વાગે છે અને ત્યાર પછી જનરલ ડંકો વાગે છે. ઘડીઆળ ઉપરથી ટાઈમ બરાબર આવે છે.

ગ્રહના અંશ કળા વિકળા કરવાની રીત.

ગ્રહની રાશીને ત્રીશે [૩૦] ગુણી અંશ મેળીએ એટલે અંશ થાય તેને (૬૦) સાઠે ગુણી કળા મેળીએ તો કળા થાય તે કળાને (૬૦) સાઠે ગુણી વીકળા મેળવીએ

નો વીકળા થાય તેને કળાપીંડ અથવા વીકળાપીંડ કહે છે. કોઇપણ ગ્રહનું પેહેલુ ફળ તે રાશી અને બીજુ ફળ અંશ ત્રીજુ ફળ કળા અને ચોથુ ફળ વીકળા એમ કોઇપણ ગ્રહ હોય તેને જાણવું.

અયનાંશા કરવાની રીત—ગત વર્ષમાં ૧૩૩૫ મેળીએ આાં તેને ૮૯ નેવાશીએ ગુણીને ૨૭૦૪ ભાગવા લાધે તે અંશાદી તેને ૪૭ ભાગવા લાધે તે ચક્ર, શેષ રહે તે ગોલાંશા જો ચક્ર, (૨) બેનું (૪) ચારનું કે-૭ (૬) નું હોય ત્યારે ગોળાંશાનું અર્ધ કરીએ તે અયનાંશા અને ચક્ર (૧) એક (૩) ત્રણ (૫) પાંચનું આવે ત્યારે ગોળાંશાને બાજ્યક ૪૭ નો છે તેમાંથી પાડીએ શેષ રહે તેનું અર્ધ કરીએ તે અયનાંશા.

બીજી રીત—ગત વર્ષમાં ૧૩૩૫ મેળવા મેળતાં જે રકમ આવી તેને (૨૧) એકવીસે ગુણી અને ૨૫ નો ભાગ લેવો. લાધે તેને ૬૦ ભાગવા લાધે તે અંશાદી અયનાંશા જાણવા.

ત્રીજી રીત—ગત વર્ષમાં ૧૩૩૫ મેળવી મેળતાં જે રકમ આવે તેને નવે (૯) ગુણવા અને ૬૦૦ નો ભાગ લેવો લાધે તે અંશાદિ અયનાંશા.

ચોથી રીત—અહરગણને દશહજારે ગુણવા અને ૩૬૫૨૫૮૫, ભાગવા, લાધે તેને ૬૦ ભાગ લેવો. લાધે તે અંશાદી અયનાંશા.

પાંચમી રીત—વર્તમાન શકમાંથી ૪૪૫ બાદ કરવા. શેષ રહે તેને ૬૦ ભાગ લેવો લાધે તે અયનાંશા. ઉપર કહેલી રીતે ગત વર્ષના અયનાંશા આવે તે વર્ષમુખા અને અહરગણથી આવે તે ગણમુખા તે ગ્રહ લાઘનાઆવે અને પ્રથમ કહ્યા તે સીદ્ધાંત્ત ગ્રેહગીગતનાં છે.

અથ જ્યા સમજવાની રીત.

જ્યાનાં ખંડક ૨૧-૨૦-૧૯-૧૭-૧૫-૧૨-૯-૫-૨ એ ખંડક છે તે ઉપરથી જ્યા સાધવી. ભુજાંશાને ૧૦ ભાગ લેવો. લાધે તેટલા ગત ખંડક તેની આગળનો ભોગ્ય ખંડક. તે ભોગ્ય ખંડક વડે શેષ અંશાદી ગુણવા આવે તેને દશે [૧૦] ભાગવા લાધે તે અંશાદી જ્યાફળ પછી ગત ખંડક જેટલા હોય તેનો સર્વાળો કરવો તેમાં જ્યા ફળ ભેળવું એટલે જ્યાથાય.

બીજી રીત—ભુજાંશાની ભુજજયાને જ્યામાન અને ૧૨૦ નું લાગ્રત એબેના યોગમાંથી અંશ ૯૦ [નેવુ] ની ભુજજ્યા બાદકરવી, બાકી રહેતે લાગ્રતગ તેની સંખ્યા આવેતે જ્યાથાય.

જ્યાનાં ખંડક કાઢવાની સમજ.

એમ સમજવું કે જ્યાનાં ખડંક ૯ કરવાનાં છે તો એક ખંડ ૧૦ દશઅંશનો થશે. એમ ખંડ ૯ માં અંશ ૯૦ થાય, અંશ ૧૦ ની ભુજ અને જ્યામાન ૧૨૦ નું લા-ગ્રત એ બેના યોગમાંથી અંશ ૯૦ ની ભુજજ્યા બાદ કરવી રહેતે લાગ્રત તેની સંખ્યા ૨૧ છે તે પેહેલો ખંડક.

બીજો ખંડક—અંશ ૨૦ ની ભુજજ્યાને જ્યા માન ૧૨૦ નું લાગ્રત એબેના યોગમાંથી અંશ ૯૦ ની ભુજજ્યા બાદ કરવી રહે તે લાગ્રત તેની સંખ્યા ૪૧ તેમાં-થી પેહેલો ખંડ ૨૧ નો બાદ કરવો તે બીજો ખંડક.

ત્રીજો ખંડક—અંશ ૩૦ ની ભુજજ્યા ને જ્યા-માન કલ્પીત અને ૧૨૦ નું લાગ્રત એબેના યોગમાંથી

અંશ ૯૦ ની ભુજજ્યા બાદકરવી રહે તે લાગ્રત તેની સંખ્યા ૬૦ તેમાંથી બે ખંડક આવ્યા છે. તેનો યોગ ૪૧ બાદ કરવો. રહેતે ત્રીજો ખંડક એમ સર્વે ખંડક કરવા.

અથ ભુજ અને તેના અંશ સમજવાની રીત.

કોઇપણ ગ્રહની રાશી ત્રણની અંદર હોય તેને ભુજ કહેવું અને રાશી ત્રણ ઉપરાંત હોય ત્યારે રાશી છમાં પાડવા ત્યારે ભુજ થાય. અને જ્યારે છ રાશીથી વધારે હોય ત્યારે બારમાંથી પાડવા શેષ રહે તે ભુજ અને તેની રાશીને ૩૦ ગુણી અને અંશ ભેળવીએ ત્યારે ભુજાંશા થાય.

અથ ચરખંડાની સમજ.

સૂર્યની ક્રાંતીનું માન અંશ ૨૩–૩૦ ની સ્પર્શલીટીને સ્વદેશી અક્ષાંસાની સ્પર્શ લીટી એ બેના યોગમાંથી અંશ ૯૦ નીભુજજ્યા બાદ કરવી રહે તે. સ્પર્શ લીટી તેનું અંશાદીફળ આવે તે સ્વદેશી ક્રાંશાના અંશ તેને (૬) છએ ભાગવા. લાધે તે ઘડીકાદી તેની પળ કરીએ તે ચરમાન થાય માટે કચ્છનું ચરમાન પળ ૧૦૭ નું છે તેનું લાગ્રતગ અને અંશ (૩૦) ની ભુજજ્યા એ બેના યોગમાંથી અંશ ૯૦ ની ભુજજ્યા બાદ કરવી રહે તે લાગ્રત તેની સંખ્યા આવે તે પેહેલો ખંડ ૫૦ નો પુનઃ ચરમાન પળ ૧૦૭ નું અને અંશ ૬૦ ની ભૂજજ્યા બાદ કરવી, લાગ્રતની સંખ્યા ૯૦ તેમાંથી પેહેલો ખંડક ૫૦ નો બાદ કરવો. તે બીજો ખંડક થાય. પુનઃચરમાન પળ ૧૦૭ નું લાગ્રત અને અંશ ૯૦ ની ભુજજ્યા એ બેના યોગમાંથી અશ ૯૦ ની ભુજજ્યા બાદ કરવી. લાગ્રતની સંખ્યા ૧૦૭ તેમાંથી લાધે તે બેખંડકને [૯૦ માંથી બાદ કરતાં ૧૭, રહે તે ત્રીજો ખંડક માટે ચરના ત્રણ ખંડક ૫૦–૪૦–૧૭ એ ચરખંડા ચરફળ સાધવામાં લેવા.

બીજી રીત. અક્ષપ્રભા પાંચને ગુણ્યા દશે એટલે થયા પચાસ તે પેહેલો ખંડ અને અક્ષપ્રભા તેને આઠે ગુણ્યા તે થયા ૪૦ તે બીજો ખંડક અને અક્ષપ્રભાગાં પાંચ ગુણ્યા દશ એટલે થયા ૫૦ તેને ભાગ્યા (૩) ત્રણે લાધા સતરપળ એ ત્રીજો ખંડક એ પ્રમાણે ૫૦–૪૦–૧૭ એચરખંડા સૌરાષ્ટ્ર અને કચ્છના થયા.

અથ દીનમાન તથા દ્યુદલનો સમજ.

પ્રથમ અક્ષાંસાની સ્પર્શલીટી અને સૂર્યની ક્રાંતીની સ્પર્શલીટી એ બેના યોગમાંથી અંશ ૯૦ ની ભુજજ્યા બાદકરવી. રહે તે સ્પર્શલીટીનું અંશાદીફળ આવે તેને કોશના અંશ તેને ૬૦ એ ભાગવા. લાધે તે ઘટીકા દીચર. તે ઘટીકાદી ૧૫–૦ માંથી રૂણ અને ધન કરવું. ક્રાંન્તી ઉત્તરે, ધન અને રૂણ દક્ષિણે તે દીનાર્દ્ધ તેને મધ્યાંન કહે છે તે મધ્યાનને બેગણું કરીએ ત્યારે દીનમાન થાય. તે દીનમાનને સાઠ ઘડીમાંથી બાદ કરીએ રહે તેટલું રાત્રીમાન જાણવું. રાત્રીમાનનું અર્ધ તે રાત્ર્યાર્ધ.

બીજી રીતે દીનમાન સાધન—સૂર્યનું ચરફળ ઘડી પંદર અને સુન્ય. (૧૫–૦) માંથી રૂણ ધન કરવું. સૂર્ય મેષાદીકે ચરફળ ધન અને સૂર્ય તુલાદીકે રણ કરવું ને દીનાર્ધ થાય, એમ સરવે ગ્રહનું દીનાર્ધ કરવું. આ હેઠળના કોષ્ટકમાં સ્પષ્ટ દીનમાન વર્તેલું તૈયાર રાખવામાં આવેલું છે જે ઉપરથી જોઇ લેવું. તે કોષ્ટક જોવાની રીત. પ્રથમ જે દીવશનું દીનમાન જોવું હોય તે દીવશનો સૂર્ય જોવો તે જેટલે અંશે સૂર્ય હોય તે સૂર્યની રાશી પ્રમાણે દીનમાનમાંથી રાશી જોઇને તેના અંશનો કોઠો જોવો તેમાં જે ઘડી પળ હોય તેટલી ઘડી પળ દીનમાન ને દીવશ છે તેમ સમજવું.

અયનાંશા ૨૨ નું દીનમાન પત્રં.

અંશ	૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
મેષ.	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧
૦	૧૪	૧૮	૨૧	૨૫	૨૮	૩૧	૩૫	૩૮	૪૨	૪૪	૪૭	૫૦	૫૨	૫૫	૫૮
	૪૮	૧૨	૩૬	૦	૨૪	૪૮	૧૨	૩૬	૦	૪૪	૨૮	૧૨	૫૬	૪૦	૨૪
વૃષ.	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩
૧	૪૨	૪૪	૪૭	૫૦	૫૩	૫૫	૫૮	૧	૪	૫	૬	૭	૮	૯	૧૦
	૮	૫૨	૩૬	૨૦	૪	૪૮	૩૨	૧૬	૦	૮	૧૬	૨૪	૩૨	૪૦	૪૮
મીથુન.	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩
૨	૨૮	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૮	૩૬	૩૫	૩૪	૩૩	૩૨	૩૧
	૫૬	૪	૧૨	૨૦	૨૮	૩૬	૪૪	૫૨	૦	૫૨	૪૪	૩૬	૨૮	૨૦	૧૨
કર્ક.	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૨	૩૨	૩૨	૩૨	૩૨
૩	૧૩	૧૧	૧૦	૯	૮	૭	૬	૫	૪	૧	૫૮	૫૫	૫૩	૫૦	૪૭
	૪	૫૬	૪૮	૪૦	૩૨	૨૪	૧૬	૮	૦	૧૬	૩૨	૪૮	૪	૨૦	૩૬
સીંહ.	૩૨	૩૨	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧
૪	૩	૧	૫૮	૫૫	૫૨	૫૦	૪૭	૪૪	૪૨	૩૮	૩૫	૩૧	૨૮	૨૫	૨૧
	૫૨	૫૮	૨૪	૪૦	૫૬	૧૨	૨૮	૪૪	૦	૩૬	૧૨	૪૮	૨૪	૦	૩૬
કન્યા.	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯
૫	૨૭	૨૩	૨૦	૧૭	૧૩	૧૦	૬	૩	૦	૫૬	૫૩	૪૯	૪૬	૪૩	૩૯
	૧૨	૪૮	૨૪	૦	૩૬	૧૨	૪૮	૨૪	૦	૩૬	૧૨	૪૮	૨૪	૦	૩૬

અંશ	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯
મેષ.	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૫૨	૩૨
૦	૧	૩	૬	૯	૧૨	૧૪	૧૭	૨૦	૨૩	૨૫	૨૮	૩૧	૩૩	૩૬	૩૯
	૮	૫૨	૩૬	૨૦	૪	૪૮	૩૨	૧૬	૦	૪૪	૨૮	૧૨	૫૬	૪૦	૨૪
વૃષ.	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩
૧	૧૧	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭
	૫૬	૪	૧૨	૨૦	૨૮	૩૬	૪૪	૫૨	૦	૮	૧૬	૨૪	૩૨	૪૦	૪૮
મીથુન.	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩
૨	૩૦	૨૮	૨૭	૨૬	૨૫	૨૪	૨૩	૩૨	૨૧	૨૯	૧૮	૧૭	૧૬	૧૫	૧૪
	૪	૫૬	૪૮	૪૦	૩૨	૨૪	૧૬	૮	૦	૫૨	૪૪	૩૬	૨૮	૨૦	૧૨
કર્ક.	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨
૩	૪૪	૪૨	૩૯	૩૬	૩૩	૩૧	૨૮	૨૫	૨૩	૨૦	૧૭	૧૪	૧૨	૯	૬
	૫૨	૮	૨૪	૪૦	૫૬	૧૨	૨૮	૪૪	૦	૧૬	૩૨	૪૮	૪	૨૦	૩૬
સીંહ.	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦
૪	૧૮	૧૪	૧૧	૮	૪	૧	૫૭	૫૪	૫૧	૪૭	૪૪	૪૨	૩૭	૩૪	૩૦
	૧૨	૪૮	૨૪	૦	૩૬	૧૨	૪૮	૨૪	૦	૩૬	૧૨	૪૮	૨૪	૦	૩૬
કન્યા.	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૮	૨૮	૨૮	૨૮
૫	૩૬	૩૨	૨૯	૨૬	૨૨	૨૯	૧૫	૧૨	૯	૫	૨	૫૮	૫૫	૫૨	૪૮
	૨૨	૪૮	૨૪	૦	૩૬	૧૨	૪૮	૨૪	૦	૩૬	૧૨	૪૮	૨૪	૦	૩૬

અયનાંશા ૨૨ નું દીનમાન પત્રું

અંશ	૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯
તુલ	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭
૬	૪૫	૪૧	૩૮	૩૫	૩૧	૨૮	૨૪	૨૧	૧૮	૧૫	૧૧	૯	૭	૪	૧	૫૮	૫૬	૫૩	૫૦	૪૭	૪૫	૪૨	૩૯	૩૭	૩૪	૩૧	૨૮	૨૫	૨૩	૨૦
	૧૨	૪૮	૨૪	૦	૩૬	૧૨	૪૮	૨૪	૦	૧૬	૩૨	૪૮	૪	૨૦	૩૬	૫૨	૮	૨૪	૪૦	૫૬	૧૨	૨૮	૪૪	૦	૧૬	૩૨	૪૮	૪	૨૦	૩૬
વૃશ્ચિક	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬
૭	૧૭	૧૫	૧૨	૯	૬	૪	૧	૫૮	૫૬	૫૪	૫૩	૫૨	૫૧	૫૦	૪૯	૪૮	૪૬	૪૫	૪૪	૪૩	૪૨	૪૧	૪૦	૩૯	૩૭	૩૬	૩૫	૩૪	૩૩	૩૨
	૫૨	૮	૨૪	૪૦	૫૬	૧૨	૨૮	૪૪	૦	૫૨	૪૪	૩૬	૨૮	૨૦	૧૨	૪	૫૬	૪૮	૪૦	૩૨	૨૪	૧૬	૮	૦	૫૨	૪૪	૩૬	૨૮	૨૦	૧૨
ધન	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭
૮	૩૧	૨૯	૨૮	૨૭	૨૬	૨૫	૨૪	૨૩	૨૨	૨૫	૨૮	૩૨	૩૫	૩૯	૪૨	૪૫	૪૯	૫૨	૫૬	૫૯	૨	૬	૯	૧૩	૧૬	૧૯	૨૩	૨૬	૩૦	૩૩
	૪	૫૬	૪૮	૪૦	૩૨	૨૪	૧૬	૮	૦	૨૪	૪૮	૧૨	૩૬	૦	૨૪	૪૮	૧૨	૩૬	૦	૨૪	૪૮	૧૨	૩૬	૦	૨૪	૪૮	૧૨	૩૬	૦	૨૪
મકર	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૯
૯	૩૬	૪૦	૪૩	૪૭	૫૦	૫૩	૫૭	૦	૪	૬	૯	૧૧	૧૪	૧૭	૨૦	૨૩	૨૫	૨૮	૩૧	૩૪	૩૬	૩૯	૪૨	૪૫	૪૭	૫૦	૫૩	૫૫	૫૮	૧
	૪૮	૧૨	૩૬	૦	૨૪	૪૮	૧૨	૩૬	૦	૪૪	૨૮	૧૨	૫૬	૪૦	૨૪	૮	૫૨	૩૬	૨૦	૪	૪૮	૩૨	૧૬	૦	૪૪	૨૮	૧૨	૫૬	૪૦	૨૪
કુંભ	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯
૧૦	૪	૬	૯	૧૨	૧૫	૧૭	૨૦	૨૩	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૬	૩૭	૩૮	૩૯	૪૦	૪૧	૪૨	૪૪	૪૫	૪૬	૪૭	૪૮	૪૯
	૮	૫૨	૨૬	૨૦	૪	૪૮	૩૨	૧૬	૦	૮	૧૬	૨૪	૩૨	૪૦	૪૮	૫૬	૪	૧૨	૨૦	૨૮	૩૬	૪૪	૫૨	૦	૮	૧૬	૨૪	૩૨	૪૦	૪૮
મીન	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૧	૩૧	૩૧	૩૧
૧૧	૫૦	૫૨	૫૩	૫૪	૫૫	૫૬	૫૭	૫૮	૦	૩	૬	૧૦	૧૩	૧૭	૨૦	૨૩	૨૭	૩૦	૩૪	૩૭	૪૦	૪૪	૪૭	૫૧	૫૪	૫૭	૧	૪	૮	૧૧
	૫૬	૪	૧૨	૨૦	૨૮	૩૬	૪૪	૫૨	૦	૨૪	૪૮	૧૨	૩૬	૦	૨૪	૪૮	૧૨	૩૬	૦	૨૪	૪૮	૧૨	૩૬	૦	૨૪	૪૮	૧૨	૩૬	૦	૨૪

અયનાંશા ૨૩ નું દીનમાન પત્રું

અંશ	૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
મેષ.	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૨
૦	૧૮	૨૧	૨૫	૨૮	૩૧	૩૫	૩૮	૪૨	૪૪	૪૭	૫૦	૫૨	૫૫	૫૮	૧
	૧૨	૨૬	૦	૨૪	૪૮	૧૨	૩૬	૦	૪૪	૨૮	૧૨	૫૬	૪૦	૨૪	૮
વૃષ.	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩
૧	૪૪	૪૭	૫૦	૫૩	૫૫	૫૮	૧	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
	૫૨	૩૬	૨૦	૪	૪૮	૩૨	૧૬	૦	૮	૧૬	૨૪	૩૨	૪૦	૪૮	૫૬
મીથુન.	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩
૨	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૮	૩૯	૩૫	૩૪	૩૩	૩૨	૩૧	૩૦
	૪	૧૨	૨૦	૨૮	૩૬	૪૪	૫૨	૦	૫૨	૪૪	૩૬	૨૮	૨૦	૧૨	૪
કર્ક.	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨
૩	૧૧	૧૦	૯	૮	૭	૬	૫	૪	૧	૫૮	૫૫	૫૩	૫૦	૪૭	૪૪
	૫૬	૪૮	૪૦	૩૨	૨૪	૧૬	૮	૦	૧૬	૩૨	૪૮	૪	૨૦	૩૬	૫૨
સીંહ.	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧
૪	૧	૫૮	૫૫	૫૨	૫૦	૪૭	૪૪	૪૨	૩૮	૩૫	૩૧	૨૮	૨૫	૨૧	૧૮
	૫૮	૨૪	૪૦	૫૬	૧૨	૨૮	૪૪	૦	૩૬	૧૨	૪૮	૨૪	૦	૩૬	૧૨
કન્યા.	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯
૫	૨૩	૨૦	૧૭	૧૩	૧૦	૬	૩	૦	૫૬	૫૩	૪૯	૪૬	૪૩	૩૯	૩૬
	૪૮	૨૪	૦	૩૬	૧૨	૪૮	૨૪	૦	૩૬	૧૨	૪૮	૨૪	૦	૩૬	૧૨

અંશ	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯
મેષ.	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨
૦	૩	૬	૯	૧૨	૧૪	૧૭	૨૦	૨૩	૨૫	૨૮	૩૧	૩૩	૩૬	૩૯	૪૨
	૫૨	૩૬	૨૦	૪	૪૮	૩૨	૧૬	૦	૪૪	૨૮	૧૨	૫૬	૪૦	૨૪	૮
વૃષ.	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩
૧	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮
	૪	૧૨	૨૦	૨૮	૩૬	૪૪	૫૨	૦	૮	૧૬	૨૪	૩૨	૪૦	૪૮	૫૬
મીથુન.	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૨	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩	૩૩
૨	૨૮	૨૭	૨૬	૨૫	૨૪	૨૩	૨૨	૨૧	૧૯	૧૮	૧૭	૧૬	૧૫	૧૪	૧૩
	૫૬	૪૮	૪૦	૩૨	૨૪	૧૬	૮	૦	૫૨	૪૪	૩૬	૨૮	૨૦	૧૨	૪
કર્ક.	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨	૩૨
૩	૪૨	૩૯	૩૬	૩૩	૩૧	૨૮	૨૫	૨૩	૨૦	૧૭	૧૪	૧૨	૯	૬	૩
	૮	૨૪	૪૦	૫૬	૧૨	૨૮	૪૪	૦	૧૬	૩૨	૪૮	૪	૨૦	૩૬	૫૨
સીંહ.	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦
૪	૧૪	૧૧	૮	૪	૧	૫૭	૫૪	૫૧	૪૭	૪૪	૪૦	૩૭	૩૪	૩૦	૨૭
	૪૮	૨૪	૦	૩૬	૧૨	૪૮	૨૪	૦	૩૬	૧૨	૪૮	૨૪	૦	૩૬	૧૨
કન્યા.	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૧૯	૨૮	૨૮	૨૮	૨૮	૨૮
૫	૩૨	૨૯	૨૬	૨૨	૧૯	૧૫	૧૨	૯	૫	૨	૫૮	૫૫	૫૨	૪૮	૪૫
	૪૮	૨૪	૦	૩૬	૧૨	૪૮	૨૪	૦	૩૬	૧૨	૪૮	૨૪	૦	૩૬	૧૨

અયનાંશા ૨૩ નું દીનમાન પત્રું.

અંશ	૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯
તુલ	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭
૬	૪૧	૩૮	૩૫	૩૧	૨૮	૨૪	૨૧	૧૮	૧૫	૧૨	૯	૭	૪	૧	૫૮	૫૬	૫૩	૫૦	૪૭	૪૫	૪૨	૩૯	૩૭	૩૪	૩૧	૨૮	૨૫	૨૩	૨૦	૧૭
	૪૮	૨૪	૦	૩૬	૧૨	૪૮	૨૪	૦	૧૬	૩૨	૪૮	૪	૨૦	૩૬	૫૨	૮	૨૪	૪૦	૫૬	૧૨	૨૮	૪૪	૦	૧૬	૩૨	૪૮	૪	૨૦	૩૬	૫૨
વૃશ્ચિક	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬
૭	૧૫	૧૨	૯	૬	૪	૧	૫૮	૫૬	૫૪	૫૩	૫૨	૫૧	૫૦	૪૯	૪૮	૪૬	૪૫	૪૪	૪૩	૪૨	૪૧	૪૦	૩૯	૪૭	૩૬	૩૫	૩૪	૩૩	૩૨	૩૧
	૮	૨૪	૪૦	૫૬	૧૨	૨૮	૪૪	૦	૫૨	૪૪	૩૬	૨૮	૨૦	૧૨	૪	૫૬	૪૮	૪૦	૩૨	૨૪	૧૬	૮	૦	૫૨	૪૪	૩૬	૨૮	૨૦	૧૨	૪
ધન	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭
૮	૨૯	૨૮	૨૭	૨૬	૨૫	૨૪	૨૩	૨૨	૨૧	૨૮	૩૨	૩૫	૩૯	૪૨	૪૬	૪૯	૫૨	૫૬	૫૯	૨	૬	૯	૧૩	૧૬	૧૯	૨૩	૨૬	૩૦	૩૩	૩૬
	૫૬	૪૮	૪૦	૩૨	૨૪	૧૬	૮	૨૦	૨૪	૪૮	૧૨	૩૬	૦	૨૪	૪૮	૧૨	૩૬	૦	૨૪	૪૮	૧૨	૩૬	૦	૨૪	૪૮	૧૨	૩૬	૦	૨૪	૪૮
મકર	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૮	૨૯	૨૯
૯	૪૦	૪૩	૪૭	૫૦	૫૩	૫૭	૦	૪	૬	૯	૧૨	૧૪	૧૭	૨૦	૨૩	૨૫	૨૮	૩૧	૩૪	૩૬	૩૯	૪૨	૪૫	૪૭	૫૦	૫૩	૫૫	૫૮	૧	૪
	૧૨	૩૬	૦	૨૪	૪૮	૧૨	૩૬	૦	૪૪	૨૮	૧૨	૫૬	૪૦	૨૪	૮	૫૨	૩૬	૨૦	૪	૪૮	૩૨	૧૬	૦	૪૪	૨૮	૧૨	૫૬	૪૦	૨૪	૮
કુંભ	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯
૧૦	૬	૯	૧૨	૧૫	૧૭	૨૦	૨૩	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦	૪૧	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦
	૫૨	૨૬	૨૦	૪	૪૮	૩૨	૧૬	૦	૮	૧૬	૨૪	૩૨	૪૦	૪૮	૫૬	૪	૧૨	૨૦	૨૮	૩૬	૪૪	૫૨	૦	૮	૧૬	૨૪	૩૨	૪૦	૪૮	૫૬
મીન	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૧	૩૧	૩૧	૩૧
૧૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬	૫૭	૫૮	૦	૩	૬	૧૦	૧૩	૧૭	૨૦	૨૩	૨૭	૩૦	૩૪	૩૭	૪૦	૪૪	૪૭	૫૧	૫૪	૫૭	૧	૪	૮	૧૧	૧૪
	૪	૨૧	૨૦	૨૮	૩૬	૪૪	૫૨	૦	૨૪	૪૮	૧૨	૩૬	૦	૨૪	૪૮	૧૨	૩૬	૦	૨૪	૪૮	૧૨	૩૬	[illegible]	૨૪	૪૮	૧૨	૩૬	૦	૩૪	૪૮

અથ દ્વાદશાંગુલ શંકુની છાયા સમજવાની રીત.

દીનાર્ધમાંથી (૫) પાંચ બાદ કરવા રહે તે ખહર પછી નત તેનો વર્ગ ગુણ્યા (૫૦) પચાસ આવે તે ભાજ્યાંક પુનઃ નત વર્ગ તેમાં (૯૦૦) નવસો મેળવવા તે ભાજ્યક થાય. પછી ભાજ્યાંકને ભાજકે ભાગવા લાધે તે ખહર; તેમાંથી રૂણ કરવું બાકી રહે તે અભીમતો હર. પછી સૂર્યનું ચરફળ તેનું અર્ધ ફળ તેને ચરના પેલા ખંડક (૫૦) પચાસનો તેણે ભાગવા લાધે તે અંસાદી તેનો વર્ગ, તેનો છઠો ભાગ અંશાદીના વર્ગમાં રૂણ કરવું. બાકી રહે તે અંશાદી તેમાં અંશ દશ (૧૦) મેળવા. આવે તેને અક્ષકર્ણે ગુણવા તે હતી થાય. તેને અભીમતો હરે ભાગવા લાધે તે શ્રવણ, હરને શ્રવણનાં શંકુઅંગુલા (૧૨) બારનો તે મેળવવો. આવે તે શ્રવણ શકું યુક્ત પુનઃ શ્રવણમાંથી શંકુઅંગુલા (૧૨) બારના તે બાદ કરવો બાકી રહેતે શ્રવણ શંકુ અંતર. પછી શ્રવણશંકુ યુક્તને શ્રવણ શકું અંતરે ગુણવા આવે તેનુ વર્ગમૂળ તે દ્વાદશાંગુલ શંકુની છાયા થઇ. જ્યારે નત ૧૫) પંદર ઉપર આવે ત્યારે દીનાર્ધમાંથી નતબાદ કરીએ બાકી રહેતે ખહર થાય.

લંકાની શંકુ છાયાને સમજવાની રીત.

અંશ (૪૫) પીસતાળીસની સ્પર્શલીટી તે શંકુ જેટલી અંગુલાનો હોય તેનું લાગ્નતમ એ બેના યોગમાંથી સૂર્યનું ઉન્તત જેટલા અંશનું હોય તેની સ્પર્શલીટી બાદ કરવી રહે તે લાગ્નતમ તેનીનખ્યા આવે તેટલા અંગુલા શંકુની છાયા લંકાનાં જાણવી.

અથ સ્વદેશી છાયાની સમજ.

સાયન સૂર્ય મેષાદી હોય ત્યારે મધ્યાનનો શંકુ જેટલા અંગુલાનો હેય, તેની છાયા ને મધ્યાનની છાયા તેના અર્ધનું લાગ્નત અને સૂર્યના ઉન્તતના અંશની સ્પર્શ લી-

ટી એ બેના યોગમાંથી અંશ (૯૦) નેવુની ભુજજ્યા બાદ કરવી રહે તે લાગ્રત, તેની સંખ્યા અંગુલાદી આવે તે લંકાના ઉન્નતની છાયામાં ભેળીએ તે ઇષ્ટ છાયા ધારેલા ઉન્નતની થાય.

અથ છાયા ઉપરથી ઇષ્ટઘડીની સમજ.

અંશ (૪૫) પીસતાળીસની સ્પર્શલીટી, ને શંકુનું લાગ્રત એ બેના યોગમાંથી છાયાનું લાગ્રત બાદ કરવું. બાકી રહે તે સ્પર્શલીટી તેનું અંશાદી ફળ આવે તે લંકાનું ઉન્તત થાય.

સ્વદેશી છાયાની સમજ.

સાયન રવી તુલાદી હોય તો મધ્યાનના શંકુની જે છાયા તે મધ્યાન છાયા; તેમાંથી અક્ષપ્રભાબાદ કરવી; રહે તે અંગુલાદી, તેનું અર્ધ લાગ્રત અને સૂર્યના ઉન્નત અંશની સ્પર્શલીટી એ બેના યોગમાંથી અંશ (૯૦) નેવુની ભુજજ્યા બાદ કરવી. રહે તે લાગ્રત તેની અંગુલાદી સંખ્યા આવે તે લંકાની ઉન્તતની છાયામાં ભેળવી, તે ઈષ્ટ છાયા ધારેલા ઉન્નતની થાય.

સ્વદેશી ઈષ્ટઘડી સમજવાની રીત.

સૂર્યનું ચરફળ ઘડીકાદી તેને (૬) છએ ગુણવા તે અંશાદી થાય તે મધ્યાનાંશ, અને સ્પર્શલીટી ને સાયનરવીનાં ઉન્નતાંશાની સ્પર્શલીટી એ બેના યોગમાંથી અંશ (૯૦) નેવુની ભુજજ્યા બાદ કરવી, રહે તે સ્પર્શલીટી, તેનું અંશાદી ફળ આવે તે લંકાના ઉન્નતાંશામાથી રણ ધન કરવું ત્યારે ઈષ્ટ ઉન્નત થાય તેને (૬) છએ ભાગવા. લાધે તે ઈષ્ટઘટી.

છાયા ઉપરથી ઇષ્ટઘડીની સમજ.

બાર અંગુલાના શંકુનો વર્ગ અને છાયા જેટલી પડી

હોય તેનો વર્ગ. એબેયોગનું વર્ગમૂળ તે શ્રવણ. તેણે ૩તી ભાગવી ; લાધે તે અભીમતોહર, તેને ખહરમાંથી બાદકરવી તેને (૯૦૦) નવસેંએ ગુણવા આવે તે ભાજ્યાંક. પુનઃ અભીમતો હર ને ખહર એ બેના અંતરને (૫૦) પચાસમાંથી બાદ કરવા રહે તે ભાજક. તેણે ભાજ્યાંક ભાગ લેવો. લાધે તેનું વર્ગમૂળ, તે નત; તે દીનાર્ધમાંથી બાદ કરવું રહે તે ઉન્નત, તે ઇષ્ટઘટી થાય.

યંત્ર વેધીને ઇષ્ટઘડીની સમજ.

સૂર્યના કોંશના અંશને અંશ (૯૦) નેવુમાંથી રણુધન કરવું ને સાયનરવીને મેષાદીકે ધન કરવું ને તુલાદીકે રણુ કરવું. રણુધન કરતાં જે આવે તે અંશાદી ગોળાંશા; માટે મેષાદીકને ઉત્તર ગોળાંશાને સાયનસૂર્ય તુલાદીકને દક્ષિણ ગોળાંશા. પછી સૂર્યને યંત્રે કરી મધ્યાનને વેધવો, જે અંશ આવે તે ઉન્નતાંશા, તેને અંશ (૯૦) નેવુમાંથી બાદ કરીએ બાકી રહે તે નતાંશા, પછી નત ઉન્નતાં યોગ કરીએ, તે યોગાંશા. પછી અક્ષાંસા અંશ ૨૩-૩૦ ની માંહે હોય તો અંતર કરીએ, આવે તે યોગાંશામાંથી બાદ કરવા. રહે તે ગોળાંશા, તે ઉત્તર સૂર્યસાયનના થાય. પુનઃ સૂર્યના નતાંશામાંથી અક્ષાંસા બાદ કરીએ જે રહે તે અંશાદી તે ગોળફળ પુનઃ અંશ (૯૦) નેવુમાંથી અંશ ૨૩-૩૦ બાદકરીએ. રહે તેમાં ગોળ ફળ બે યોગ આવે તે ગોળાંશા. પછી ગોળાંશાને (૬) છ નો ભાગ લેવો, લાધે તે દીનાર્ધ કહેવાય. પુનઃ સાયનરવીનું મધ્યાનનું ઉન્નત અને ગોળાંશા એ બેનું અંતર કરવું. અંશાદી ભુજજ્યાને સૂર્યનું પૂર્વ પશ્ચિમ ઉન્નત ભુજજ્યા અને એ બેના યોગમાંથી અંશ (૯૦) નેવુની ભુજજ્યા બાદ કરવી, રહે તે ભુજજ્યા. તેનું અંશાદી ફળ આવે તે ગોળાંશામાં રણુ કરવું, આવે તે દિગાંશા, તેને (૬) છ નો ભાગ લેવો. લાધે તે ઈષ્ટઘટી. એમ યંત્ર ઈષ્ટઘટી સાધવી.

અથ ક્રાંતીની સમજા

સાયનગ્રહના ભુજાંશાની ભુજજ્યા, ને ક્રાંતીગાન અંશ ૨૩-૩૦ ની ભુજાંશાહની ભુજજ્યાને એ બેના યોગમાંથી અંશ (૯૦) નેવુની ભુજજ્યા બાદકરવી રહે, તે ભુજજ્યા. તેનું અંશાદીફળ આવે તે મધ્યાનક્રાંતી થઇ. માટે સાયનગ્રહ મેષાદીકે ઉત્તરક્રાંત અને તુલાદીકે દક્ષિણુક્રાંત.

બીજી રીત—પ્રથમ ખંડક ૧૪૩-૧૪૨-૧૪૦-૧૩૫ ૧૩૦-૧૨૩-૧૧૬-૧૦૫-૯૫-૮૩-૭૦-૫૫-૪૦-૨૫-૮ એ ખંડક (૧૫) પંદર છે. સાયનગ્રહના ભુજાંશાને (૬) છનો ભાગ લેવો. લાધે તે ગતખંડક. જે શેષ અંશાદી રહે તેને ગતખંડકની આગળનો ખંડક તે ભોગ્યખંડક તેણે શેષ ગુણીને (૬) છનો ભાગ લેવો. લાધે તેને ગતખંડકના સરવાળામાં મેળવવા તે જ્યા થઇ તેને (૬૦) સાઠે ભાગવા લાધે તે અંશાદી ક્રાંત થાય. તે સાયનગ્રહ મેષાદીકે ઉત્તર ને તુલાદીકે દક્ષિણક્રાંત થાય. પુનઃક્રાંત મધ્યગમાં ગ્રહનો શર ને ઋણ ધન કરીએ તે સ્પષ્ટક્રાંતી થાય; માટે શર અને ક્રાંતી એ બે એક દીશામાં હોય તો યોગ કહેવાય. અને બીન દીશાએ હોય તો અંતર. માટે જે દીશાનો યોગ અથવા અંતર આવે તે દીશાએ ક્રાંતી જાણવી. તે સ્પષ્ટક્રાંતી થાય. પુનઃક્રાંતી ઉત્તર હોય તો અંશ (૯૦) નેવુમાથી બાદ કરીએ બાકી રહે તે ગ્રહ અને ધ્રુવને છેટુ એમ જાણવું. ક્રાંત દક્ષિણે હોય તો અંશ (૯૦) નેવુમાં મેળીએ. તે ગ્રહ અને ધ્રુવને છેટું થાય. તેને ધ્રુવાંતર કહે છે.

સંજ્ઞાપ્રકરણ.

રાસી ઉપરથી કાળ પુરૂષનાં અંગની સમજ.

મેષાદિક બાર રાશી કાળ પુરૂષનાં અંગ છે તે જાણવાની રીત--મેષ તે શીર છે. વૃષ તે મોહોડું છે. મીથુન હાથ છે. કર્ક હ્રદય છે. સીંહ ઉદર છે. કન્યા કટી છે. તુલ નાભી નીચેનો ભાગ છે. વૃશ્ચિક ગુહ્ય સ્થાન છે. ધન ઉરૂ છે. મકર જાનુ છે. કુંભ જંઘા છે. મીન પગ છે.

રાશીની સંજ્ઞા.

રાશી, ક્ષેત્ર, ભવન, ગ્રહ, રક્ષને ભ લગ્ન રાશી વાચક શબ્દો છે (એટલે રાશીની જગાએ વપરાય છે).

શીર્ષોદય લગ્નની સમજ.

મીથુન, સીંહ. કન્યા, તુલ, વૃશ્ચિક, અને કુંભ, એટલી રાશી માથેથી ઉગે છે. તેને સીર્ષોદય સંગ્ના કહે છે.

લગ્ન મધ્યો દયની સમજ.

મીનરાશી બંને બાજુથી ઉદય પામે છે જેને ઉભયોદય એની સંગ્ના કહેછે.

પ્રષ્ટોદય લગ્નની સમજ.

કરક, ધન, મકર, મેષ અને વૃષ એટલી રાશી પાછળથી ઉદય પામે છે જેને, પ્રષ્ટોદય સંગ્ના કહે છે.

હ્રસ્વ દીર્ઘ અને મધ્ય રાશીની સમજ.

કુંભ, મીન, અને વૃષ. એની હ્રસ્વ સંગ્ના છે. સીંહ, કન્યા, તુલ, અને વૃશ્ચિક, તેની દીર્ઘ સંગ્ના જાણવી. મીથુન,

કર્ક, ધન, અને મકર, તે હ્રસ્વ અને દીર્ઘના મધ્યની સંજ્ઞા જાણવી.

ચર, સ્થીર, અને દ્વિસ્વભાવ લગ્નની સમજ.

મેષ, કરક, તુલ અને મકર, તેની ચર સંજ્ઞા જાણવી. વૃષ, સીંહ, વૃશ્ચિક, કુંભ, તેથી સ્થીર સંજ્ઞા, જાણવી. મીથુન, કન્યા, ધન, મીન તેની દ્વિસ્વભાવ સંજ્ઞા જાણવી.

બાર રાશીના સ્વરૂપની આકૃતીની સમજ,

મેષ બકરો અથવા ઘેટાનું રૂપ છે. વૃષ બેલ (બળદ) મીથુન સ્ત્રી પુરૂષનું જોડલું. કરક કૂકટ સરખું (દરીયાઇ જાનવરના જેવું) સીહ. સીંહ, કન્યા, સ્ત્રીસ્વરૂપ તુલ વેપારી (વણીક તોળવાનાં ત્રાજવાં સહીત. વૃશ્ચિક વીંછી. ધન અરધ ઘેડા અને અરધદેહ મનુષ્યની અને હાથમાં ધનુષ્યની આકૃતી) મકર મગર. કુંભ કળશ. મીન માછલાં જેવી આકૃતી છે.

રાશોનાં વર્ણની સમજ.

મેષ રાતો. વૃષ સફેત. મીથુન લીલાશમાં, (સુડા પંખી જેવો લીલોને પીળો મીક્ષ) કરક કાંઈક. સફેદ સીંહ ધુમાડા જેવો. કન્યા ચીત્રવીચીત્ર. [મોરનાં પીછાં જેવો]. તુલ કાળો. વૃશ્ચિક સોનેરી. ધન શામત. મકર મીશ્ર કુંભ લાલ અને સફેદ મીક્ષ જેવો [કપીલા જેવો] મીન સ્યામ અને સફેત મળીને માછલા જેવો.

ચાર દીશાની રાશીઓના સ્વામીની સમજ.

મેષ, સીંહ ને ધન તે પુર્વ દીશાના સ્વામી. વૃષ કન્યા ને મકર તે દક્ષિણ દીશાના સ્વામી. મીથુન, તુલ, કુંભ એ પશ્ચિમ દિશાના સ્વામી. કરક, મીન, ને વૃશ્ચિક, તે ઉતર દીશાના સ્વામી.

બાર ભવનનાં નામની સમજ.

૧ તન. ૨ ધન. ૩ સહજ. ૪ સુખ. ૫ સૂત. ૬ રીપૂ.

૭ જાયા. ૮ મૃત્યુ. ૯ ધર્મ. ૧૦ કર્મ. ૧૧ લાભ. ૧૨ વ્યય. લગનનાં નામ. સમને વીસગ (એટલે) એકીનેએકીરાશી ગ્રાન) મેષ, મીથુન, સીંહ, તુલ, ધન, કુંભ, એટલી એકી રાશી જાણવી. વૃષ, કર્ક, કન્યા, વૃશ્ચિક, મકર ને મીન તે બેકી રાશી જાણવી.

કેંદ્રસ્થાન સંજ્ઞાની સમજ.

લગ્ન ચોથું, સાતમું, દશમું, એની કેંદ્ર સંજ્ઞા જાણવી. બીજું, પાંચમું, આઠમુ, ને અગીઆરમું, એ- ઓની પણફર સંજ્ઞા જાણવી. ત્રીજું, છઠું, નવમું, ને બા- રમું, તેની અપોકલીમ સજ્ઞા જાણવી. ત્રીજું, છઠું, દશ- મું, ને અગીઆરમું, એઓની ઉપાચય સંજ્ઞા જાણવી. પાંચમું, નવમું, તેની ત્રીકોણ સંજ્ઞા જાણવી. ચોથું ને આઠમું, તેની ચતુરસ્ત્રસંજ્ઞા, જાણવી. બીજું ને સા- તમું, એની મારક, સંજ્ઞા જાણવી. બીજું ને બારમું, એ- ની નેત્રસંજ્ઞા જાણવી.

સુર્યાદી ગ્રહોના ઉચ નીચની સમજ.

મેષનો સૂર્ય ૧૦ અંશે ઉંચ. વૃષનો ચંદ્ર ૩ અંશે ઉંચ. મકરનો મંગળ ૨૮ અંશે ઉંચ. કન્યાનો બુધ ૧૫ અંશે ઉંચ. કર્કનો ગુરૂ ૫ અંશે ઉંચ. મીનનો શુકર ૨૭ અંશે ઉંચ જાણવો, તુલનો શની ૨૦ અંશે ઉંચ જાણવો. જે ગ્રહ ઉંચનો હોય, તેથી સાતમી રાશીએ, નીચનો, ગ્રહ જાણવો, નીચસંજ્ઞા તુલનો સૂર્ય ૧૦ અંશે નીચ જાણવો. વૃશ્ચિકનો ચંદ્ર ૩ અંશે નીચ. કર્કનો મંગળ ૨૮ અંશે નીચ, મીનનો બુધ ૧૫ અંશે નીચ, મકરનો ગુરૂ ૫ અંશે નીચ. કન્યાનો શુકર ૨૭ અંશે નીચ. મેષનો શની ૨૦ અંશે નીચ. ધનનો રાહુ નીચ, અને મીથુનનો રાહુ, ઉંચ જાણવો.

મૂળ ત્રીકોણ ગ્રહની સમજ.

સીંહનો સૂર્ય ૨૦ અંશ સુધી મૂળ ત્રીકોણી. ચંદ્ર વૃ-

કર્ક, ધન, અને મકર, તે હ્રસ્વ અને દીર્ઘના મધ્યની સંજ્ઞા જાણવી.

ચર, સ્થીર, અને દ્વિસ્વભાવ લગ્નની સમજ.

મેષ, કરક, તુલ અને મકર, તેની ચર સંજ્ઞા જાણવી. વૃષ, સીંહ, વૃશ્ચિક, કુંભ, તેથી સ્થીર સંજ્ઞા, જાણવી. મીથુન, કન્યા, ધન, મીન તેની દ્વિસ્વભાવ સંજ્ઞા જાણવી.

બાર રાશીના સ્વરૂપની આકૃતીની સમજ,

મેષ બકરો અથવા ઘેટાનું રૂપ છે. વૃષ બેલ (બળદ) મીથુન સ્ત્રી પુરૂષનું જોડ્યલું. કરક કુકટ એટલે (દરીઆઇ જાનવરના જેવું) સીંહ. સીંહ, કન્યા, સ્ત્રીસ્વરૂપ તુલ વેપારી (વણીક તોળવાનાં ત્રાજવાં સહીત. વૃશ્ચિક વીંછી. ધન અરધ ઘેડો અને અરધદેહ મનુષ્યની અને હાથમાં બાણની આકૃતી) મકર મગર. કુંભ કળશ. મીન માછલાં જેવી આકૃતી છે.

રાશીનાં વર્ણની સમજ.

મેષ રાતો. વૃષ સફેત. મીથુન લીલાશમાં, (સુડા પંખી જેવો લીલોને પીળો મીક્ષ) કરક કાંર્બક. સફેદ સીંહ ધુમાડા જેવો. કન્યા ચીત્રવીચીત્ર. [મોરનાં પીંછાં જેવો]. તુલ કાળો. વૃશ્ચિક સોનેરી. ધન શામતા. મકર મીશ્ર કુંભ લાલ અને સફેદ મીક્ષ જેવો [કપીલા જેવો] મીન સ્યામ અને સફેત મળીને માંછલા જેવો.

ચાર દીશાની રાશીઓના સ્વામીની સમજ.

મેષ, સીંહ ને ધન તે પુર્વ દીશાના સ્વામી. વૃષ કન્યાને મકર તે દક્ષિણ દીશાના સ્વામી. મીથુન, તુલ, કુંભ એ પશ્ચિમ દિશાના સ્વામી. કરક, મીન, ને વૃશ્ચિક, તે ઉતર દીશાના સ્વામી.

બાર ભવનનાં નામની સમજ.

૧ તન. ૨ ધન. ૩ સહજ. ૪ સુખ. ૫ સુત. ૬ રીપુ.

૭ જાયા. ૮ મૃત્યુ. ૯ ધર્મ. ૧૦ કર્મ. ૧૧ લાભ. ૧૨ વ્યય. લગ્નનાં નામ. સમને વીસગ (એટલે) એકીનેબેકીરાશી ગાન) મેષ, મીથુન, સીંહ, તુલ, ધન, કુંભ, એટલી એકી રાશી જાણવી. વૃષ, કર્ક, કન્યા, વૃશ્ચિક, મકર ને મીન તે બેકી રાશી જાણવી.

કેંદ્રસ્થાન સંજ્ઞાની સમજ.

લગ્ન ચોથું, સાતમું, દશમું, એની કેંદ્ર સંજ્ઞા જાણવી. બીજું, પાંચમું, આઠમુ, ને અગીઆરમું, એ- ઓની પણફર સંજ્ઞા જાણવી. ત્રીજું, છઠું, નવમું, ને બા- રમું, તેની અપોકલીમ સંજ્ઞા જાણવી. ત્રીજું, છઠું, દશ- મું, ને અગીઆરમું, એઓની ઉપચય સંજ્ઞા જાણવી. પાંચમું, નવમું, તેની ત્રીકોણ સંજ્ઞા જાણવી. ચોથું ને આઠમું, તેની ચતુરસ્ત્રસંજ્ઞા, જાણવી. બીજું ને સા- તમું, એની મારક, સંજ્ઞા જાણવી. બીજું ને બારમું, એ- ની નેત્રસંજ્ઞા જાણવી.

સૂર્યાદી ગ્રહોના ઉંચ નીચની સમજ.

મેષનો સૂર્ય ૧૦ અંશે ઉંચ. વૃષનો ચંદ્ર ૩ અંશે ઉંચ. મકરનો મંગળ ૨૮ અંશે ઉંચ. કન્યાનો બુધ ૧૫ અંશે ઉંચ. કર્કનો ગુરૂ ૫ અંશે ઉંચ. મીનનો શુકર ૨૭ અંશે ઉંચ જાણવા, તુલનો શની ૨૦ અંશે ઉંચ જાણવો. જે ગ્રહ ઉંચનો હોય, તેથી સાતમી રાશીએ, નીચનો, ગ્રહ જાણવો, નીચસંજ્ઞા તુલનો સૂર્ય ૧૦ અંશે નીચ જાણવો. વૃશ્ચિકનો ચંદ્ર ૩ અશે નીચ. કર્કનો મંગળ ૨૮ અંશે નીચ, મીનનો બુધ ૧૫ અંશે નીચ, મકરનો ગુરૂ ૫ અંશે નીચ. કન્યાનો શુકર ૨૭ અંશે નીચ. મેષનો શની ૨૦ અંશે નીચ. ધનનો રાહુ નીચ, અને મીથુનનો રાહુ, ઉંચ જાણવો.

મૂળ ત્રીકોણ ગ્રહની સમજ.

સીંહનો સૂર્ય ૨૦ અંશ સુધી મૂળ ત્રીકોણી. ચંદ્ર વૃ-

ષનો ૦ અંશ સુધી મૂળ ત્રીકોણી. મેષનો મંગળ ૨૦ અંશ સુધી મૂળ ત્રીકોણી. કન્યાનો બુધ ૨૦ અંશ સુધી મૂળ ત્રીકોણી. ધનનો ગુરૂ ૨૦ અંશ સુધી મૂળ ત્રીકોણી. તુલનો શુક્ર ૨૦ અંશ સુધી, મૂળ ત્રીકોણી; કુંભનો શની ૨૦ અંશ સુધી મૂળ ત્રીકોણી. એ પ્રમાણે મૂળ ત્રીકોણ જાણવા.

વર્ગોતમી ગ્રહની સમજ.

ચર રાશીનો ગ્રહ પેહેલા નવમાંસમાં વર્ગોતમી જાણવો, [૩–૨૦] સ્થીર રાશીનો, પાંચમા નવમાંસમાં વર્ગોતમી જાણવો [૧૩–૨૦–થી ૧૬–૪૦] સુધી. દ્વિસ્વભાવ, રાશીનો ગ્રહ છેલા નવમાંસમાં વર્ગોતમી ગ્રહ જાણવો.

સ્ત્રી પુરૂષ અને નપુંસક ગ્રહની સમજ.

સૂર્ય, મંગળ, ગુરૂ એની પુરૂષ સંજ્ઞા જાણવી. ચંદ્ર, શુક્ર એની સ્ત્રી સંજ્ઞા જાણવી. બુધ અને શની એની નપુંસક સંજ્ઞા જાણવી.

રાશી બળ સમજવાની રીત.

કેંદ્રસ્થાનમાં—નરરાશી જળચરરાશી કીટરાશી અને પશુરાશી એમ ક્રમે (૧–૪–૭–૧૦ કેંદ્રસ્થાન) જાણવા.

પાપ ગ્રહની સમજ.

બળે રહીત એવો ચંદ્ર, સૂર્ય, મંગળ, શની, રાહુ ને કેતુ એની પાપસંજ્ઞા જાણવી અને તેમાંના કોઇ ગ્રહની સાથે જો બુધ હોય તો તેની પણ પાપસંજ્ઞા જાણવી.

સૂર્યાદી ગ્રહોની ધાતુના ભજ

સૂર્ય અસ્થી. ચંદ્ર. રૂધીર. મંગળ મજ્જા. બુધ. ત્વચા. ગુરૂ. વસા. શુક્ર. વીર્ય અને શની. સ્નાયુ. તે પ્રમાણે ધાતુ જાણવી.

ગ્રહોની મૈત્રી, શત્રુતા, અને સમ સમજવાની રીત.

સૂર્યના શનીને શુક્ર શત્રુ જાણવા, બુધ સમ જાણવો, ચંદ્ર, મંગળ અને ગુરૂ મીત્ર જાણવા, ચંદ્રના સૂર્યને બુધ મીત્ર જાણવા, મંગળ ગુરૂ શુક્ર ને શની, સમ જાણવા, મંગળના, સૂર્ય ચંદ્રને ગુરૂ મીત્ર જાણવા, ને બુધના શત્રુ જાણવા, શુક્ર અને શનીના સમ જાણવા, બુધના સૂર્ય અને શુક્ર મીત્ર જાણવા ને ચંદ્ર શત્રુ જાણવો, મંગળ, ગુરૂ ને શની સમ જાણવા, ગુરૂના બુધને શુક્ર શત્રુ જાણવા, શની સમ જાણવો, સૂર્ય, ચંદ્ર ને મંગળ, મીત્ર જાણવા, શુક્રના બુધ અને શની મીત્ર જાણવા, મંગળ અને ગુરૂ સમ જાણવા, સૂર્યને ચંદ્ર શત્રુ જાણવા, શનીના બુધને શુક્ર મીત્ર જાણવા, ગુરૂ સમ જાણવો, સૂર્ય, ચંદ્ર ને મંગળ શત્રુ જાણવા ગ્રહથી બે બાજુના ત્રણ ભુવનને વીશે રહેલા ગ્રહો તત્કાળીક મીત્ર જાણવા, બાકીના ભુવને રહેલા ગ્રહો તત્કાળીક શત્રુ જાણવા.

ગ્રહોની અવસ્થા જાણવાની સમજ.

એકીરાશી ગ્રહના ક્રમ વડે બાળ, કુમાર, યુવાન, વૃધ, ને મૃતક, એ અવસ્થાઓ જાણવી, અને બેકીરાશીના ક્રમ વડે મૃતક, વૃધ, યુવાન, કુમાર, ને બાળક, અવસ્થા જાણવી.

ગ્રહની સયનાદીક અવસ્થા જાણવાની રીત.

ગ્રહના નક્ષત્રની સંખ્યાને, ગ્રહના સંખ્યાવડે ગુણવા, પછી ગ્રહના અંશવડે ગુણવા; ગુણતાં જે સંખ્યા આવે; તેમાં જન્મ

નક્ષત્ર લગ્ન અને ઇષ્ટઘટીને પળ મેળવવા; પછે જે સંખ્યા આ વેતેનો બારે ભાગલેવો, લાધે તેનું કામનહીં, શેષાંક રહેતે શયનાદીક બાર અવસ્થાજાણવી. એકશેષ રહે તો શયન, બેએ ઉપવેશન, ત્રણે નેત્રપાંણી, ચારે પ્રકાશ, પાંચે ગમન, છએ આગમન, સાતમે સભા, આઠમે આગમ, નવમે ભોજન, દશમે નૃત્યલીપસા, અગીઆરમે, કૌતક, બારમે નીંદ્રા એ પ્રમાણે અવસ્થાઓ જાણવી. ઉંચ રાશીનો ગ્રહ દીપ્ત જાણવો, સ્વગ્રહી સ્વસ્થાને જાણવો, શત્રુરાશીનો ગ્રહ દર્પીત જાણવો, શુભ રાશીનો ગ્રહ શાન્તજાણવો. દીપ્તકીર્ણગ્રહરાશી (શ્રેષ્ટ) જાણવો. અસ્તગ્રહ લુપ્તજાણવો નીચરાશીનો ગ્રહદીન જાણવો ને શત્રુરાશીનો ગ્રહ પીડીતજાણવો.

ગ્રહના સ્વભાવ સમજવાની રીત.

ગલીત, મુદીત, લજીત, પ્રક્ષીભીત, સંક્ષુભીત તૃષ્ણાર્ત એવા ગ્રહોના સ્વભાવ જાણવા. પાચમે ઉંચરાશીનો ગ્રહ ગર્વીત જાણવો. મિત્રરાશીનો વિષે ગુરૂ યુક્ત અથવા મીત્રે યુક્ત અથવા મીત્રે જોયેલો ગ્રહ મુદીત જાણવો. પાંચમે મંગળ, સૂર્ય, શની ને રાહુ યુત ગ્રહ લજીત જાણવો. પાપગ્રહ કે શત્રુ ગ્રહ અથવા સૂર્ય એઓએ જોએલો ગ્રહ, પ્રક્ષીભીત જાણવો. શત્રુની રાશીને વીશે રહેલોગ્રહ શત્રુ સાથે અથવા શનીયુત કે જોએલો હોય તો સંક્ષુભીત જાણવો. પાપને શત્રુગ્રહે જોએલો અગર યુતશની ગ્રહે ન જોએલો તૃષીત ગ્રહજાણવો. એ પ્રમાણે ગ્રહના સ્વભાવ જાણવા.

વાર પ્રવેશ જાણવાની રીત

દીનમાનની જેટલી ઘડી હોય તેમાં રાત્રીનું અર્ધ મેળવવુ મેળતાં જે સંખ્યા આવે તેમાં (૧૪) ચઉદ

ઘડી ને (૧૫) પંદર પળ મેળવવા; મેળતાં જે સંખ્યા થાય, તે સંખ્યા સુધી એક વાર રહે અને પછી બીજા વારનો પ્રવેશ થાય.

ગુલીકાના ઇષ્ટ સમજવાની રીત.

દીવસનાં વાર—પ્રવેશ થકી અસ્તકાળ સુધી અને રાત્રે અસ્તકાળથી વાર પ્રવેશસુધી જે ઘડીપળ થાય, તે પોતાના વાર ખંડકવડે ગુણવા. પછી તેને (૮) આઠનો ભાગ લેવો. લાધે તે ગુલીકનો ઈષ્ટકાળ જાણવો. તે ઉપરથી લગ્નની પઠે ગુલીક વર્તવો.

ગુલીકના ખંડકની સમજ.

રવીવારે સાત, સોમવારે છ, મંગળવારે પાંચ, બુધવારે ચાર, ગુરૂવારે ત્રણ, શુક્રવારે બે, ને શનીવારે એક એ પ્રમાણે દીવશના વાર ખંડક જાણવા.

ગુલીકની અ.ત રાત્રીના ખંડકની સમજ.

રવીવારે (૩) ત્રણ. સોમવારે (૨) બે. મંગળવારે (૧) એક. બુધે (૭) સાત. ગુરૂએ (૬) છ. શુક્રે (૫) પાંચ ને શનીએ (૪) ચાર. એ પ્રમાણે ગુલીકના અતરાત્રીના ખંડક જાણવા.

ગ્રહના પરીબળ સમજવાની રીત.

ગ્રહના બળનો ચાર પ્રકારે સંબંધ જાણવો. સામસામી દ્રષ્ટીમાં, એક દ્રષ્ટીમાં, સામસામાં સ્થાનકે રહેવામાં, એક સ્થાનકે રહેવામાં, આ પ્રમાણે ચાર પ્રકારે બળ જાણવું. બળીષ્ટ શબ્દની જગાએ દશવર્ગમાં બળ પામેલો ગ્રહ જાણવો. સર્વ ગ્રહોમાં અંશ કળાદી કે અધીક હોય તે આત્મકારક જાણવો. તે થકી તુલ્ય અંશાદીકવાળા અનુક્રમ વડે, આત્મકારક, ભ્રાતીકારક, માત્રકારક, પુત્રકારક,

ઘાતીકારક, ને ઘર કારક એગ જાણવા એ પ્રમાણે બ-
ળીષ્ટ ગ્રહ જાણવા.

દશ વર્ગથી ગ્રહોનું બળ જાણવાની સમજ.

જે ગ્રહ પોતાના ઉચમાં, મૂળ ત્રીકોણે, અધીમીત્ર, અને પોતાની રાશીનો હોય, તેઓમાંથી દશવર્ગમાં જે બળ પામ્યો હોય તે પારીજાતક, જાણવો. ત્રણ બળ પામ્યો હોય તે ઉત્તમજાણવો. ચાર પામ્યો હોય તો ગો-પુરાંશજાણવો. પાંચ બળપામ્યો હોય તો સીંહાસન અંશ જાણવો. છ બળ પામ્યો હોય તો પારાવતાંશ જા-ણવો. સાત આઠ બળ પામ્યો હોય તો દેવલોકાંશ જા-ણવો. નવ બળ પામ્યો હોય તો અેરાવતાંશ જાણવો. દશ પામ્યો હોય તો વૈશેશીકાંશ, જાણવોએ રીતે દશવર્ગોથી ગ્રહોનું બળ જોવું.

લગ્નના પ્રમાણની સમજ.

મેષ લગન ઘડી–૩–૫૮ પળ, વૃષ ૪–૨૭. મીથુન ૫–૧૦. કર્ક ૫–૩૬. સીંહ ૫–૩૧. કન્યા લગન ૫–૧૮. તુલ ૫–૨૮. વૃશ્ચિક લગન ૫–૩૧. ધન ૫–૩૬. મકર ૫–૧૦. કુંભ ૪–૨૭. મીન ૩–૫૮ ઇતી લગનમાન.

ગ્રહોના જપની સંખ્યાની સમજ.

સૂર્યનો જપ ૭૦૦૦ ચંદ્ર ૧૧૦૦૦ મંગળ ૧૦૦૦૦ બુધ ૪૦૦૦ ગુરૂ, ૧૯૦૦૦, શુક્ર ૧૬૦૦૦, શની ૨૩૦૦૦, રાહુ ૧૮૦૦૦, કેતુ ૧૭૦૦૦. ઇતી ગ્રહના જપની સંખ્યા.

રવ્યાદી ગ્રહો પ્રત્યેક રાશીમાં રહે છે તેની સમજ.

સૂર્ય, બુધ ને શુક્ર, એક મહીનો એક રાશીમાં રહે. ચંદ્રમાં (૨I) સવા બે દીવસ એક રાશી ભોગવે. મં-ગળ દોઢમહીનો. ગુરૂ (૧૯) ઓગણીસ મહીના. શની (૩૬) મહીના, ને રાહુ (૧૮) અઢાર મહીના એક રા-શીમાં રહે.

દીવસને રાત્રીનાં ચોઘડીઆંની સમજ.

ચાલુ રીવાજે ચાર ઘડીનું એક ચોઘડીયું કહેછે પણ સરાસરી હીસાબ કરતાં પોણીચાર ઘડીનું એક ચોઘડીયું થાયછે. તેનીસમજ રવીવાર આદી દઈને સાતવારનાં અનુક્રમે ચોઘડીયાં જાણવાં. રવી, ઉદ્વેગ, ચંદ્ર, અમૃત, મંગળ, રોગ, બુધ, લાભ, ગુરૂ, શુભ, શુકર, ચલ, શની, કાળ, એ પ્રમાણે જે દીવશનું ચોઘડીયું જોવુ હોય તે દીવશના પેહેલા ચોઘડીઆથી છઠા વારનું જે પેહેલુ ચોઘડીયું તે બીજુ જાણવું. તેમજ રાત્રીનાં ચોઘડીયાં જોવાં હોય તો જે દીવશનું જોવું હોય તે દીવશના પેહે- ચોઘડીઆથી પાંચમા વારનું જે ચોઘડીયું તે બીજું ચોઘડીયું રાત્રીનું જાણવું. એમ અનુક્રમે ચોઘડીઆં જોવાં.

દીવસનાં ચોઘડીઆનાં કોઠા.

રવી	ઉદ્વેગ ૧	ચળ ૨	લાભ ૩	અમૃત ૪	કાળ ૫	શુભ ૬	રોગ ૭	ઉદ્વેગ ૮
સોમ	અમૃત ૧	કાળ ૨	શુભ ૩	રોગ ૪	ઉદ્વેગ ૫	ચળ ૬	લાભ ૭	અમૃત ૮
મંગળ	રોગ ૧	ઉદ્વેગ ૨	ચળ ૩	લાભ ૪	અમૃત ૫	કાળ ૬	શુભ ૭	રોગ ૮
બુધ	લાભ ૧	અમૃત ૨	કાળ ૩	શુભ ૪	રોગ ૫	ઉદ્વેગ ૬	ચળ ૭	લાભ ૮
ગુરૂ	શુભ ૧	રોગ ૨	ઉદ્વેગ ૩	ચલ ૪	લાભ ૫	અમૃત ૬	કાળ ૭	શુભ ૮
શુક્ર	ચળ ૧	લાભ ૨	અમૃત ૩	કાળ ૪	શુભ ૫	રોગ ૬	ઉદ્વેગ ૭	ચલ ૮
શની	કાળ ૧	શુભ ૨	રોગ ૩	ઉદ્વેગ ૪	ચળ ૫	લાભ ૬	અમૃત ૭	કાળ ૮

રાત્રીનાં ચોઘડીઆનાં કોઠા.

રવી	શુભ ૧	અમૃત ૨	ચલ ૩	રોગ ૪	કાળ ૫	લાભ ૬	ઉદ્વેગ ૭	શુભ ૮
સોમ	ચળ ૧	રોગ ૨	કાળ ૩	લાભ ૪	ઉદ્વેગ ૫	શુભ ૬	અમત ૭	ચલ ૮
મંગળ	કાળ ૧	લાભ ૨	ઉદ્વેગ ૩	શુભ ૪	અમૃત ૫	ચલ ૬	રોગ ૭	કાળ ૮
બુધ	ઉદ્વેગ ૧	શુભ ૨	અમૃત ૩	ચલ ૪	રોગ ૫	કાળ ૬	લાભ ૭	ઉદ્વેગ ૮
ગુરૂ	અમૃત ૧	ચલ ૨	રોગ ૩	કાળ ૪	લાભ ૫	ઉદ્વેગ ૬	શુભ ૭	અમૃત ૮
શુકર	રોગ ૧	કાલ ૨	લાભ ૩	ઉદ્વેગ ૪	શુભ ૫	અમૃત ૬	ચલ ૭	રોગ ૮
શની	લાભ ૧	ઉદ્વેગ ૨	શુભ ૩	અમૃત ૪	ચળ ૫	રોગ ૬	કાળ ૭	લાભ ૮

અથ સૂર્ય ચંદ્ર ને ભોમાદી. પાંચ ગ્રહ સ્પષ્ટ કરવાની રીત.

પ્રથમ આહર્ગણ કરવાની સમજ—જે શાકનાં ગ્રહ કરવા હોય તે શાકમાંથી ૧૭૯૪ બાદ કરવા. રહેતે ગતાબ્દા. તે ગતાબ્દાને (૧૨) બારે ગુણવા ગુણતાં જે અંક આવ્યો તેમાં ચૈત્રથી જેટલા માસ ગયા હોય તેટલા ગત માસ ભેળવવા. ભેળતાં જે અંક આવ્યો, તેને શ્રાવન માસ કહે છે; પુનઃ શ્રાવન માસમાં (૧૮) અઢાર ભેળવવા. ભેળતાં જે શંખ્યા આવી તેને (10000000000) એક ખર્વે ગુણવા. ગુણતાં જે અંકઆવે તેને

૩૨૫૩૫૪૭૭૭૩૮૨ ભાગવા લાધે તે અધીક માસ તે શ્રાવન માસમાં ભેળવા એટલે માસ ગણુ થાય. તે માસ ગણુને (૩૦) ત્રીસે ગુણવા. આવે તે તીથી તેમાં શુદ ૧ થી જેટલી ગતતીથી હોય તેટલી ગતતીથી ભેળવવી. ભેળવતાં જે આવે તે શ્રાવનદીન જાણવા. તે શ્રાવન દીનમાં (૨૨) બાવીસ ભેળવવા. ભેળતાં જે અંક આવ્યો તેને ૧૦૦૦૦૦ એક લાખે ગુણવા. ગુણતાં જે અંકઆવ્યો તેને ૬૩૯૦૯૪૨ એ ભાગવા. ભાગતાં જે અંકઆવે તે અવમદીન તને શ્રાવન દીનમાંથી બાદકરવા રહે તે અહરગણ તે અહરગણ ઉપરથી વાર મેળવવો. પછે અહરગણને (૭) સાતે ભાગલેવો શેષ રહે તે વારજાણવો.

અથ ભૂતકાળે અહરગણુ સાધન પ્રકાર.

આ ગ્રંથનું જ્યારે નવીન સમંધારણુ કર્યુ તે દીવસનો શક ૧૭૮૪ નો છે. હવે તેના પેહેલા શકનો અહરગણુ સાધન કરવાનો છે; માટે જે દીવશે ગ્રંથ સમંધારણુ કરયું તે દીવશના શકમાંથી જે દીવશનો અહરગણુ કરવાનો હોય તે દીવસનો શક બાદકરવો રહે તે ગતાબ્દા. તે ગતાબ્દાને (૧૨) બારે ગુણવા ગુણતાં જે રકમ આવી તેમાંથી જેટલા માસ ગયાહોય તેટલા માસ ભેળવવા એટલે શ્રાવન માસથાય. પુનઃ શ્રાવનમાસમાં [૧૮] અઢાર અંક ભેળવવા. ભેળતાં જે રકમ આવે તેને ૩૧૦૦૦૦૦૦૦૦ વડે ગુણવા. ગુણતાં જે રકમ આવી તેને ૩૨૫૩૫૪૭૭૭૩૮૨ એ ભાગ લેવો. લાધે તે અધીકમાસ જાણવો. તે અધીક માસ. શ્રાવનમાસમાં ભેળવવા. તે ભેળતાં જે રકમ આવે તેનું નામ માસગણુ તે માસગણુને (૩૦) ત્રીસે ગુણવા. ગુણતાં જે રકમ આવે તેમાં શુકલ પ્રતિપદથી જેટલી તીથી ગઈ હોય તેને ભેળવવી. ભેળતાં જે રકમ આવે તેને શ્રાવનદીન કહે છે. તે શ્રાવનદીનમાં (૨૨) બાવીશ ભેળવા. ભેળવતાં જે રકમઆવે તેને ૧૦૦૦૦૦ એક લાખ ગુણાકરવા.

ગુણાકરતાં રકમ આવે તેને ૬૩૯૦૯૪૨ વડે ભાગ લેવો. લ-બ્ધાંક તે અવમદીન. તે અવમદીનને શ્રાવનદીનમાંથી બાદ કરવા. રહે તે અહરગણ. તે અહરગણને સાતે ભાગ લેવો. ભાગલેતાં જે અંક શેષ રહે તેને સાતમાંથી બાદ કરવા. બાદ કરતાં જે અંક રહે તે વાર જાણવો. એ પ્રમાણે વ-ર્તમાન અને ભૂતકાળે અહરગણ સાધવો.

મધ્યમ ગ્રહ સમજવાની રીત.

અહરગણને ગુણકે ગુણવા. ગુણતાં જે રકમ આ-વે તેને ભાજકે ભાગ લેવો. લાધે તે અંશાદી તેને રાસ્યા-દીકરીએ ત્યારે રાશી અંશકળા વીકળા ગ્રહોની થાય. આ પ્રમાણે સર્વ ગ્રહ કરવા.

અબ્દબીજ સંસ્કાર બીજો.

સૂર્ય ગતાબ્દાને (૫૪) ચોપને ભાગવા. લાધે તે ક-ળાદી બેફળ. અબ્દબીજને ગ્રહની કળા વીકળામાંથી રણ કરવું, બાકી રહે તેમાં ક્ષેપક ભેળવવા; ભેળતાં જે રા-સ્યાદી આવ્યું તે મધ્યમ સૂર્ય થયો.—ચંદ્ર અહરગણ ને ૮૪૫૦ એ ભાગવા. લાધે તે અંશાદીમાંથી અબ્દબી-જ બાદકરવું. બાકી રહે તેમાં ક્ષેપક ભેળવવા ભેળતાં જે રાસ્યાદી આવ્યું તે મધ્યમ ચંદ્રથયો. ચંદ્રનાઉંચ અહરગણને ૩૯૧૨ એ ભાગવા. લાધે તે અંશાદી અબ્દ બીજ તેનું અંશાદી ગ્રહમાંથી ધન કરવું. રહે તેમાં ક્ષેપક ભેળવવો. ભેળતાં જે ગ્રહઆવ્યો તે મધ્યમ ચંદ્રનો ઉંચ થયો.

ચંદ્રના પાતની સમજ.

અહરગણને ૨૭૨૦ નો ભાગ લેવો. લાધે તે અબ્દ-

બીજ. તેનાં અંશાદીમાંથી બાદકરવું; રહે તેમાં ક્ષેપક ભે-ળવવો. ભેળતાં જે રાસ્યાદીઆવ્યું; તે ચંદ્રનો પાત થયો.

ભોમમધ્યમની સમજ.

અહુરગણને ૪૭૪૧ ને ભાગલેવો. લાધે તે અંશાદી અબ્દબીજ; તેને રાસ્યાદીકમાં ધન કરવું. ધન કરતાં જે રાસ્યાદીક આવ્યું તેમાં ભોમના ક્ષેપક ભેળવવા. ભેળવતાં જે રાસ્યાદીક આવ્યું તે મધ્યભોમથયો.

બુધીકેંદ્રની સમજ.

અહુરગણને ૧૪૮૦ ને ભાગલેવો. લાધે તે અંશાદી અબ્દ બીજ. તેને અંશાદીમાં ધન આવે તેમાં ક્ષેપક ભેળવવા ભેળવતાં જે રકમ આવે તે રાસ્યદીક બુધકેંદ્ર મધ્યમથયો.

ગુરૂ મધ્યમની સમજ.

અહુરગણને ૪૧૬૧ એ ભાગવા. લાધે તે અંશાદી અબ્દબીજ. તેને લવાદીમાંથી રણકરવા તેમાં ક્ષેપક ભે-ળવવા. ભેળવતાં જે રાસ્યાદીક આવ્યું તે મધ્યમગુરૂથયો.

શુક્ર મધ્યમની સમજ.

અહુરગણને ૪૭૧ એ ભાગવા. લાધે તે અંશાદી અબ્દ બીજ તેને લવાદીમાંથી ધન કરવું. ધન કરતાં જે રાસ્યાદી આવ્યું તેમાં ક્ષેપક ભેળવવો. ભેળવતાં જે આવ્યું તે રાસ્યાદીશુક્રથયો.

શની મધ્યમની સમજ.

અહુરગણને ૯૨૭૬ એ ભાગવા. લાધે તે અંશાદી

આઅહર્ગણીજ. તેને લવાદીગાં ધન કરવું. ધન કરતાં જે આવ્યું તેમા ક્ષેપક ભેળવવા. ભેળતાં જે રાશ્યાદીક આવ્યું તે શનીથયો.

ઇષ્ટ ઘટીના ગ્રહ કરવાની સમજ.

ઇષ્ટઘટીના મધ્યમ ગ્રહ કરવા હોય, તેટલી ઘટીને ગ્રહની મધ્યમગતી વડે ગુણવા. ગુણીને ૬૦ ભાગવા. લાધે તે ગતી તેનું ધન કરીએ. ત્યારે મધ્યમનાં ઇષ્ટ ઘટીત સર્વ ગ્રહથાય.

ર.	ચં.	ઊચ.	પાત.	મં.	બુધ.	ગુરૂ.	શુ. ક્રે.	શની.	ગ્રહ.
૧૧ ૧૫ ૧૦ ૦	૧૧ ૧૦ ૪ ૦	૧ ૭ ૧૧ [illegible]	૩ ૨૩ ૨૦ ૦	૮ ૪ ૧૦ ૦	૮ ૨૫ ૨૦ ૦	૫ ૧ ૪૦ ૦	૭ ૦ ૦ ૦	૪ ૨૨ ૧૦ ૦	ગ્રહ ક્ષેપકા.

મં.	બુ૦	ગુ૦	શુ૦	શ૦	ગ્રહ
૧૧ ૫ ૦ ૦	૧૧ ૯ ૦ ૦	૯ ૮ ૦ ૦	૧૦ ૦ ૦ ૦	૮ ૧૩ ૦ ૦	ગ્રહપાત

ર.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	ગ્રહ
૨ ૧૯ ૦	૪ ૧૮ ૩૦	૭ ૧૫ ૦	૫ ૨૨ ૩૦	૧ ૨૧ ૦	૭ ૨૮ ૦	ગ્રહમંદોચ

મં.	બુ.	ગુ.	શુ.	શ.	
૨ ૨૧ ૦ ૦	૧ ૧૪ ૦ ૦	૦ ૨૩ ૦ ૦	૨ ૨૭ ૦ ૦	૦ ૧૩ ૦ ૦	ગ્રહપાત

ર.	ચ.	ઉ	પાત	ગ.	બુ.	ગુ.	શુ.	શ.	ગ્રહ.
૮૯૦	૨૨૪	૧	૧	૧૧	૧૭૬	૧	૮	૧	ગુણકા
૩૦૩	૧૭	૬	૧૯	૨૧	૪૩	૧૨	૫	૩૦	ભાજક
૫૯ ૮	૭૯૦ ૩૫	૬ ૪૧	૩ ૧૧	૩૧ ૨૬	૨૪૫ ૩૨	૫ ૦	૩૬ ૦	૨ ૦	મધ્યમગતી

નક્ષત્ર	અ.	ભ.	કૃ.	રો.	મૃ.	આ.	પુ.	પૂ.	અ.	મ.	પુ.	ઉ.	હ.	ચી.	સ્વા.	વી	અ.
પ્રથમ પ્રકાર	૮	૨૦	૩૮	૫૦	૬૩	૬૭	૯૩	૧૦૬	૧૦૮	૧૨૯	૧૪૭	૧૫૫	૧૭૦	૧૮૩	૧૯૯	૨૧૨	૨૨૪
બીજો પ્રકાર	૧૪ ૨૪	૨૭ ૫	૪૦ ૮	૫૦ ૦	૬૨ ૨૦	૬૭ ૭	૯૩ ૨૩	૧૦૮ ૫૦	૧૧૧ ૦	૧૩૦ ૦	૧૪૩ ૩૩	૧૫૧ ૪૬	૧૭૩ ૩૬	૧૮૪ ૦	૧૮૪ ૨૪	૨૧૧ ૯	૨૨૩ ૨૦

નક્ષત્ર	જ્યે.	મૂ.	પૂ.	ઉ.	અ.	શ્ર	ધ.	શ.	પૂ.	ઉ.	રે.
પ્રથમ પ્રકાર	૨૨૯	૨૪૧	૨૫૪	૨૬૦	૨૬૫	૨૭૮	૨૯૦	૩૨૦	૩૨૬	૩૩૭	૦૦૦
બીજો પ્રકાર	૨૨૬ ૫૪	૨૪૩ ૨૭	૨૫૫ ૧૭	૨૬૦ ૨૦	૨૭૧ ૫૩	૨૭૪ ૪૩	૩૦૩ ૩૦	૩૨૧ ૨૦	૩૩૩ ૩૭	૩૫૪ ૧૪	૦ ૦

સાયન નક્ષત્ર કરવાની સમજ

બીજા પ્રકારના કોઠામાં અયનાંશ ભેળીએ તે, અયનાંશ બીજી રીતના લેવાં એટલે સાયન નક્ષત્ર થાય. તેમાં લંકાના ક્ષેપકને દેશાંતર દઇને આ ગ્રંથના અયનાંશ ભેળીએ, એટલે સાયન નક્ષત્ર થાય. તેનારાસ્યાદીક કરીએ તેના સર નીચેના કોઠામાં છે.

નક્ષત્ર સર કોષ્ટક.

નક્ષત્ર	અ.	ભ.	કૃ.	રો.	મૃ.	આ	પુ.	પૂ.	અ.	મ.	પૂ.	ઉ.	હ.	ચી	સ્વા,	વિ.	અ,	જ્યે.	મૂ.	પૂ.	ઉ,
અંસ	૮	૧૧	૪	૫	૭	૯	૬	૦	૭	૦	૯	૧૨	૧૨	૨	૩૦	૧	૧	૪	૪	૬	૩
કળા	૩૨	૨૮	૨	૨૮	૨૨	૩૨	૪૭	૪	૪૪	૨૭	૪૧	૧૬	૧૦	૨	૫૦	૫૧	૧	૩૨	૦	૨૭	૫૭
ઉત્તર દક્ષણ સર	ઉ	ઉ	ઉ	દ	દ	દ	દ	ઉ	દ	દ	ઉ	૦	ઉ	દ	ઉ	દ	ઉ	દ	દ	દ	દ

આ.	શ્રી.	ધ	શ.	પૂ	ઉ	રે.	ક્ષુ.	ક્ષુબ્દ,	ત્રમ
૬૧	૨૯	૩૩	૧		૨૫	૦	૩૯	૧૬	૪૫
૪૪	૧૯	૨	૧૮	૨૪	૧૬	૧૩	૩૨	૦	૬
૭	૭	૭	૬	૭	૭	૬	૬	૬	૭

કોઇ મને એમ પણ કહે છે કે ગતાબ્દામાં ૧૩૩૫ મેળવવા, મેળતાં આવે તેને (૨૧) એકવીસે ગુણવા, અને (૨૫) ભાગ લેવો. લાધે તે કળાદી. તેને (૬૦) સાઠે ભાગ લેવો. લાધે તે અંશાદી અયનાંશા. તેને અંશાદી નક્ષત્રના ક્ષેપક છે, તેમાં મેળીએ, તે અંશાદી થાય. તેના રાશ્યાદી કરીએ, તે સાયનસ્પષ્ટ નક્ષત્ર થાય. આ પ્રમાણે પણ સ્પષ્ટથાય.

ગ્રહને દેશાંતર સંસ્કાર દેવાની રીત.

મધ્ય રેખામાં દેશો છે તે લંકા, કચ્છ, ભુજ હીમાળો, મેરૂ એ મધ્ય રેખામાં છે. માટે મધ્ય રેખાથી જેટલા જોજન છેટે હોય, તેનો જે અંતર, તેને ગ્રહની મધ્યમ ગતીએ ગુણીને ૮૦) એંશીએ ભાગવા. લાધે તે વીકલાદી દેશાંતર; તેને ગ્રહમાંથી ધન રણ કરવા. મધ્ય રેખાથી પૂર્વ તરફના નીવાસી લોકોએ રણ કરવું, અને પશ્ચિમ તરફના લોકોએ ધન કરવું, ત્યારે સ્વદેશી મધ્યમ ગ્રહથાય.

ગ્રહને ઉદયાંતીર સંસ્કારની સમજ.

સ્વદેશી મધ્યમ ગ્રહ સુર્ય, તેમાં અયનાંશા મેળવવા, એટલે સાયન રવી થાય. તે સાયન રવીને બે ગુણા કરવા. તે દ્વિધન રાશી થાય. તેનો ભુજ કરવો. તેના અંશ કરવા; તે ભુજાંશાં તેની જ્યા કરવી, પછી જ્યાને (૫) પાંચે ભાગવા લાધે તે વીકળાદીજ્યા. રવીનું ઉદયાંતર અને તે જ્યાને (૨૧) એકવીશે ભાગવા લાધે તે કળાદી ચંદ્રનું ઉદયાંતર, પણ બાજા ગ્રહને ઉદયાંતર લાગતું નથી જે જે ઉદયાંતર ફળ આવ્યું છે તે રવી ચંદ્રમાંથી

રૂણુ અને ધન કરવું; માટે દ્વિધન રાશી મેષ, વૃશ્ચિક, મીથુન, તુલ, વૃષ, ધન, એ યુગ્મપદ રાશી, માટે યુગ્મપદે ધન કરવું, અને દ્વિધન એટલે કર્ક, કન્યા, મકર, કુંભ ને મીન એને ઓજરાશોની સંજ્ઞા કહેછે. જો, ઓજપદ હોય તો ઉદયાંતર ફળ રણુ કરવું. એ પ્રમાણે સૂર્ય ચંદ્રને ઉદયાંતર ફળ દેવું.

રવીનું મંદ ફળ વર્તવાની સમજ.

રવીનું મંદોચ્ચ ૨–૧૮–૦–૦ નું સદાકાળ છે; તેમાંથી મધ્યમ ઉદયાંતર સંસ્કાર દીધેલો રવી બાદ કરવો. રહે તે મંદકેંદ્ર. તેના જે ભુજાંશા, તેની જ્યા કરવી. પછી તેને (૧૦) દશે ગુણવા. તે દશ ઘ્ન જ્યા. તેને મંદફળને ભાજકે ભાગવા. લાધે તે અંશાદી મંદફળ. તેને રવીગાંથી રણુ ધન કરવા. જો મંદકેંદ્ર મેષાદીક હોય તો ધન અને તુલાદીક હોય તો રણુ કરવા; ત્યારે સ્પષ્ટ રવી થાય.

ચર સ્પષ્ટ રવી કરવાની સમજ.

મંદસ્પષ્ટ સૂર્યમાં અયનાંશા ભેળવીએ, ત્યારે સાયન રવી થાય. તેના ભુજાંશા કરવા. તેને (૩૦) ત્રીશે ભાગવા. લાધે તે ગત ખંડક શેષ રહે તેને ભોગ્યખંડકે ગુણવા. આવે તેને (૩૦) ત્રીશે ભાગવા. લાધે તેને ગત ખંડકના યોગમાં ભેળવવા, ભેળતાં જે આવે તે ચર થાય, તેને ગ્રહની મધ્યમ ગતીએ ગુણીએ. તેને (૬૦) સાઠે ભાગ લેવો, લાધે તે પળાદી ચરફળ. તેને ગ્રહમાંથી રણુ ધન કરવું; માટે સાયન રવી મેષાદીક હોય તો ઉદય કાળે ધન, ને અસ્ત કાળે રણુ કરવું, તેમજ તુલાદીક સાયન રવી હોય તો ઉદય કાળે રણુ ને અસ્ત કાળે ધન કરવું, તે ચર સ્પષ્ટ ગ્રહ થાય.

સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	ગ્રહાદીછે
૫૫૦	.૨૩૮	૧૦૭	૧૯૮	૨૨૯	૭૯૪	૧૫૭	મંદફળે ભાજક દશ ઘ્ન જ્યાનોછે

અથ મંદ ફળ વર્તવાની સમજ.

સૂર્ય ચર સ્પષ્ટ તેજ સ્પષ્ટ સૂર્ય જાણવો. ચર સ્પષ્ટ ચંદ્રને ચંદ્ર મંદોચ્ચમાંથી બાદ કરવો, રહે તે મંદકેંદ્ર જાણવો. તેના ભુજાંશ કરવા, તેની જ્યા કરવી; તેને (૧૦) દશે ગુણવા, તે દશ ઘ્ન જ્યા થાય; તેને મંદફળને ભાજકે ભાગવા, લાધે તે મંદ ફળ તેને ચર સ્પષ્ટ ચંદ્રમાં રણને ધન કરવું, મેષાદીક ધન, ને તુલાદીક રણ કરવું; તે મંદ સ્પષ્ટ ચંદ્ર થાય.

અથ ભુજ ફળની સમજ.

સૂર્યના મંદ ફળને (૨૭) સતાવીશે ભાગવા. લાધે તે અંશાદી ભુજફળ; તેનું મંદ સ્પષ્ટ ચંદ્રમાં રણ ધન કરવું. રવીનું મંદ ફળ ધન, તો ભુજફળ ધન, અને મંદફળ રણ તો ભુજ ફળ રણ કરવું. ત્યારે તે સ્પષ્ટ ચંદ્ર થાય.

સ્પષ્ટ ચંદ્રપાત કરવાની રીત.

સ્પષ્ટપાતને રાશી (૧૨) બારમાંથી બાદ કરીએ બાકી રહે તે સ્પષ્ટ રાહુ.

અથ રવી ચંદ્રની ગતી સાધન પ્રકાર.

મંદકેંદ્રના ભૂજાંશાને (૧૦) દશે ભાગવા. લાધે તે ગતખંડક. તેની આગળનો ખંડક તે ભોગ્ય ખંડક; રવીની ગતી સાધીએ તો ભોગ્ય ખંડકને (૯) નવે ભાગવા. લાધે તે કળાદી ગતી ફળ રવીનું, અને ચંદ્રગતી સાધીએ તો ભોગ્ય ખંડકને (૧૩) તેરે ગુણીને (૪) ચારનો ભાગ લેવો. લાધે તે કળાદી ગતી ફળ. પછી મધ્યમ ગતીમાંથી ચંદ્રના ગતીફળનું રણધન કરવું. મંદકેંદ્ર કર્કાદીક હોય તો ધન અને મકરાદીકે રણ કરવું તે રવી ચંદ્રની સ્પષ્ટ ગતી થાય, અને પોતાની મધ્યમ ગતી છે તેજ સ્પષ્ટ ગતી છે.

અથ ભૌમાદી પાંચ ગ્રહ સાધવાની રીત.

ભૌમ સાધન પ્રકાર—ચર સ્પષ્ટ મધ્યમ ભૌમને મધ્યમ સૂર્યમાંથી બાદ કરવો. રહે તે શુક્રકેંદ્ર તેની કળા કરીને (૪૦૦) ચારસોએ ભાગવા. લાધે તે અંશાદી, તેનું સ્પષ્ટ ફળ રણધન કરવું; તેથી શુક્રકેંદ્ર જો કર્કાદીક હોય તો રણ, ને મકરાદીક હોય તો ધન કરવું. માટે ભૌમના મધ્યમ મંદોચમાં સ્પષ્ટ ફળ રણધન કરવું, તે ભૌમનો સ્પષ્ટ મંદોચ થાય; તેમાંથી ચર સ્પષ્ટ મધ્યમ ભૌમ બાદ કરવો. રહે તે મંદકેંદ્ર તેના ભુજાંશા કરવા. તેની જ્યા કરવી તેને (૧૦) દશે ગુણીએ તે દશઘ્ન જ્યા. તેને મંદફળને ભાજકે ભાગવા. લાધે તે અંશાદી મંદફળ તેને મધ્યમ ચર સ્પષ્ટ ભૌમમાંથી ધન કરવું. માટે મંદકેંદ્ર મેષાદીક હોય તો ધન, ને તુલાદીક હોય તો રણ કરવું મંદ સ્પષ્ટ ભૌમ થાય.

ગુરૂ, શની, સાધવાની રીત.

ચર સ્પષ્ટ મધ્યમ ગુરૂ ને શની, તેના મંદોચ્ચ કોઠામાં મધ્યમ બતાવ્યા છે, તેમાંથી બાદ કરવા, રહે તે મંદકેંદ્ર. તેના ભુજાંશાની જ્યા કરવી તેને (૧૦) દશે ગુણીએ. તે દશઘ્ન જ્યાને મંદફળને ભાજકે ભાગવા. લાધે તે અંશાદી મંદફળને મધ્યમ ગ્રહમાંથી રણધન કરવા. તે મંદકેંદ્ર જો મેષાદીક હોય તો ધન ને તુલાદીક હોય તો રણ કરવા. તે મંદ સ્પષ્ટ ગ્રહ થાય. માટે ભૌમ ગુરૂ શની મધ્યમ છે તેને તેના મંદોચ્ચમાંથી બાદ કરવા; અને બુધ શુક્ર ને મધ્યમ સૂર્યને બુધ શુક્રના મંદોચ્ચમાંથી બાદ કરવા. રહે તે મંદકેંદ્ર, તેની જ્યા કરીને મંદફળ સૂર્યની રીતે દેવું.તે મંદફળ રણધન જોવા માટે ભૌમ ગુરૂ શની જે મધ્યમ છે, તેમાંથી રણધન કરવું અને બુધ શુક્રને મધ્યમ સૂર્યમાંથી મંદફળ રણધન કરવું તે ભૌમાદી પાંચ ગ્રહ મંદ સ્પષ્ટ થાય.

શીઘ્રકેંદ્ર કરવાની રીત.

મધ્યમ રવીમાંથી મધ્યમ ભૌમ બાદ કરવો. રહે તે શુક્રકેંદ્ર. તેના કળાદીક કરીને (૧૨૦૦) બારસોએ ભાગવા. લાધે તે અંશાદી ૫ર ફળ. તે મધ્યમ, ૫ર કોઠામાં છે; તેમાંથી રણધન કરવું; માટે જો શુક્રકેંદ્ર કર્કાદીકે હોય તો ધન, ને મકરાદીકે હોય તો રણ કરવું, તે સ્પષ્ટ ભૌમનું ૫ર થવું. બાકી ગ્રહના ૫ર જે કોઠામાં મધ્યમ છે તેજ સ્પષ્ટ જાણવા. હવે ભૌમ ગુરૂ શની મંદ સ્પષ્ટને મધ્યમ સૂર્યમાંથી બાદ કરવા, ને બુધ શુક્રમંદ સ્પષ્ટને બુધકેંદ્રને શુક્રકેંદ્ર મધ્યમમાંથી બાદ કરવા. બાકી રહે તે સીઘ્રકેંદ્ર એમ સીઘ્ર કેંદ્ર થાય. પુનઃગ્રહના સ્પષ્ટ ૫ર અંશાદીમાં, અંશ ૧૮૦ ભેળવીએ, જે આવે તેનું અર્ધ તે અંશાદી શીઘ્રાંસના ભુજાંશા; એટલા અંશ સુધી ગ્રહને સીઘ્રફળ લાગે છે, જેમ મંદફળ અંશ ૯૦ સુધી લાગે છે તેમ સીઘ્રફળ સીઘ્રાંસના ભુજાંશા સુધી લાગે છે. માટે સ્પષ્ટ૫ર ને ૧૮૦ માં ભેળવવા. તેને બે ગુણા કરવા; તે ગ્રહના સીઘ્રાંકા થાય તે ઉપરથી પણ સીઘ્રફળ લાગે છે.

સીઘ્રફળ સાધવાની રીત.

સીઘ્રકેંદ્રની કોટી કરવી. તેના અંશાદી, ને તેની જ્યા કરવી તે કોટીજ્યા થાય. તેને સ્પષ્ટ૫રે ગુણવા, આવે તેને બેએ ગુણવા, તે જ્યા ૫ર થાય. પુનઃસ્પષ્ટ ૫ર નો વર્ગ, તે ૫રકૃતી. તેમાં ૧૪૪૦૦ ભળીએ, તે યુક્ત થાય. જો સીઘ્રકેંદ્ર કર્કાદી હોય તો યુક્તમાંથી જ્યા ૫ર બાદ કરવી. બાકી રહે તેનું વર્ગમૂળ કાઢીએ, જે વર્ગમૂળ આવે તે મંદકર્ણ થાય. માટે સીઘ્રકેંદ્ર જો કર્કાદીકે આવે તો જ્યા ૫ર યુક્તમાં રણ, ને મકરાદીકે હોય તો ધન કરવું. સીઘ્રકેંદ્ર મકરાદી હોય તો ૫રકૃતીમાં ૧૪૪૦૦ ભેળવવા, જે આવે તેમાં જ્યા ૫ર ભેળવવી ભેળતાં જે આવે તેનું વર્ગમૂળ કરવું તે કર્ણ થાય. એમ મંદકર્ણ ક-

રવું. હવે સીઘ્રકેંદ્રનો ભુજાંશા કરવા, અને તેની જ્યા કરવી. તેને સ્પષ્ટપરે ગુણવા, આવે તેને મંદકર્ણે ભાગવા. લાધે તે અંશાદી સીઘ્રાંકા, તેની ચાપ સાધવાની રીત. સીઘ્રાંકામાંથી જ્યાના જેટલા ખંડક જાય તેવા શુદ્ધ ખંડક ને તેની આગળનો ખંડક તે અશુદ્ધ ખંડક. હવે સીઘ્રાંકામાંથી વીશુદ્ધ ખંડક બાદ કરવો. રહે તેને (૧૦) દશે ગુણવા. આવે તેને અશુદ્ધ ખંડકે ભાગવા. લાધે તે અંશાદી થાય. પછી જેટલા વીશુદ્ધ ખંડક ૧. ૨. ૩. ઈત્યાદી સીઘ્રાંકામાંથી બાદ થયેલા હોય, તેને દશે ગુણવા. આવે તેમાં ચાપ ભેળવીએ, તે સીઘ્રફળ થાય; તેને મંદસ્પષ્ટ ગ્રહમાંથી રણ ધન કરવા. સીઘ્રકેંદ્ર જો મેષાદીક હોય તો ધન, ને તુલાદીક હોય તો રણ કરવા. તે સીઘ્ર સ્પષ્ટ ગ્રહ થાય.

બીજો સંસ્કાર—સીઘ્ર સ્પષ્ટ ગ્રહને મધ્યમ રવીમાંથી બાદ કરવો. રહે તે શુક્રકેંદ્ર, તે ઉપરથી ઉપરની રીતે બોમનો મંદોચ્ચ, ને પર સ્પષ્ટ કરવા. બાકી ગ્રહના મંદોચ્ચને પર છે તેજ સ્પષ્ટ. એમ ઉપર કહેલી રીતે મંદફળ, સીઘ્રફળ, ગ્રહને દેવું. તે મંદ સ્પષ્ટ ગ્રહ થાય.

પ્રથમ ગ્રહ આવ્યો હોય તેને સીઘ્ર ફળ સંસ્કાર દેવો. તે સીઘ્ર સ્પષ્ટ ગ્રહ થાય એમ બે પ્રકારનું સીઘ્રફળ આવે, તે ગ્રહોમાં દઈએ, ત્યારે સીઘ્ર સ્પષ્ટ ગ્રહો ભૌમાદી પાંચ થાય.

અથ ભૌમાદી પાંચ ગ્રહની ગતી કરવાની સમજ.

ગ્રહના મંદકેંદ્રના ભુજાંશાને (૧૦) દશે ભાગવા. લાધે તે ગત ખંડક, તેની આગળનો ભોગ્ય ખંડક, તેને ગુણકે ગુણવા ને ભાજકે ભાગવા. લાધે તે કળાદી ગતીફળને ગ્રહની મધ્યમ ગતીમાં રણધન કરવું. જો કેંદ્ર કર્કાદીકે હોય તો ધન, ને મકરાદીકે હોય તો રણ કરવું, તે મંદ સ્પષ્ટ ગતી થાય.

ભૌમ, ગુરૂ, શની, એઓની મધ્યમ ગતીમાંથી ગતીફળનું રણધન કરવું. અને શુક્રને બુધ એને સૂર્યની મધ્યમ ગતીમાંથી ગતીફળ રણધન કરવું. તે મંદ સ્પષ્ટ ગતી થાય. ભૌમ, ગુરૂ, ને શની, એમની મંદ સ્પષ્ટ ગતી, ને સૂર્યની મધ્યમ ગતી, એ બેનું અંતર તે મધ્યમ બુધ, શુક્રની મં. સ્પષ્ટ ગતી થાય. બુધ

મં.	બુ	ગુ.	શુ.	શની.	ગ્રહા.
૨	૨	૧	૧	૧	ગતી ગુણકા
૭	૭	૫૦	૧૨	૧૨૦	ગતી ભાજકા

કેંદ્ર, ને શુક્રકેંદ્રની મધ્યમ ગતી, એ બેનું જે અંતર તે ગતી કહેવાય. હવે ચાપ સાધતાં આગળ અનુક્ષ ફળ આવ્યો હોય તેને ભૂગતીએ ગુણવા. ગુણતાં જે ગુણાકારની રકમ આવી તેને (૪૦) ચાળીસે ગુણવા. ગુણતાં જે આવે તે ભાજ્યાંક. પુનઃમંદ કારણને(૭) સાતે ગુણવા, આવે તે ભાજ્યક, તેણે ભાજ્યાકને ભાગવા, લાધે તે કળાદી ગતીનું શીઘ્રફળ. હવે સૂર્યની મધ્યમ ગતીમાંથી ગતીનું શીઘ્રફળ બાદ કરવું, રહે તે સ્પષ્ટ ગતી ભૌમ, ગુરૂ, ને શનીની થાય. તેમ બુધકેંદ્ર અને શુક્રકેંદ્રની મધ્યમ ગતીમાંથી ગતીનું શીઘ્રફળ બાદ કરવું. રહે તે સ્પષ્ટ ગતી.

ઇષ્ટવેળાના ગ્રહ કરવાની રીત.

જેટલી ઘડીના સ્પષ્ટ ગ્રહ કરવા હોય તેટલી ઘડીને ગ્રહની મધ્યમ ગતીએ ગુણીને ઉદયવેળાના મધ્યમ ગ્રહ માં ભેળવીએ તે ઇષ્ટ વેળાના મધ્યમ ગ્રહ થાય. તેને સ્પષ્ટ કરીએ તો તે ઈષ્ટ વેળાના સ્પષ્ટ ગ્રહ થાય. પુનઃ ઉદયના મધ્યમ ગ્રહને ભુગતી દઈને સ્પષ્ટ કરવાની રીત. ઇષ્ટ ઘડી (૧૫) પંદરને મધ્યમ ગતીએ ગુણીને, ઉદયના મધ્યમ ગ્રહમાં ભેળીને સ્પષ્ટ કરીએ, તે મધ્યાનના સ્પષ્ટ ગ્રહ થાય. તેમ ઘડી (૩૦) ત્રીશને મધ્યાનની ગતીએ ગુણીએ (૬૦) સાઠે ભાગ લઈએ લાધે તે મધ્યમ ઉદયમાં ભેળી-

એ, તે સ્પષ્ટ ઈષ્ટ વેળાના મધ્યમ ગ્રહ થાય તેમ ઘડી (૪૫) પીસતાળીશને ગ્રહની મધ્યમ ગતીએ ગુણીએ, તે ગતી ફળને ઉદયનાં મધ્યમ ગ્રહમાં ભેળીએ, તે ઇષ્ટવેળાના મધ્યમ ગ્રહ, તેને સ્પષ્ટ કરીએ તે અરધ રાત્રીના સ્પષ્ટ ગ્રહ થાય એ રીતે ભૂગ્તી ફળ દઇને સ્પષ્ટ ગ્રહ કરવા.

અથ પંચાંગ સાધન તથા તીથી વર્તવાની સમજ.

ઉદયકાળના તથા ઈષ્ટ વેળાના રવી ચંદ્ર સ્પષ્ટ કરવા. પછી ચંદ્રમાંથી રવી બાદ કરવો. રહે તે રાસ્યાદી. તેના અંશાદિ કરવા પછી (૧૨) બારે ભાગવા લાધે તે ગત તીથી, શેષ રહે તે અંશાદી, તેને ભાજક (૧૨) બાર માંથી બાદ કરીએ. બાકી રહે તે અંશાદી, તેની વીકળા કરીએ તેને (૬૦) સાઠે ગુણવા તે ભોગ્ય ભાજ્યાંક; તેના અંશાદી ને (૧૨) બારે ભાગવા શેષ અશાંદી રહે તેની વીકળા કરીને (૬૦) સાઠે ગુણવા, તે ભુગત ભાજ્યાંક. પછી ચંદ્રની ગતી માંથી સૂર્યની ગતી બાદ કરવી. રહે તે કળાદી તેની વીકળા કરીએ તે ભાજક. પછી ભાજકે ભુગ્ત ભાજ્યાંકને ભાગવા લાધે તે ઘટીકાદી ભુગ્ત ભોગ્ય. માટે બાકી જેટલી ઘડી તીથી છે તે ભોગ્ય ઘડી. અને જેટલી ઘડી તીથી ભોગવાય તે ભૂગ્ત ઘડી જાણવી. તેથી ભુગત અને ભોગ્ય ઘડીનો સરવાળો કરવો, તે તીથીનું સર્વરક્ષ જાણવું.

નક્ષત્ર વર્તવાની રીત.

ચંદ્ર રાસ્યાદીની કળા કરી, તેને (૮૦૦) આઠસોએ ભાગવા લાધે તે ગત નક્ષત્ર. શેષ રહે તે કળાદી, તેની વીકળા કરીને (૬૦) સાઠે ગુણવા, તે ભુગ્ત ભાજ્યાંક થાય પુનઃ શેષ કળાદીને (૮૦૦) આઠસોમાંથી બાદ કરવા, બાકી રહે તે કળાદી, તેની વીકળા કરીને (૬૦) સાઠે ગુણવા તે ભોગ્ય ભાજ્યાંક થાય; પછી ચંદ્રની ગતીની વીકળા ક-

રીએ તે ભાજ્યાંક થાય, તેણે ભાજ્યાંકને ભાગવા. લાધે તે ઘટીકાદી નક્ષત્ર ભુગ્ત ભોગ્ય; તેનો યોગ તે સર્વ રક્ષ ન ક્ષત્ર થાય.

અથ યોગ વર્તવાની રીત.

રવી ચંદ્રના યોગની કળા કરવી. આવે તેને (૮૦૦) આઠસોએ ભાગવા, લાધે તે ગત યોગ. શેષ રહે તે કળાદી, તેની વીકળા કરીને (૬૦) સાઠે ગુણવા; તે ભુગ્ત ભાજ્યાંક થાય. પુનઃ શેષ કળાદીને (૮૦૦) આઠસોમાંથી બાદ કરવા, બાકી રહે તે કળાદી તેની વીકળા કરીને (૬૦) સાઠે ગુણવા તે ભોગ્ય ભાજ્યાંક. હવે રવી ચંદ્રની ગતીના યોગની વીકળા કરીએ, તે ભાજક થાય, પછી ભાજ્યાંકને ભાજકે ભાગવા. લાધે તે ઘડી ને પળ, ભુગ્ત ભોગ્ય, ની થાય, તેનો સર્વાળો કરવો તે સર્વ રક્ષ યોગનો થાય.

કર્ણ વર્તવાની રીત.

ચંદ્રમાંથી સૂર્ય બાદ કરવો, રહે તે અંશાદીને (૬) છએ ભાગવા. લાધે તે ગત કર્ણ થાય. શેષ રહે તેને (૬) છ માંથી બાદ કરવા. બાકી રહે તે અંશાદીકની વીકળા કરવી. તેને (૬૦) સાઠે ગુણવા, તે ભાજ્યાંક થાય. પુનઃ ચંદ્રની ગતીમાંથી રવીની ગતી બાદ કરવી, રહે તેની વીકળા કરીએ, તે ભાજક થાય; તેણે ભાજ્યાંકને ભાગવા. લાધે તે ઘટીકાદી કર્ણની ભોગ્ય ઘડી થાય. ઉપરની રીતે ભુગ્ત ઘડી કરવી.

ગ્રહને નક્ષત્રમાં લેવાની રીત.

સ્પષ્ટ ગ્રહની કળા કરીને (૮૦૦) આઠસોએ ભાગવા. લાધે તે ગત નક્ષત્ર, શેષ રહે તે કળાદીની વીકળા કરીને, (૬૦) સાઠે ગુણીએ, તે ભુગ્ત ભાજ્યાંક થાય. પુનઃ શેષ કળાદીને ૮૦૦) આઠસોમાંથી બાદ કરવા. બાકી રહે

તે કળાદી, તેની વીકળા કરીને (૬૦) સાઠે ગુણવા તે ભોગ્ય ભાજ્યાંક કહેવાય. હવે ગ્રહના ગતી ફળને કળા (૮૦૦) આઠસોમાંથી રણ ધન કરવું. જો ગતી ફળ ધન હોય તો ધન કરવું, ને રણ હોય તો રણ કરવું; જે આવે તેની વીકળા કરવી તે ભાજક કહેવાય; તેણે ભાંજ્યાંકને ભાગવો. ભાગે તે ઘટીકાદી નક્ષત્રનો ભોગ, તે સર્વ રક્ષ થાય.

અથ ચંદ્ર ગ્રહણ વતવાની રીત.

પુનમ ઉતરીને રાત્રીની પ્રતી પદ બેસે ત્યારે ચંદ્ર ગ્રહણ થાય. ગ્રહણ જો અસ્ત વેળા પછી થાય તો મધ્યમ ઉદયનાને અર્ધગતી દેવી, તે અસ્તવેળાના મધ્યમ ગ્રહ થાય. તેમ ગ્રહણ મધ્યમ રાત્રી પછી હોય તો ઉદયના મધ્યમને પોણી ભુગતી દેવી, તે મધ્ય રાત્રીના મધ્યમ ગ્રહ થાય. તેમ આખી ભુગતી ઉદયના મધ્યમ ગ્રહને દેવાથી બીજા દીવસના ઉદયના મધ્યમ ગ્રહ થાય. એમ મધ્યમ કરીને સ્પષ્ટ ગ્રહ કરવાથી ગ્રહ થશે. હવે અરધી ભુગ્તીના સ્પષ્ટ ગ્રહ તે અસ્ત વેળાના (એટલે દીનમાનના અંતના ગ્રહ) સ્પષ્ટ ગ્રહ થાય. પોણી ભુગતીના જે સ્પષ્ટગ્રહ તે અર્ધ રાત્રીના થાય. પા ભુગ્તીના જે સ્પષ્ટગ્રહો તે મધ્યાનના સ્પષ્ટગ્રહ અને એક ભુગ્તીના સ્પષ્ટ ગ્રહ તે ઉદયાન બીજા દીવસના સ્પષ્ટ ગ્રહ થાય; એમ ભુગ્તી દઈને સ્પષ્ટ ગ્રહ કરવા. પુનઃ ભુગ્તી ઉપરની ઘડીને ગ્રહની સ્પષ્ટ ગતીએ ગુણવા આવે તેને ગ્રહમાં ધન કરીએ, ત્યારે ઇષ્ટવેળાના સ્પષ્ટ ગ્રહ થાય. ઈષ્ટવેળાના સ્પષ્ટ ગ્રહને નતફળ દેવું ત્યારે નત સ્પષ્ટ ગ્રહ થાય. તેની ભુગ્ત ઘડી તીથાની વરતી દીનાર્ધ, દીનમાનમાં અર્ધરાત્રોના તથા ઉદય બીજા દીવસના ગ્રહમાં નત સ્પષ્ટ તીથીની ઘડી ભેળીએ; જે ઘડી આવે, તેના ગ્રહ સ્પષ્ટ કરવા, એટલે સમકળ ગ્રહ થાય; સૂર્યને ચંદ્રરાશીનુ અંતર કરવું; તે અંતર છનું આવે; તે સ્પષ્ટ ગ્રહ

સમફળ એટલે સમાન અંશે સમયકાળના ગ્રહ થાય. સૂર્યોદયઘડી તે ગ્રહણનો મધ્યકાળ જાણવો.

નતફળ સાધન પ્રકાર.

ગ્રહને નતફળ દેવાની રીત—ઇષ્ટકાળના સ્પષ્ટ ગ્રહની જે તીથી, તે ઘડી જાણવી. પછી તે તીથી ઉપરથી રવી ચંદ્રનો પૂર્વ પશ્ચીમ નત કરવો, માટે તીથી અંતમાંહેથી રાત્રીદળ બાદ કરવું. રહે તે પશ્ચિમ નત થાય. માટે તીથી અંત માંહેથી રાત્રીદળ બાદ કરવું. રહે તે પશ્ચિમરવીનત તેને (૩૦) ત્રીસ ઘડીમાંથી બાદ કરવા. બાકી રહે ત ચંદ્ર પૂર્વનત. રવીનતે ચંદ્રનતને ગુણવા; આવે તેને ૧૧૨૫૦ એ ભાગવા. ભાગ લેતાં અંસાદી ત્રણફળ લેવા, તેમાંથી અંશ દશ બાદ કરવા. શેષ રહે તે અંશાદી રવીહર પૂનઃરવી હરને દશે ભાગવા. લાધે તે અંશાદીને રવીહરમાંથી બાદ કરવા, રહે તે ચંદ્રહર એમ પ્રથમ હર કરવા. પછી રવીના મંદફળને રવીહરે ભાગવા, લાધે તે રવીનું નતફળ. તેમ ચંદ્રના મંદફળને ચંદ્રહરે ભાગવા. લાધે તે ચંદ્રનું નતફળ પુનઃરવીના નતફળ ને, પુર્વનતે રણ અને પશ્ચિમનતે ધન કરવું. ચંદ્રનું નતફળને ચંદ્રનું મંદફળ જ્યારે ધન હોય ત્યારે નતફળ રણ કરવું ને રણ હોય ત્યારે ધન પુર્વનતે કરવું. ને પશ્ચિમ નતે ધને ધન કરવું ને રણે રણ કરવું તે નત સ્પષ્ટ ગ્રહ થાય. પુનઃરવીના ગતી ફળને રવીહરે ભાગવા. લાધે તે નતફળ તેનું સ્પષ્ટ ગતીમાં રણધન કરવું (પણ તે ઉપર કહેલી રીત પ્રમાણે કરવું) ત્યારે તે નત સ્પષ્ટ ગતી થઈ કહેવાય તેજ રીતે ચંદ્રના ગતીફળને ચંદ્રહરે ભાગવા. લાધે તે નતફળ કહેવાય પુર્વનતે ગતીફળ ધન હોય ત્યારે રણ કરવું ને ચંદ્ર નત પશ્ચિમ હોય ત્યારે ગતીફળ રણે ધન કરવું. એમ રવી ચંદ્રને નતફળ દેવાથી સ્પષ્ટ ગ્રહ થાય.

બીજી રીતે—ઉદયના સૂર્ય ચંદ્રને, પાત સ્પષ્ટ વર્તવા. પછી તે સૂર્ય ચંદ્રનો અંતર કરવો, તેની વીકળા કરવી. પછી તે સ્પષ્ટ ગતીનું અંતર કરવું. અંતરની કળા કરીને ભાગ લેવો લાધે તે ઘટીકાદી તીથી તેણે સ્પષ્ટ ગતીને ગુણી (૬૦) સાઠે ભાગવા. લાધે તે કળાદી સ્પષ્ટ ભુગ્તી ગ્રહમાં ધન કરવી. આવે તે તીથ્યાંતના સમકળ ગ્રહ થાય, તેની ઘડી સૂર્યોદયાંત ઈષ્ટ ઘડીને તીથ્યાંત થાય. તીથ્યાંતની ઘડી તે ગ્રહનો મધ્યમ કાળ કહેવાય. તે વેળાના રવી ચદ્રને પાત સ્પષ્ટ કરવા. પછી સ્પષ્ટ ચંદ્ર ને પાત એ બેનો યોગ તે સપાત ચંદ્ર થાય. તેના ભુજાંશાની ભુજજ્યા, ને શરમાન કળા ૨૭૦ નો લાગ્રતમ, એ બેના યોગમાથી અંશ (૯૦) નેવુંની ભુજજ્યાં બાદ કરવી. રહેતે લાગ્રત. તેની સંખ્યા આવે તે કળાદી ચંદ્રનો શર જાણવો; માટે સપાતચદ્ર જો મેષાદીકે હોય તો દક્ષિણ, ને જો તુલાદીકે હોય તો ઉત્તર શર જાણવો.

ત્રીજી રીત સર સાધન.—શરનાં ખંડક ૭૦—૬૫ ૫૬—૪૩—૨૭—૯ એ ૭ ખંડક છે. હવે સપાત ચંદ્રના ભુજાંશાને (૧૫) પંદરે ભાગવા. લાધે તે ગત ખંડક તેની આગળનો ખંડક તે ભોગ્ય ખંડક; તેણે શેષ રહ્યા હોય તેને ગુણવા, તેને [૧૫] પંદરે ભાગવા, લાધે તેને ગત ખંડકના યોગમાં ભેળીએ તો કળાદી ચંદ્ર શર થાય પ્રથમ રીતે ઉત્તર દક્ષિણ જાણવા.

હવે કળાદી શરને ૩ એ ભાગવા લાધે તે અંગુલાદી શર થાય.

ચોથી રીતે શરની સમજ—સપાત ચંદ્રના ભુજાંશાની જ્યા સાધવી પછી તેને ૩ એ ગુણીને ચારે ભાગવા લાધે તે અંગુલાદીશ શર-સપાત ચંદ્ર મેષાદીકે દક્ષીણ અને તુલાદીકે ઉત્તર શર જાણવો.

બીંબ સમજવાની રીત—ચંદ્રગતી કળાદી સ્પષ્ટને ૭૪ એ ભાગવા લાધે તે અંગુલાદી ચંદ્રબીંબ. પુનઃચંદ્રની સ્પષ્ટગતીને ત્રણ ગુણીને ૬૭ ભાગવા લાધે તે અંગુલાદી ભુભા. પૂનઃસૂર્ય સ્પષ્ટગતીને ૭ ભાગવા લાધે ને અંગુલાદી ભુભા ફળ તેને ભૂભામાંથી રૂણ કરવું શેષ રહે તે અંગુલાદી ભુભાબીંબ જાણવું. પછી ચદ્રબીંબને ભુભાંબીંબનો યોગ તે માન્યૈક્ય. તેનું અરધ તે માન્યૈક્ય ખડ. પુનઃભુભાબીંબમાંથી ચંદ્રબીંબ બાદ કરતું રહે તે માનાંતર. તેનું અરધ તે માનાંતરખંડ. પછી માન્યૈક્યખંડમાંથી શર બાદ કરવું રહે તે અંગુલાદી ખગ્રીન્ન **સ્થીતીની સમજ**—શરને બે ગુણા કરીને ગ્રાસ અંગુલા એગવા આવે નેતે ગ્રાસે ગુણવા ગ્રાસે ગુણતાં આવે તેનું વર્ગમૂળતે મૂળને ૧૮૦ એ ગુણવા તે ભાજ્યાંક પુનઃરવી ચંદ્રની ગતીનું અંતર તે વસીષ્ટ ગતી, તેનું નામ ભાજક. પછી ભાજ્યાંકને ભાજકે ભાગવા લાધે તે ઘટીકાદી મધ્યગ સ્થીતી, પુનઃશરને બે ગુણા કરીને ખગ્રીન્ન અંગુલા ભેળવા આવે તેને ખગ્રીન્ને ગુણવા ગુણતાં આવે તેનું વર્ગ મૂળ, તેને ૧૮૦ ગુણવા. આવે તેને વશીષ્ટ ગતીએ ભાગવા લાધે તે ઘટીકાદી. મર્દસ્થીતીમધ્ય–પુનઃવાર અંગુલાદીને ૪૮ એ ભાગવા લાધે તે ઘટીકાદી સ્થીતી ફળ માટે મધ્યમ સ્થીતીમાં સ્થીતી ફળ રૂણે, સ્પર્શ સ્થીતી અને ધને મોક્ષ સ્થીતી જાણવી. તેમ મધ્યમર્દ સ્થીતીમાં સ્થીતી ફળ રૂણે સ્પર્શ મર્દ અને ધને મોક્ષ મર્દ જાણવું.

કાળ સમજવાની રીત.

નત સ્પષ્ટ તીથીની ઘડી તે તીથ્યાંત જાણવું, અને તે ગ્રહનો મધ્યકાળ જાણવો. તેમાંથી સ્પર્શ તીથી રૂણે સ્પર્શ કાળ અને મધ્યકાળમાં મોક્ષ સ્થીતી. ધને મોક્ષ કાળ. તે મધ્ય કાળમાં સ્પર્શમર્દ. રૂણે સન્મીલ કાળ અને મધ્યકાળમાં મોક્ષ મર્દ ધને ઉન્મીલ કાળ, અને સ્પર્શ કા-

અને મોક્ષકાળનું અંતર તે પર્વકાળ. એ રીતે ખગ્રાસે પંચકાળ સાધવા અને ચંદ્રગ્રાસે ત્રણકાળ સાધવા; તેસ્પર્શ મધ્ય મોક્ષકાળ જાણવા.

વલન સમજવાની રીત.

સ્પર્શ મોક્ષ વેળાનો ચદ્રનો નત પૂર્વ પશ્ચિમ ઘટીકાદી સાધવા તેને ૯૦ વડે ગુણીને ૧૨૦ ભાગવા લાધે તે અંશાદી નત. તે નતાંગાની જ્યાને અક્ષાંસાએ ગુણવા, આવે તેને ૧૨૦ એ ભાગવા; લાધે તે અક્ષવળન. માટે પૂર્વનંત ઉત્તરવલન અને પશ્ચિમનતે દક્ષિણવળન. પુનઃસ્પર્શ મોક્ષવેળાનો સાયન સ્પષ્ટ ચંદ્ર કરવો. તેની કોટી, તેના અંશની જ્યા કરવી. તે કોટીજ્યા. તેને પાંચે ભાગવા; લાધે તે અંશાદી અયન વલન; માટે સાયન ચદ્ર કર્કાદીકે. દક્ષિણ વળન અને મકરાદીકે ઉત્તર વળન. પુનઃ અયન વલન; ને અક્ષ વળન એ બે એક દીવશે હોય તો યોગ અને ભાન્ન દીશે અંતર. એમ કરતાં અંશાદી આવે તેની જ્યાને માન્યૈકયખંડે ગુણવા આવે તેને ૧૨૦ એ ભાગવા લાધે તે વલન સ્પર્શ મોક્ષ થાય.

અથ સ્પર્શ મોક્ષ સમજવાની રીત.

મધ્ય કાળનો સપાત ચંદ્ર કરીને મધ્ય શર કરવો; તેમ મોક્ષ કાળનો સપાત ચંદ્ર કરીને મોક્ષ શર કરવો. તેમ સ્પર્શ કાળનો સપાત ચંદ્ર કરીને સ્પર્શ શર કરવો, એમ સ્પર્શ, શર, મોક્ષ સાધવા. ચદ્ર ગ્રહણ પુર્વ ગોળાર્ધથી સ્પર્શ. થાય માટે મધ્યથી સ્પર્શ વલન. પૂર્વે જે દીસે વલન હોય; તે દીશે દેવું તે મોક્ષ વલન પશ્ચિમેથી દેવું. જે દીસે વલન તેથી ભીન્ન (બીજી) દીશાએ દેવું અને બીજી દીશાએથી મધ્યના એમ વલન દેવા; તે વલનના અગ્ર ભાગ ઉપર કંપાસ મુકીને મચ્છ પાડવો; માટે મચ્છના મોઢામાં મધ્ય જાણવું, અને માન્યૈકય પડતાં વૃત ઉપર વલન દેવાં અને ચંદ્ર બીંબના કેંદ્ર એટલે મધ્યથી જેટલા અંગુલા શર

આવ્યો હોય તેટલાં અંગુલા ચંદ્ર બીંબના કેંદ્રથી કંપાસ ઉ ચો રાખીને માન્યૈક્ય ખંડનું વૃત દેવું; તે વૃત ચંદ્ર બીંબને જેટલા કાપે તેટલોજ અંગુલી ગ્રાસ જાણવો અને જે દીશાએ શર તે દીશાથી ગ્રહણ મધ્ય થાય તે ગોળે ગ્રહણ જાણવું એ પ્રમાણે ચંદ્ર ગ્રહણ વર્તવું.

સૂર્ય ગ્રહણ વર્તવાની સમજ.

અમાવાસ્યા ઉતરીને દીવશની પ્રતીપદા એટલે પડ-વો બેસે ત્યારે સૂર્ય ગ્રહણ થાય. તેને ચંદ્ર ગ્રહણની પેઠે નત સ્પષ્ટ તીથી લાવવી તે તીથ્યાંત થાય. તે વેળાના ગ્રહ સ-ગફળ કરવા, તેનો સપાત ચંદ્ર વર્તવો. પછી તેના ભુજાં-શા કરીને ચંદ્ર ગ્રહણની રીતે શર સાધવો તે સપાત ચંદ્ર મેષાદીક હોય તો ઉતર શર કહેવો. અને તુલાદીક હોય તો દ-ક્ષણ શર કહેવો. **બીંબની સમજ** ચંદ્ર સ્પષ્ટ ગતીને ૭૪ એ ભાગવા લાધે તે ચંદ્રબીંબ અંગુલાદી. અને સૂર્યગતીને બેએ ગુણીને અગીઆરે ભાગવા લાધે તે અંગુલાદી રવીબીંબ. પછી રવીબીંબને ચંદ્રબીંબનો ગોગ તે માન્યૈક્ય. તેનું અરધ તે માન્યૈક્ય ખંડ. પૂનઃ રવીબીંબ, ચંદ્રબીંબનું જે અંતર તે માનાતર તેનું અરધ તે માનાતરખંડ.

તીથીને લંબન દેવાની રીત.

નત સ્પષ્ટ તીથીની ઘટી વેળાનો સાયન સૂર્ય— તેનું સાયન લગ્ન તેમાંથી રાશી ત્રણ બાદ કરતાં રહે તે ત્રીભોન લગ્ન, તેની ક્રાંતી તેનો ઉતર ને દક્ષીણ નત અને ઉન્નત. પુનઃ સાયન રવી અને ત્રીભોન લગ્ન એ બેનું અંતર અંશાદી આવે તે ઉદયાન્તર. હવે ઉત્તર દક્ષીણ ઉન્નતાંશાની ભુજજ્યા ને ઉદયાન્તર. અંશાદી-ની ભુજજ્યા એ બેના યોગમાંથી અંશ ૯૦ ની ભુજજ્યા બાદ કરવી રહે તે ભુજજ્યા. તેનું અંશાદીફળ આવે તે સ્પ-ષ્ટ ઉદયાન્તર. તેની ભુજજ્યાને લંબનમાન અંશ ૩૦ નું તે-ની ભુજજ્યા એ બેના યોગમાંથી અંશ ૯૦ ની ભુજજ્યા

બાદ કરવી રહે તે ભુજજ્યા. તેનું અંશાદીફળ આવે તે લંબનાશ. તે લંબનાશને છએ ભાગવા લાધે તે ઘટીકાદી તીથી લંબન રૂણ અને ધન, માટે ત્રીભોન લગ્નમાંથી સૂર્ય જાય તો લંબન ભેળવું અને સર્યૂમાંથી ત્રીભોનલગ્ન જાય તો લંબન કાઢવું, તે લંબન નત સ્પષ્ટ તીથીને દેવું તે લંબન સ્પષ્ટ તીથી આવે.

બીજી રીતે—નત સ્પષ્ટ તીથીની ઘટીનો સાયન સૂર્ય તેનું સાયન લગ્ન તેમાંથી રાશી ત્રણ બાદ કરવી, રહે તે ત્રીભોન લગ્ન–તેની ક્રાન્તી તેનો ઉત્તર દક્ષિણ નત તેને બાવીશે ભાગવા. લાધે તે અંશાદી તેનો વર્ગ આવે તેને અંશ બારમાં ભેળવવા તે હર થાય. પુનઃ નત સ્પષ્ટ તીથીનો ઘડીનો પુર્વ પશ્ચિમ નત કરવો. તેને ૯૦ એ ગુણવા આવે તેને દીનાર્દ્ધે ભાગવા તે અંશાદી પૂર્વ પશ્ચિમ નત. તેને હરે ભાગવા. લાધે તે ઘટીયાદી તીથી લંબન ધન. અને રૂણ કરવું માટે પૂર્વનતે રૂણ અને પશ્ચિમનતે ધન. માટે નત સ્પષ્ટ તીથીમાંથી લંબન ભેળવવું નેકાઢવું તે લંબન સ્પષ્ટ તીથી થાય.

ત્રીજી રીત—નત સ્પષ્ટ તીથી અને ઘટી વેળાનો પૂર્વ પશ્ચિમ નત કરવો. તેને ૯૦ એ ગુણીને દીનાર્દ્ધે ભાગવા, લાધે તે નતાંશ. તેની ભુજજ્યાને લંબન માન અંશ ૩૦ નું તેની ભુજજ્યા તે લંબન માન અંશ ૩૦ નું તેની ભુજજ્યા એ બેના યોગમાંથી અંશ ૯૦ ની ભુજજ્યા બાદ કરવી રહે તે ભુજજ્યા. તેનું અંશાદી ફળ આવે તે લંબનાંશ તેને છએ ભાગવા લાધે તે ઘટીકાદી લંબન રૂણ અને ધન. માટે પૂર્વનતે કાઢવું ને પશ્ચિમનતે ભેળવવું તે નત સ્પષ્ટતીથીની ઘડીમાંથી લંબનધન કરીએ ત્યારે લંબન સ્પષ્ટ તીથી થાય.

ચોથી રીત—નત સ્પષ્ટ તીથી ઘટીનો સાયન રવી તેનું ત્રીભોન લગ્ન. તેની ક્રાંત. તેનો ઉત્તર દક્ષિણ નત. ભા-

જ્યા ૨૨ એ લાધ્યા અંશાદી તેનો વર્ગ તેને અશ ૧૨ માં મેળાએ આવે તે હર, પુનઃ સાયન રવીને ત્રીભોન લગ્નનું અંતર ભાગ્યા ૧૦ લાધા અંશાદી તે દશાંશ. તેને અંશ ૧૪ માંથી બાદ કરીએ બાકી રહે તેને દશાંશે ગુણવા આવે તેને હરે ભાગવા. લાધે તે ઘટીઆદી લંબનમાંથી રૂણ ધન કરવું. સાયન રવીમાંથી ત્રીભોન લગ્ન જાય તો લંબન રૂણ કરવું અને ત્રીભોન લગ્નમાંથી સાયન રવી જાય તો લંબન ધન કરવું, માટે નત સ્પષ્ટ તીથીમાંથી લંબન રૂણ ધન કરવું તે લંબન સ્પષ્ટ તીથી થાય.

પાંચમી રીત—નતસ્પષ્ટતીથી વેળાના સાયન સૂર્ય તેનું સાયન ત્રીભોન લગ્ન. તેની ક્રાંતી અને તેનો ઉત્તર દક્ષિણ નત. ને ઉન્નત. માટે ઉન્નતની જ્યાને સાયન રવીનો ત્રીભોન લગ્ન એ બેનું અંતર તેની જ્યા તેને ૩૦ એ ભાગવા લાધે તે ઘટીકાદી મધ્ય લંબન, તેને ઉન્નતની જ્યાએ ગુણવા આવે તેને ૧૨૦ એ ભાગવા લાધે તે ઘટી ઘટીકાદી તીથી; લંબન. રૂણ ધન કરવું. માટે ત્રીભોન લગ્નમાંથી સાયન રવી જાય તો લંબન ધન, અને રવીમાંથી ત્રીભોન લગ્ન જાય તો લંબન રૂણ માટે નત સ્પષ્ટ તિથીમાંથી લંબન ધન રૂણ કરવું, ત્યારે લંબન સ્પષ્ટતીથી થાય પુનઃ લંબન સ્પષ્ટતિથી વેળાનો સાયન રવી; તેનો ત્રીભોન લગ્ન કરીને ઉપરની રીતે તીથી લંબન કરવું આવે તેને સ્પષ્ટ તિથીમાંથી રૂણ ધન ઉપરની રીત પ્રમાણે કરવું. તે લંબન સ્પષ્ટતીથી થાય. એમ પુનઃ પુનઃ સંસ્કાર દઈએ. જ્યારે લંબનનો ફેર ન આવે ત્યારે લંબન સ્પષ્ટતીથી આણવી. એમ પાંચ પ્રકારે લંબન દેવાય છે. તે દેવાથી લંબન સ્પષ્ટ તીથી આવે તે ગ્રહણનો મધ્ય કાળ થાય.

નતિ સાધન કરવાની સમજ.

ગ્રહણનાં સ્પષ્ટ મધ્ય કાળનું સાયન ત્રીભોન લગ્ન; તેની ક્રાંતી, તેનો ઉતર દક્ષિણ નત કરવો. તે નતાંશાને ૨૨

ભાગવા લાધે તે અંશાદીનો વર્ગ તેને અંશ ૧૨ માં ભેળવા તે હર થાય-પછી ઉતર દક્ષિણ નતના અંશાદીને હરે ભાગવા લાધે તેને ૬ એ ભાગવા, લાધે તે અંશાદીનું નતિ તેનુ. રૂણ ધન કરવું. જો નત ઉતર હોય તો ફળ ધન કરવું. અને જો દક્ષિણ નત હોય તો ફળ રૂણ કલાદી શરમાંથી કરવું, અથવા અંશાદીનતની કળા કરીને ત્રણે ભાગવા લાધે તે અંગુલાદી નતિ તેને મધ્યમ શર અંગુલાદીમાંથી નતિ રૂણ ધન કરવી તે સ્પષ્ટશર થાય.

બીજી રીત—સ્પષ્ટ મધ્યકાળ સાયન રવીને ત્રીભોવન લગ્ન તેની ક્રાંતી; તેનો ઉતર દક્ષિણ નત તેની જ્યાને ૧૨ ભાગવા લાધે તે નત; ભાજ્યમાં ભેળવા, પછી ૮ ભાગવા લાધે તે અંગુલાદીનતિ, જે દીશાએ નત તે દીશાએ નતી.

ત્રીજી રીત—મધ્યકાળ સ્પષ્ટ વેળાનો ચંદ્રપાત સ્પષ્ટ કરીને સપાત ચંદ્ર કરવો. તેનાં ભુજાંશા કરીને શર સાધવો તે સ્પષ્ટ શર થાય. પછી માન્યૈક્ય ખંડમાંથી શર બાદ કરવો. રહે તે ગ્રાસ, તેમાંનાતર ખંડમાંથી શર બાદ કરવો રહે તે કંકણા સ્થીતી.

સ્થીતી સાધવાની સમજ.

શરને બેગણુ કરી તેમાં ગ્રહ ભેળવવો આવે તેને ગ્રાસે ગુણવા. પછી તેનું વર્ગ મૂળ, તે મૂળને ૧૮૦ એ ગુણવા તે ભાજ્યાંક—પુનઃરવી ગતી અને ચંદ્રગતીનું અંતર તે વસીષ્ટગતી, તે ભાજ્યક તેણે ભાજ્યાંકને ભાગવો લાધે તે ઘટીકાદી મધ્યસ્થીતી—હવે સ્પષ્ટસ્થીમાંથી મધ્યસ્થીતી રૂણધન કરવી માટે રૂણે સ્પર્શકાળ અને ધને મોક્ષકાળ એ બે કાળને નત સ્પષ્ટ તીથીને લંબન દઈને સ્પષ્ટ મધ્યકાળ કાઢવો. તેમ સ્પર્શકાળ મોક્ષ કાળ કાઢવો. જે આવે તે વેળાનો સપાત ચંદ્ર કરવો. તેના અંગુલાદીસ્પષ્ટ શર મોક્ષ થાય. પુનઃસ્પષ્ટ સ્પર્શ કાળને સ્પષ્ટ મધ્ય કાળ એ બેનું, અંતર તે સ્પર્શ સ્થીતી.

તેમ સ્પષ્ટ મધ્ય કાળ, ને સ્પષ્ટ મોક્ષ કાળ, એ બેનું અન્તર તે મોક્ષ સ્થીતી. પુનઃસ્પષ્ટ મધ્ય કાળની નતી સાધવી. સ્પષ્ટ મધ્ય કાળનો સપાત ચંદ્ર તેનાં ભુજાંશ કરીને શર સાધવો. તેમાંતી નતિ રૂણ અને ધન કરીએ તે સ્પષ્ટ શર થાય, તે માન્યૈક્ય ખંડમાંથી બાદ ગ્રાસ કરવો. તેની સ્થીતી તે મધ્ય સ્થીતી અને આગળ, સ્પર્શ મોક્ષ સ્થીતી આવી છે તે પછી સ્પષ્ટ મધ્યકાળમાંથી સ્પર્શ સ્થીતીનું રૂણ કરવું રહે તે સ્પષ્ટ સ્પર્શકાળ અથવા ઉપર આવ્યો છે તે મધ્ય સ્પષ્ટ કાળ. અને મધ્યકાળમાં મોક્ષ સ્થીતી ધન આવે તે સ્પષ્ટ મોક્ષકાળ અથવા ઉપર આવ્યો છે તે મોક્ષકાળ જાણવો.

વળન સાધવાની સમજ.

ચંદ્રગ્રહણની રીતે વળન સાધવા, સ્પર્શ, મોક્ષ, મધ્ય સૂર્ય ગ્રહણે પશ્ચિમ ગોળાર્ધે વલન દેવાં માન્યૈક્ય ખંડને પરીલેખ ચંદ્રગ્રહની પેઠે મચ્છને દેવું. આ પ્રમાણે સૂર્યગ્રહણ વર્તવું

અથ ગ્રહનાં ઉદય અસ્ત વક્રમાર્ગની સમજ.

ગ્રહના સીઘ્રકેંદ્રના અંશાદી કરીએ પછી વક્રમાર્ગના અંશ કોઠામાં છે તે બેનું અંતર કરતાં જે અંશાદી આવે તેની વીકળા કરીને ૬૦ એ ગુણવા તે ભાજ્યાંક. પુનઃરવીની ગતી સ્પષ્ટમાંથી ગ્રહની સ્પષ્ટ ગતી બાદ કરવી તેની વીકળા કરીએ તે ભાજ્યક, પુનઃભાજ્યાંકને ભાજકે ભાગના લાધે તે ઘટીકાદી ગ્રહ. વક્રમાર્ગ થશે. હવે **ઉદયાસ્ત.**-ગ્રહનો સીઘ્રકેંદ્ર તેના અંશાદી કરવા તે અંશ કોઠાના અંશ પ્રમાણે આવે ત્યારે ગ્રહ ઉદયાસ્ત કોઠાની દીસી પ્રમાણે આવે. પુનઃ ગ્રહના સિઘ્રકેંદ્રના અંશાદી કરવા તે સિઘ્રાંકાને કોઠાના ઉદયાસ્તના અંશ એ બેનું અંતર કરવું તે અંશાદી આવે તેની વીકળા કરીને ૬૦ ગુણવા તે ભાજ્યાંક.

ભો. કે.	બુ. કે.	ગુ. કે.	શુ. કે.	શ.	ગ્રહશીઘ્રકેંદ્ર.
૧૯૭	૨૧૫	૨૩૫	૧૮૩	૨૪૭	માર્ગીશાશીઘ્રકેંદ્ર.
૧૬૩	૧૪૫	૧૨૫	૧૭૭	૧૧૩	વક્રાંશાશીઘ્રકેંદ્ર.

બુ. કે.	શુ. કે.	ભો. કે.	ગુ. કે.	શ. કે.	ગ્રહશીઘ્રકેંદ્ર.
૨૦૫	૧૮૩	૨૮	૧૪	૧૭	પુર્વોદય.
૩૧૦	૩૩૬	૩૩૨	૩૪૬	૩૪૩	પુર્વાસ્ત.
૫૦	૨૪	૦	૦	૦	પશ્ચિમે ઉદય.
૧૧૫	૧૧૭	૦	૦	૦	પશ્ચિમે અસ્ત.

પૂનઃરવીની ગતીમાંથી ગ્રહની ગતી બાદ કરવી રહે તેની વીકળા કરીએ તે ભાજક થાય. તે ભાજ્યાંકને ભાજકે ભાગતા લાધે તે ઘટીકાદી ઉદય, અસ્ત, ગ્રહના થાય. એ-મ વક્રમાર્ગ, ઉદયાસ્ત, કરવા. પુનઃકોઠાના અંશ તે પ્રોકતાંશા ને સિદ્ધાંશાં, તે ઇષ્ટાંસા માટે પ્રોકતાંશાથી ઇષ્ટાંશા અધીક હો ય તો ગત્યોદય ને ઓછા હોય તો ગમ્યોદય. એમ ગત, ગ મ્ય, ઉદયાસ્ત, વક્ર માર્ગ, જાણવા. માટે ગત્યોદય હોય તો ઉપર ઘડી આવી છે તેટલી ઘડીએ ઉદયાસ્ત, વક્ર, માર્ગ, થઈ ગયા હોય. અને ગમ્યોદય હોય તો ઉપર ઘડી આવી છે તેટલી ઘડી પછી ઉદયાસ્ત, વક્ર, માર્ગ થશે એમ સર્વ ગ્ર હ વક્ર, માર્ગ ઉદય અસ્ત કરવા.

અથ કાલાંશે ગ્રહ ઉદય અસ્ત સાધન કરવાની રીત.

અથ શર ગ્રહનું શીઘ્રફળ—ગ્રહના પાતમાંથી રૂણ ધ ન કરવું તે સ્પષ્ટ પાત થાય. માટે ગ્રહનું સિઘ્રફળ રૂણ હો ય તો ધન કરવું અને ધન હોય તો રૂણ કરવું. તે સ્પષ્ટ પા તમાં ગ્રહ ભેળીએ તે સપાત ગ્રહ થાય. તેના ભુજાંશાની

જ્યાને કોઠામાં કલાદી શર છે તેણે ગુણવા. આવે તેને મ ધ્યકર્ણે ભાગવા લાધે તે કળાદી શર, માટે સપાત ગ્રહ મે ષાદીક હોય તો ઉતર શર જાણવો, અને તુલાદીકે દક્ષિણ શર તો કળાદી શરને ૩ એ ભાગવા લાધે તે અંગુલાદી શર. તે મ સપાત ચંદ્રના ભુજાંશાની જ્યાને ૩ ગુણીને ૪ ભાગવા લાધે તે અંગુલાદી સર ચંદ્રનો સપાત ચંદ્ર મેષાદિકે ઉતર સ ર અને તુલાદીકે દક્ષિણ સર.

અથ દ્રગ કર્મ દતની સમજ.

સ્પષ્ટ ગ્રહમાંથી રાશી ૩ બાદ કરીએ બાકી રહે તે ત્રીભોન ગ્રહ સાયન થાય, તેની ક્રાંતી, તેનો ઉતર દક્ષિણ નતને ઉન્નત કરવો. પુનઃ નતના અંશની છેદન લીટી; ને ગ્રહ નાં શરનાં અંશની ભુજજ્યા એ બેના યોગમાંથી ઉન્નતના અંશની છેદન લીટી બાદ કરવી; રહે તે ભુજજ્યા તેનું અં- શાદી ફળ આવે તે દ્રગકર્મ દતને ગ્રહમાંથી રૂણ ધન કર વું, ત્યારે તે દ્રગકર્મ ગ્રહ થાય. માટે સર; ને નત એ બે એ- ક દિશાએ હોય તો ધન અને બીજી દીશાએ હોય તો રૂણ; જો પુર્વે ઉદય હોય તો ધન કરવું. અને પશ્ચિમે ઉદય હો ય તો રૂણ કરવું ને નત એ બે એક દિશાએ હોય તો રૂણ અને બીજી દિશાએ ધન, તે દ્રગકર્મ ગ્રહ થાય.

બીજી રીત—ઉપરની રીતે ઉત્તર દક્ષિણનત ઉન્નત કરવો. પછી નતથી જ્યા ને ગ્રહની કળાદિ સર છે તેણે ગુણવા, આવે તેને ઉન્નતની જ્યાએ ભાગવા લાધે તે કળાદી દ્રગકર્મ ફળ, રૂણ અને ધન પ્રથમ રીતે કરવું, ત્યારે દ્રગકર્મ ગ્રહ થાય. પુનઃ દ્રગકર્મ ગ્રહ, ને વેળાનો સ્પષ્ટ રવી—એ બેનું અંતર કરીએ તે અંશાદી આ- વે તેને રવીની જે રાશી હોય તેના ઉદયના પળે અંતર ગુણ- વું આવે તેને ૩૦ ભાગવા. લાધે તે પળ તેને ૧૦ ભા- ગીએ લાધે તે અંશાદી તે ઈષ્ટ કળાંશા જાણવા. અથવા સાયન સ્પષ્ટ ગ્રહ કરવો. તેની રાશી ઉપર અંશાદી હોય

તેને અંશ ૩૦ માંથી બાદ કરીએ બાકી રહે તે અંશાદી, ભોગ્યાંસા. તેને સાયન રવીના ઉદયની પળે ગુણવા આવે તેને ૩૦ ભાગવા લાધે તે પળાદી ભોગ્યકાળ; થાય તેમ જે વેળાનો સાયન સ્પષ્ટ ગ્રહ સૂર્ય કર્યો તે વેળાનું સાયન લગ્ન કરવું પછી લગ્નની રાશી ઉપર જે અંશ તે ભુક્તાંશા તેને લગ્નની રાશીના ઉદયાના પળે ગુણવા આવે તેને ૩૦ ભાગવા લાધે તે પળાદી ભુક્ત કાલાંશા. એમ ભુક્ત ભોગ્ય પળાદી સાધવા. પછી ભુક્ત ભોગ્યના પળનો યોગ, આવે તેને ૧૦ એ ભાગવા લાધે તે અંશાદીક કાલાશાં જાણવા. હવે કોઠામાં ઉદયના અંશ છે તે પ્રોક્ત કાલાંશા, ને ઈષ્ટ કાલાંશા એ બે-નું અંતર કરીએ ને અંશાદી આવે, તેની કળા કરીને ૩૦૦ એ ગુણીએ આવે તેને રવીની રાશીના ઉદયાના પળે ભાગવા લાધે તે ભાજ્યાંક. પુનઃ રવીની ગતી, ને ગ્રહની ગતી-નો અંતર, તે ભાજક. પછી ભાજ્યાંકને ભાજકે ભાગવા લાધે તે દીનાદીએ ગ્રહ ઉદય થાય. માટે ઈષ્ટ કાળાંશાથી પ્રોક્ત કાળાંશા અધીક હોય તો ગમ્યોદય અને ન્યુન હોય તો ગતોદય એ રીતે કાલાંશે ગ્રહ ઉદય કરવો.

અથ ચંદ્ર દર્શનના ગણીતની સમજ.

શૃંગોન્નતી સાધન—તાત્કાલીક સાયન સ્પષ્ટ ચંદ્ર કરવો. તેના ભુજાંશા કરવા તેની ક્રાંતી સરદઈને સ્પષ્ટ કરવી. પુનઃ સાયન તાત્કાલીક સૂર્ય કરવો. તેમાં રાશી ૬ મેળીએ તે ષડભ સૂર્ય થાય, તેની સ્પષ્ટ ક્રાંતી. પછી ચંદ્ર-ની સ્પષ્ટ ક્રાંતી અને સૂર્ય સ્પષ્ટ ક્રાંતી એ બે ક્રાંતી એક દીશાએ હોય તો યોગ અને બીજી દીશાએ હોય તો અં-તર, એમ કરતાં જે અંશાદી આવે તે મધ્ય ક્રાન્ત. પુનઃ ચંદ્રમાંથી રવી બાદ કરવો રહે તે વ્યેકેન્દુ. તેની ભુજાંશા-ની જ્યા, તેને અક્ષાંસાએ ગુણવા. આવે તેને ૧૨૦ એ ભા-ગવા લાધે તે અક્ષવલન. પુનઃ વ્યેકેન્દુના ભુજાંશાની ભુજ-જ્યા, ને અક્ષાંસાની ભુજજ્યા. એ બેના યોગમાંથી અંશ ૯૦

ની ભુજજ્યા બાદ કરવી રહે તે ભુજજ્યા; તેનું અંશાદી ફળ આવે તે અક્ષવલન. જે દીશાએ અક્ષાંશ તે દીશાએ અક્ષવલન. માટે મધ્ય ક્રાન્ત ને અક્ષાંસા એ બે એક દીશાએ હોય તો યોગ, અને બીજી દીશાએ અંતર, એમ જે આવે તે સંસ્કૃત ક્રાંત, માટે જે દીશાનું અંતર વધ્યું હોય તે દીશાએ અથવા જે દીશાએ યોગ હોય તે દીશાએ તે સંસ્કૃત ક્રાંત જાણવી. તેની વીકળા કરીએ તે ભાજ્યાંક, પુનઃ વ્યેંકેન્દુના ભુજાંશાને ૩૦ ભાગવા, શેષ અંશાદી રહે તે તે ૫ એ ગુણવા. આવે તેના અંશને ૩૦ ભાગવા, લાધે તે અંશ. શેષ રહે તે કળાદી, લાધે તે અંશમાં ભેળવા. તે અંશાદી. તેની વીકળા કરીએ, તે ભાજક પુનઃ ભાજ્યાંકને ભાજકે ભાગવા લાધે તે અંગુલાદી વલણ જે દીશાએ સંસ્કૃત ક્રાંત તે દીશાએ વલન જાણવું.

અથ વીભા સ્વભા સાધન.

વ્યેંકેન્દુની કોટી, તેના અંશાદીને ૫ ભાગવા લાધે તે હર પુનઃ ૩૬ ને હરે ભાગવા લાધે તે મધ્ય સ્થીતી. પુનઃ મધ્ય સ્થીતીમાં હર ભેળીએ પછી તેનું અર્ધ, તે સ્વભા અને સ્થીતીમાંથી હર બાદ કરવું રહે તેનું અર્ધ તે વીભા. એમ વીભા સ્વભા સાધવી.

અથ નળીકા બંધનની સમજ.

યુતીનો **સમજ**—જે બે ગ્રહની યુતી કરવી હોય તે બે ગ્રહ સ્પષ્ટ કરવા; અને સૂર્ય સ્પષ્ટ કરવો. પછી બે ગ્રહનું અંતર કરીએ, આવે તેની વીકળા કરવી. તે ભાજ્યાંક થયો. પુનઃ તે બે ગ્રહની ગતી સ્પષ્ટનું અંતર કરીએ આવે તેની વીકળા કરીએ; તે ભાજક. તેણે ભાજ્યાંકને ભાગવો લાધે તે દીનાદીન યુતીદીન. તે દીન. અને તેની ઘટી વેળાના તે બે ગ્રહ સ્પષ્ટ કરવા તે સમકળ ગ્રહ થાય. તે ગ્રહ સમકળ વેળાની ઘટી સમયેજોગા. તેને યોગ જાણવું.

અથ કળાદી બીંબ સાધનની સમજ.

ગ્રહના શીઘ્ર કર્ણ; ને ૧૨ ની ત્રીજ્ય, એ બેનું અંતર કરીએ. આવે તેને કોઠામાં કળાદી બીંબ છે; તેણે ગુણવા આવે તેને ૫૨ ગ્રહની અંશાદીએ ત્રણ (૩) ગણા કરી તેણે ભાગવા. લાધે તેને કોઠામાં કળાદી બીંબ છે તેમાં રૂણધન કરવા. માટે ત્રીજ્યામાંથી સિઘ્ર કર્ણ જાય, તો ધન અને સિઘ્ર કર્ણમાંથી ત્રીજ્યા જાય તો રૂણ કરવું. તે કળાદી ગ્રહના બીંબ જાણવા, તેને ૩ એ ભાગવા લાધે તે અંગુલાદી બીંબ. હવે સર આગળની રીતે સાધી તે પછી સમકળ બે બાની ઘડીને, તીથ્યાંતની ઘડી સમજી,પછી સૂર્ય ગ્રહણ રીતે તીથી લંબન દઈને સ્પર્શ, મધ્ય, મોક્ષ, કાળ સાધવા. નતી સંસ્કાર દઈને ગ્રાસ સ્થીતી વળન સર્વેસૂર્ય ગ્રહણ રીતે પુનઃસૂર્ય ગ્રહણમાં જેમ ચંદ્રને સંસ્કાર તેમ યુતીમાં બે ગ્રહને.સંસ્કાર દઈને સૂર્ય ગ્રહણ રીતે યુતી સાધવી.

મં.	બુ.	ગુ.	શુ.	શ.	ગ્રહ.
૫	૬	૭	૯	૫	કળાદી બીંબછે.

અથ નળીકા બાંધવાની સમજ.

જેટલા ગ્રહ નળીમાં લેવાના છે, તે ઈષ્ટ ઘડી ને વેળાના ગ્રહ સ્પષ્ટ સાયન કરવા તેની સ્પષ્ટ ક્રાંતી કરવી. તે જો ઉત્તરે હોય તો અંશ ૯૦ માંથી બાદ કરીએ ને ક્રાંતી દક્ષિણે હોય તો ૯૦ માં ભેળીએ તે ગ્રહ અને ઉતરાર્ધનો અંતર થાય. તેમાં અક્ષાંસા ભેળીએ આવે તે ગ્રહ અને ધરતીનું અંતર થયું. તેને અંશ ૯૦ નું અંતર કરવું તે નત થાય. માટે ધરતીના ધ્રૂને ગ્રહના અંતરમાંથી ૯૦ જાય તો નત દક્ષિણ અને ૯૦ માંથી અંતર ન જાય તો નત ઉત્તર એમ નત ઉન્નત કરવા. હવે ઈષ્ટ ઘડીના સાયન ગ્રહને તે

વેળાના સાયન રવીમાંથી બાદ કરીએ બાકી રહે તે રાશ્યાદી, તેના અંશાદી કરીને ૬ એ ભાગવા લાધે તે ઘટીકાદી, સૂર્યથી છેટે ગ્રહ તે મધ્યમ ઘટી. તેને લંબન દેવું ને સ્પષ્ટ ઘટી આવે તે સાયન વીષુ વૃતની ઘડી થાય.

લંબન વીગ્રીની સમજ.

મધ્યમ ઘટીનો સાયન સૂર્ય તેનું સાયન લગ્ન તેમાંથી રાશી ૩ બાદ કરવી તે ત્રીભોન લગ્ન. તેની ક્રાંત. તેનો ઉત્તર દક્ષિણ નતને ઉન્નત. પછી સાયન રવીને, ત્રીભોન લગ્ન એ બેનું અંતર તેની જ્યા, તેને ૬૦ એ ભાગવા. લાધે તે મધ્ય લંબન, તેને ઉન્નતની જ્યાએ ગુણવા. આવે તેને ૧૨૦ ભાગવા. લાધે તે ઘટીકાદી લંબન, રૂણ, ધન કરવુ માટે ત્રીભોન લગ્નમાંથી સાયન રવી જાય તો લંબન ધન. અને સાયન રવીમાંથી ત્રીભોન લગ્ન જાય તો લબન રૂણ કરવુ. એમ ધન અને રણુ મધ્યમ ઘટીમાંથી કરીએ તે સ્પષ્ટ ઘટી થાય, નક્ષત્રની ઘટી સૂર્યથી અંતર તેમ ગ્રહને બીજે મધ્યમ ઘટીને લબન દેવું; ત્યારે સાયન રવીને ત્રીભોન લગ્નના અંતરની જ્યાને ૩૦ એ ભાગવા, બાકી રીત ઉપર પ્રમાણે, ઘટીકાદી, લબન, મધ્ય ઘટીમાંથી ઉપરની રીતે રૂણ ધન કરવુ, તે સ્પષ્ટ ઘટી ગ્રહની થાય, તે સૂર્યથી છેટે પુનઃ ઈષ્ટ ઘટીનો સાયન રવી તથા ગ્રહ કરીએ. પછી ગ્રહમાંથી રવી બાદ કરીએ બાકી રહે તે અંશાદી તેને ૬ એ ભાગવા લાધે તે ઘટીકાદી તે, મધ્યમ ઘટી પૂર્વાર્દ્ધ. તેમ રવીમાંથી ગ્રહ બાદ કરી એ બાકી રહે તે અંશાદી ને ૬ એ ભાગવા લાધે તે ઘટીકાદી ને મધ્યમ ઘટી પશ્ચિમાર્દ્ધ. તેને લબન દેતાં સ્પષ્ટઘટી થાય. માટે પૂર્વાર્દ્ધ મધ્યમઘટીને લબન દઈને સ્પષ્ટ કરીએ તેટલી ઘટી સૂર્યોદયાત થાય. ગ્રહ તથા નક્ષત્રનો ઉદય થશે. તેમ પશ્ચિમાર્ધ મધ્યમ ઘટીને લંબન દઈને સ્પષ્ટ કરીએ તેટલી ઘટી ગ્રહ તથા નક્ષત્ર ચઢયા પછી સૂર્ય ઉગશે. તે વિશુવતની ઘડી તેને ૬એ ગુણીએ તે અંશા-

દી વીશુવૃત થાય. માટે સૂર્યોદયાત ઈષ્ટ ઘટીએ ગ્રહ ઉદય થશે. ગ્રહનો પૂર્વ પશ્ચિમ નત ઉન્નત કરીએ. પછી નતને ૯૦ એ ગુણીને દયુદલે રાત્રી હોય તો રાત્રીને ભાગવા, લાધે તે અંશાદી નત. પુનઃ પૂર્વ પશ્ચિમ નતાંશા ને ઉત્તર દક્ષિણ નતાંશા એ બે જ્યાં ભેગા થાય, ત્યાં ગ્રહ તથા નક્ષત્ર જાણવા.

બીજી રીતે—ગ્રહ તથા નક્ષત્રની ક્રાંતી સ્પષ્ટ કરવી. મધ્ય રેખાનું, આકાશના ધ્રુનું, ધરતીના ધ્રુનું, અને મધ્ય રેખાના અંશનું, ધરતીના ધ્રુવે તથા મધ્ય રેખામાં રહેલા તારાના જેટલા અંશ હોય તે માંહેથી એ સર્વે વ્રત દેવા. આકાશનું વ્રત કરીને તે માંહે ભેળીએ, અને ઉપર લખ્યા પ્રમાણે સર્વે વૃત દેવાં, ને જ્યાં ક્રાંતીનું વ્રત ને મધ્ય રેખાનું વ્રત, એક બીજાને કાપે ત્યાં તારો જાણવો, અને તારા અને આકાશના ધ્રુનું છેટું અંશાદી આવે તેને અંશ ૯૦ માંથી બાદ કરીએ બાકી રહે તે શર જાણવું. ઉત્તર અથવા દક્ષિણ માટે તારો રાશ વૃતથી ઉતરાદો હોય તો ઉત્તર શર અને દક્ષિણાદો હોય તો દક્ષિણ શર એમ જાણવુ.

અથ નક્ષત્રના સરની મધ્ય રેખાની સમજ.

આ ગ્રંથ મતે સ્વાતી નક્ષત્રનો તારો લીધો છે તે ઉપરથી સર્વે સમજવું. હવે શાકે ૧૭૮૪ માં આ ગ્રંથ નવો કર્યો તે દીવસે સ્વાતીની મધ્ય રેખામાં અંશ ૨૦૨–૩૦ છે તેની ક્રાંતી અંશ ૨૦–૧ ઉત્તર. એ રીતે હતી તે દીવશે મઘા નક્ષત્ર મધ્યે આવ્યુ હતું ત્યારે અંતરે વીંધાને અંશ ૮૦–૯. આવી રિતે તારાનાં ઉન્નત થયા. તેને ૯૦ માંથી બાદ કરવા બાકી રહ્યા અંશ ૯–૫૧તે નત થયો. ને અક્ષાંસા ૨૨–૩૬ છે તેથી નત ઓછો છે માટે અક્ષાંસામાંથી નત બાદ કર્યો તો અંશ ૧૨–૪૫ તે ક્રાંત. મઘાની ઉત્તર થઈ. તેમ અક્ષાંસાથી નત વધારે હોય તો નતમાંથી અક્ષાંસા બાદ કરીએ બાકી રહે તે ક્રાંત દક્ષિણ થાય; એમ નની

ક્રાંતી કરવી. અથવા પેહેલી રીત પ્રમાણે કોઠેથી સ્પષ્ટ નક્ષત્ર કરીને ક્રાંતી સ્પષ્ટ કરવી, તે ક્રાંત ઉત્તર હોય તો ૯૦ માં રૂણ કરવુ. અને દક્ષિણ હોય તો ૯૦ માં ધન કરવું; તે ધ્રુ અને તારાનું અંતર થાય. માટે સ્વાતી ને ધ્રુ નો અંતર અંશ ૬૯-૫૯ નુ. ને મધાને ધ્રુને અતર અંશ ૭૭-૧૫ નું ને યંત્રે વ..ને મધાને સ્વાતીનું અંતર અંશ ૫૯-૪૭ નું એ ત્રણે અંતરનો ત્રીક-ણ કરવો પછી તેનો માંહેલી ખુણુ આણવાની રીત—મધાની ક્રાંત ૧૨-૪૫ તેને ૯૦ માંથી બાદ કરવા બાકી ૭૭-૧૫ તે કાલ્પમેંટ. મધ્યાનને .. તીની ક્રાંતનુ કાલ્પમેન્ટ ૬૯-૫૯ નું ને બે તારાનું અંતર ૫૯-૪૭ એ ત્રણનો યોગ અંશ ૨૦૭ તેનું અર્ધ અંશાદી ૧૦૩-૩૦ તે અર્ધ અંશ ૯૦ માંહે હોય તો તેજ અંશ ને; જો ૯૦ ઉપર હોય તો તેને અંશ ૧૮૦ માથી બાદ કરીએ, બાકી રહે તે અશ; તે વ્યાસાર્દ્ધ, ને જે ખુણુ આણવી હોય તેની સામેની બાજુ તે ઉપર અર્ધ કરયું છે ૧૦૩-૩૦ તેમાંથી બાદ કરીએ બાકી રહે તે ભુજ. માટે ધ્રુની ખુણુ આણવી છે તો તેના સામેની બાજુ અશ ૫૯-૪૭ ની તેને અધમાંથી બાદ કરવી તે અંશ ૪૩-૪૩ તે ભુજ. હવે મધાની ક્રાંતનું કાલ્પમેન્ટ ૭૭-૧૫ તેની ભુજજ્યા ૯૦૯૮૯૧૫૭ તેને અશ ૯૦ ની ભુજજ્યા ૧૦૦૦૦૦૦૦૦ માંથી બાદ કરવા રહે તે ૦૦૦૧૦૮૪૩ તે કાલ્પમેન્ટ; ભુજજ્યા.તેમ સ્વાતીની ક્રાંતનું કાલ્પમેન્ટ ૬૯-૫૯-તેની કાલ્પમેંટ ભુજજ્યા ૦૦૨૭૦૬૦ તે અર્ધ અંશ ૧૦૩-૩૦-તેને ૧૮૦ માંથી બાદ કરવી બાકી ૭૬-૩૦ તે વ્યાસાર્ધ તેની ભુજજ્યા ૯૦૯૮૭૮૩૨ તેમ ઉપર ભુજ આવી છે. અંશ ૪૩-૪૩ ની તેની ભુજજ્યા ૯૦૮૩૯૫૩૬ એ ચારે ભુજજ્યાનો યોગ ૧૯૦૮૬૫૨૭૧ તેનું અર્ધ ૯૦૯૩૨૬૩૫૫ તેનું અંશાદીફળ ભુજજ્યાના કોઠામાંથી અંશ ૫૮—૫૪ તેને બેએ ગુ-

એવા અંશ ૧૧૭–૪૮ તેને અંશ ૧૮૦ માંથી બાદ કરવા બાકી અંશ ૬૨–૧૨ તે આકાશના ઉત્તર ધ્રુએ ખુણ પડી. હવે સ્વાતીની મધ્ય રેખાના અંશ ૨૦૨–૨૪ છે તેમાંથી ધ્રુની ખુણ રણુધન; માટે સ્વાતીથી કલ્પેલો તારો. રાશીએ પાછળ હોય તો રણ અને આગળ હોય તો ધન; તો મઘા પાછળ છે માટે રણ. બાકી અંશ ૧૪૦–૧૨ ને મઘાની મધ્ય રેખાના અંશ થયા. આ ઉદાહરણમાં સ્વાતીને મઘાનું અંતર અંશ ૫૯–૪૭ નું લીધું છે તેથી ફરક પાડ્યો છે માટે એ બે તારાને અંતર અંશ ૫૪–૨૪ છે તે લેવાથી મઘાની મધ્ય રેખાના અંશ ૧૪૭–૪૫ નું આવશે તે–સીધ જાણવા; માટે મધ્ય રેખાના અંશ જેટલા આવે, તેટલા અંશ મેષથી પૂર્વે ગ્રહ તથા નક્ષત્રનો તારો જાણવો; અને ખગોળવેત્તાઓ તેને સાયન ભોગ પણ કહે છે.

નક્ષત્રને સ્થાનકમાં લાવવાની સમજ.

સાયન ભોગના અંશ ૧૪૭–૪૫ મઘાના, તેનો વર્ગ ૨૧૮૩૦।૩૪૫ અને ક્રાન્તીનો વર્ગ કરવો. જેથી મઘાની ક્રાંન્ત ૧૨।૪૫ નો વર્ગ ૧૬૨।૩૩૪૫૭ સાયન ભોગના વર્ગમાંથી ક્રાંતનો વર્ગ રણ ને ધન કરવો, તેની સમજ, સાયન ભોગના અંશની રાશી, મેષ, વૃખ, મિથુન, તુલ, વૃશ્ચિક, ધન, એ રાશી હોય તો રણ કરવો; અને સાયન ભોગની રાશી કર્ક, સિંહ, કન્યા, મકર, કુંભ મીન, એ રાશીનો હોય તો, ધન કરવો. આવે તેનું વર્ગમૂળ અંશાદી તે સાયન સુવૃતાંસ થાય. પુનઃ સાયન સ્પષ્ટ ગ્રહમાંથી સાયન સૂર્ય બાદ કરવો. રહે તે રાસ્યાંક, તેના અંશાદીક કરવા. તે સાયન ભોગ, તે ખગોળમાં મેષ રાશીથી પુર્વે ગ્રહ જાણવો. તેનો જે વર્ગ તે ભોગ્ય વર્ગ જાણવો. પુનઃ ગ્રહની ક્રાંત અને સૂર્યની ક્રાંત, એ બે એક દીશામાં હોય તો, અંતર, અને બીજી દીશાએ હોય તો યોગ. આવે તે અંશાદીક,

તેનો વર્ગ કરવો, તેને ક્રાંત વર્ગ કહે છે. પુનઃ ભોગ્ય વર્ગમાંથી ક્રાંત વર્ગ લઇને ધન કરવો. ઉપર કહેલી રીતે જે આવે તેનું મૂળ, તેને ભૂગોળમાંથી મેષથી પૂર્વ દિશાએ ગ્રહ જાણવો. તે સાયન વિસુવ્રતાંશ. તેને (૬) છનો ભાગ લેવો, લાધે તે ઘટીકાદી સૂર્યોદયાત્ ઈષ્ટઘટી થાય, માટે ભોગ્ય વર્ગમાંથી ક્રાંત વર્ગ ધન કરવું, કારણ કે મઘા સિંહમાં છે. જેથી થયા ૨૧૯૯૨।૩૭।૩૦ તેનું વર્ગમૂળ. ૧૪૮।૧૭।૫૮ તે સાયન વિસુવ્રતાંશ થાય. તે ભૂગોળમાં મેષથી પૂર્વ દીશાએ મઘા થયું. તેના અંશાદીકને (૬) છનો ભાગ લેવો. તે લીધો ત્યારે લાધી ઘટી ૧૪।૪૩ તે સૂર્યોદયાત્ ઈષ્ટ ઘટી થઈ. માટે ઘટી ૨૪–૪૩ દીવસ ચડતાં મઘાનો ઉદય થયો. એ પ્રમાણે સર્વ નક્ષત્ર તથા ગ્રહનો ઉદય કરવો. હવે રાત્રીની ઘડી ૧।૧૭ જતાં ગ્રહને નળીમાં લેવો છે તો તે દીનમાન ઘડી ૩૦–૦ નું છે. તેમાં રાત્રી ઘડી ૧–૧૭ ભેળી ત્યારે થયા ૩૧।૧૭ તેને મઘાના ઉદયની ઘડી ૨૪–૪૩ એ બેનું અંતર ઘડી ૬।૩૪; તેનો નત કરવો. માટે અંતર ઘડી ૬।૩૪ અને દીનાર્ધ ઘડી ૧૫–૦ એ બેનું અંતર ઘડી ૮।૨૬ તે નત પૂર્વ મઘાનો થયો. તેને (૬) છએ ગુણવા. આવ્યા અંશાદી ૫૦।૩૬।૦ તે નતાંશા પૂર્વે થયા. મઘાની ક્રાંતી ૧૨।૪૫–૦ ઉત્તર અને અક્ષાંશા ૨૨।૩૫।૩૯ દક્ષિણે એ બે જુદી દીશાએ છે, માટે અંતર અંશ ૯।૫૦।૩૯ તે નતાંશા દક્ષિણ, માટે દક્ષિણ નતાંશા, ને પુર્વ નતાંશા જે જગાએ ભેગા થશે ત્યાં મઘાનો તારો જાણવો. અથવા ક્રાંતીનું વ્રત અને મધ્યરેખા એટલે સાયન ભોગ્યના અંશનું વ્રત એ બંને જે જગ્યાએ ભેગા થાય ત્યાં મઘાનો તારો જાણવો. એમ સર્વે તારા તથા ગ્રહ લેવા. નળીમાં લેવાનું વ્રત જે દીશામાં હોય તે દીશાએ ગ્રહ તથા તારો જાણવો.

અથ રાશ વ્રતના અંગુલા તથા અંશ લાવવાની સમજ.

ખુણા ચાર તેમાં દરએક ખુણામાં અંશ ૯૦ છે તેના અંગુલાદી નત લાવવાની સમજ; તથા અંતરથી થોડો વ્યાસ અને વ્યાસનો અંતર લાવવાની સમજ; તથા તેના ઉદાહરણ નીચે પ્રમાણે જાણવા. અક્ષ, બાજુ, મકરાર્ધ, ન. ૧૨-૨૦૫ અને લાગ્રત. ૧૦-૮૬૩૬૦ મૂળકંદ્ર. ક્ષની ખુણ અંશ ૯૦ ની ભુજજ્યા ૧૦૦૦૦૦૦૦૦ ક્ષબ, ક્ષસ, બીજુ મેષાર્ધના ૮૦૦૦ લાગ્ર૦૦૯૦૩૦૮૦ નીચેની ઓળ બેના યોગમાંથી ઉપરની પંક્તી ૯૦૮૧૬૭૩૦ ની પંક્તી બાદ કરવી. તે સ્પર્શ લીંટી, તેણે દીધા અંશ ૩૩-૧૫ તે મકર વ્રત અંશનો ખુણો; તેને અંશ ૯૦ માંથી બાદ કર્યો તો બાકી અંશ ૧૬|૪૫ તે મેષ વૃતે મ તથા બ. ની ખુણ થઈ. અ, ની ખુણના અંશ ૩૩ ૫ ની ભુજજ્યા ૯૦૭૩૯૦૧૩ ક્ષ, બ. ક્ષ, સ. બાજુ મેષાર્ધના ૮૦૦૦ લાગ્ર ૦૦૯૦૩૦૯૦ મૂળકેન્દ્ર ક્ષ, ની ખુણ અંશ ૯૦ ની ભુજજ્યા ૧૦૦૦૦૦૦૦૦ નીચેની ઓળ બેના યોગમાંથી ઉપરની પંક્તી ૧૦૧૬૪૦૭૭ બાદ કરવી. બાકી લાગ્રત. તેણે દીધી સંખ્યા ૧૪૦૪૯ તે અબ, અસ, બાજુ થઈ. ક્ષબ, ક્ષસ, બાજુ મેષાર્ધની ગ્રલા૮૦૦૦ ૦૦૯૦૩૦૯૦ મૂળકેન્દ્ર ક્ષની ખુણ અંશ ૯૦ ની ભુજજ્યા ૧૦૦૦૦૦૦૦૦ ક્ષમ. બાજુ કર્કાર્ધની ૫૦૨૪૫ લાગ્ર ૦૦૭૨૨૬૩૪ નીચેની પંક્તી. બેના યોગમાંથી ઉપરની પંક્તી ૯૦૮૧૯૫૪૪ બાદ કરવી તે સ્પર્શ લીંટી. તેણે દીધા અંશ ૩૩૨૫ તે મેષ વ્રતે, સ. બ. ની ખુણ. તેને અંશ ૯૦ માંથી બાદ કરવા. તે કર્યા તો અંશ ૫૬|૩૫ તે કર્ક વ્રતે મની ખુણ થઈ. મની ખુણના અંશ ૫૩ ૩૫ ની ભુજજ્યા ૯૦૯૨૧૫૨૪ ક્ષમ. બાજુ કર્કાર્ધના ૫૦૨૪૫ લાગ્રત ૦૭૨૨૬૩૪ મૂળકેન્દ્ર. ક્ષ, ની ખુણ અંશ ૯૦ ભુ-

જ ૧૦૦૦૦૦૦૦ નીચેની પંક્તી એના યોગમાંથી ઉપરની પંક્તી બાદ કરવી. જે લાગ્રતમની સંખ્યા ૬૦૩૫ તે બમ. સમ. બાજુ થઈ.

શરના વ્રત લાવવાનો સમજ.

ઉત્તર ધ્રુવે મકર વ્રતનો અંતર અંશ ૧૧૩૧૩૦ નો તેને ઉત્તર શરના વ્રત દેવા હોય, તેના જેટલા અંશ તેને ૧૨૩૧૩૦ માંથી પાડીએ બાકી રહે તે અંશ, તેનું અર્ધ તે, સ,બ, ની ખુણુ થાય. ખુણે અંતરે ઓછો વ્યાસ ઉત્તર શરનો આવે. ઉત્તર ધ્રુવે કર્કવ્રત અને અંતર અંશ ૬૬૧૩૦ તે ઉત્તર શરના વ્રત દેવા હોય, જેટલા અંશના તે અંસને ૬૬૧૩૦ માંથી બાદ કરીએ. રહે તે અંશ. તેનું જે અર્ધ તે, સ, બ, ની ખુણુ થાય. તે ખુણુને વ્યાસનો અંતર આવે તે ઉત્તર શરનો જાણવો. પછી અંતરે ઓછો વ્યાસ; જે વ્યાસનો અંતર; એ એનો યોગ, તે વ્યાસ. તેનું જે અર્ધ, તે વ્યાસાર્ધ. તેમાંથી વ્યાસનો અંતર બાદ કરવો. રહે તે કેન્દ્ર. તેમ અંતરે ઓછા વ્યાસમાંથી વ્યાસાર્ધ બાદ કરવો. રહે તે કેન્દ્ર. તેથી વ્યાસનો અંતર વધે, ત્યારે અધીક વ્યાસ જાણવો. એ રીતે વ્યાસ તથા કેન્દ્ર થાય.

મૂળકેન્દ્રે ક્ષ. ની ખુણુના અંશ ૯૦ ની ભુજજ્યા ૧૦૦૦૦૦૦૦ મેષાર્ધની, ક્ષ, બ, ક્ષ, સ, બાજુ ૮૦૦૦ લાગ્ર ૦૦૯૦૩૦૯૦ મેષ વ્રતે. સ. ને બ. ની ખુણુ અંશ ૫૫।૪૫ સ્પર્શ ૧૦–૧૬૬૯૩૨ નીચેની પંકતી, એના યોગમાંથી ઉપરની પંકતી ૩૦–૦૭૦૦૨૨ બાદ કરવી. રહે તે લાગ્રતમ. તેણે દીધી ક્ષ, અ, બાજુ આંગુલ ૧૧–૭૫ તે અંતરે ઓછો વ્યાસ થયો. મુળકેન્દ્ર, ક્ષ. ની ખુણુ અંશ ૯૦ ભુજજ્યા ૧૦૦૦૦૦૦૦ મેષાર્ધની ક્ષ. બ. બાજુ ૮૦૦૦ નું લાગ્રત ૦૦૯૦૩૦૯૦ મેષ વ્રતે. સ. ની ખુણુ અંશ ૩૨।૧૫ સ્પર્શ ૯૦૭૯૯૯૯૭ નીચેની પંકતી એના યોગમાંથી ઉપરની પંકતી ૨૦૭૦૩૦૮૭ બાદ કરવી તે લાગ્રતમ. તેણે જે-

ડયા ક્ષમ. બાજુ. ૫૦૪૭૫ તે વ્યાસનો અંતર. હવે અં-
તરે ઓછો વ્યાસ ૧૧૦૭૫, ને વ્યાસનો અંતર ૫૦૪૭૫
એ બેનો યોગ ૧૭૦૨૨૫ તે વ્યાસ. તેનું અર્ધ ૮૦૬૧૨૫
તે વ્યાસાર્ધ, તેમાંથી વ્યાસનો અંતર ૫૦૪૭૫ બાદ કરવો.
૩૦૧૩૭૫ તે કેન્દ્ર. પુનઃ અંતરે ઓછા વ્યાસ ૧૧૦૭૫માં-
થી વ્યાસાર્ધ ૮૦૬૧૨૫ બાદ કરવા. રહે તે ૩૦૧૩૭૫
કેન્દ્ર. એ પ્રમાણે અંગુલાદી શર દેવા.

દીશી સાધન કરવાની રીત.

પ્રથમ અક્ષાંસાનું કાલ્પમેન્ટ, સુર્ય ક્રાન્તનું કાલ્પમેન્ટ, પૂર્વ, પશ્ચિમ ઉન્નતનું કાલ્પમેન્ટ, કાલ્પમેન્ટ એટલે ૯૦ માંથી પાડીએ, બાકી રહે તે કાલ્પમેન્ટ અક્ષાંસાનું, ઉન્નતાંશાનું, ઉત્તર ક્રાન્તનું, જો ક્રાંત દક્ષિણે હોય તો ૯૦ માં ભેળીએ તે કાલ્પમેન્ટ થાય; એમ કાલ્પમેન્ટ કરવા. ત્રણે કાલ્પમેન્ટનો યોગ તે વ્યામ; અને તેનું જે અર્ધ તે વ્યાસાર્ધ. હવે વ્યાસાર્ધમાંથી અક્ષાંસાનું કાલ્પમેન્ટ બાદ કરવું; તેમજ વ્યાસાર્દ્ધમાંથી ઉન્નતનુ કાલ્પમેન્ટ બાદ કરવું રહેતે ઉન્નતજ્યા. રહેતે પુનઃ અક્ષાંસાના કાલ્પમેન્ટની ભુજજ્યાને દશમાંથી પાડીએ; બાકી રહે તે કાલ્પમેન્ટ ભુજજ્યા, ને ઉન્નતાંશાનું કાલ્પમેન્ટ, તે ભુજજ્યા અને અક્ષજ્યાની ભુજજ્યા,ને ઉન્નતજ્યાની ભુજજ્યા એ ચારે ભુજજ્યાનો યોગ તેનું અર્ધ તે ભુજજ્યા.' તેનુ અંશાદી ફળ આવે તેને બે ગુણા કરીએ, તે અંશાદી, તેને અંશ ૯૦ માંથી પાડીએ, બાકી રહે તે દીશાંશા જાણવી, માટે યંત્રની પુર્વથી ઉત્તર દક્ષિણ દિશાંશા ના તેને હટાવીએ ત્યાં શુદ્ધ પુર્વ દીશા થાય. જો ક્રાંત ઉત્તર હોય તો યંત્રની પુર્વથી દીશાંશા, દક્ષિણમાં ખસેડીએ, ને ક્રાંત દક્ષિણે હોય તો, ઉત્તરે ખસેડીએ. એટલે શુદ્ધ પૂર્વ દિશા થાય, એમ ઉદય કાળથી મધ્યાન સુધી પુર્વ આવે, ને મધ્યાનથી તે અસ્ત સુધી પશ્ચિમ આવે. એ પ્રમાણે પુર્વ દિશા સાધન પુરવી.

શંકુની છાયા ઉપરથી ઉન્નત સમજવાની રીત.

પેહેલાં સ્પષ્ટ ભુમી ઉપર યંત્ર મુકવો, ને તેના ઉપર શંકુ મુકવો? તેની જ્યાં સુધી છાયા પડે તે દીશાએ પૂર્વ પશ્ચિમ જાણવું તેમ હૃદયથી, મધ્યાન્હ સુધીની જે છાયા તે પશ્ચિમ જાણવું; ને મધ્યાનથી અસ્ત કાળ સુધી જે છાયા તે પૂર્વ જાણવું. એમ યંત્રથી પૂર્વ પશ્ચિમ છાયા જાણવી. પછી શંકુની છાયા જેટલા અંગુલા પડે, તેનો વર્ગ, ને શંકુ જેટલા અંગુલાનો હોય તેનો વર્ગ, એ એનો યોગ તે વર્ગમૂળ, તે કર્ણ, માટે શંકુને કોટી છાયા, તે ભુજ: પછી ભુજ કોટીમાંથી જે મોહોટું હોય, તેનું અરધ. તેમાં કર્ણ મેળાએ, તે ભાજક થાય. પુનઃ ભુજ કોટીમાંથી જે થોડું હોય તેને ૮૬ એ ગુણવા. આવે તેને ભાજકે ભાગવા. લાધે તે અંશાદી નત, ઉન્નત, જાણવો. માટે ભુજ કોટીથી વધારે હોય તો, લાધે તે ઉન્નત, અને જો કોટી, ભુજથી વધારે હોય તો, લાધે તે નત. માટે તેને અંશ ૯૦ માંથી પાડીએ. બાકી રહે તે ઉન્નત થાય. એ પ્રમાણે છાયા ઉપરથી ઉન્નત કરવો.

ચંદ્ર લંબનની સમજ.

ચંદ્રની ગતી કળાદી સ્પષ્ટને (૧૩) તેરે ભાગવા. લાધે તે કળાદી. પુનઃ ચંદ્રની ગતીને (૧૬) સોળે ભાગવા. લાધે તે વિકળા. જે કળાદી આવેલી છે, તેમાંથી રૂણધન કરવું. આવે તે કળાદી. મધ્યમ લંબન પુનઃ ચંદ્રની કોટીના અંશાદી કરવા, તેની જ્યા કરવી, તેની કોટીજ્યા કરવી, તેને (૩૦) ત્રીસે ભાગવા. લાધે તે કળાદી લંબન ફળ. મધ્યમ લંબનમાંથી રણધન કરવું, માટે સાયન ચંદ્ર કર્કાદીક હોય તો ધન કરવું, ને મકરાદીકે રણ કરવું. તે સ્પષ્ટ લંબન થાય. ઉદય કાળનો સાયન સ્પષ્ટ ચંદ્ર કરીને સ્પષ્ટ લંબન કરવો. જે વેળા લંબન દેવું હોય, તે વેળાનું પૂર્વ પશ્ચિમ લંબન કરવું, તેના અંશ કરવા, તે નતાંશા, તેની જ્યા, ને સ્પષ્ટ લંબન, એઓએ ગુણવા. આવે તેને ૧૨૦ ભાગવા. લાધે તે કળાદી લંબન સ્પષ્ટ ઈષ્ટ વેળાનો થાય.

ભુજજ્યાના સંખ્યા એકના કોષ્ટક છે.

૦	૦।૦૦૦૦	૧૪	૦।૨૪૧૯	૨૮	૦।૪૬૯૫	૪૨	૦।૬૬૯૧	૫૬	૦।૮૨૯૦	૭૦	૦।૯૩૯૭	૮૪	૦।૯૯૪૫
૧	૦।૦૧૭૫	૧૫	૦।૨૫૮૮	૨૯	૦।૪૮૪૮	૪૩	૦।૬૮૨૦	૫૭	૦।૮૩૮૭	૭૧	૦।૯૪૫૫	૮૫	૦।૯૯૬૨
૨	૦।૦૩૪૯	૧૬	૦।૨૭૫૬	૩૦	૦।૫૦૦૦	૪૪	૦।૬૯૪૭	૫૮	૦।૮૪૮૧	૭૨	૦।૯૫૧૧	૮૬	૦।૯૯૭૫
૩	૦।૦૫૨૩	૧૭	૦।૨૯૨૪	૩૧	૦।૫૧૫૦	૪૫	૦।૭૦૭૧	૫૯	૦।૮૫૭૨	૭૩	૦।૯૫૬૩	૮૭	૦।૯૯૮૬
૪	૦।૦૬૯૮	૧૮	૦।૩૦૯૦	૩૨	૦।૫૨૯૯	૪૬	૦।૭૧૯૩	૬૦	૦।૮૬૬૦	૭૪	૦।૯૬૧૩	૮૮	૦।૯૯૯૪
૫	૦।૦૮૭૨	૧૯	૦।૩૨૫૬	૩૩	૦।૫૪૪૬	૪૭	૦।૭૩૧૪	૬૧	૦।૮૭૪૬	૭૫	૦।૯૬૫૯	૮૯	૦।૯૯૯૮
૬	૦।૧૦૪૫	૨૦	૦।૩૪૨૦	૩૪	૦।૫૫૯૨	૪૮	૦।૭૪૩૧	૬૨	૦।૮૮૩૦	૭૬	૦।૯૭૦૩	૯૦	૧૦૦૦૦
૭	૦।૧૨૧૯	૨૧	૦।૩૫૮૪	૩૫	૦।૫૭૩૬	૪૯	૦।૭૫૪૭	૬૩	૦।૮૯૧૦	૭૭	૦।૯૭૪૪		
૮	૦।૧૩૯૨	૨૨	૦।૩૭૪૬	૩૬	૦।૫૮૭૮	૫૦	૦।૭૬૬૦	૬૪	૦।૮૯૮૮	૭૮	૦।૯૭૮૧		
૯	૦।૧૫૬૪	૨૩	૦।૩૯૦૭	૩૭	૦।૬૦૧૮	૫૧	૦।૭૭૭૨	૬૫	૦।૯૦૬૩	૭૯	૦।૯૮૧૬		
૧૦	૦।૧૭૩૬	૨૪	૦।૪૦૬૭	૩૮	૦।૬૧૫૭	૫૨	૦।૭૮૮૦	૬૬	૦।૯૧૩૫	૮૦	૦।૯૮૪૮		
૧૧	૦।૧૯૦૮	૨૫	૦।૪૨૨૬	૩૯	૦।૬૨૯૩	૫૩	૦।૭૯૮૬	૬૭	૦।૯૨૦૫	૮૧	૦।૯૮૭૭		
૧૨	૦।૨૦૭૯	૨૬	૦।૪૩૮૪	૪૦	૦।૬૪૨૮	૫૪	૦।૮૦૯૦	૬૮	૦।૯૨૭૨	૮૨	૦।૯૯૦૩		
૧૩	૦।૨૨૫૦	૨૭	૦।૪૫૪૦	૪૧	૦।૬૫૬૧	૫૫	૦।૮૧૯૨	૬૯	૦।૯૩૩૬	૮૩	૦।૯૯૨૫		

ભુજાંશા છે.

શંખ્યા ૧ ની ભુજજ્યા છે. તે જ્યા.

☞ઉપર જ્યાનાં કોષ્ટક છે, તે ભુજજ્યાની સ્વભાવીક સંખ્યા છે. તે અંશ ૯૦ ની જ્યા એકના કોષ્ટકની કલ્પી છે. તેના ભુજજ્યાની સ્વભાવીક સંખ્યા છે ૧૦૦૦૦૦૦૦૦૦૦ એ તેણે ગુ-ણવા. આગે તેનું લાગ્રતમ જાણવું. તે ભુજજ્યા થસે. તેજ પ્રમાણે પ્રત્યેક કોઠાનાં કોષ્ટક કર્વાં.

સ્પર્શલીટીના કોષ્ટકને ભુજ્યાના કોઠા છે.

૦	૦।૦૦૦૦	૧૪	૦।૨૪૯૩	૨૮	૦।૫૩૧૭	૪૨	૦।૯૦૦૪	૫૬	૧।૪૮૨૫	૭૦	૨।૭૪૭૭	૮૪	૯।૫૧૬૭
૧	૦।૦૧૭૫	૧૫	૦।૨૬૭૯	૨૯	૦।૫૫૪૩	૪૩	૦।૯૩૨૫	૫૭	૧।૫૪૦૦	૭૧	૨।૯૦૩૯	૮૫	૧૧।૪૧૧૨
૨	૦।૦૩૪૯	૧૬	૦।૨૮૬૯	૩૦	૦।૫૭૭૪	૪૪	૦।૯૬૫૮	૫૮	૧।૬૦૦૫	૭૨	૩।૦૭૮૦	૮૬	૧૪।૧૪૦૮
૩	૦।૦૫૨૪	૧૭	૦।૩૦૫૭	૩૧	૦।૬૦૦૮	૪૫	૧૦૦૦૦૦	૫૯	૧।૬૬૪૫	૭૩	૩।૨૭૦૫	૮૭	૧૯।૦૯૩૭
૪	૦।૦૬૯૯	૧૮	૦।૩૨૪૯	૩૨	૦।૬૨૪૮	૪૬	૧।૦૬૫૪	૬૦	૧।૭૩૨૦	૭૪	૩।૪૮૮૦	૮૮	૨૮।૬૩૬૧
.૫	[illegible]૦૮૭૬	૧૯	૦।૩૪૪૩	૩૩	૯।૬૪૯૪	૪૭	૧।૦૭૨૧	૬૧	૧।૮૦૪૦	૭૫	૩।૭૩૨૨	૮૯	૫૭।૩૩૧૪
૬	૦।૧૦૫૦	૨૧	૦।૩૬૩૯	૩૪	૦।૬૭૪૫	૪૮	૧।૧૧૦૬	૬૨	૧।૮૮૦૭	૭૬	૪।૦૧૧૧	૯૦	૩૫૦૦।૦
૭	૦।૧૨૨૮	૨૧	૦।૩૮૩૯	૩૫	૦।૭૦૦૨	૪૯	૧।૧૫૦૩	૬૩	૧।૯૬૨૫	૭૭	૪।૩૩૦૬		
૮	૦।૧૪૦૬	૨૨	૦।૪૦૪૦	૩૬	૦।૭૨૬૬	૫૦	૧।૧૯૧૭	૬૪	૨।૦૫૦૨	૭૮	૪।૭૦૪૬		
૯	૦।૧૫૮૩	૨૩	૦।૪૨૪૪	૩૭	૦।૭૫૩૫	૫૧	૧।૨૩૫૦	૬૫	૨।૧૪૪૬	૭૯	૫।૧૪૪૬		
૧૦	૦।૧૭૬૪	૨૪	૦।૪૪૫૨	૩૮	૦।૭૮૧૩	૫૨	૧।૨૭૯૮	૬૬	૨।૨૪૬૧	૮૦	૫।૬૬૯૫		
૧૧	૦।૧૯૪૪	૨૫	૦।૪૬૬૩	૩૯	૦।૮૦૯૭	૫૩	૧।૩૨૭૦	૬૭	૨।૩૫૬૦	૮૧	૬।૩૧૫૨		
૧૨	૦।૨૧૨૫	૨૬	૦।૪૮૭૮	૪૦	૦।૮૩૯૨	૫૪	૧।૩૭૧૨	૬૮	૨।૪૭૫૨	૮૨	૭।૧૧૪૨		
૧૩	૦।૨૩૦૯	૨૭	૦।૫૦૯૫	૪૧	૦।૮૬૯૩	૫૫	૧।૪૨૮૨	૬૯	૨।૬૦૪૯	૮૩	૮।૧૪૧૯		

ભુજાંશા છે.

સંખ્યા ૧ની ભુજની સ્પર્શ લીટી સંખ્યા તે ભુજ્યા.

☞ઉપરના કોઠા છે તે સ્પર્શ લીટીની સ્વભાવીક સંખ્યા છે. તે અંશ ૯૦ ની જ્યા એક (૧) કલ્પી છે, તેની સ્પર્શ લીટી છે; તેને ૧૦૦૦૦૦૦૦૦૦૦ ગુણીએ, આવે તેનું લાગ્રતમ કરીએ, તે લાગ્રતમ સ્પર્શ લીટી થશે. તે પ્રમાણે કોઈ પણ કોઠા કરવા હોય તો ઉપર કહેલી રીતે કરવા.

છેદન લીટીનુ કોષ્ટક અને ભુજજ્યાતાં કોઠા

૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩
૦૧૦૦૦૦	૧૧૦૦૦૨	૧૧૦૦૦૬	૧૧૦૦૧૪	૧૧૦૦૨૫	૧૧૦૦૩૮	૧૧૦૦૫૫	૧૧૦૦૭૫	૧૧૦૦૮૪	૧૧૦૦૯૪	૧૧૦૧૫૪	૧૧૦૧૮૭	૧૧૦૨૨૩	૧૧૦૨૬૪
૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭
૧૧૦૩૦૬	૧૧૦૩૫૩	૧૧૦૪૦૨	૧૧૦૪૫૭	૧૧૦૫૧૪	૧૧૦૫૭૬	૧૧૦૬૪૧	૧૧૦૭૧૦	૧૧૦૭૮૫	૧૧૦૮૬૪	૧૧૦૯૪૭	૧૧૧૦૩૪	૧૧૧૧૨૬	૧૧૧૨૨૩
૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦	૪૧
૧૧૧૩૨૫	૧૧૧૪૩૪	૧૧૧૫૪૭	૪૧૧૬૬૬	૧૧૧૭૯૧	૧૧૧૯૨૩	૧૧૨૦૬૩	૧૧૨૨૦૭	૧૧૨૩૬૧	૧૧૨૫૨૨	૧૧૨૬૯૦	૧૧૨૮૬૭	૧૧૩૦૫૫	૧૧૩૨૫૦
૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫
૧૧૩૪૫૭	૧૧૩૬૭૨	૧૧૩૯૦૨	૧૧૪૧૪૨	૧૧૪૩૯૪	૧૧૪૬૬૩	૧૧૪૯૪૫	૧૧૫૨૪૨	૧૧૫૫૫૭	૨૧૪૫૮૬	૧૧૬૨૪૨	૧૧૬૬૧૭	૧૧૭૦૧૨	૧૧૭૪૩૪
૫૬	૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨	૬૩	૬૪	૬૫	૬૬	૬૭	૬૮	૬૯
૧૧૭૮૮૩	૧૧૮૩૬૨	૧૧૮૮૭૧	૧૧૯૪૧૭	૨૧૦૦૦૦	૨૧૦૬૨૭	૨૧૧૨૯૯	૨૧૨૦૨૪	૨૧૨૮૧૦	૨૧૩૬૬૩	૨૧૪૫૮૬	૨૧૫૫૯૫	૨૧૬૬૯૫	૧૭૯૦૨
૭૦	૭૧	૭૨	૭૩	૭૪	૭૫	૭૬	૭૭	૭૮	૭૯	૮૦	૮૧	૮૨	૮૩
૨૧૯૨૪૦	૩૧૦૭૧૩	૩૧૨૩૬૨	૩૧૪૨૦૦	૩૧૬૨૮૫	૩૧૮૬૪૦	૪૧૧૩૩૯	૪૧૪૪૪૪	૪૧૮૧૦૦	૫૧૨૪૧૧	૫૧૭૫૭૦	૬૧૩૯૩૯	૭૧૧૧૨૧'	૮૧૨૦૩૪
૮૪	૮૫	૮૬	૮૭	૮૮	૮૯	૯૦							
૨૧૫૬૯૪	૧૧૧૪૫૪૭	૧૪૧૩૨૬૬	૧૯૧૧૨૦૪	૨૮૧૬૫૩૩	૫૭૧૧૪૨૯	૩૫૦૦૧૦							

ભુજાંશા છે.

શંખ્યા ૧ ની ભુજજ્યાછે તે જ્યા.

ગણીત ભાગ પ્રથમ સંપૂર્ણ.

અંશ.	ભુજજ્યા.	અંશ.	ભુજજ્યા.	અંશ.	ભુજજ્યા.
૧	૮।૨૪૧૮૫૫	૩૧	૯।૭૧૧૮૩૯	૬૧	૯।૯૪૧૮૧૯
૨	૮।૫૪૨૮૧૯	૩૨	૯।૭૨૪૨૧૦	૬૨	૯।૯૪૫૯૩૫
૩	૮।૭૧૮૮૦૦	૩૩	૯।૭૩૬૧૦૯	૬૩	૯।૯૪૯૮૮૧
૪	૮।૮૪૩૫૮૫	૩૪	૯।૭૪૭૫૬૨	૬૪	૯।૯૫૩૬૬૦
૫	૮।૯૪૦૨૯૬	૩૫	૯।૭૫૮૫૯૧	૬૫	૯।૯૫૭૨૭૬
૬	૯।૦૧૯૨૩૫	૩૬	૯।૭૬૯૨૧૯	૬૬	૯।૯૬૦૭૩૦
૭	૯।૦૮૫૮૯૫	૩૭	૯।૭૭૯૪૬૩	૬૭	૯।૯૬૪૦૨૬
૮	૯।૧૪૩૫૫૫	૩૮	૯।૭૮૯૩૪૨	૬૮	૯।૯૬૭૧૬૬
૯	૯।૧૯૪૩૩૨	૩૯	૯।૭૯૮૮૭૨	૬૯	૯।૯૭૦૧૫૨
૧૦	૯।૨૩૯૬૭૦	૪૦	૯।૮૦૮૦૬૭	૭૦	૯।૯૭૨૯૮૬
૧૧	૯।૨૮૦૫૯૯	૪૧	૯।૮૧૬૯૪૩	૭૧	૯।૯૭૫૬૭૦
૧૨	૯।૩૧૭૮૭૯	૪૨	૯।૮૨૫૫૧૧	૭૨	૯।૯૭૮૨૦૬
૧૩	૯।૩૫૨૦૮૮	૪૩	૯।૮૩૩૭૮૩	૭૩	૯।૯૮૦૫૯૬
૧૪	૯।૩૮૩૬૭૫	૪૪	૯।૮૪૧૭૭૧	૭૪	૯।૯૮૨૮૪૨
૧૫	૯।૪૧૨૯૯૬	૪૫	૯।૮૪૯૪૮૫	૭૫	૯।૯૮૪૯૪૪
૧૬	૯।૪૪૦૩૩૮	૪૬	૯।૮૫૬૯૩૪	૭૬	૯।૯૮૬૯૦૪
૧૭	૯।૪૬૫૯૩૬	૪૭	૯।૮૬૪૧૨૭	૭૭	૯।૯૮૮૭૨૪
૧૮	૯।૪૮૯૯૮૨	૪૮	૯।૮૭૧૦૭૩	૭૮	૯।૯૯૦૪૦૪
૧૯	૯।૫૧૨૬૪૨	૪૯	૯।૮૭૭૭૮૦	૭૯	૯।૯૯૧૯૪૭
૨૦	૯।૫૩૪૦૫૨	૫૦	૯।૮૮૪૨૫૪	૮૦	૯।૯૯૩૩૫૧
૨૧	૯।૫૫૪૩૨૯	૫૧	૯।૮૯૦૫૦૩	૮૧	૯।૯૯૪૬૨૦
૨૨	૯।૫૭૩૫૭૫	૫૨	૯।૮૯૬૫૩૨	૮૨	૯।૯૯૫૭૫૩
૨૩	૯।૫૯૧૮૭૮	૫૩	૯।૯૦૨૩૪૯	૮૩	૯।૯૯૬૭૫૧
૨૪	૯।૬૦૯૩૧૩	૫૪	૯।૯૦૭૯૫૮	૮૪	૯।૯૯૭૬૧૪
૨૫	૯।૬૨૫૯૪૮	૫૫	૯।૯૧૩૩૬૫	૮૫	૯।૯૯૮૩૪૪
૨૬	૯।૬૪૧૮૪૨	૫૬	૯।૯૧૮૫૭૪	૮૬	૯।૯૯૮૯૪૧
૨૭	૯।૬૫૭૦૪૭	૫૭	૯।૯૨૩૫૯૧	૮૭	૯।૯૯૯૪૦૪
૨૮	૯।૬૭૧૬૦૯	૫૮	૯।૯૨૮૪૨૧	૮૮	૯।૯૯૯૭૩૫
૨૯	૯।૬૮૫૫૭૧	૫૯	૯।૯૩૩૦૬૬	૮૯	૯।૯૯૯૯૩૪
૩૦	૯।૬૯૮૯૭૦	૬૦	૯।૯૩૭૫૩૧	૯૦	૧૦।૦૦૦૦૦૦
અંશ.	કોટીજ્યા.	અંશ.	કોટીજ્યા.	અંશ.	કોટીજ્યા.

લાયતમ ભુજજ્યા કોટીજ્યા કોષ્ટક અંશ ૯૦ ના છે.


અથ જાતકપ્રકર્ણે

ગણીત ભાગ બીજો.

જન્મ પત્રીકા કરવાની સમજ.

પ્રથમ કોઈનો જન્મ થયો હોય તો તેનો ઈષ્ટકાળ સ્પષ્ટ કરવો, ને તેના ઉપરથી ચંદ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શની, રાહુ ને કેતુ એ નવ ગ્રહોને ગણીત ભાગ પ્રથમમાં સ્પષ્ટ વરતવાની રીત દરશાવી છે; તે મુજબ સ્પષ્ટ કરવા. અથવા બીજા ગ્રંથમતે એટલે ગ્રહલાઘવના બ્રહ્મ તુલ્યને સીધાંત શીરોમણી મતે અથવા કચ્છ, કાઠીઆવાડ તરફ ચાલતી માઢા દેવીને, બ્રાહ્મણ એ બે ગ્રંથોની સારણી રૂપે કોષ્ટક છે તેના ઉપરથી પણ ગ્રહો સ્પષ્ટ થાય છે; અથવા પ્રત્યેક વર્ષના ચાલુ, યા, ગત પંચાંગની અંદર પુનમ અથવા અમાવસ્યાના ઉદય કાળના સ્પષ્ટ ગ્રહ હોય છે તેને ચાલકુ દઈને સ્પષ્ટ ગ્રહ કરવા.

જન્મકુંડળી કરવાની સમજ.



જન્મકુંડળી કરવાની સમજ.

જન્મકુંડળી (એટલે જન્મ થયા પછી તરત જન્મ.સમયના ગ્રહ કરવા તે. અથવા જેને વેળા લેવા કહે છે તે.) કરવી હોય ત્યારે પેહેલા જન્મનો ઈષ્ટકાળ નકી કરવો, પછી પંચાંગમાં જોવું. જે રાશીનો સૂર્ય હોય તે પેહેલું લગ્ન જાણવું. હવે **જન્મ ગ્રહ માંડવાની સમજ**—બાર ખાનાનુ એક ચક્ર કરવું. તેમાં પેહેલા ખાનામાં જે લગ્ન હોય તેનો આંકડો માંડવો ત્યાર પછી તે પછીનો માંડવો તેમ બારે ખંડમાં અનુક્રમે આંકડા માંડવા. પછી પંચાગમાં જે જે રાશીના ગ્રહ ચાલતા હોય તેતે રાશીના ગ્રહના આંકડા જોઈને બારે ખંડમાં જે જગ્યા આવે ત્યાં ત્યાં ગ્રહ માંડવા. તેને જન્મકુંડળી કહે છે. પછી તેના ઉપરથી જન્મોત્રી અથવા જન્મપત્રીકા કરી શકાય.

અથ ચંદ્રાર્કિમતે ઉપકરણાની સમજ.

तत्रादौगताब्दप्रकार ॥ शाकोविहिनोगगनाभ्रघस्त्रै (१५००) निघ्नोगुणैः क्षेपयुतोध्रुवः स्यात् ॥

અર્થ—પેહેલાં ગતાબ્દ કરવાનો પ્રકાર—વર્તમાન શકમાંથી (૧૫૦૦) બાદ કરવા રહે તે ગતાબ્દ જાણવા. તે ગતાબ્દને અબ્દપ, શુદ્ધી, ચંદ્ર ને કેંદ્રના ગુણકે ગુણવા હેઠળ સાઠેથી ભાગ લઈ, લાધે તે ઉપર ભેળવવા. તે પ્રમાણે સાઠે ભાગ લેતાં, જે રહ્યા, તેમાં અબ્દપના ક્ષેપક ભેળવા. પછી તેમાંથી સ્વદેશાતર રામબીજ રણ અગર ધન કરવું. ત્યારે સ્પષ્ટ, અબ્દપ, શુદ્ધી, ચંદ્ર ને કેંદ્ર થાય.

બ્રહ્મપક્ષે અબ્દપાદી ગુણકાની સમજ

॥१ चंद्रो, घस्त्रा१५ कुमपो३१ त्पण १७ त्यस्टी१७ (એ અબ્દપના ગુણકા)**॥ रुद्रा ११ रामा ३ रामाबाणा**

५२ दिदस्रा २२ (એ શુદ્ધિના ગુણકા) शैलाभ्राब्ध्य ४० भ्राग्नि ३० वेदाब्ध ४४ यश्च (એ કેંદ્રના ગુણકા) वर्षेसादेस्युर्गणाब्रह्मपक्षे ॥

અર્થ—અબ્દપનાં ગુણક ૧–૧૫–૩૧–૧૭–૧૭. શુદ્ધિનાં ગુણક ૧૧–૩–૫૩–૨૨. લવાદી કેંદ્રના ગુણક ૭–૪૦ ૩૦–૪૪.

બ્રહ્મપક્ષે અબ્દપાદી ક્ષેપકની સમજ.

॥मही १ कृताक्षीर्णा २४ नगेषवश्च ५७ सूर्या १२ खरामा ३०श्चसमेश्वरस्य (અબ્દપના ક્ષેપક) क्षेपोद्वि दस्रा २२ नवचन्द्र १९ तुला कृताग्नयो ३१ दिगू १० गगनं० चशुद्धे (શુદ્ધિના ક્ષેપકા) ऐकाधिकाविंशति २१ दस्रबाणा ५२ नृपा १६ शराक्षा ५५ गगनं० च केंद्रे (કેંદ્રના ક્ષેપકા)

અર્થ—અબ્દપના ક્ષેપદા ૧–૨૪–૫૭–૧૨–૩૦. શુદ્ધિના ક્ષેપકા ૨૨–૧૯–૩૧–૧૦–૦ કેંદ્રના ક્ષેપકા ૨૧–૫૨–૧૬ ૫૫–૦.

સ્વદેશાંતર રામબીજની સમજ.

પોતાના દેશના અંતરનાં, જે યોજન તેનો ચોથો ભાગ બાદ કરતાં, જે રહે તે, અબ્દપમાંથી બાદ કરવું; તે ચતુર્થાસ (એટલે ચોથો ભાગ) શુદ્ધિમાંથી બાદ કરવો, ચોથો ભાગ બાદ કરતાં, જે રહેતે કેંદ્રમાંથી બાદ કરવું. વિશેષ. સ્વદેશની મધ્ય રેખાથી પૂર્વના રહેનાર મનુષ્યોને રામબીજ ભેળવું ને પશ્ચિમ નીવાસીઓને રામબીજ કળાદીમાંથી બાદ કરવું, તે પ્રમાણે અબ્દપ, શુદ્ધિ, ચંદ્ર, કેંદ્રને સ્પષ્ટ વર્તવા.

અબ્દપ શુદ્ધિ, કેંદ્રને, સ્પષ્ટ કરવાની સમજ.

પેહેલાં અબ્દપનાં ગુણકવડે ગતાબ્દાને ગુણવા, ક્ષેપક ભેળવા, તેમાં રામબીજ પૂર્વ; પશ્ચિમ મતે, ઉપર કહેલી રીત પ્રમાણે ભેળવું, અથવા બાદ કરવું ત્યારે બ્રહ્મ ને સૌર પક્ષના અબ્દપ, શુદ્ધિને કેંદ્ર થાય.

ચંદ્ર કરવાની સમજ.

શુદ્ધિના ચાર ફળને બાર ગુણા કરવા, પછી હેઠળથી સાઠે ભાગવા. ઉપરના ફળનો ૩૦ ત્રીશે ભાગ લેવો, લાધે તે રાશી, ને શેષ રહે તે અંશ. એ પ્રમાણે ચંદ્ર સ્પષ્ટ વર્તવો. અબ્દપના ઉપરના ફળને (૭) સાત્તનો ભાગ લેવો, અને શુદ્ધિ, કેંદ્રના ઉપરના ફળને (૩૦) ત્રીસનો ભાગ લેવો. કેંદ્રને **વિશેષ સંસ્કાર** કેંદ્રને અબ્દબીજ સંસ્કાર દેવા; પછી ચારે ફળને બારગુણા કરવા. હેઠળથી સાઠે ભાગવા, ને ઉપરથી ત્રીશે ભાગ લેવો, લાધે તે રાશી, ને રહે તે અંશ, અને બાકીની કળા વિકળા જાણવી. આ પ્રમાણે ચંદ્રાર્કી-મતે અબ્દપ, શુદ્ધિ, ચંદ્રને કેંદ્ર સાધન કરવા.

લધુ અહર્ગણની સમજ.

मधोर्गतास्तेखगुणैर्विनिघ्नोयुक्ता तिथौ भिर्गतसंख्यकाभिः॥ शुध्युन्नीताषष्ठि विभाग हीना गणोभवेद्दर्पतेः सकाशात्॥

અર્થ—ચૈત્ર માસથી જેટલા માસ ગયા હોય તેને (૩૦) ત્રીસગુણા કરવા. પછી તેમાં ગત તીથી ભેળવવી. પછે શુદ્ધિનો ઉપરનો અંક તેમાંથી બાદ કરવો. તેને બીજી જગાએ માંડીને (૬૦) સાઠનો ભાગ લેવો, લાધે તે ફળ, તેને જે અંક ઉપર શુદ્ધિ રહિત કરેલા છે, તેમાંથી બાદ કરવો, ત્યારે સ્પષ્ટ અહર્ગણ થાય તેમાં અબ્દપનો ઉપરનો અંક

ભેળવવો, જેને વાર કહે છે. તેને સાતે ભાગવા; લાધે તેનુ કામ નહી, શેષ રહે તે રવીવાર આદી દઈને સાત વાર જાણવા. હવે કોઈ વખ્ત અહર્ગણ ઓછો યા અધિક આવે ત્યારે એક ભેળવીએ યા એક કાઢી નાંખીએ, ત્યારે બરાબર અબ્દપનો વાર થાય, અને જે દીવસનો અહર્ગણ કર્યો હોય, તે દીવસનો વાર મળતો આવે ત્યારે તેને સ્પષ્ટ અહર્ગણ કહેવો.

ભૌમાદિ ગ્રહ સ્પષ્ટ કરવાના ચાલકની સમજ

॥ गणाद्‌धःस्वेष्ठ घटी निवेश्या वर्षेश नाडि राहिता विधेया ॥ ए वंगणः सालयवो त्रजक्तः शक्तैः स्वरुपाववधिमानलब्धं ॥ नगाल्पशेषे धन चाल कस्या न्नगा धिकं तत्प नुनो विशोध्यं ॥ तद्दाऽवधिद्‌स्त्रयुता विधेयानगाल्पशेषेकुयुतात्रमानम्‌ ॥

અર્થ—જે દીવસના ભૌમાદીગ્રહ કરવા હોય, તે દીવસનો સ્પષ્ટ અહર્ગણ વર્તવો, તેની નીચે ઈષ્ટ—કાળનાં ઘડીને પળ માંડવા, તે ઘડિ પળની સામે અબ્દપના ઘડી પળ માંડવા. પછી ઈષ્ટના ઘડી પળમાંથી અબ્દપનાં ઘડી પળ બાદ કરવાં, કદાપી ઈષ્ટમાંથી અબ્દપ બાદ ન જાય તો ગણના અંકમાંથી એક ઓછો કરવો, તેની સાઠ ઘડી કલ્પવામાં આવે છે, તેમાંથી અબ્દપનાં ઘડિ પળ બાદ કરવાં. ઉપરના ફળને (૧૪) ચઉદે ભાગ લેવો; લાધે તે અવધી, ને શેષ રહે તે ગત અવધીના દીવસ જાણવા. શેષાંક (૭) સાતથી ઓછો હોય તો ચાલક ધન થાય. જ્યારે ધન ચાલક હોય ત્યારે અવધીમાં (૧) એક ભેળવવો, ને શેષાંક (૭) સાતથી વધારે હોય ત્યારે ચાલક રણ થાય; ત્યારે ગત અવધીમાં બેનો અંક વધારે ભેળવવો, ને શેષાંકને (૧૪) ચઉદમાંથી બાદ કરવા, કળા, વીકળાને ૬૦ સાઠમાંથી બાદ કરવા, પછી જે અવધી આવે; તે અવધીના ગ્રહ માંડીને ભૌમાદી પાંચ ગ્રહને ઉપર કહે-

ણી રીતે ચાલક દેવું ત્યારે ભૌમાદી પાંચ ગ્રહ સ્પષ્ટ થાય. વીશેષ, જે ગ્રહ વક્રનો હોય ત્યારે ભૌમાદી ચાલાક ફળ ઉલટું દેવું, એટલે રણ હોય ત્યાં ધન કરવું ને ધન હોય તો ત્યાં રણ કરવું, ત્યારે ભૌમાદી પાંચ ગ્રહ સ્પષ્ટ થાય.

પંચાંગ ઉપરથી ગ્રહ સ્પષ્ટ કરવાની રીત

પંચાંગમાં પૂનમ, ને અમાવાસ્યાના અવધિ મુખા ઉદય ગ્રહ સ્પષ્ટ માડવામાં આવે છે. તેને દીવસ, ઘડી, ને પળનો ચાલાક દઈને સ્પષ્ટ ગ્રહ કરવા. જે દીવસના ગ્રહ કરવા હોય તે દીવસને ઘડી પળ ગૌ મુદ્રિકા ઉપર માંડી ગ્રહની ગતીને ગુણવા, પછી સાઠે ભાગ લઈ; અંશાદી ત્રણ ફળ લેવા. તેને ગ્રહમાં રણ યા ધન કરવા ત્યારે અવધીમુખા સ્પષ્ટ ગ્રહ થાય. **રણ ધન પ્રકાર.** પૂર્ણીમાંથી અષ્ટમી સુધીના ગ્રહ કરવા હોય તો ચાલક ધન કરવું; ને અષ્ટમીથી અમાવાસ્ય સુધીના ગ્રહ કરવા હોય તો ચાલાક અમાવાસ્યાના ગ્રહમાં-થી રણ કરવું, ત્યારે દીનાદી સ્પષ્ટ ગ્રહ થાય.

દેશોના અક્ષાસાની સમજ.

દેશોનાં નામ.	અંશ.	કળા.	દેશોનાં નામ.	અંશ	કળા
લંકા	૦	૦	અમદાવાદ	૨૨	૧૫
રામેશ્વર	૯	૨૦	રાજનગર	૨૨	૬૫
જાતતે	૧૧	૦	સ્તંભાતિર્થ	૨૨	૩૫
મદ્રાસ	૧૩	૪	ગંદલાચર	૨૨	૩૭
ગોવા	૧૫	૩૦	ઉજ્જેણુ	૨૩	૫
બેલગામ	૧૫	૧૫	અહણપુર	૨૪	૦
કોલાપુર	૧૬	૧૯	સોભાગામ	૨૪	૦
રત્નાગીરી	૧૭	૨	સીંધ	૨૪	૦
સોલાપુર	૧૭	૩૮	હેદ્રાબાદ	૨૫	૨૨

નિઝામહૈદ્રાબાદ	૧૭	૩૫	કાસી	૨૫	૩૦
સતારા	૧૭	૫૦	પ્રયાગ	૨૫	૩૦
તિલંગા	૧૮	૦	નાગપુર	૨૬	૦
હાળસે	૧૮	૩૦	અજમેર	૨૬	૦
પુના	૧૮	૩૦	ગ્વાલીએર	૨૬	૧૫
ગંગ.સાગર	૧૮	૪૦	લખનોર	૨૬	૨૧
મુંબઈ	૧૮	૫૮	કડાપુર	૨૬	૩૦
દેવગીરી	૧૯	૦	કનોજ	૨૬	૮૦
અહમદનગર	૧૯	૧૫	ગયા	૨૭	૦
નાસીક	૧૯	૫૮	આગ્રા	૨૭	૧૨
વીજયાપુર	૨૦	૦	જાજપુર	૨૮	૩૦
એલવે	૨૧	૦	ઓડીસાપુર	૨૮	૩૧
સુરત	૨૧	૧૩	કાલજનગર	૨૮	૩૧
નવસારી	૨૧	૧૩	યોગીનીપૂર	૨૮	૪૦
ગક્કા	૨૧	૨૦	રાહીનપુર	૨૮	૪૫
ભૃગુકચ્છ	૨૨	૦	દિહલી	૨૮	૪૫
બડોદા	૨૨	૧૩	ગારવાડ	૨૯	૩૦
કલકત્તા	૨૨	૨૩	મુલતાન	૨૯	૪૫
નંદભદ્રે	૨૨	૦	સિહોર	૨૯	૪૫
દ્વારકાં	૨૨	૦	સ્થાનેશ્વર	૩૦	૦
ધોળકા	૨૨	૫	કુરક્ષેત્ર	૩૦	૦
સોમનાથપુર	૨૨	૧૫	લાહોર	૩૧	૩૬
મંગળપુર	૨૨	૧૫	દેવાળપુર	૩૧	૫૧
રેવાચળ	૨૨	૩૫	બદશાન	૩૧	૫૨
નવુનગર	૨૨	૩૦	કાશ્મીર	૩૩	૧૩
કચ્છભુજ	૨૨	૩૫	ખુરાસાન	૪૨	૨૦
દાંગમાગ	૩૬	૩૦	કાસંગરે	૪૪	૦
બલખ	૩૬	૪૦			

વીગાની	૩૭	૪૦	બુલગારા	૪૯	૦
બુખારા	૩૯	૦	લંડન	૫૧	૩૦
સમરકંદ	૪૦	૦			

દેશોના રેખાંશ

દેશોનાં નામ	ઘટી	પળ	દીશી	દેશનાં નામ	ઘટી	પળ	દીશી
કચ્છભુજ	૦	૦	પુર્વે	પુના	૩	૧૦	પુર્વે
કાસ્મીર	૩	૫૫	પુર્વે	સતારા	૩	૧૨	પુર્વે
લાહોર	૩	૧૦	પુર્વે	હૈદ્રાબાદ નિઝામ	૭	૫૦	પુર્વે
દિલ્હી	૬	૧૫	પુર્વે	સોલાપુર	૧૫	૬	પુર્વે
ગ્વાલીઅર	૭	૧૦	પુર્વે	રત્નાગીરી	૨	૩૧	પુર્વે
આગ્રા	૭	૪	પુર્વે	કોહોલાપુર	૩	૩૩	પુર્વે
પ્રયાગ	૧૦	૫૮	પુર્વે	બેલગામ	૩	૪૩	પુર્વે
કાશી	૧૨	૧૦	પુર્વે	ગોવા	૩	૧૦	પુર્વે
હૈદ્રાબાદસીંધ	૨	૧૦	પશ્ચિ.	મદ્રાસ	૯	૫૭	પુર્વે
અમદાવાદ	૧	૫૦	પુર્વ	રામેશ્વર	૯	૫૫	પુર્વે
ઉજેણુ	૪	૩૫	પુર્વે	કોલંબા	૯	૫૮	પુર્વે
કલકતા	૧૭	૩૬	પુર્વે	જગન્નાથ	૧૫	૦	પુર્વે
બડોદા	૨	૩૨	પુર્વે	કંધાર	૦	૮	પુર્વે
સુરત	૨	૧૦	પુર્વે	દ્વારકાં	૦	૪૦	પશ્ચિમ
નાસીક	૩	૦	પુર્વે	કલાકેટ	૫	૦	પુર્વે
અહમદનગર	૩	૫૩	પુર્વે	એન્ડામેન્ટએેડ	૨૫	૦	પુર્વે
મુંબઇ	૨	૨૫	પુર્વે	લંડન	૬૮	૪	પશ્ચિમ

અથ દેશોના અંતરનો કોઠો

ગામ	અંગુલાદીપળ ભાગ	મધ્યરેખાની અંતરની ઘડી.	
રામેશ્વર	૧—૫૭	૦—૩૩	પૂર્વ
અમદાવાદ	૫— ૫	૦—૩૬	પશ્ચિમ
ઉજ્જેણ	૫— ૮	૦— ૦	,,
જબલપુર	૫— ૮	૦—૩૯	પૂર્વ
સીહોર	૫— [illegible]	૦—૧૪	,,
બરડવાન	૫— ૯	૧—૫૬	,,
ભૂપાલ	૫—૧૦	૦—૧૯	,,
લોહરદગા	૫—૧૨	૧—૧૭	,,
સાગર	૫—૧૮	૦—૩૬	,,
સિરીંજ	૫—૨૩	૦—૧૩	,,
મકસુદાબાદ	૫—૨૪	૨— ૧	,,
રીવા	૫—૨૮	૦—૫૪	,,
ઉદયપુર	૬—૩૦	૦—૨૫	પશ્ચિમ
ગયા	૫—૩૨	૧—૨૯	પૂર્વ
ઠેકારી	૫—૩૫	૧—૨૭	,,
તણાપુર	૨—૧૭	૦—૩૨	,,
ઓતકૈમન્ડુ	૨—૨૫	૦— ૬	,,
મ્હૈસુર	૨—૩૬	૦— ૬	,,
શ્રીરંગપટ્ટણ	૨—૩૯	૦— ૭	,,
મદ્રાસ	૨—૪૭	૦—૪૨	,,
કોલાપુર	૩—૩૬	૦—૧૯	,,
મિરજ	૩—૩૭	૦—૧૪	પશ્ચિમ
રત્નાગીરી	૩—૪૦	૦—૨૯	,,
હૈદરાબાદ	૩—૪૫	૦—૨૨	,,
પંઢરપુર	૩—૪૮	૦— ૬	પ૦
સતારા	૩—૪૯	૦—૨૨	પ૦
સોલાપુર	૩—૫૦	૦— ૧	પૂ૦
પુના	૪— ૧	૦—૨૩	પ૦
મુંબાઇ	૪— ૭	૦—૨૬	પ૦
અહમદનગર	૪— ૯	૦—૧૩	પ૦
વીજયનગર	૪—૧૨	૧—૨૫	પૂ૦

ગામ	અંગુલાદી પળ ભાગ.	મધ્યરેખાની અંતર ઘડી	
ટોંક	૪—૧૭	૦—૯	પૂર્વે
જગન્નાથ	૪—૧૯	૧—૩૯	,,
નાસીક	૪—૨૧	૦—૨૪	પ૦
ઔરંગાબાદ	૪—૨૧	૦—૬	,,
કટક	૪—૨૮	૧—૩૯	પુ૦
ઉમરાવતી	૪—૩૪	૦—૧૪	,,
રાયપુર	૪—૩૮	૦—૫૭	,,
નાગપુર	૪—૩૯	૦—૨૯	,,
સુરત	૪—૪૦	૦—૩૨	પ૦
બુરહાનપુર	૪—૪૧	૦—૫	પુ૦
જુનાગઢ	૪—૪૪	૦—૫૧	પ૦
દ્વારકાં	૪—૫૫	૧—૧૧	,,
વડોદરા	૪—૫૫	૦—૩૦	,,
કલકત્તા	૪—૫૮	૨—૪	પૂ૦
હરડા	૪—૫૯	૦—૧૫	,,
ઇન્દોર	૫—૧	૦—૧	પ૦
માંડવી	૫—૩	૧—૬	,,
મીરજાંપુર	૫—૩૬	૧—૨	પૂ૦
ભાગલપુર	૫—૪૦	૧—૫૨	,,
કાશી	૫—૪૦	૧—૯	,,
પ્રયાગ	૫—૪૧	૧—૦	,,
મુંગેર	૫—૪૧	૧—૪૬	,,
સિંધહૈદ્રાબાદ	૫—૪૧	૧—૧૭	પ૦
બુન્દી	૫—૪૩	૦—૩	,,
મુંસી	૫—૪૩	૦—૨૩	,,
પટના	૫—૪૪	૧—૩૨	પૂ૦
ભોજપુર	૫—૪૫	૧—૨૦	,,
ગાજીપુર	૫—૪૬	૧—૧૩	,,
જોનપુર	૫—૪૭	૧—૩	,,
છપરા	૫—૪૭	૧—૨૬	,,
પુરનીયા	૫—૪૭	૧—૫૬	,,
વટેશ્વર	૫—૪૮	૦—૨૩	,,
આજમગઢ	૫—૫૨	૧—૯	,,

ગામ	અંગુલ.દીપળ ભાગ.	મધ્ય રેખાની અંતર ઘડી.	
દરભંગા	૫—૫૩	૧—૩૯	પૂ૦
ગ્વાલીઓર	૫—૫૬	૦— ૨	,,
અજમેર	૫—૫૮	૧—૧૫	,,
કાનપુર	૫—૫૯	૦—૪૨	,,
કૃષ્ણગઢ	૬— ૦	૦—૧૨	,,
ધવલપુર	૬— ૧	૦—૧૬	,,
ગોરખપુર	૬— ૨	૧—૧૧	,,
બેતીઆ	૬— ૨	૧—૨૪	પ૦
અયોધ્યા	૬— ૩	૧— ૪	પૂ૦
જયપુર	૬— ૪	૦— ૧	પ૦
લખનૌર	૬— ૫	૦—૪૯	પૂ૦
આગ્રા	૬—૧૦	૦—૨૩	,,
ભરતપુર	૬—૧૧	૦—૧૭	,,
મથુરાં	૬—૧૫	૦—૧૯	,,
અલવર	૬—૧૬	૦— ૮	પ૦
કાઠમાણ્ડુ	૬—૧૮	૧—૩૨	પૂ૦
બીકાનેર	૬—૨૧	૦—૨૮	પ૦
અલીગઢ	૬—૨૨	૦—૨૧	પુ૦
દિલ્હી	૬—૩૩	૦—૧૪	,,
નવનીતાલ	૬—૪૫	૦—૩૩	,,
કુરૂક્ષેત્ર	૬—૫૬	૦— ૦	,,
હરિદ્વાર	૬—૫૬	૦— ૩	,,
મુલતાન	૬—૫૯	૦—૪૩	પ૦
પટીઆલા	૭— ૧	૦— ૪	પુ૦
સપાટ	૭—૨૪	૦— ૯	,,
લાહોર	૭—૨૩	૦—૧૮	પ૦
અમૃતસર	૭—૨૪	૦—૧૧	,,
ગાડી	૭—૨૪	૦—૧૦	પુ૦
જંમબુ	૭—૪૦	૦—૧૪	પ૦
કાશ્મીર	૮— ૬	૦— ૮	,,
લન્ડન	૧૫— ૫	૧૨-૪૧	,,
વિલાયત	૧૫— ૫	૧૨-૪૧	,,

સ્પષ્ટ લગ્નના માનની સમજ.

वसुद्विनेत्रा (२२८) झषमेषयोश्च गोपंच, पक्षाः (२५९) वृषकुंभयोश्च ॥ षडभ्ररामा (३०६) मिथुनश्च नक्रः सधन्विकर्को गगनाब्धिरामाः॥ (३४०) नंदाग्नीरामा (३३९) अलिसिंहयोश्च वसुद्विरामा (३२८) स्तुलकन्ययोश्च॥ स्वदेशमानं कथितं पुराणै लग्नं सुसाध्यं रवितः सकाशात्॥

અર્થ—મેષને મીથુન રાશીનું માન ૨૨૮ નું છે. વૃષ ને કુંભનું માન ૨૫૯. મીથુન ને મકરનું ૩૦૬. નું કર્ક ને ધનનું ૩૪૦ નું, સીંહ ને વૃશ્ચિકનું ૩૩૯ નું. તેમજ કન્યા ને તુલનું માન ૩૨૮ નું છે. આ ઉદય માનવડે સુર્ય થકી સ્પષ્ટ લગ્ન સાધન કરવું.

લગ્ન સ્પષ્ટ કરવાની સમજ.

तात्कालार्कः सायनः स्वोदयघ्ना भोग्यांशाः खत्र्युद्धृतो भोग्यकालः एवंयातांशैर्भवेद्यातकालो भोग्यः शोध्योऽभीष्टनाडीपलेभ्यः॥ तदनुजहिगृहोदयांश्च शेषं गगनगुणघ्नमशुद्धहृल्लवाद्यं ॥ सहितमजादिग्रहैरशुद्धपूर्वैर्भवतीविलग्नमदोयनांशहीनम् ॥

અર્થ—ઈષ્ટકાળના સુર્યમાં અયનાંશા ભેળવા ત્યારે સાયન સૂર્ય થાય. તેના અંશાદીકને ૩૦ માંથી બાદ કરવા, ત્યારે ભોગ્યાંશા થાય. તે વડે સ્વઉદય રાશીના માનને ત્રણ ઠેકાણે માંડીને ગુણવા. પેહેલી સંખ્યાને (૬૦) સાઠે ભાગવા. શેષાંક અલગા રાખવા. જવાબને બીજી સંખ્યામાં ભેળવવા. તેને ફરી સાઠે ભાગવા, ને શેષાંક અલગા રાખવા તેના જવાબને ત્રીજી સંખ્યામાં ભેળવીને ત્રીસે ભાગવા, લાધે તે પળાદી રવીભોગ્ય કાળ થાય. તેને ઈષ્ટઘટીના પળ કરી તે-

માંથી બાદ કરવા. બાદ કરતાં જે રહે તેમાંથી સાયન સુર્યની રાશીના ક્રમવડે માન બાદ કરતા જવું. પછી ગળાદીકમાંથી જે રાશી ન નિકળે, તેને અશુદ્ધ રાશી એવી સંજ્ઞા કહે છે. તેના માનને બીજી જગ્યાએ માંડી રાખવું. તે માન બાદ કરતાં જે શેષાંક છે તેને ૩૦ એ ગુણવા. રવી ભોગ્ય કાળ શુદ્ધ કરેલ છે તેનું પેહેલું ફળ ભેળવવું ને, અશુદ્ધ રાશીના માનના અંકવડે ભાગ લેવો. લાધે તે અંશ. શેષાંક રહે તેને સાઠે ગુણવા, શુદ્ધ રવી ભોગ્યકાળનું બીજુ ફળ ભેળવવું, તેને વળી અશુદ્ધ રાશીના માનના અંકવડે ભાગવા લાધે તે કળા તેને લબ્ધ અંશ છે તેની નીચે માંડવા. શેષાંકને (૬૦) સાઠે ગુણવા. તેમાં શુદ્ધ રવી ભોગ્ય કાળનું ત્રીજુ ફળ ભેળવવું; ને અશુદ્ધ રાશીના માનવડે ભાગવા. લાધે તે વીકળા. એમ અંશાદી ત્રણ ફળ લેવાં. તેને અશુદ્ધ રાશીના અંકની નીચે માંડવા. પછી તેમાંથી અયનાંશા બાદ કરીએ ત્યારે સ્પષ્ટ લગ્ન થાય.

રવી ભોગ્યકાળથી ઇષ્ટકાળ થોડો હોય ત્યારે લગ્ન સાધનની સમજ.

भोग्यतोऽल्पेष्ट कालात्ख रामा हता ॥ स्वोदयाप्ता शयुक् भास्करःस्यात्तनुः ॥

અર્થ—રવી ભોગ્યકાળથી ઈષ્ટકાળ ઓછો હોય, ત્યારે ઈષ્ટકાળને (૩૦) ત્રીશે ગુણવા, તેને ઉદય રાશીના માનવડે ભાગવા. એમ અંશાદી ત્રણ ફળ લેવા. તેને સાયન સૂર્યમાં ભેળવવા. પછી અયનાંશા બાદ કરીએ ત્યારે સ્પષ્ટ લગ્ન થાય.

લગ્ન ઉપરથી ઇષ્ટકાળ લાવવાની સમજ.

अर्क भोग्यस्तनोर्भुक्त कालान्वितोयुक्तमध्योदयो भीष्ट कालो भवेत् ॥

અર્થ—સૂર્યના ભોગ્યકાળમાં લગ્નનો ભુક્તકાળ ભેળવવો તેનું અંતર કરવું. તે અંતરના જે માન તેને તેમાં ભેળ-

વવા. પછી જે સમુહ અંક થાય તેને (૬૦) સાઠે ભાગવા લાધે તે સ્પષ્ટ ઈષ્ટકાળ જાણવો.

રણુ લગ્ન સમજવાની રીત.

મુગ્નંચ્પસ્તાવિનાઙિતઃ પરિહરેત્સૂર્યસ્યભુક્તાંશકાન્ ॥ તત્પ્રાક્રાશ્યુદયાશ્ચશૂન્યેભવન (૩૦) નિઘ્નં ત્રગુણાત્મકમ્ ॥ શેષંજાસ્કરતઃસ્યજેચ્ચલલવહીનં ।ઢ લગ્નં સ્ટફુ ઙ્વસ્તસ્યાદિવસાવિશેષસમયેયુક્તા ।મષડભાઙ્ગતઃ

મધ્યાનની અંદર જન્મ હોય ત્યારે સદાકાળ ધન લગ્ન વર્તવું.ને મધ્યાન પછી જન્મ હોય તો રૂણુ લગ્ન સાધન કરવું. તેમજ પાછલી રાતનો જન્મ હોય ત્યારે પણ રણુ લગ્ન વર્તવું તેની રીત. સુર્યની રાશીમાં (૬) છ વધારે ભેળવવા, અને મધ્યંરાત્રીગત હોય ત્યારે ઈષ્ટકાળમાંથી દીનમાન શોધવું. તે શોધતાં શેષાંક રહે તે ઉપરથી લગ્ન સાધવું. તેમ મધ્ય રાત્રી પછી જન્મ હોય ત્યારે સૂર્યોદયાન ગત ઘટી (૬૦) સાઠમાં સોધવી. શેષ રહે તે ઘટી પળથી રણુ લગ્ન વર્તવુ (ઘટી પળ વડે તેનું રણુ લગ્ન કરવું) પેહેલાં સ્પષ્ટ સુર્ય માંડવો, ને તેની રાશીમાં છ વધારે ભેળવવાં. તેમાં અયનાંશા ભેળવવા, પછી તેના ભુક્તાંશથી સાયન સૂર્યની રાશીના માનને ત્રણુ ઠેકાણે માંડીને ગુણવા. હેઠળથી સાઠે ભાગ લેવો. લાધે તે ઉપરના ફળમાં ભેળવવું, શેષાંક રહે તે જુદે ઠેકાણે માંડવો એમ બે ફળને સાઠે ભાગ લેવો. ને ત્રીજા ફળને ત્રીશે ભાગ લેવો. લાધે તે અને શેષ રહે તે બે ફળ રાખવાં તેને રવી ભુક્તકાળ કહે છે. પછી ઈષ્ટ કાળના પેહેલા ફળને (૬૦) સાઠ ગણુ કરીને બીજુ ફળ ભેળવીએ, એટલે પળ થાય તેમાંથી રવી ભુક્તકાળ સોધવો. ત્યારે પછી જેટલા પળાદી રહ્યા, તેમાંથી સાયન સૂર્યની રાશીથી અવળા માન સોધવા. જે માન ન નિકળે તે અશુદ્ધ માન જાણવું. પછી શેષાંકને ૩૦ ત્રીસે ગુણી રવી ભુક્ત

કાળનું પેહેલું ફળ ભેળવવું. તેને અશુદ્ધ રાશીના માંને કરીને ભાગવા. લાધે તે અંશ. શેષાંકને સાઠે ગુણી તેમાં રવી ભુક્ત કાળનું બીજુ ફળ ભેળવવું. તેને અશુદ્ધ માને ભાગવા. લાધે તે કળા. વળી શેષાંકને સાઠે ગુણી રવી ભુક્તકાળનું ત્રીજુ ફળ ભેળવવું, ને અશુદ્ધ રાશીના માને ભાગ લેવો. લાધે તે વીકળા. એમ અંશાદી ત્રણ ફળ લેવાં. તે ફળને અશુદ્ધ રાશીમાંથી બાદ કરવાં. તેમાંથી અયનાંસાબાદ કરવા ત્યારે સ્પષ્ટ રણ લગ્ન થાય. આ પ્રકારે રણ લગ્ન વર્તવું.

રાત્રીના ઇષ્ટકાળની સમજ.

सूर्यभाद्भ्रमध्यस्थं सप्तोनंवाब्धि २० निर्हतं ॥
नवभिस्तुहरेद्भागं रात्रेः स्युर्गतनाडिका:॥

અર્થ—સૂર્યના નક્ષત્રથી આકાશમાં જે આપણા માથા ઉપર નક્ષત્ર આવે ત્યાં લગી ગુંણવું. ગુણતાં જે સંખ્યા આવે તેમાંથી સાત બાદ કરવા. બાદ કરતાં જે સંખ્યા રહે તેને વીસે (૨૦) ગુણવા. પછેતેને નવે (૯) ભાગવા. લાધે તે ઘટી ને શેષાંક રહે તે પળ જાણવી.

રાત્રે આકાશમાં જે માથે નક્ષત્ર આવે તે ઉપરથી લગ્ન સમજવાની રીત.

अश्विभेकर्कलग्नंचत्रयोदशलवान्वितं ॥ भरण्यां कर्कलग्नंचचतुर्विंशांशसंयुतम्॥

અર્થ—આકાશમાં મધ્ય ભાગે જે નક્ષત્ર આવે તેના ઉપરથી રાત્રના અંશાદી લગ્ન; નીચે પ્રમાણે જાણવાં. અશ્વની નક્ષત્ર મધ્ય ભાગે આવે ત્યારે કર્ક લગ્ન (૧૩) તેર અંશે જાણવું. તેમ ભરણી નક્ષત્ર મધ્ય ભાગે આવે ત્યારે કર્ક લગ્ન (૨૪) ચોવીસ અંશે જાણવું.

वन्हीभेसिंहलग्नंचनवांशैरन्वितंसदा ॥ रोहिण्यां सिंहलग्नंतुलवाश्चैकोनविंशतिः॥

અર્થ—કૃતીકા નક્ષત્ર મધ્ય ભાગે આવે ત્યારે સિંહ લગ્ન નવ અંશે જાણવું. તેમ રોહીણી નક્ષત્ર માથે આવે ત્યારે સીંહ લગ્ન ૧૯ અંશે જાણવું.

मृगभेकन्यकालग्नमर्धाशश्चप्रकीर्तितम् ॥
रौद्रभेकन्यकालग्नं लवाश्चैवचतुर्दश ॥

અર્થ—મૃગશિર્ષ નક્ષત્ર માથે આવે. ત્યારે કન્યા લગ્ન અર્ધ અંશે જાણવું. તેમજ આરદ્રા નક્ષત્ર માથે આવે ત્યારે કન્યા લગ્ન (૧૪) ચૌદ અંશે જાણવું.

पुनर्वसौतुलालग्नं त्रयोदशाकथिताबुधैः ॥
पुष्यभेतुतुलालग्न मंशाश्चैवचतुर्दशाः ॥

અર્થ—પુનર્વસુ નક્ષત્ર મધ્ય ભાગમાં આવે ત્યારે તુલ લગ્ન ૧૩ અંશે જાણવું. તેમ પુષ્ય નક્ષત્ર માથે આવે ત્યારે ૧૪ અંશે તુલ લગ્ન જાણવું.

आश्लेषायांतुलालग्न मंशाश्चैकोनविंशतिः ।
मघायांवृश्चिकंलग्नं पंचांशाश्चप्रकीर्तिताः ॥

અર્થ—અશ્લેષા નક્ષત્ર માથે આવે, ત્યારે તુલા લગ્ન ૧૯ અંશે સમજવું; તેમજ મઘા નક્ષત્ર આકાશમાં મધ્ય ભાગે આવે ત્યારે વૃશ્ચિક લગ્ન પાંચ અંશે જાણવું.

पूर्वायांवृश्चिकंलग्न मंशाद्वाविंशतिःस्मृता ॥
उफायांवृश्चिकंलग्न मष्टाविंशतिरंशकाः ॥

અર્થ—પૂર્વાફાલગુની નક્ષત્ર માથે આવે ત્યારે વૃશ્ચિક લગ્ન (૨૨) બાવીશ અંશે જાણવું. તેમજ ઉતરા ફાલગુની નક્ષત્ર મધ્ય ભાગમાં માથે આવે ત્યારે વૃશ્ચિક લગ્ન ૨૮ અંશે જાણવું.

हस्तभेचधनुर्लग्नं नवांशाकथिताजनैः ॥
चित्रायांतुधनुर्लग्नं लवाद्वात्रिंशतिःस्मृताः ॥

અર્થ—હસ્ત નક્ષત્ર મધ્ય ભાગમાં આવે ત્યારે નવ અંશે ધન લગ્ન જાણવું. તેમજ ચીત્રા નક્ષત્ર મધ્ય ભાગમાં આવે ત્યારે ૨૨ અંશે ધન લગ્ન જાણવું.

स्वातौमकरलग्नंच चत्वारिंशाउदाहृता:॥

मकरंचाविशाखायां अंशाश्चैवचतुर्दश: ॥

અર્થ—સ્વાતી નક્ષત્ર રાત્રનું મધ્ય ભાગમાં આવે ત્યારે ૪ અંશે મકર લગ્ન જાણવું. તેમજ વીશાખા નક્ષત્ર રાત્રીનું મધ્ય ભાગમાં આવે ત્યારે (૧૪) ચૌદ અંશે મકર લગ્ન જાણવું.

मकरंचनुराधायां द्वाविंशापरिकीर्तितौ॥

ज्येष्ठायांकुंभलग्नंच पंचांशा:परिकीर्तिता:॥

અર્થ—અનુરાધા નક્ષત્ર માથે આવે ત્યારે મકર લગ્ન (૨૨) બાવીસ અંશે જાણવુ; અને જેષ્ઠા માથે આવે ત્યારે પાંચ અંશે કુંભ લગ્ન જાણવું.

मूलभेकुंभलग्नंच पंचविंशतिरंशका: ।

पूषायांमीनलग्नंच तत्रा:पंचदशस्मृता:॥

અર્થ—મૂળ નક્ષત્ર રાત્રીનું માથે આવે ત્યારે કુંભલગ્ન (૨૫) પચીસ અંશે જાણવું. તેમજ પૂર્વા પાઢા નક્ષત્ર માથે આવે ત્યારે મીન લગ્ન (૧૫) પંદર અંશે જાણવું.

उषायांमीनलग्नंच एकविंशतिरंशका:॥

अभिजीत्मीनलग्नंच एकोनत्रिंशदशंका: ॥

અર્થ—ઉતરાષાઢા નક્ષત્ર રાત્રીનું આકાશમાં મધ્ય ભાગે આવે ત્યારે મીન લગ્ન (૨૧) એકવીશ અંશે જાણવું, તેમજ અભિજીત નક્ષત્ર આકાશમાં રાત્રે મધ્ય ભાગે આવે ત્યારે મીન લગ્ન (૨૯) ઓગણત્રીશ અંશે જાણવું

श्रवणेमेषलग्नंच अंशाएकादशस्मृता:॥

धनिष्टामेषलग्नंच चतुर्विंशतिरंशकाः ॥

અર્થ—શ્રવણ નક્ષત્ર મધ્ય રાત્રીનું માથે આવે ત્યારે મેષ લગ્ન (૧૧) અગીઆર અંશે જાણવું. તેમજ ધનીષ્ટા નક્ષત્ર મધ્ય રાત્રે માથે આવે ત્યારે (૨૪) ચોવીશ અંશે મેષ લગ્ન જાણવું.

शतर्क्षेवृषलग्नंच एकोनत्रिंशदंशकाः।

पुभाद्रायांमिथुनंलग्नं पंचांशाःपरिकीर्तिताः ॥

અર્થ—શતભીષા રાત્રીનું માથે આવે ત્યારે વૃષ લગ્ન ૨૯, ઓગણત્રીશ અંશે જાણવું; અને પૂર્વા ભાદ્રપદ નક્ષત્ર માથે આવે ત્યારે મીથુન લગ્ન પાંચ અંશે જાણવું.

उभाद्रायांमैथुनंलग्नं अंशाएकोनात्रिंशतिः।

रेवत्यांकर्कलग्नंच षडंशाःपरिकीर्तिताः ॥

અર્થ—ઉતરા ભાદ્રપદ નક્ષત્ર માથે આવે ત્યારે ૧૯ અંશે મીથુન લગ્ન જાણવું. ને રેવતી રાત્રે માથે આવે ત્યારે કર્ક લગ્ન છ અંશે જાણવું.

रात्रौखमध्यगंयद्भंतस्माल्लग्नानिशाद्भतः ॥

चंद्रशंकरविप्रेण शिष्येच्छयक्ष्योधृतानिच॥

અર્થ—રાત્રીને વિષે જે નક્ષત્ર માથે આવે તે નક્ષત્ર ઉપરથી લગ્નની રાશી, અને અંશો ચંદ્ર શંકર શર્માએ શીષ્યના સુખને અર્થે કર્યા છે.

અથ લંકાના ઉદયમાનની સમજ.

लंकोदयानागतुरंगदस्रागोकाश्विनोरामदृदाविनाड्यः॥ क्रमोत्क्रमस्थाश्चरखंडकैःस्वैः क्रमोत्क्रमस्थौचाविहीन युक्ताः ॥

મેષ, ને મીનનું માન ૨૭૮ જાણવું, વૃષને કુંભનું માન ૨૯૯ મીથુન, ને મકર લગ્નનું ૩૨૩ નું, કર્ક અને ધનનું

માન ૨૩૨, સીંહને વૃશ્ચિકનું માન ૨૯૯ નું; અને કન્યા અને તુલનું માન ૨૭૮ નું જાણવું.

ભાવની સમજ.

સ્પષ્ટ સૂર્યમાં અયનાંશા ભેળી, તેના અંશાદીકને ૩૦ માંથી બાદ કરવા. ત્યારે ભોગ્યાંશા થાય. તેને ઉદય રાશીના માન વડે ગુણીએ. હેઠળથી સાઠે ભાગ લેવો. લાધે તે ઉપર ભેળવા ઉપરના ફળને ૩૦ નો ભાગ લેવો. લાધે તે અને શેષ રહેતે મળીને ત્રણ ફળનો રવી ભોગ્ય કાળ જાણવો. પછી ઈષ્ટ ઘડીનાં પળ કરવા. તે પળમાંથી રવી ભોગ્યકાળ બાદ કરવો. બાદ કરતાં જે શેષાંક રહે તેમાંથી રવોદય રાશીથી જેટલી રાશીના માન બાદ થાય તેટલી રાશીનાં માન બાદ કરવા. જે રાશીનું માન બાદ ન થાય તે માન અશુદ્ધ જાણવું. માન શોધતા શેષાંક રહ્યા તેને ૩૦ ગુણવા. તેમાં ભોગ્ય કાળનું સોધેલુ પેહેલું ફળ ભેળવવું. માન શોધતાં શેષ અશુદ્ધ રાશી રહી છે તેના માનથી ભાગ લેવો લાધે તે જુદુ માંડવું. શેષાંકનો ૬૦ એ ગુણવા. પછી રવી ભોગ્ય કાળનું બીજુ ફળ ભેળવવું અશુદ્ધ માને ભાગ લેવો. લાધે ને જુદુ માંડવું. એ પ્રમાણે અંશાદી ત્રણ ફળ લેવાં, ને ફળને અશુદ્ધ રાશીના આંકની નીચે માંડવું. તેમાંથી અયનાંશા બાદ કરવા, એટલે સ્પષ્ટ ચોથો ભાવ થાય.

નતનો કાળ ન હોય ત્યારે ભાવની સમજ.

मध्यान्हेमध्यरात्रौच नतकालोनदृश्यते ।

तद्गातात्कालिसूर्यस्य सप्तद्रशमाभिधम् ॥

અર્થ—મધ્યાને અને મધ્ય રાતે નતનો અભાવ (નત વર્તાય નહી) ત્યારે સ્પષ્ટ સુર્ય તે દશમો ભાવ અને મધ્ય રાત્રે સૂર્ય તે ચોથો ભાવ જાણવો,

બાર ભાવ ને બાર સંધી કરવાની સમજ.

લગ્નને ચોથા ભાવમાંથી બાદ કરવું. તેના અંત-

રના અંશ કરવા. તે અંશને છએ ભાગવા. લાધે તેને ૬૦ એ ગુણવા. પાછા તેને (૬) છએ ભાગવા લાધે તેને જુદા માંડવા એ પ્રમાણે ચાર ફળ લેવા. તેને લગ્નમાં ભેળવતાં જવું. ત્યારે ભાવ અને સંધી થાય, તે પંડાસને ચાર ભાવ સુધી ભેળવવું. પછી તેને ૩૦ માંથી બાદ કરવા. ચાર ભાવથી છ ભાવના સંધી સુધી ભેળવવું. એટલે પેહેલા ભાવથી છઠા ભાવ સુધી સંધી ભાવ થાય. પેહેલા ભાવના અંકમાં છ રાશી ભેળીએ એટલે સાતમા ભાવ થાય. તેમજ સંધીમાં પણ છ અંક બાર ભાવ સુધી ભેળવતાં જવું; અને અંશાદી પેહેલા ભાવમાં જે હેઠળ માંડેલા હોય તેજ અંશાદી સાતમે ભાવે માંડી દેવા; અને સંધીની નીચે પણ તેજ માંડવા એટલે બાર ભાવ અને બારે ભાવની સંધી થાય.

જન્મ કુંડળી ઉપરથી ચળીત કરવાની સમજ.

જે ગ્રહ ભાવ થકી ઓછો હોય, તે પાછલી સંધીએ જાય, અને પાછલી સંધીથી જો ઓછો હોય તો પાછલે ભાવે જાય. ભાવથી ગ્રહ અધીક હોય તો આગળના ભાવમાં જાય, જે ગ્રહ ભાવથી ઓછો હોય, તે સંધીથી વધારે હોય; તો તેજ ભાવે ગ્રહ રહે. જે ગ્રહ ભાવથી અધીક હોય ને સંધીથી ઓછો હોય; તો તેજ ભાવે ગ્રહ રહે. એ પ્રમાણે સર્વે ગ્રહને ચળાવીએ. જે ગ્રહ ભાવે રહ્યો હોય, ને ભાવની રાશી, અંશકળા, વીકળા સરખા હોય; તો પૂર્ણ વિશ્વાસનો ભાવ જાણવો; અને જો ગ્રહ સંધીમાં રહ્યો હોય તો ન્યુન ફળ જાણવું. તે ફળ (૧૫) પંદર વિશ્વાનું જાણવું. એ પ્રમાણે ભાવ, ને સંધીથી ચળીત કરવું. જન્મ કુંડળીની અંદરથી જે ગ્રહ ચળેલો હોય (એટલે બીજે ભાવે ગયો હોય) તે અર્ધ ફળ આપે.

સપ્તવર્ગ કરવાની સમજ.

હોરાની સમજ. જે ગ્રહની હોરા કરવી હોય, તે ગ્રહની રાશી વીષમ એટલે એકી રાશી હોય; તેમ પંદર અંશની અંદર હોય; તો પેહેલી સૂર્યની હોરા જાણવી. એકી હોય, ને પંદર અંશની અંદર હોય તો પેહેલી ચંદ્રની હોરા થાય, ને પંદર અંશ ઉપર હોય તો વિપરીત એટલે અવળું જાણવું. આ પ્રમાણે જન્મ પત્રીકાને વીશે હોરા કુંડળી કરવી. **હોરા**—એક રાશીના બેભાગને હોરા કહે છે. જેનોપ્રત્યેક ભાગ ૧૫ અંશનો કહેવાય છે.

દ્રષ્કાણની સમજ.

એક રાશીના ત્રણ ભાગને દ્રષ્કાણ કહે છે; અને તે પ્રત્યેક દશ દશ અંશનો કહેવાય છે. જે ગ્રહનો દ્રષ્કાણ કરવો હોય, તે ગ્રહ પેહેલા દશ અંશની અંદર હોય તો જે રાશીનો ગ્રહ હોય તેજ રાશીનો સ્વામી માંડીએ. દશ અંશ ઉપરાંત ગ્રહ હોય, ને વીસ અંશની અંદર હોય તો જે રાશીનો ગ્રહ હોય તે રાશીથી પાંચમી રાશીનો સ્વામી માંડીએ. વીસ અંશ ઉપર; ને ત્રીશ અંશની અંદર જે ગ્રહ હોય, તે ગ્રહની રાશીથી નવમી રાશીનો સ્વામી માંડીએ, તે પ્રમાણે સર્વ દ્રષ્કાણ કુંડળી કરવી.

સપ્તમાંસના કોઠા.

૧	૨	૩	૪	૫	૬	૭
૪	૮	૧૨	૧૭	૨૧	૨૫	૩૦
૧૭	૩૪	૫૧	૮	૨૫	૪૨	૦

જે ગ્રહનો સપ્તમાંસ કરવો હોય તે ગ્રહ ઉપર રાશી એકી હોય તો તેજ રાશી રાખીએ; અને જે ગ્રહ સપ્તમાં-

શમાં આવે ત્યાં સુધી ગણીને માંડીએ. આ પ્રમાણે સપ્ત-માંશ કુંડળી કરવી.

નવ માસની સમજ.

નવમાસમાં મેષાદીક ચાર રાશીના ક્રમથી જે વીભાગ છે તેની સમજ—મેષ,સીંહ, અને ધન તેને મેષ વિભાગ કહેછે. તેમજ વૃષ, કન્યા, અને મકર, તેમને મકર વિભાગ કહે છે. મિથુન, કુંભ, ને તુલ તેનું નામ તુલ વિભાગ. વૃશ્ચિક, મીન અને કર્ક તેમને કર્ક વિભાગ કહેછે. **નવમાસનીસમજ.** જે ગ્રહનું નવમાસ કરવું હોય, તે ગ્રહની રાશી જોવી, કે કીયા વિભાગમાં છે. પછી તેના અંશાદી જોવા કે કીયા નવમાસમાં છે. જે રાશીના વિભાગમાં હોય, તે વિભાગની રાશીથી જે નવમાસના અંશમાં ગ્રહ હોય ત્યાં સુધી ગણવું. ગણતાં જે રાશી આવે તેમાં ગ્રહ માંડવો. **નવમાસના અંશની સમજ** એક રાશીનો નવમો ભાંગ તેને નવમાસ કહે છે. એક રાશીના ત્રીશ અંશ કહેવાય છે; અને ત્રીશ અંશનો નવમો ભાગ ૩—૨૦ નો એક ભાગ થાય છે. તે પ્રમાણે નવે ભાગનું કોષ્ટક આ નીચે મુજબ જાણવું.

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૩	૬	૧૦	૧૩	૧૬	૨૦	૨૩	૨૬	૩૦
૨૦	૪૦	૦	૨૦	૪૦	૦	૨૦	૪૦	૦

અથ દ્વાદશાંશની સમજ.

એક રાશીના ત્રીસ અંશ, અને ૩૦ અંશનો બારમો ભાગ (૨—૩૦) તેને દ્વાદશાંશ કહે છે. તેનો કોઠો આ નીચેના કોષ્ટક ઉપરથી જાણવો. જે ગ્રહનું દ્વાદશાંશ કરવું હોય, તે ગ્રહના અંશાદી જોવા; કે કીયાં દ્વાદશાંશમાં છે. પછી ગ્રહની રાશીથી જે દ્વાદશાંશમાં ગ્રહ આવે, તે ગ્રહની

રાશીમાં લગ્નાદી સર્વે ગ્રહ અનુક્રમે માંડીએ ત્યારે દ્વાદશાંશ કુડળી થાય.

આ દ્વાદશાંશનો કોઠો છે.

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૨ ૩૦	૫ ૦	૭ ૩૦	૧૦ ૦	૧૨ ૩૦	૧૫ ૦	૧૭ ૩૦	૨૦ ૦	૨૨ ૩૦	૨૫ ૦	૨૭ ૩૦	૩૦ ૦

અથ ત્રીશાંશની સમજ.

જે ગ્રહનો ત્રીશાંશ કરવો હોય, તે ગ્રહની રાશી જોવી, જો એકી રાશી હોય, તો મંગળ, શની, ગુરૂ, બુધ અને શુક્ર, એના અંશથી લગ્ન આદી દઈને નવ ગ્રહ માંડવા, જો સમરાશી હોય તો, શુક્ર, બુધ, ગુરૂ, શની, ને મંગળ, એ લગ્ન, અને ગ્રહ ત્રીશાંશ કુંડળીમાં માંડવા. આ પ્રમાણે ત્રીશાંશ કુંડળી કરવી.

મે.	કું.	ધ.	મિ.	તુ.	વિષમ.
મં.	શ.	ગુ.	બુ.	શુ.	ગ્રહ.
૫	૫	૮	૭	૫	અંશ.

વૃ.	ક.	મી.	મે.	વૃ.	સમ.
શુ.	બુ.	ગુ.	શ.	મ.	ગ્રહ.
૫	૫	૮	૫	૫	અંશ.

મત્રી ચક્રની સમજ.

મૈત્રી ચક્રના ૭ કોઠા ઉભા કરવા, અને નવ કોઠા આડા કરવા. આડા કોઠાના છેલા કોઠા ઉપર અતી મીત્ર, મિત્ર, સમ, શત્રુ, અતી શત્રુ; એમ અનુક્રમે માંડવા, પછી જન્મ કુંડળી ઉપરથી મૈત્રી ચક્ર કરવું, જન્મ કુંડળીની અંદર જે સ્થાન કે ગ્રહ હોય, તે ઉપરથી મૈત્રી ચક્રના

અંકો ૨-૩-૪-૧૦-૧૧-૧૨ આ અંકના જે સ્થાનકો છે, તેમાં જો ગ્રહ આવ્યો હોય તો, ગ્રહ ચડીને આગલે સ્થાને જાય; અને મૈત્રી ચક્રના ભાવ ૧-૫-૭-૮-૯-૬ એ સ્થાનકની અંદર જે ગ્રહ હોય, તે ગ્રહ હેઠળ ઉતરે (એટલે પાછળને ભાવે જાય.

મૈત્રી ચક્રના કોઠા.

સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.	ગ્રહ.	ચડે	ઉતરે.
૦	૦	૦	૦	૦	૦	૦	૦	અતી મીત્ર.	૨ ૩	૧ ૫
ચં. મં. ગુ.	સૂ. બુ.	ર. ચં. ગુ.	સૂ. રા. શુ.	સૂ. ચં. મં.	બુ. શ. રા.	શુ. રા. બુ.	શુ બુ. શ.	મીત્ર	૪ ૧૦	૭ ૮
બુ.	મં. ગુ. શુ. શ.	શુ. શ.	મં. ગુ. શ.	શ. રા.	મં. ગુ.	ગુ.	ગુ.	સમ	૧૧ ૧૨	૯ ૬
શ. રા. શુ.	રા.	રા. બુ.	ચં.	શુ. બુ.	સૂ. ચં.	સૂ. ચં. મં.	ર. ચં. મં.	શત્રુ	સ્થાનક.	
૦	૦	૦	૦	૦	૦	૦	૦	અતી શત્રુ.		

સપ્ત વર્ગ કરવાની સમજ.

જન્મકુંડળી, હોરા, દ્રેષ્કાણુ, સપ્તાંશ, નવ માંશ, દ્વાદશાંશ, અને ત્રીશાંસ, એ સાત વર્ગ છે, તે કરવાની સમજ. નવ કોઠા ઉભા કરવા, ને નવ કોઠા આડા કરવા.

છેલ્લા ઉભા કોઠામાં સાત વર્ગનાં નામ અનુક્રમે માંડવાં. જન્મકુંડળીમાં જેજે રાશીના ગ્રહ હોય તે તે રાશીના ગ્રહના ઘરમાં મૈત્રી ચક્રમાં જોવું. કે સ્વગ્રહી, અતીમીત્ર, મીત્ર, સમ, શત્રુ, અતીશત્રુ, સૌમ્ય, કે ક્રુર જોઈને સૌ સૌના ગ્રહના કોઠામાં માંડવા. પછી તેમાં સ્વગ્રહીઆદી લઈને બળ માંડવું. તે બળ નીચેના કોઠામાંથી જોઈને સમ વર્ગમાં બળ લખવું.

બળાબળ યંત્ર

સ્વગ્રહી	અતીમીત્ર	મીત્ર	સમ	શત્રુ	અતીશત્રુ
૩૦ ૦	૨૨ ૩૦	૧૫ ૦	૭ ૩૦	૩ ૪૫	૧ ૪૫

દ્રષ્ટી વર્તવાની રીત.

એક આદી લઈને નવ પર્યંત દ્રષ્ટી જાણવી. જે ગ્રહ ન દેખતો હોય તેમાંથી દેખતો ગ્રહ બાદ કરવો, તેના અંશાદી કરીને સંસ્કાર દેવો, તેમ લગ્ન માંડીને નવગ્રહ તથા દ્વાદશ ભાવની દ્રષ્ટી વર્તવી. જ્યારે સૂર્યની દ્રષ્ટી વર્તવી હોય ત્યારે સૂર્ય અદ્રસ્ય થયો, ને બીજા ગ્રહ દશ્ય થયા, એમ જાણવું. તેમજ ભાવની દ્રષ્ટી વર્તવી હોય ત્યારે ભાવ અદ્રસ્ય, અને બીજા સર્વ ગ્રહ દ્રસ્ય થાય, તેને ગ્રહમાંથી અથવા ભાવમાંથી કાઢી નાખવા; બાકી જે રાશ્યાદી રહે તેને સંસ્કાર યંત્રથી જોઈને દેવો, જે પ્રમાણે હોય તેજ મુજબ ગ્રહ તથા ભાવને સંસ્કાર દેવો અને રાશીની જગ્યાએ સર્વદા પૂર્ણ આવે. એ પ્રમાણે દ્રષ્ટી વર્તવી.

દ્રષ્ટી વર્તવાની સમજનો કોઠો.

૧ શેષાંક ૧ એક રહે તો બીજા ગ્રહને અંશાદીકનું અ-

ર્ધ કરવું, અને શનીને એક રહે તો અંશાદી બે ગણું કરવું, તે દ્રષ્ટિ.

૨ શેષાંક ૨ બે રહે તો બીજા સર્વે ગ્રહને અંશમાં ૧૫ જોડવા. મંગળને ૨ બે શેષાંક રહે તો અંશાદીક ડોઢું કરી ૧૫ જોડવા. તેમજ શનીશ્ચરને ૨ બે શેષાંક રહે તો અંશાદીકનું અર્ધ કરી ને ૬૦ માં પાડવા તે દ્રષ્ટી.

૩ શેષાંક ૩ ત્રણ રહે તો અંશાદીકનું અર્ધકરી ૪૫ માં પાડવા. મંગળને ૩ શેષાંક રહેતો અંશાદિકને ૬૦ માં પાડવા. ગુરૂને ૩ શેષાંક રહેતો અંશાદિકનું અર્ધ કરી ૪૫ માંહે ભેળીએ, ત્યારે દ્રષ્ટી થાય.

૪ શેષાંક ૪ રહે તો અંશાદીક ૩૦ માં પાડવા. અને ગુરૂને શેષાંક ૪ હોય તો અંશાદીક બમણું કરી સાઠમાં પાડવા. તે દ્રષ્ટી.

૫ શેષાંક ૫ રહે તો સર્વે ગ્રહના અંશાદીને બેગણું કરવુ તે દ્રષ્ટી.

૬ શેષાંક ૬ હોય તો અંશનુ અર્ધ કરી ૬૦ માં પાડવા, અને મંગળને માથે ૬ હોય તો ૬૦ કળાનું ૩૫ લખવું. એટલે અંશને ઠેકાણે ૧ નો અંક લખવો.

૭ શેષાંક ૭ રહે તો, અંશનું અર્ધ કરી ૪૫ માં પાડીએ ગુરૂને ૭ હોયતો લવાર્ધ કરી ૪૫ માં જોડીએ, ને મંગળને ૭ હોય તો અંશાદીક ૬૦ માં પાડીએ. તે દ્રષ્ટી.

૮ શેષાંક ૮ રહેતો અંશાર્ધ કરી ૩૦ માં પાડવા. ગુરૂને શેષાંક ૮ હોય તો અંશાદીક દોઢુ કરી સાઠમાં પાડવા. શનીશ્ચરને ૮ હોય તો અંશાદીમાં ૩૦ જોડીએ તે દ્રષ્ટી.

૯ શેષાંક ૮ રહેતો અંશાર્ધ કરી ૩૦ માં પાડવા, ગુરૂને શેષાંક ૮ હોય તો અંશાદીક દોઢુ કરી ૬૦ માં પાડવા. શનીશ્ચરને ૮ હોય તો અંશાદીમાં ૩૦ જોડીએ, તે દ્રષ્ટી.

બાર ભાવની કુંડળી કરવાની સમજ.

લગ્ન આદી દષ્ટને બાર ભાવની કુંડળી કરવી. તે અવળા અનુક્રમથી આંકડા ગોઠવવા; તેમાં રવ્યાદી ગ્રહોને ચલિત કુંડળીમાં માંડવા. પછી પેહેલો ભાવ તે પછી બીજો ભાવ. એમ અનુક્રમે બારે ભાવ માંડવા. દ્રષ્ટાંત; જેમ બીજો ભાવ માંડવો હોય ત્યારે પેહેલા ભાવની જગ્યાએ બીજો ભાવ માંડવો; અને પેહેલા ભાવના ક્રમ પ્રમાણે દ્વાદશ ભાવ માંડવા,

આરોહ અવરોહ કરવાની સમજ

જ્યારે ભાવથી ગ્રહ ઓછો હોય ત્યારે આરોહ ફળ જાણવું, અને ભાવથી ગ્રહ વધારે હોય તો અવરોહ ફળ જાણવું. આરોહ અને અવરોહ ફળ તે સંધી ભાવથી જાણવું. આરોહ ઉત્તમ ફળ જાણવું અને અવરોહ મધ્યમ ફળ જાણવું. ગ્રહ અને સંધીનો અંતર કરવો. તેની વીકળા કરવી. તે વિકળાને ૨૦ ગુણવા. ભાવ, ને સંધીનો અંતર કરવો. તેની વિકળા કરીને ગ્રહ સંધીના અંતરને ભાગ લેવો. એમ ત્રણ ફળ લેવા. તેને આરોહ અવરોહ કહે છે. તેને ત્રણે ભાગ લેવો ત્યારે વિંશોપકા થાય.

ઉચ્ચ રશ્મીનો સમજ.

જે ગ્રહની ઉચ્ચ રશ્મી કરવી હોય તેને તેના નીચ ગ્રહમાંથી બાદ કરવા. રાશીને ઠેકાણે શેષ ૬ થી વધારે હોય ત્યારે શેષાંકને બારમાંથી બાદ કરવા. શેષ ૬ થી વધારે ન હોય તો બારમાંથી બાદ ન કરવા, અને અંશાદીકને બેગુણા કરી એક રાશીની જગ્યાએ ભેળીએ ત્યારે ઉચ્ચ રશ્મિ થાય. આ પ્રમાણે સર્વ ગ્રહની ઉચ્ચ રશ્મિ કરવી. નિંચ, ને ઉચ્ચનો કોઠો સંજ્ઞા પ્રકરણમાં લખ્યો છે ત્યાંથી જોવું.

સર્વતો ભદ્ર ચક્ર કરવાની સમજ.

સર્વતો ભદ્ર ચક્રમાં નવ કોઠા આડા કરવા, ને નવ કોઠા ઉભા કરવા. તેની અશ્વનીથી સત્યાવીશ નક્ષત્ર નંદાદી તીથી ને આદી દઈને શ્વેરા માંડવા. તેની રીત હેઠળ કોઠાથી જાણવી.

સર્વતો ભદ્ર ચક્રના કોઠા.

અ	કૃ	રો	મૃ	આ	પુ	પૂ	અ	આ
મ.	ઉ	અ	વ	ક	હ	ડ	ઉ	મ
અ	લ	લૃ	વ	મિ	ક	નૂ	મ	પૂ
રે	ચ	મે	ઉ	નં	ઊ	સિં	ટ	ઉ
ઉ	દ	મી	રિ	પુ	મ	ક	પ	હ
પુ	સ	કું	અ	જ	અં	તુ	ર	ચી
સ	ગ	ઐ	મ	ધ	વૃ	એ	ત	સ્વા
ધ	ઋ	અ	જ	ભ	પ	ન	ઋ	વી
ઈ	શ્ર	અ	ઉ	પુ	મૂ	જ્યે	અ	ઈ

સર્વતો ભદ્ર ચક્રની અંદર વેધની સમજ

એક ગ્રહનો વેધ હોય તો યુદ્ધ થાય. બે વેધ હોયતો ધનનો નાશ કરે. ત્રણ વેધે રોગનો નાશ થાય, અને ચાર વેધ હોય તો મૃત્યુ થાય. જો ક્રુર ગ્રહનો વેધ હોય તોપણ અનુક્રમે પુરૂષને ઉદ્વેગ, હાની, રોગ, મૃત્યુ થાય, અને નક્ષત્ર વેધ હોય તો ભ્રમણ થાય. અક્ષર વેધ હોય તો હાની થાય. સ્વર વેધ હોય તો વ્યાધી થાય. રાશી વેધે મો-

હોટું વીઘ્ન થાય. પાંચ વેધ હોય તો જીવે નહી. સુર્યનો વેધ હોય તો મનને ઉતાપ થાય. મંગળનો વેધ હોય તો ધનની હાની કરે. શનીનો વેધ હોય તો રોગ પીડા થાય. રાહુ, ને કેતુનો વેધ હોય તો મહા વીઘ્ન થાય. ચંદ્રવેધ હોય તો મનુષ્યને શ્રેષ્ટ ફળની પ્રાપ્તી કરે. શુક્ર વેધ હોય તો સ્ત્રીની પ્રાપ્તી કરે. બુધ વેધ હોય તો પ્રસીદ્ધ સારા માણસમાં માન મળે; અને ગુરૂનો વેધ હોય તો સર્વ કાર્યની સીધી કરે. એ પ્રમાણે સર્વ તો ભદ્રને વીશે વેધથી ફળ જોવું.

સુર્ય કાળા નળ ચક્રની સમજ.

સૂર્ય કાલા નળ ચક્રને વીશે ત્રણ રેખા ઉભી કરવી; અને ઉભી ત્રણ રેખાને માથે એક એક રેખામાં ત્રણ ત્રણ રેખા કરવી; ચાર રેખા આડી કરવી. બબ્બે રેખા ખુણાની અંદર આડી કરવી. તેમાં મધ્ય રેખાની હેઠળથી અશ્વનીથી માંડીને રેવતી સુધી અવળે ક્રમે નક્ષત્ર માંડવાં અને તેના ઉપરથી વેધ જોવો. **વેધની સમજ.** જન્મના નક્ષત્રથી ચાલુ ગ્રહના નક્ષત્ર એક લીટીના અંદર આવે, ત્યારે ચાલુ નક્ષત્રનાં ગ્રહે વેધ ઉત્પન્ન કર્યો, એમ સમજવું. ત્રણ ત્રણ નક્ષત્રના ક્રમ વડે ચીંતા, વધ, બંધન જાણવું. અને શૃંગના બે નક્ષત્રથી ભંગ જાણવું. ત્રીસુલના નક્ષત્રથી મૃત્યુની કલ્પના કરવી. બાકી જે શેષ નક્ષત્ર રહ્યા તેથી જય, લાભ, ઇચ્છીત પદાર્થની સીદ્ધી વીવીધ પ્રકારે જાણવી. એ પ્રમાણે સૂર્ય કાળા નળ ચક્ર જાણવું.

ચંદ્ર કાળા નળ ચક્રની સમજ

સૂર્યકાળાનળ ચક્રમાં કંપાસથી ગોળાકાર ચક્ર કરવું. તેની અંદર ચાર દીશામાં ચાર રેખા કરવી. તે પ્રત્યેક રેખાને અંતે ત્રીશુલા જેવી ત્રણ ત્રણ રેખા કરવી, અને ચાર રેખા ચાર ખુણાને વીશે કરવી, તેના ઉપર

ત્રીશુલના મધ્ય ભાગથી અશ્વનીઆદી દઈને અઠાવીશ નક્ષત્ર માંડવાં, અને તેના ઉપરથી રણ, પ્રયાણ, અને શુભ ફળ સમજવું.

અર્ધ ચંદ્રકાર ચક્ર કરવાની સમજ.

પેહેલાં અર્ધ ચંદ્રકારનું ચક્ર કરવુ, અને તેના મધ્યમાં ત્રણ નક્ષત્ર દેવાં; ત્રણ શ્રંગે દેવાં; ત્રણ શ્રંગ ની મધ્યની અંદર દેવાં; ત્રણ મધ્યે દેવાં, ત્રણ મધ્ય, ને શ્રંગની અંદર દેવાં; અને ત્રણ શ્રંગે દેવાં; એ નક્ષત્રનું ફળ. મધ્ય નક્ષત્રના ક્રમથી અશુભ, ને શુભ જાણવુ.

ષટ્ નક્ષત્ર ચક્રની સમજ.

પ્રથમ-જન્મભં (૧) ઉત્તરા નક્ષત્રથી દશ નક્ષત્ર સુધી જન્મભં સંજ્ઞા જાણવી. કર્મભં (૨) ઉત્તરા ષાઢાથી ૭ નક્ષત્ર સુધી કર્મભં સંજ્ઞા જાણવી. સંઘાતીક (૩) રેવતીથી બે નક્ષત્ર સુધી સંઘાતીક સંજ્ઞા જાણવી. સમુદાય-(૪) ભરણીથી ૭ નક્ષત્ર સુધી સમુદાય સંજ્ઞા જાણવી. વિનાશભં (૫) પૂનર્વસુથી બે નક્ષત્ર સુધી વિનાશભ સંજ્ઞા જાણવી. માનસ (૬) અશ્લેષાથી ૭ રાશી સુધી માનસ સંજ્ઞા જાણવી. તેના ફળની સમજ પેહેલા દશથી સોળ સુધી ભાઈઓની પીડા જાણવી. સોળથી અઢાર સુધી શરીરે પીડા, ને નોકર તથા ધનની હાની કરે. મતસમાં મનને ઉત્પાત કરાવે, વીનાશમાં મૃત્યુને ઉપજાવે. એ પ્રમાણે જેવું નામ તેવું ફળ આપે

સંક્રાંતીનાચક્રની સમજ.

સંક્રાંતી ચક્રને વિશે ૭ ખુણાનું ચક્ર કરવું. તેના ખુણાને વીશે ૩ પંથા ૬ ભોગા ૩ વ્યથા ૬ વસ્ત્ર ૩ હાની ૬ વીપુલધન. એ પ્રમાણે અવળે ક્રમે માંડવા. તેનું જેવું નામ તેવુંફળ આપે.

યમદ્રંષ્ટ્ર ચક્રની સમજ.

પેહેલાં સર્પાકૃતીનું વર્તુલાકાર ચક્ર કરવું તેની અંદર પેહેલાં નવ નક્ષત્ર ઉપર દેવાં, નવ આડા દેવાં, અને નવ હેઠળ દેવાં, એ પ્રમાણે યમદંષ્ટ્ર ચક્ર કરવું.

ત્રીનાડી ચક્રની સમજ.

ત્રીનાડી ચક્ર સર્પની આકૃતીનું કરવું. તેમાં આરદ્રાથી ત્રણ ત્રણ નક્ષત્રો દેવાં. છેવટ મૃગશીર્ષ નક્ષત્ર આવે તેના ફળની સમજ. જન્મ નક્ષત્રથી એક નાડીની અંદર જો રવી હોય તો તે રવીનું નક્ષત્ર જ્યાં સુધી રહે ત્યાં સુધી પીડા ભોગવે. રોગીના જન્મ નક્ષત્ર એક નાડીમાં જ્યારે આવે, ને જન્મ નક્ષત્રમાં રવી ચંદ્ર, હોય તો મૃત્યુ ઉપજાવે. બી ૭ બાકીની નાડીઓ શ્રેષ્ટ જાણવી.

સુર્ય સ્વરૂપની સમજ.

સુર્ય પુરષાકર ચક્રમાં સુર્યની મૂર્તિ કરવી. પછી તેને જન્મના નક્ષત્રથી શરીરના ભાગને વીશે **નક્ષત્રો દેવા તેની સમજ.** ત્રણ નક્ષત્ર માથે દેવાં, તેથી રાજાથી લાભ થાય. આઠ નક્ષત્ર ખભે દેવાં, તે નક્ષત્ર પરદેશ મોકલાવે. આઠ મુખે દેવાં તે નીરધન કરે. પાંચ હૃદયે દેવાં તે. લક્ષ્મીની પ્રાપ્તી કરે. ત્રણ વકે દેવાં, તે નાના પ્રકારનાં વાહનાદીની પ્રાપ્તી કરે. એ પ્રમાણે સૂર્ય પુરૂષાકાર ચક્ર કરવું.

ચંદ્ર પુરૂષાકારની સમજ.

ચંદ્ર પુરૂષાકાર ચક્ર કરવું. તેના અંગના વિભાગમાં ચંદ્રના નક્ષત્રથી સૂર્ય નક્ષત્ર સુધી ગણવું. **તે નક્ષત્ર દેવાની સમજ.** પાંચ નક્ષત્ર માથે દેવાં, તે સુખને આપે. ત્રણ મુખે દેવાં, તે લાભને આપે. સાત હૃદયે દેવાં. તે ઘણાક સુખને આપે. પાંચ નાભીએ દેવાં—બે નક્ષત્ર પગે દેવાં, તે સુખને આપે.

ભૌમ પુરૂષાકાર ચક્રની સમજ.

ભૌમનુ પુરૂષાકાર ચક્ર કરવું. **તેના અંગ વીભાગે નક્ષત્ર દેવાની સમજ.** માથે ત્રણ નક્ષત્ર દેવાં ડાબે હાથે ચાર. પગે દશ. ત્રણ હાથે દેવાં. બે હ્રદયે, ને પાંચ વક્રે દેવાં. તેનું ફળ ભય, પીડા, સુખ એઅનુક્રમે ફળ જાણવું.

બુધ પુરૂષાકાર ચક્રની સમજ.

બુધ પુરૂષાકાર ચક્ર કરવું. **તેના અંગના વિભાગે નક્ષત્ર દેવાની સમજ.** કંઠે ત્રણ નક્ષત્ર દેવાં ત્રણ માથે. આઠ પગે. બે ગુહ્યે. પાંચ કેડે અને છ નક્ષત્ર ભુજાએ દેવાં. તેનું ફળ ધન, સુખ, ને લાભ. એ પ્રમાણે અનુક્રમે ફળ જાણવું.

ગુરૂ પુરૂષાકાર ચક્રની સમજ.

ગુરૂના પુરૂષાકાર ચક્રને વિશે અંગ વિભાગે નક્ષત્ર દેવાની સમજ—ચાર નક્ષત્ર માથે દેવાં, તે રાજ્યને આપે. બે ખભાના મૂળમાં દેવાં, તેથી લક્ષ્મી મળે. એક કંઠે દેવું. પાંચ ગુહ્ય સ્થાને પાંચ ત્રક્ષસ સ્થાને; અને છ છ નક્ષત્ર બળે ખભે દેવાં. એ પ્રમાણે ગુરૂ પુરૂષાકાર ચક્ર કરવું.

શુક્ર પુરૂષકાર નક્ષત્રની સમજ.

શુક્રના પુરૂષાકાર નક્ષત્રને વિશે અંગ વિભાગે નક્ષત્ર દેવાની સમજ—૩ કંઠે. આઠ પગે. ૫ કેડે. ૬ હાથે ૩ ઉરૂએ બે ગુદાએ દેવા. એ પ્રમાણે જન્મના નક્ષત્રથી નક્ષત્ર દેવાં.

શની પુરૂષાકાર નક્ષત્રની સમજ.

શની પુરૂષાકાર ચક્રને વિશે અંગ વિભાગે નક્ષત્ર દેવાની સમજ—૪ નેત્રે. ૫ હ્રદયે. ૪ ડાબે હાથે ૪ જમણે હાથે. ૩ જમણે પગે. ૩ ડાબે પગે. ૨ નાભીએ એ પ્રમાણે શની પુરૂષાકાર નક્ષત્રમાં જન્મના નક્ષત્રથી નક્ષત્ર દેવાં.

રાહુ પુરૂષાકાર ચક્રની સમજ.

રાહુના પુરૂષાકાર ચક્રને વીશે અંગ વિભાગે નક્ષત્ર દેવાની સમજ—૭ પગે. ૫ જમણે હાથે. ૩ માથે. ૫ ડાબે હાથે. ૧ નાભીએ. ૩ ગુહ્યે. ૩ પેડુએ. એ પ્રમાણે જન્મ નક્ષત્રથી નક્ષત્ર દેવાં.

કેતુ પુરૂષાકાર ચક્રની સમજ.

૫ માથે. ૨ મોહે. ૫ કાને. ૨ છાતીએ. ૪ હાથે. ૫ નહાયે. ૪ પેડુએ દેવાં. એ પ્રમાણે જન્મના નક્ષત્રથી નક્ષત્ર દેવાં.

રેખાષ્ટક કરવાની સમજ

જે ગ્રહના રેખાષ્ટક કરવાના હોય તે ગ્રહને જન્મ કુંડળીમાં જોવા. જે ભાવે હોય તે ભાવનો આંક કોઠામાં છે તે જોઇને માંડવો. તે પ્રમાણે પ્રત્યેક ગ્રહથી જેટલે ભાવે ગ્રહ હોય તેને કોઠામાં જોઇ માંડવાં.

અથ રેખાષ્ટકના કોઠા.

સૂર્ય રેખાષ્ટક ૧

સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	લ.
૧	૩	૧	૩	૫	૬	૧	૩
૨	૬	૨	૫	૬	૭	૨	૪
૪	૧૦	૪	૬	૯	૧૨	૪	૬
૭	૧૧	૭	૯	૧૧		૭	૧૦
૮		૮	૧૦			૮	૧૧
૯		૯	૧૧			૯	૧૨
૧૦		૧૦	૧૨			૧૦	
૧૧		૧૧				૧૧	
૦							

ચન્દ્ર રેખાષ્ટક. ૨

સુ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	લ.
૩	૧	૨	૧	૧	૩	૩	૩
૬	૩	૩	૩	૪	૪	૫	૬
૭	૬	૫	૪	૭	૫	૬	૧૦
૮	૭	૬	૫	૮	૭	૧૧	૧૧
૧૦	૧૦	૯	૭	૧૦	૯		
૧૧	૧૧	૧૦	૮	૧૧	૧૦		
		૧૧	૧૦	૧૨	૧૧		
			૧૧				
			૧૨				

ભૌમ રેખાષ્ટક. ૩

સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	લ.
૩	૩	૧	૩	૬	૬	૧	૧
૫	૬	૨	૫	૧૦	૮	૪	૩
૬	૧૧	૪	૬	૧૧	૧૧	૭	૬
૧૦		૭	૧૧	૧૨	૧૨	૮	૧૦
૧૧		૮				૯	૧૧
		૧૦				૧૦	
		૧૧				૧૧	

બુધ રેખાષ્ટક. ૪

સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	લ.
૫	૨	૧	૧	૬	૨	૧	૧
૬	૪	૨	૨	૮	૩	૨	૨
૯	૬	૪	૩	૧૧	૪	૪	૪
૧૧	૮	૭	૫	૧૨	૫	૭	૬
૧૨	૧૦	૮	૬		૮	૮	૮
	૧૧	૯	૯		૯	૯	૧૦
		૧૦	૧૦		૧૧	૧૦	૧૧
		૧૧	૧૧			૧૧	
			૧૨				

ગુરૂ રેખાષ્ટક. ૫

સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	લ.
૧	૨	૧	૧	૧	૨	૨	૧
૨	૫	૨	૨	૨	૫	૩	૨
૩	૭	૪	૪	૩	૬	૬	૪
૪	૯	૭	૫	૪	૯	૧૨	૫
૭	૧૧	૮	૮	૭	૧૦		૬
૮		૧૦	૯	૮	૧૧		૭
૯		૧૧	૧૦	૧૦			૯
૧૦			૧૧	૧૧			૧૦
૧૧							૧૨

શુક્ર રેખાષ્ટક. ૬

સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	લ.
૮	૧	૩	૩	૫	૧	૩	૧
૧૧	૨	૫	૫	૮	૨	૪	૨
૧૨	૩	૬	૬	૯	૩	૫	૩
	૪	૯	૯	૧૦	૪	૮	૪
	૫	૧૧	૧૧	૧૧	૫	૯	૫
	૮	૧૨			૯	૧૦	૮
	૯				૧૦	૧૧	૯
	૧૧				૧૧		૧૧
	૧૨						

શની રેખાષ્ટક. ૭

સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	લ.
૧	૩	૩	૬	૫	૬	૩	૧
૨	૬	૫	૮	૬	૧૧	૫	૩
૪	૧૧	૬	૯	૧૧	૧૨	૬	૪
૭		૧૦	૧૦	૧૨		૧૧	૬
૮		૧૧	૧૧				૧૦
૧૦		૧૨	૧૨				
૧૧							

લગ્ન રેખાષ્ટક. ૮

સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	લ.
૧	૩	૩	૩	૧	૧	૩	૩
૪	૬	૬	૬	૪	૪	૭	૬
૫	૧૦	૧૧	૧૦	૫	૫	૮	૧૦
૭	૧૧	૧૨	૧૧	૭	૭	૧૨	૧૧
૯	૧૨			૯	૯		
૧૦				૧૦	૧૦		

રેખાષ્ટકના ફળની સમજ.

એક રેખાષ્ટકને આપનારી. બે રેખા અર્થ નાશ કરે ત્રણ કલેશ ઉપજાવે. ચાર સામાન્ય ફળને આપે. પાંચ આનંદ દાયક. છ અર્થ પ્રાપ્ત કરે. સાત ચીંતવેલુ કાર્ય કરે ૮ પરમ આનંદ કરે. અઠાવીશ રેખાથી વધારે આવે ત્યારે સર્વ સૌભાગ્યનું સુખ થાય. અઠાવીશથી ઓછું આવે ત્યારે અસુખદાયક જાણવું.

આયુર્દા વર્તવાની સમજ.

જે ગ્રહની આયુર્દા કરવી હોય, તો તે ગ્રહને માંડીને તેની કળા કરવી. તે કળાને ૨૦૦ નો ભાગ લેવો. લાધે તે વર્ષ. શેષાંક બે ફળને ૧૨ ગુણા કરવા. હેઠળના ફળને ૬૦ ભાગ લઈએ. લાધે તે ઉપર ભેળવવું. તે ઉપલ્યા ફળને ૨૦૦ નો ભાગ લેવો. લાધે તે માસ. શેષાંક બે ફળને ૩૦ ગુણવા. હેઠળથી ૬૦ ભાગ લેવો, લાધે તે ઉપર ભેળવવા. પછી ૨૦૦ નો ભાગ લેવો લાધે તે દીવશ. શેષાંક બે ફળને ૬૦ ગુણવા. હેઠળથી ૬૦ ચઢે તો ચઢાવવા. લાધે તે ઉપર ભેળવવા. પછી ઉપર ૨૦૦ નો ભાગ લેવો. લાધે તે ઘટી. શેષ બે ફળને ૬૦ ગુણવા. હેઠળથી ૬૦ ભાગ લેવો લાધે તે ઉપર ભેળવા પછી ૨૦૦ નો ભાગ લેવો. લાધે તે પળ. એ રીતે વર્ષ, માસ, દીવશ, ઘટી, ને પળ લેવાં. ઉપર વર્ષને ઠેકાણે ૧૨ નો ભાગ લેવો, શેષાંક માંડવા. વર્ષને ઠેકાણે લબ્ધાંકનું કામ નહીં.

સ્પષ્ટ આયુર્દાને સંસ્કારે દેવાની સમજ.

પાપ ગ્રહ બારમે રહયો હોય તો સર્વ આયુર્દા જાય. પાપ ગ્રહ ૧૧ મે હોય તો અર્ધ આયુર્દા જાય. દશમે હોય તો ૩ ભાગ જાય, નવમે હોય તો ૪ ભાગ જાય. ૮ મે

હોય તો ૫ ભાગ જાય. અને સાતમે રહયો હોય તો ૬ ભાગ જાય. એમ સાતમા સુધી કરવું આગળ નહીં.

સૌમ્ય ગ્રહ ૧૨ મે રહયો હોય તો અર્ધ આયુર્દા જાય. ૧૧ મે હોય તો ૪ ભાગ જાય. ૧૦ મે; ૭ ભાગ જાય. ૯ મે; ૮ મો ભાગ જાય. આઠમે ૧૦ મો ભાગ જાય અને સાતમે રહયો હોય તો ૧૨ મો ભાગ જાય. એમ મધ્યમ આયુર્દા કરવી.

આયુર્દા સંસ્કારનો કોઠો.

સૌમ્ય	સ્થાન.	ક્રૂરગ્રહ	ઉત્તમસંસ્કાર.
અર્ધના	૧૨	સર્વ	વર્ગોતમ. ૨
ચોથોભાગ	૧૦	અર્ધ	સ્વરાશી ૨
૭—૬	૯	તીજો—૩	સ્વદ્રેષ્કાણ [illegible]
દશ—૧૦	૭	ચોથો—૪	વક્રી ૩ શત્રુ
બાર—૧૨	૮	પાંચમો—૫	ગ્રહઊંચ્ય ૪
		છઠો—૬	અસ્ત નીચ

અષ્ટોતરી દશાવર્તવાની સમજ.

આરદ્રા, પુનર્વસુ, પુસ્ય, અશ્લેશા, એ ચાર નક્ષત્રમાં સૂર્યની દશા જાણવી. મધા, પુ. ફા. ઉ. ફા. એ ત્રણમાં ચંદ્રની દશા જાણવી. હસ્ત, ચીત્રા, સ્વાતી, વીશાખા, એ ચારમાં મંગળની દશા જાણવી. અનુરાધા, જેષ્ટા, મુળ, એ ત્રણમાં બુધની દશા જાણવી. પૂ. ષા. ઉ. ષા. અભિજીત, ને શ્રવણ, એ ચારમાં શનીની જાણવી. ધનેષ્ટા, શતભિષ્ટા. પૂ. ભા. એ ત્રણમાં ગુરૂની જાણવી. ઉ. ભા. રેવતી, અશ્વની, ભરણી, એ ચારમાં રાહુની જાણવી. કૃતીકા, રોહિણી, ને મૃગશીર એ ત્રણેમાં શુક્રની મહા દશા જાણવી

દશાના નક્ષત્ર, વર્ષ, માસ કોષ્ટક

રવી દશા વર્ષ ૬ આ. પુન. પૂ. અ. ૧૮, ૧૮, ૧૮, ૧૮,	ચંદ્ર દશા વર્ષ ૧૫ મ. પુ. ફા. ઉ. ફા. ૬૦, ૬૦, ૬૦, ૬૦	ભૌમ દશા વર્ષ ૮ હ. ચિ. સ્વા. વિ. ૨૪, ૨૪, ૨૪, ૨૪	બુધ દશા વર્ષ ૧૭ અનુ. જ્યે. મૂ. ૬૮, ૬૮, ૬૮
શની દશા વર્ષ ૧૦. પુ. ફા. ઉ. ફા. અ- ભી. શ્ર. ૩૦, ૩૦, ૩૦, ૩૦	ગુરૂ દશા વર્ષ ૧૯ ધ. શ. પુ. ભા. ૭૬, ૭૬, ૭૬	રાહુ દશા વર્ષ ૧૨ ઉ. ભા. રેવ. અશ્વ. ભ. ૩૬, ૩૬, ૩૬, ૩૬	શુક્ર દશા વર્ષ. ૨૧. કૃ. રો. મૃ. ૮૪, ૮૪, ૮૪

દશાના ઘડી પળ વર્તવાની સમજ.

જન્મના ચંદ્રની કળા કરવી. તેને ૮૦૦ નો ભાગ લેવો. આવે તે ગત નક્ષત્ર જાણવું. વર્તમાન નક્ષત્રની દશા જાણવી. શેષાંક જે રહ્યા તેને નહીં ગએલ એવા જે દશાના માસ તે વડે ગુણવા. તેને ૮૦૦ નો ભાગ લેવો. લાધે તે માસ, શેષાંકને ૩૦ ગુણવા. ૮૦૦ નો ભાગ લેવો, આવે તે દીવસ. ફરીથી શેષાંકને ૬૦ ગુણવા. ૮૦૦ નો ભાગ લેવો. લાધે તે ઘડી. શેષાંકને ૬૦ ગુણવા. ૮૦૦ નો ભાગ લેવો. આવે તે પળ. એ પ્રમાણે વર્ષ, માસ, દીન, ઘડી, પળ આણવા. ગત નક્ષત્રના જેટલા માસ ગયા હોય તેટલા માસના વર્ષ કરીને વર્ષની જગાએ માંડવા. અથવા ગત માસને ઉપર જે માસ આવ્યા છે તેમાં ભેળવવા. ભેળવતાં જે રકમ આવી તેને ૧૨ નો ભાગ લેવો. આવે તે વર્ષ, ને શેષાંક

હે તે માસ જાણવા. એ પ્રમાણે વર્ષ, માસ, દીવશ, ઘડી ને પળ, જે આવે તેને જે ગ્રહની દશા આવી હોય તેમાં-થી બાદ કરવા ત્યારે ભુગ્ત અને ભોગ્ય દશા થાય.

દશા સાંકળવાની સમજ.

જે ગ્રહની દશા સાંકળવાનીહોય તેના જન્મના સંવત ને શક માંડવા. તેની નીચે સ્પષ્ટ સૂર્ય માંડવો. પછી ભો-ગ્યના વરસ સંવત શકમાં ભેળવવા, ને માસાદી સ્પષ્ટ સૂ-ર્યમાં ભેળવવા. તેને હેઠળ ભુગ્ત માંડવું એટલે દશા સંક-લીત થાય. વિશેષ દશા સંકલીતમાં કર્કાદીક જ્યારે સૂર્ય થાય ત્યારે સંવતમાં એક વધારે ભેળવવો. અને સૂર્ય મેષાદીક થાય ત્યારે શકમાં એક વધારે ભેળવવો. એ પ્રમાણે દશા સંક-ળીત કરવું.

અંતર દશા કરવાની સમજ.

જે ગ્રહની અંતર દશા કરવી હોય તે ગ્રહના દશાનાં વરસની જે સંખ્યા હોય તેને તેટલા ગુણા કરવા. પછી ૯ નવનો ભાગ લેવો. આવે તે જુદા માંડવા. શેષાંકને ૩૦ ગુણવા; ને નવનો ભાગ લેવો આવે તે જુદા માંડવા. શેષાં-કને ૬૦ ગુણવા; ને નવનો ભાગ લેવો આવે તે જુદા માં-ડવા. શેષાંકને ૬૦ ગુણવા ને નવનો ભાગ લેવો આવે તે જુદા માંડવા. એ પ્રમાણે વરસ, માસ, દીવસ, ઘડીને પળ, અંતર દશાનાં જાણવા.

અંતર દશામાં ઉપદશા કરવાની સમજ.

અંતર દશાના દીવશ કરવા. તે દીવશોને પોત પોતા ના વરસે ગુણવા. ને ૧૦૮ નો ભાગ લેવો. આવે તે ઉપ-દશાના દીનાદી જાણવા.

રવીની દશા મધ્યે સર્વે અંતર દશા.

સૂ.	ચં.	મં.	બુ.	શ	ગુ.	રા.	શુ.	કે.
૦	૦	૦	૦	૦	૧	૦	૧	૬
૪	૧૦	૫૦	૧૦	૬	૦	૮	૨	૦
૦	૦	૧૦	૧૦	૨૦	૨૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

ચન્દ્ર દશા મધ્યે અંતર દશા.

ચં.	મં.	બુ.	શ.	ગુ.	રા.	શુ.	સૂ.	કે.
૨	૧	૨	૧	૨	૧	૨	૦	૧૫
૧	૧	૪	૪	૭	૮	૧૧	૧૦	૦
૦	૧૦	૧૦	૨૦	૨૦	૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

ભૌમ દશા મધ્યે અંતર દશા.

મં.	બુ.	શ.	ગુ.	રા.	શુ.	સૂ.	ચં.	કે.
૦	૧	૦	૧	૦	૧	૦	૧	૮
૭	૩	૮	૪	૧૦	૬	૫	૧	૦
૩	૩	૨૬	૨૬	૨૦	૨૦	૧૦	૧૦	૦
૨૦	૨૦	૪૦	૪૦	૦	૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

બુધ દશા મધ્યે અંતર દશા.

બુ.	શ.	ગુ.	રા.	શુ.	સુ.	ચં.	મં.	ઐ.
૧	૧	૨	૧	૩	૦	૨	૧	૧૭
૮	૬	૧૧	૧૦	૩	૧૧	૪	૩	૦
૩	૨૬	૨૬	૨૦	૨૦	૧૦	૧૦	૩	૦
૨૦	૪૦	૪૦	૦	૦	૦	૦	૨૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

શની દશા મધ્યે અંતર દશા.

શ.	ગુ.	રા.	શુ.	સુ.	ચં.	મં.	બુ.	ઐ.
૦	૧	૧	૧	૦	૧	૦	૧	૧૦
૧૧	[illegible]	૧	૧૧	૬	૪	૮	૬	૦
૩	૩	૧૦	૧૦	૨૦	૨૦	૨૬	૨૬	૦
૨૦	૨૦	૦	૦	૦	૦	૪૦	૪૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

ગુરૂ દશા મધ્યે અંતર દશા.

ગુ.	રા.	શુ.	સુ.	ચ.	મં.	બુ.	શ.	ઐ.
૩	૨	૩	૧	૨	૧	૨	૧	૧૯
૪	૧	૮	૦	૭	૪	૧૧	૯	૦
૩	૧૦	૧૦	૨૦	૨૦	૨૬	૨૬	૩	૦
૨૦	૦	૦	૦	૦	૪૦	૪૦	૨૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

રાહુ દશા મધ્યે અંતર્દશા.

રા.	શુ.	સૂ.	ચં.	મં.	બુ.	શ.	ગુ.	એ.
૧	૨	૦	૧	૦	૧	૧	૨	૧૨
૪	૪	૮	૮	૧૦	૧૦	૧	૧	૦
૦	૦	૦	૦	૨૦	૨૦	૧૦	૧૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

શુકર દશા મધ્યે અંતરદશા.

શુ.	સૂ.	ચં.	મં.	બુ.	શ.	ગુ.	રા.	એ.
૪	૧	૨	૧	૩	૧	૩	૨	૨૧
૧	૨	૧૧	૫	૩	૧૧	૮	૪	૦
૦	૦	૦	૨૦	૨૦	૧૦	૧૦	૦	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૯	૦
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

વિંશોત્તરી દશા કરવાની સમજ.

જેની વિંશોત્તરી દશા કરવી હોય તેના જન્મના સ્પષ્ટ ચંદ્રની કળા કરવી. પછી તેના ૮૦૦ નો ભાગ લેવો. આવે તે ગત નક્ષત્ર જાણવું. શેષાંકને જુદા માંડવા. ગત નક્ષત્રની જે સંખ્યા આવી તેમાંથી એક ઓછો કરવો. પછી તેને નવનો ભાગ લેવો. આવે તેનું કામ નહીં. શેષાંક રહે તે ઉપરથી રવી, ચંદ્ર, મંગળ, રાહુ, ગુરૂ, શની, બુધ, કેતુ, શુક્ર, એમ અનુક્રમે દશા જાણવી. જે ગ્રહની દશામાં જન્મ હોય તે ગ્રહનાં વરસ સંખ્યાએ શેષાંક બે કળને ગુણવા. હે-

હઠળથી ૬૦ ભાગ લેવો, આવે તે ઉપર ભેળવવા. ઉપર ૮૦૦ નો ભાગ લેવો. આવે તે વર્ષ, શેષાંકને ૧૨ ગુણવા. બંને ફ઼ળોને. હેઠળથી સાડે આવે તો ભાગ લેવો. લાધે તે ઉપર ભેળવવા. ઉપરના ફ઼ળને ૮૦૦ નો ભાગ લેવો. આવે તે માસ શેષાંક એ ફ઼ળે ૩૦ ગુણવા. હેઠળથી ૬૦ નો ભાગ લેવો. આવે તે ઉપર ભેળવવું- ઉપરના ફ઼ળને ૮૦૦ નો ભાગ લેવો. આવે તે દીવસ શેષાંકને ૬૦ ગુણવા. હેઠળથી ૬૦ ભાગવા આવે તેને ઉપરના ફ઼ળમાં ભેળવવા. ઉપરના ફ઼ળને ૮૦૦ નો ભાગ લેવો. આવે તે કળા, શેષાંકને ૬૦ ગુણવા. હેઠળથી ૬૦ આવે તો ભાગ લેવો. લાધે તે ઉપર ભેળવવું, ઉપરના ફ઼ળને ૮૦૦ નો ભાગ લેવો. આવે તે વિકળા. એ પ્રમાણે વર્ષ, માસ, દીવસ, ઘડીને પળ આણવાં. તેને ભુક્ત કહે છે. તે ભુક્ત જે ગ્રહનું આવ્યું હોય તેના વર્ષની જે સંખ્યા હોય તેમાંથી બાદ કરવું, ત્યારે ભુક્તનું ભોગ્ય થાય. તેને અષ્ટોતરી દશાનાં સંકળીતની રીત પ્રમાણે દશાને સાંકળવી,

વિંશોતરી દશાના કોષ્ટક.

સુ.	ચં.	મં.	રા.	ગુ.	શ.	બુ.	કે.	શુ.
૬	૧૦	૭	૧૮	૧૬	૧૯	૧૭	૭	૨૦
કૃ.	રો.	મૃ.	આ.	પુ.	પુ.	અશ્લે.	મં.	પૂ.
ઉ.	હ.	ચિ.	સ્વા.	વિ.	અનુ.	જ્યે.	મૂ.	પૂ.
ઉ.	શ્ર.	ધ.	શ.	પૂ.	ઉ.	રે.	અ.	ભ.

અંતર દશાની સમજ

જે ગ્રહની અંતર દશા કરવી હોય, તે ગ્રહની દશાનાં વર્ષની જે સંખ્યા તેને તેટલા ગણી કરવી. પછી દશા-

નો ભાગ લેવો. આવે તે માસ શેષાંકને ૩૦ ગુણા કરવા; ને દશનો ભાગ લેવો. આવે તે દીન. એ પ્રમાણે માસાદી અંતર દશા વર્તવી.

ઉપદશા કરવાની સમજ

જે ગ્રહની ઉપદશા કરવી હોય તે ગ્રહની અંતર દશાના દીવસ કરવા પછી તેને પોતપોતાના વર્ષે ગુણવા. ને ૧૨૦ નો ભાગ લેવો, આવે તે ઘટી. શેષાંકને ૬૦ ગુણા કરવા. આવે તે પળ. તે ઉપદશા થઇ આ પ્રમાણે સર્વે ઉપદશા કરવી.

યોગિની દશા વર્તવાની સમજ

અશ્વની નક્ષત્રથી જન્મના નક્ષત્ર સુધી ગણવા. તેની જે સંખ્યા થાય તેમાં ત્રણ વધારે ભેળવવા. પછી જે સંખ્યા થાય તેને ૮ નો ભાગ લેવો. શેષ એક રહે તો મંગળા. ૨ રહે તો પિંગળા ૩ રહે તો ધાન્યા. ૪ રહે તો ભ્રામરી. ૫ રહે તો ભદ્રિકા ૬ રહે તો ઉલ્કા. ૭ રહે તો સીદ્ધા. ૮ રહે તો સંકટા. એ પ્રમાણે અભીજીત સહીત યોગિની દશા સાધન કરવી-

દશાના ભુકત ભોગ્ય આણવાની સમજ.

જેની યોગિની દશા વર્તવાની હોય તેન. જન્મના સ્પષ્ટ ચંદ્રમાં ૧-૧૦-૦ અંશ ભેળવવા. પછી તેનો કળાપીંડ કરવો. તેને ૮૦૦ નો ભાગ લેવો. લાધે તે ગત નક્ષત્ર જાણવું. શેષાંકને તથા ચંદ્રની વિકળાને સ્વદશાના વર્ષ સાથે ગુણાકાર કરવો તેને ૮૦૦ નો ભાગ લેવો આવે તે વર્ષ ઉપર માંડીએ. શેષાંકને ૧૨ ગુણી ૮૦૦ નો ભાગ લેવો. આવે તે માસ. શેષાંકને ૩૦ ગુણવા. ઉપર ૮૦૦ નો ભાગ લેવો. આવે તે દિવસ જાણવા. શેષાંકને ૬૦ ગુણવા. ૮૦૦ નો ભાગ લેવો. આવે તે કળા. શેષાંકને ૬૦ ગુણવા ને ૮૦૦ નો ભાગ લેવો. આવે તે વિકળા. એ પ્રમાણે વ-

ર્ષ, માસ, દીવસ, ઘટી, અને પળ યોગની દશાનું ભુકત જાણવું. તેને સ્વદશાના વર્ષમાંથી બાદ કરવું; ત્યારે ભોગ્ય થાય. તેને દશા સંકલીતનાક્રમ પ્રમાણે દશા સાંકળવી. મંગળા ૧ પીંગળા ૨ ધન્યા ૩ ભ્રામરી ૪ ભદ્રકા ૫ ઉલ્કા ૬ સિદ્ધિ ૭ સંકટા ૮.

દશા પ્રવેશ કરવાનો સમજ.

જે ગ્રહની દશા પ્રવેશ કરવી હોય તે ગ્રહની હેઠળ સ્પષ્ટ સૂર્ય માંડવો. તેના રાશી અંશ પ્રમાણે સૂર્ય માંડવો. તેને કોઠાનો અંતર કરવો. કોઠાના સૂર્યથી ઈષ્ટનો સૂર્ય જો વધારે હોય તો ફળ ધન કરવું; અને જો ઓછો હોય તો રણ કરવું. જે અંતર આવે તેની કળા કરવી. તે કળાને કોઠાના સૂર્ય હેઠળની ગતીવડે ભાગ લેવો. એમ ઘટાદિ પળ એ બે ફળ લેવાં. તેને અબ્દપના ઘટી પળમાં ધન રણ સંજ્ઞા જોઈને ઘટયાદી ફળ રણ ધન કરવું; અને અબ્દપ નો જે વાર તે ગણની અંદર મેળવવો. મેળવતા જે વારાદીક આવે તે સૂર્યની રાશી અને અંશે દશા પ્રવેશ થાય. એ પ્રમાણે સર્વ દશા પ્રવેશ કરવું

જાતક પ્રકરણે ગણીત ભાગ સંપુર્ણ.

અથ હાયન પ્રકરણ

પ્રારંભ.

વર્ષફળ કરવાની સમજ.

જેનું વર્ષ પ્રવેશ કરવું હોય તેની જન્મ પત્રીકાની અંદરથી જન્મ શક જોઈ માંડવો. પછી વર્તમાન શક માંડી જન્મનો શક બાદ કરવો. રહે તે ગતાબ્દા. તેને ચાર જગાએ માંડવા. પછી ૧-૧૫-૩૧-૩૦ ગુણા કરી નીચેથી આડે ભાગ લેવો. આવે તે ઉપર ભેળવવા. શેષાંક જુદા માંડવા. ઉપરના ફળને ૭ નો ભાગ લેવો. આવે તેનું કામ નહીં. શેષાંક રહે તે જુદા માંડવા. એ પ્રમાણે વાર. ઘડી પળને વિપળ આણવા. તેમાં જન્મનો વાર, ઘડી. ને પળ ભેળવવા. ભેળવતાં જે વારાદીક આવ્યુ તે વર્ષના વાર, ઘડી, ને પળ જાણવા. જન્મના સૂર્યની રાશી અને અંશે વર્ષ પ્રવેશ થાય; વર્ષ પ્રવેશને જન્મનો સૂર્ય એ બંને બરાબર રાશી અંશે આવે ત્યારે વર્ષ પ્રવેશ થયું એમ જાણવું. વર્ષ પ્રવેશના જે ઘટયાદી, તેના રવ્યાદી નવ ગ્રહો સ્પષ્ટ વર્તવા. (જે જાતક પ્રકરણમાં દર્શાવવામાં આવ્યું છે તે) પછી તેના લગ્ન અને દ્વાદશ ભાવ સાધવા, ત્યાર બાદ જન્મની પડે ચળીત કરવું.

મુંથાની સમજ

ગતાબ્દામાં જન્મ લગ્ન ભેળવવું. તેને બારે ભાગ લેવો. શેષ રહે તે ભાવના આંકમાં મુંથા જાણવી; મુંથા જન્મ લગ્નથી પ્રત્યેક વર્ષે અનુક્રમે ચાલે છે. મુંથાને, વર્ષ કુંડળીમાં જે ભાવની આવી હોય તે ભાવમાં માંડવી.

લઘુ પંચવર્ગી કરવાની સમજ

જન્મપત્રી, વર્ષ પતી, મુંથા પતી, ત્રૈરાશી પતી, અને દીવા યા રાત્રી પતી એ પ્રમાણે લઘુ પંચવર્ગીમાં માંડવા. રાત્રે વર્ષ પ્રવેશ થતું હોય તો ચંદ્રની રાશીનો સ્વામી તે રાત્રી પતી માંડવો; અને દીવશમાં પ્રવેશ થતું હોય તો સૂર્યની રાશીનો સ્વામી તે દીવસ પતી માંડવો. એ પ્રમાણે લઘુ પંચવર્ગી કરવી.

હીનાશી દશાની સમજ

વર્ષ ફળને વીશે હિનાશી દશા થાય છે. જે ગ્રહ ઓછે અંશે હોય તે પેહેલાં માંડવો; ત્યાર પછી ચઢતે ચઢતે અંશે જે જે ગ્રહ આવે તેને માંડતા જવું. નવ ગ્રહ અને લગ્ન સુધાંત માંડવા. થોડે અંશે જે ગ્રહ માંડયા તેને હિનાશ કહે છે. તેને ચઢતા અંશમાંથી બાદ કરવા બાદ કરતાં જે આવે તેને પાંત્યાંસ કહે છે. તે પાંત્યાંસને ૩૬૫–૧૫–૩૧ ના યોગ્ય (૧૩૧૪૯૩૧) વડે પાંત્યાંસના યોગને ભાગ લેવો. આવે તે દીનાદી. તેને વર્ષના સૂર્યના દીનાદીકમાં ભેળવતાં જવું. ભેળવતાં જે યોગ આવે તે સૂર્યના તેટલા અંશે અમુક દશા ઉતરી, ને અમુક દીશા બેઠી. એ પ્રમાણે હિનાશી દશા કરવી.

માસ પ્રવેશ કરવાની સમજ.

જેનો માસ પ્રવેશ કરવો હોય તેના વર્ષના સૂર્ય પ્રમાણે કોઠાનો સૂર્ય લેવો. તેનો અંતર કરવો. તે અંતરનો યોગ કરવો. પછી કોઠાના સૂર્યની જે ગતી તેનો યોગ કરવો. તે ગતીના યોગ વડે અંતરના યોગને ભાગ લેવો. ભાગ લેતાં ઘટીયાદી એ ફળ આણવા. તે ફળને અબ્દપની અંદર ધન રણ સંસ્કાર જોઈને દેવા; અને ઉપર વાર છે, તેને ગણમાં ભેળવવો; ને સાતનો ભાગ લેવો; રહે તે વાર, ઘડી ને પળે માસ પ્રવેશ થયો. **રણધનની સમજ** કોઠાના

સુર્યથી ઈષ્ટનો સુર્ય જો વધારે હોય તો ફળધન કરવું; ને ઓછો હોય તો ફળને રણ કરવું. પછી માસ પ્રવેશ ના જે ઘડી અને પળ તેનું સ્પષ્ટ લગ્ન વર્તવું; ને તેમાં પંચાંગમાંથી ગ્રહો માંડવા. એ પ્રમાણે માસ પ્રવેશ થાય.

હોરાની સમજ.

એક માસના બારમા ભાગને હોરા કહે છે. એટલે (રાા) અઢી દીવસની એક હોરા કલ્પેલી છે. તે હોરા, માસ પ્રવેશમાં ગ્રહો છે તેના ઉપરથી શ્રેષ્ટ, નેષ્ટ ને મધ્યમ જાણવી. ગ્રહો સારા સ્થાનકમાં હોય તેની શ્રેષ્ટ હોરા લખવી. નેષ્ટ સ્થાનકમાં રાશી લખવી; અને સોમ્ય ક્રુર ગ્રહ એક સ્થાનકમાં ભેગા હોય તેની મધ્યમ હોરા લખવી.

દિન ચર્યા કરવાની સમજ.

જેમ માસ પ્રવેસ થાય છે, તેમજ દીન પ્રવેશ કરવો; ને માસ પ્રવેશની પેઠેજ ગ્રહો ચઢાવવા. માસ પ્રવેશમાં જેમ પ્રત્યેક માસે રાશીમાં એક વધારે ભેળવવો. તેમ દીન ચર્યાના અંશમાં એક વધારે ભેળવવો બીજી રીત માસ પ્રવેશની પેઠેજ જાણવી.

ત્રિપતાકાની સમજ.

ત્રીપતાકા ચક્ર એટલે ચારે તરફ ધજા જેવા ત્રણત્રણ ખુણા આવે છે. તેમા ઉપરની મધ્ય રેખાના મથાળાથી જન્મ કુંડળીની પેઠે જન્મ લગ્ન માંડવું; અને બીજા ગ્રહ નીચે મુજબ માંડવા.

ચંદ્ર જન્મ કુંડળીમાં જે રાશીનો હોય તે રાશીથી પ્રત્યેક વર્ષે એક એક રાશી આગળ ચાલે. રાહુને મંગળ જન્મ રાશીથી ૭ વર્શ સુધી એક રાશીમાં રહે, તે પ્રમાણે ગણવું; સૂર્ય, બુધ, ગુરૂ, શુક્ર ને શની ૪ વર્ષ સુધી એક રાશીમાં રહે તેના ક્રમ પ્રમાણે ગ્રહોને ત્રીપતાકા ચક્રમાં માંડવા.

હાયન પ્રકરણ સંપુર્ણ.

અથ ફળાધિશ પ્રકરણ

પ્રારંભ.

પ્રથમ જન્મપત્રીકાના વિશે રહેલા ગ્રહોના ફળની સમજ.

સામાન્ય રીતે ભાવની સમજ—જે જે ભાવનો સ્વામી પોત પોતાના ભાવને દેખતો હોય, અથવા ભેગો હોય અને સૌમ્ય ગ્રહ હોય તો તે ભાવની વૃધી જાણવી. પાપ ગ્રહ દેખતો હોય અથવા ભેગો હોય તો તે ભાવની હાની જાણવી. તે જન્મને વીશે અથવા પ્રશ્નનેવીશે જાણવું. સૌમ અને પાપ ગ્રહ બે ભેગા હોય તો તે ભાવનું મીશ્ર એટલે સાધારણ ફળ જાણવું. ઉચ્ચ ને મીત્રનો ગ્રહ બળવાન જાણવો. એટલે જે ભાવમાં હોય તે ભાવનું સારૂ ફળ આપે; શત્રુ અને નીચનો ગ્રહ નેષ્ટ જાણવો. એટલે જે ભાવમાં હોય તેની હાની કરે. કોઈપણ ભાવની અંદર કેંદ્રસ્થાનકમાં અથવા બીજે, પાંચમે, સૌમ્ય અને પાપગ્રહ ભેગા હોય અથવા તે ભાવને દેખાતા હોય તો શ્રેષ્ઠ જાણવો અને મધ્ય ભાવને આપે. કોઈપણ ભાવનો સ્વામી ત્રીક સ્થાનકમાં રહ્યો હોય, અને ત્રીક સ્થાનકનો સ્વામી જે ભાવમાં હોય, તે ભાવનો નાશ જાણવો. જે ભવનના ત્રીક સ્થાનમાં ક્રૂર ગ્રહ હોય, તે ભાવનો પણ નાશ જાણવો. કોઈપણ ભાવનો સ્વામી અસ્ત, નીચ અને શત્રુના ઘરનો હોય અને તેને શુભ ગ્રહ ભેગા ન હોય તેમ જોતા પણ ન હોય તો તે ભાવનો પણ નાશ જાણવો.

જન્મકાળે બાર ભાવની અંદર રહેલા ગ્રહોનું ફળ.

પ્રથમ ભાવ વિચાર—લગ્નમાં સૂર્ય હોય તો, શરીરે પીડા કરે, ને ચંદ્ર લગ્ને હોય તો શરદી કરે. મંગળ

રૂધીરનો પ્રકોપ કરે. બુધ સુખને આપે. ગુરૂ ક્રાંતી વધારે, ને શરીર પુષ્ટ કરે. શુક્ર પણ શરીરે સુખી રાખે. શની ગરમીનો ઉપદ્રવ કરે. રાહુ તામસીને હઠી પ્રકૃતી રાખે.

ધન ભાવ વિચાર—સૂર્ય, શનીશ્વર અને મંગળ બીજા ભાવમાં હોય તો કષ્ટ પેદા કરે, ધનનો નાશ કરે કુટુંબમાં કલેશ પેદા કરે. ચંદ્ર, બુધ, ગુરૂ, શુક્ર ધન ભાવે હોય તો પૈસા પેદા કરાવે. કુટુંબમાં સુખ સંપત્તિ આપે ભાઈમાં સંપ સલાહ વધારે.

સહજ ભાવ વિચાર સૂર્ય—ત્રીજે હોય તો પરાક્રમ ને વધારે. ચંદ્ર ત્રીજે કીર્તી વધારે. મંગળ ત્રીજે પરાક્રમ વધારે, ને ભાઈના સુખને ટાળે. બુધ ત્રીજે રીધીસીધીને વધારે. ગુરૂ, શુક્ર અને શની જો ત્રીજે હોય તો પરાક્રમનો ઉદય કરે, બુદ્ધિને વધારે અને પોતાની પછીના ભાઈઓના સુખને ટાળે.

સુખ ભાવ વિચાર. રવી, ભૌમ, શની, ચોથે હોય તો સુરપણાનો ત્યાગ કરાવે, ચતુષ્પદનો નાશ કરે. મિત્રથી વિરૂધતા ઉત્પન્ન કરે, અને ગર્વિષ્ટ માણસ થાય. ચંદ્ર, બુધ, ગુરૂ, અને શુક્ર ૪ હોય તો સર્વ સંપતિને આપે. મૈત્રી વધારે, રાજ્ય પક્ષથી જય મેળવે, માતુ સાથે પ્રીતી રખાવે, વાહનાદીકનું સુખ આપે, ગ્રહ ગ્રામાંન્તરથી લાભ મેળવે.

સુત ભાવ વિચાર—પાંચમે રવી હોય તો ક્રુર બુદ્ધિનો માણસ થાય; ને ચંદ્ર હોય તો શાન્ત પ્રકૃતીનો માણસ થાય. પાંચમે શની, ને મંગળ હોય તો, સંતાન રહીત માણસ થાય. બુધ હોય તો થોડા સંતાનવાળો થાય. પાંચમે ગુરૂ ને શુક્ર હોય તો સંતાનને વધારે; બુધીનો પ્રકાશ કરે; વિદ્યા સારી આવડે, વેપારમાં કુશળ રહે.

રીપુ ભાવ વિચાર—સૂર્ય, શની ને મંગળ છઠે હોય તો રોગ અને શત્રુનો નાશ કરે, ને ગુરૂ હોય તો શત્રુ પેદા કરે; પણ મોસાળ પક્ષથી લાભ મેળવે. શુક્ર ચંદ્ર અને

બુધ છઠે હોય તો બુધીનો નાશ કરે ને શરીરમાં થોડો ઘણો ગુપ્ત રોગ રાખે; વાયુની પ્રકૃતિને પેદા કરે.

જાયા ભાવ વિચાર—રવી, મંગળ ને શની સાતમે હોય તો સ્ત્રી પર પુરૂષનું શેવન કરે, એટલે વ્યભીચારી થાય. ગુરૂ ચંદ્ર, શુક્ર ને બુધ એ સાતમે હોય તો સ્વરૂપવાન સ્ત્રી હોય, સંતાનવાળી હોય, પતીની માનવાળી હોય, પરદેશથી લાભ મેળવે, વાણીકક્રીયામાં કુશળ હોય; ક્રૂર ગ્રહ બળવાન હોય તો જુગટામાં કુશળ રહે.

અષ્ટમ ભાવ વિચાર—રવી, ચંદ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, કે શની જો આઠમે હોય તો બુધીનો નાશ કરે; રીષ્ટને ઉત્પન્ન કરે શસ્ત્રાદીકથી ઘાત કરાવે, અગ્નીનો ભય દેખાડે, સુખનો નાશ કરે, શરીરમાં ગુપ્ત રોગ રાખે.

ધર્મ ભાવ વિચાર—નવમે ભાવે સુર્ય, શની, ને મંગળ હોય તો ધર્મ માર્ગમાં પ્રીતી થોડી રખાવે; કુમાર્ગે વૃતી દોડાવે, પરાક્રમની વૃધી કરે. ચંદ્ર, બુધ, શુક્ર, ને ગુરૂ નવમે હોય તો ભાગ્યનો ઉદય કરે, ધર્મમાં પ્રીતી રખાવે, તીર્થ યાત્રાદીક કરાવે

દશમ ભાવ વિચાર સુર્ય ભૌમ, અને શની દશમે હોય તો કર્મનો ઉદય કરે, દુષ્ટ સંપતીને પેદા કરે, રાજ્ય માર્ગમાં શત્રૂ સાથે રહી જય મેળવે; ચંદ્ર દશમે હોય તો સારી કીર્તી મેળવે. બહુ દ્રવ્યવાન ન ગણાય; ગુરૂ, બુધ, અને શુક્ર દશમે હોય તો, સ્વરૂપવાન પુરૂષ થાય, ને રાજ્યમાં મોહોટો હોદ્દો ભોગવે, જ્યાં જાય ત્યાં, માન મેળવે, ને સારાં કૃત્ય કરાવે.

લાભ સ્થાન વિચાર.—અગીયારમે સુર્ય હોય તો રાજાઓથી લાભ કરાવે. ચંદ્ર ૧૧ મે હોય તો બહુ દ્રવ્યની પ્રાપ્તિ કરાવે, ને મંગળ હોય તો પૃથ્વીથી લાભ કરાવે, બુધ હોય તો સારો વિવેકી માણસ થાય. ગુરૂ હોય તો વેપારમાં સારી વ્રધી કરે. શુક્ર હોય તો સારો ગુણવાળો માણસ થાય. શની હોય તો સારી કીર્તિ મેળવે.

વ્યયસ્થાન વિચાર—સુર્ય બારમે હોય તો કુમાર્ગે પઈસા ખરચ કરાવે. ચંદ્ર હોય તો આંખે કાણો થાય. મંગળ હોય તો

દુષ્ટ કર્મ કરવાવાળો થાય, બુધ, ગુરૂ ને શુક્ર હોય તો સારા માર્ગમાં ધનનો વ્યય કરાવે. શની હોય તો દુષ્ટ બુદ્ધિના મનુષ્યની સંગત કરાવે.

બારે ભાવને વિશે રાહુનો વિચાર—જન્મ કાળમાં રાહુ હોય તો દુઃખને પેદા કરે, ધન ભાવે રાહુ હોય તો દ્રવ્યનો નાશ કરે. ત્રીજે રાહુ હોય તો કુટુંબથી વીરૂધતા કરાવે. ને પરાક્રમનો ઉદય કરે, ચોથે રાહુ હોય તો મીત્રથી વિરૂધ કરાવે. પાંચમે રાહુ હોય તો સંતાનનો નાશ કરે. છઠે હોય તો શત્રુ; સંતાપે, અને હાની કરાવે, સાતમે હોય તો સ્ત્રીનો નાશ કરાવે, આઠમે હોય તો સ્વચ્છાચારી થાય, નવમે ધર્મનો નાશ કરાવે. દશમે દુષ્ટબુદ્ધિ પેદા કરે. અગ્યારમે આનંદ આપે. બારમે નેત્ર રોગી થાય, જે પ્રમાણે રાહુનું ફળ છે તેજ પ્રમાણે કેતુનું ફળ જાણવું. ઈતી સંક્ષેપથી દ્વાદશ ભાવની સમજ સંપૂર્ણ.

અથ સુતીકા પ્રકરણની સમજ.

ब्रह जातके सुतिका प्रकर्णं—જન્મ કુંડળીને વીશે સૂર્ય બળવાન હોય તો લાકડાના ઘરમાં જન્મ થએલો જાણવો. ચંદ્રે નવા ઘરમાં, મંગળે બળેલા ઘરમાં, બુધે રંગેલા ઘરમાં, ગુરૂએ મજબુત ને મ્હોટા ઘરમાં શુક્રે શોભાયમાન ઘરમાં, શનીએ ઘણા જુના ઘરમાં જન્મ થએલો જાણવો-

દ્વારની સમજ—જે ગ્રહ બળવાન, અને કેન્દ્રમાં હોય તેઓની દિશા ભણી ઘરનું બારણું જાણવું.

જન્મની દિશાની સમજ—મેષ, ને વૃષ લગ્ન હોય તો ઘરના પૂર્વ ભાગે જન્મ જાણવો. મીથુન લગ્નમાં અગ્નિ ખુણે જન્મ જાણવો. કર્ક યા સિંહ લગ્ન હોય તો દક્ષિણ દિશાએ જન્મ કહેવો. કન્યા લગ્ન હોય તો નૈરૂત્ય ખુણે જન્મ જાણવો. તુલ, ને વશ્ચિક લગ્ન હોય તો ઘરના પશ્ચિમ ભાગમાં જન્મ

કહેવો. વાયવ્ય ખુણામાં ધન લગ્ને જન્મ કહેવો. મકર યા કુંભ લગ્નમાં ઘરના ઉત્તર ભાગમાં જન્મ જાણવો.

શય્યાની દિશાની સમજ પણ આ પ્રમાણે જાણવી. જ્યાં લગ્નની દશા હોય ત્યાં ઓશીકું જાણવું; અને તેની સામેની જે રાશી ત્યાં પાંગત અટલે પગ રાખવાની દશા જાણવી.

પ્રસવ વખતે સ્ત્રીઓની સંખ્યાની સમજ.—લગ્ન અને ચંદ્રના અંતરમાં રહેલા ગ્રહોની જે સંખ્યા હોય તેટલી ઉપશુતીકા જાણવી. તેમાં બુધ હોય તો કુમારી સ્ત્રી જાણવી. મંગળ અને શની હોય તો વીધવા જાણવી. ચંદ્ર, ને શુક્ર હોય તો સોવાસણી સ્ત્રી જાણવી. તેમાં ઉત્તરાર્ધ ઘરમાં જાણવી, અને બીજા અરધમાં ઘરની બહાર જાણવી. તે ગ્રહ નીચ યા અસ્તના હોય તો અંધ જાણવી. અને સ્વરાશી નવ માસ અને દ્રષ્કાણે હોય તો બે ગુણી સ્ત્રી જાણવી; અને વક્રે ઉચ્ચે ત્રણ ગુણી જાણવી.

બાળકના પ્રવેશની સમજ—શીર્ષોદય લગ્ન અથવા નવ માસમાં હોય તો માથેથી પ્રવેશ જાણવો; ને ઉભયોદય લગ્ન હોય તો હાથેથી પ્રવેશ જાણવો; ને પ્રષ્ટોદય લગ્ન હોય તો પગેથી જન્મ જાણવો.

દીવાની સમજ—લગ્નથી દીવાની બતી જાણવી. જો મધ્ય અંશે લગ્ન હોય તો દીવાનો પ્રકાશ જાણવો. ઉતરતે અંશે જો લગ્ન હોય તો પ્રસવ પછી દીવાની બતી સમી કરી, સુર્યની રાશી સ્થીર હોય તો સંકોરેલો દીવો જાણવો; ને સ્થીર હોય તો એક જગ્યાએ મુકેલો દીવો જાણવો. દ્વી સ્વભાવ લગ્ન હોય તો હાથમાં દીવો જાણવો.

દીવાની અંદર તેલની સમજ—ચંદ્ર મધ્ય અંશે હોય તો દીવામાં તેલ છે. ઉતરતે અંશે ચંદ્ર હોય તો જન્મ થયા પછી તેલ પુરેલું સમજવું.

નાળની સમજ—જે રાશીનો શની હોય તે રાશીની દશાએથી નાળ સમારવાને લોખંડ આવ્યું, એમ જાણવું.

લગ્ને પાપ ગ્રહની રાશી હોય, ને મંગળના દ્રસ્કાણમાં ચંદ્ર હોય; બીજે ને અગ્યારમે શુભ ગ્રહો હોય તો સર્પના જેવી આકૃતીવાળી નાળે વીંટેલો જન્મ જાણવો. મેષ, વૃષ, ને સિંહ, એ રાશીનો મંગળ અથવા શની હોય તો રાશી અથવા અંશના અંગ વીભાગે નાળે વીંટેલો જન્મ જાણવો.

જન્મ કેવી ભુમીમાં થએલો છે તેની સમજ— લગ્નમાં કર્ક, યા વૃશ્ચિક રાશીનો શની હોય, ને ચંદ્ર તેને જોતો હોય તો પોતાના ઘરમાં જન્મ થએલો જાણવો, લગ્ને અથવા ચોથે શની હોય ને બુધ દેખતો હોય તો ઋતુવાળા ઘરમાં જન્મ થએલો જાણવો. સૂર્યની દ્રષ્ટી હોય તો દેવાલયમાં જન્મ થયો સમજવું. ચંદ્ર દેખતો હોય તો માળ ઉપર સમજવું. લગ્નમાં શની ને મંગળ, પુરૂષ રાશીના હોય તો સ્મશાનમાં જન્મ કહેવો. ગુરૂની દ્રષ્ટી હોય તો અગ્નીહોત્રીના ઘરમાં જન્મ કહેવો. શુક્ર ને ચંદ્રની દ્રષ્ટી હોય તો સારા ઘરમાં જન્મ સમજવો. અને સુર્યની દ્રષ્ટી હોય તો રાજા અથવા દેવના ઘરમાં જન્મ જાણવો.

જળમાં જન્મ થયાની સમજ--લગ્ને બુધ, ચોથે ગુરૂ, સ્વરાશી ચંદ્ર સંપુર્ણ બળવાન હોય તો વાહાણ અથવા સ્ટીમર (આગબોટ) માં જન્મ જાણવો. લગ્ને જળચર રાશી, ને પૂર્ણ બળવાન ચંદ્ર સાતમે હોય તો સ્ટીમર અથવા વાહાણમાં જન્મ થએલો જાણવો. લગ્નને ચંદ્ર જળચર રાશીના હોય તો જળના કીનારા પર અથવા જળની અંદર બેટની ઉપર જન્મ જાણવો. ચંદ્રમા જળ રાશીનો લગ્નથી ચોથે અથવા દશમે હોય તોપણ જળની સામે જન્મ કહેવો.

પ્રસવ દુઃખે યા સુખે જાણવાની સમજ— ચોથે ને દશમે શુભ ગ્રહ હોય તો સુખે પ્રસવ જાણવો. સાતમે યા ત્રીકોણમાં પાપગ્રહ હોય તો કષ્ટે થયેલો સમજવો.

પીતા પરોક્ષે જન્મની સમજ—લગ્ને શનીશ્વર હોય તો પીતા પરોક્ષે જન્મ જાણવો. સાતમે મંગળ હોય તોપણ પીતા પરોક્ષે જન્મ જાણવો. બુધ, શુક્રના અંતરમાં જો ચંદ્ર હોય; ને દ્રષ્ટી વિનાનો હોય તો પીતા પરોક્ષે જન્મ જાણવો. લગ્ને ચંદ્ર દ્રષ્ટી વગરનો હોય તોપણ તેમજ સમજવું.

બાળક કોના વીર્યથી ઊત્પન્ન થયેલું છે તેની સમજ—સુર્યની સાથે ચંદ્ર અને પાપગ્રહ હોય તો જારથી ઉત્પન્ન થએલો જાણવો. લગ્નમાં રહેલો ચંદ્ર તેને ગુરૂ ન જોતો હોય તોપણ તેમજ સમજવું. લગ્નથી ચંદ્ર જુદો હોય અને ગુરૂ દેખતો ન હોય તોપણ તેમજ જાણવું. લગ્નમાં સૂર્ય, ને ચોથે રાહુ હોય તો કાકાથી અથવા કુટુંબમાંથી કોઈ પણ પુરૂષથી બાળક ઉત્પન્ન થએલું છે એમ સમજવું.

અથ જાતક બાર ભાવની સમજ.

પેહેલા ભાવમાં કેટલા પદારથો જોવા, તેની સમજ—રૂપ, વર્ણ, ચીન્હ, જાતિ, વય, સુખ, દુઃખ અને સાહસપણું; એટલા પદાર્થો લગ્નને વિશે જોવા. લગ્નનો સ્વામી લગ્નમાં હોય, અથવા બીજા ગ્રહના લગ્નના સ્વામી સાથે હોય, યા લગ્નને દેખતો હોય તો ભાવની વર્ધી જાણવી. તેમજ જો પાપ ગ્રહ, સંગાથે હોય તો ભાવની હાણી જાણવી. જો પાપ અને સૌમ્ય સાથે હોય તો અથવા દ્રષ્ટી હોય તો ભાવનું મધ્યમ ફળ જાણવું. લગ્ન અને નવમાંસપતીમાં જે બળવાન ગ્રહ હોય, અને તે ગ્રહ લગ્નની ઉપર અથવા પોતાના નવમાંસને દેખતો હોય અથવા ભેગો હોય તો તે ગ્રહના જેવું શરીર જાણવું, અને લગ્નેશ અથવા નવમાંસ પતી એ બળવાન હોય તો યા કેંદ્ર ત્રીકોણમાં હોય, ને તે જોતા હોય તો તે ગ્રહના જેવું શરીર જાણવું. જ્યારે સૂર્ય હોય ત્યારે પીળા નેત્રવાળો પુરૂષ સૂર્ય જેવો થાય. ચંદ્ર દેખતો હોય, યા ભેગો હોય તો ચંદ્ર જેવી

એટલે શીતળ પ્રક્રતી, ને ક્ષીણ દેહવાળો મનુષ્ય થાય. ભોમ હોય તો ક્રૂર દ્રષ્ટીવાળો, નાના કદનો થાય, બુધ, હસતા મોઢાવાળો, ઠીંગણો ને જરા પુષ્ટ. અને પીત કફ પ્રકૃતીવાળો જાણવો. ગુરૂ હોય ત્યારે, મોટા કદનો, પીળા વર્ણનું શરીર, ઉંચો, ને લાંબી નજરવાળો માણસ થાય. શુક્રે મધ્યમ સ્થીતિનું માણસ, શરીરે સુખી, કફને વાયુની પ્રકૃતીવાળો જાણવો. શની હોય ત્યારે રાતાં નેત્ર, દુરબળ શરીર, શરીરે લાંબો, દીલે ઘણાવાળ, ને વાયુની પ્રકૃતીવાળો થાય.

વર્ણની સમજ—નવમાંસ કુંડળીને વીશે જે રાશીમાં ચંદ્ર હોય તેના સ્વામી ઉપરથી વર્ણ જાણવો. સૂર્ય હોય તો ત્રાંબા વર્ણ જેવો માણસ થાય. ચંદ્ર હોયતો શ્વેત, મંગળે, લાલ, બુધે, લીલી ધ્રો જેવો. ગુરૂએ પીળી દેહવાળો, શુક્રે ચીત્રવીચીત્ર એટલે રાતાં ધોળાં ચીન્હોવાળો, શની હોય તો કાળા વર્ણવાળો માણસ જાણવો. તથાપી જાતીકુળને અનુસરી ભાવ લખવો.

શરીર પ્રકૃતી અને સ્વભાવની સમજ—મેષરાશીવાળો પુરૂષ ક્રુર, પીત પ્રકૃતી, નરમ કાંતી, શરીર મધ્યમ, શબ્દ મોહોટો, ને પૂર્વ દીશા તરફથી લાભ જાણવો.

વૃષ રાશીને સ્થીર મન, સ્ત્રી સ્વભાવ, ટાઢી પ્રકૃતી, ક્રાંતી રહીત, ને તેને દક્ષિણ દીશામાં લાભ જાણવો; વાત પ્રકૃતિ, સારો વર્ણ, મોહોટો શબ્દ, ને મધ્ય અવસ્થામાં પ્રજાનું સુખ.

મીથુન રાશીવાળા માણસને પશ્ચિમ દીશામાં સુખ, વાયુ ને પીત અધીક, શરીર જરા પીળાશપર, પુરૂષ સ્વભાવ, વીષયી, પોતાનું કામ કરવામાં આળસુ, પારકુ કામ કરવાવાળો, ક્રુર સ્વભાવ, ઘાતીક, અંગ સીથળ, મધ્ય અવસ્થામાં સ્ત્રી પુત્રાદીકનું સુખ જાણવું.

કર્ક રાશી—ઘણાં સંતાનવાળો કામ કરવામાં ઉતાવળો, સ્ત્રી સ્વભાવ, ધોળી વસ્તુ ઉપર લાભ, થોડું બોલવા-

વાળો, સ્વભાવ સારો, કફ પ્રકૃતી, જળ વાહાલું ને તેને ઉત્તર દીશામાં સુખ જાણવું.

સીંહ રાશી. પુરૂષનો સ્વભાવ. કાર્ય કરવામાં સીતળ, ગરમ સ્વભાવ, પીળી વસ્તુ ઉપર લાભ, નરમાશ ચેહેરો (મોં પરથી આખી ઉંટ નહીં તેવો) પીત પ્રકૃતી, પૂર્વે દીશામાં સુખી, મજબુત શરીર, સ્વર ઊંચો વીર્યથી થોડો, સંતાન થોડાં. પ્રજા. ને પીળી વસ્તુથી લાભ.

કન્યા રાશી—સ્ત્રી સ્વભાવ, પોતાનું ને પારકું કાર્ય કરવાવાળો, દક્ષિણ દીશામાં સુખી, વાયુની પ્રકૃતી. શાન્તી સ્વભાવ, બોલતાં લાભ મરકે, ચેહેરો નરમાશ, થોડા વીર્ય, પ્રજા પણ થોડી, ને સ્વભાવે મળતાવડો.

તુલ રાશી—પુરૂષ સ્વભાવ, હોંશીઆર, શોભાયમાન વર્ણ, ઉષ્ણ પ્રકૃતી, પશ્ચિમ દીશામાં સુખી, સંતાન થોડાં, કામી થોડો, વાયુ અધીક, ગર્વીષ્ટ, ક્રુર સંગતવાળો માણસ જાણવો.

વૃશ્ચિક—કાર્ય કરવામાં થંડો ચીત્ર વીચીત્ર વર્ણ, સ્ત્રી સ્વભાવ, ઉત્તર દિશામાં સુખી, થોડુ બોલવાવાળો, કફ પ્રકૃતી, જળપ્રીય, વીર્યી, ઘણી સંતતીવાળો, ને સ્વભાવે સારો.

ધનરાશી—પુરૂષ સ્વભાવ, સોના જેવી ક્રાંતી, મોટે સ્વરે બોલનાર, ગરમ પ્રકૃતી, સ્ત્રીસંગ થોડો, સંતાન થોડાં, પરોપકારી, પોતાના કાર્યમાં આળસુ, ને તેને પૂર્વ દીશામાં લાભ જાણવો.

મકરરાશી—કાર્ય કરવામાં ઉતાવળો થોડુ બોલવાવાળો, દક્ષિણ દીશામાં સુખી, સ્ત્રીસ્વભાવ, પીંગળવર્ણ (લાલ પીળો સાથે) કાન્તી રહીત, સ્વભાવ સારો, અલ્પ પ્રજા, વાત પ્રકૃતી, દક્ષીણ દીશામાં સુખી અને તેને કાળી વસ્તુથી લાભ જાણવો.

કુંભ રાશી—પુરૂષ જેવો સ્વભાવ, સ્ત્રીસંગ સાધારણ, પ્રજા સામાન્ય, કાર્ય કરવામાં ઠંડો, ચીત્ર વીચીત્ર વસ્તુથી લાભ, વાતચીત પ્રકૃથીવાળો, પશ્ચિમ દીશામાં સુખી, ને ઉગ્ર સ્વભાવીક મનુષ્યની સંગત.

મીનરાશી સ્ત્રી ને પુરૂષ સ્વભાવ, કફ પ્રકૃતી, જળ પ્રિય, વીષયીં, ઘણો સંતતીવાળો, વાચાળ, શરીરે શોભાયમાન, નેત્રમાં રતાશ, કાર્ય કરવામાં ઉતાવળો, ક્વચીત શાંન્તી, સ્વભાવ સારો, ઉત્તર દીશામાં સુખી, સ્વપરાક્રમે ઉદયવાળો જાણવો.

સત્વ ગુણના ફળની સમજ—દયાવાન, ધૈર્યવાન, સત્યવક્તા, દેવ બ્રાહ્મણ ઉપર પ્રીતી, પરોપકારી, તીર્થયાત્રામાં પ્રીતી, સતમાર્ગ દાન યા પ્રીતી, યશવાન, બુદ્ધીમાન, યોગ માર્ગમાં ભાવ, નીતીવાન, સમૃધીવાળો, કોઈ કળી ન શકે તેવો માણસ, તે સત્વ ગુણવાળો જાણવો.

રજો ગુણ—સુરો, અભીમાની, ઉગ્રમતી, યશસ્વી, સ્વચ્છાચારી ન્યાઈ, રાજ્યદ્વારમાં માન, કામી, વસ્ત્ર આભુષણ, ને તાંબોળમાં પ્રીતી, ધનવાળો, સ્વજનમાં પ્રીય, નાના પ્રકારના વૈભવને ભોગવવાવાળો, તર્કશાસ્ત્રી, ગંભીર, ગાયન કળામાં પ્રીતી, બોલવામાં પ્રીય, એ રજો ગુણનાં લક્ષણ જાણવાં.

તમોગુણ—ક્રોધી, આળસુ, ચોરી કરનાર, મુરખ, ક્લેશી; દુષ્ટભાષણી, કૃતઘ્ની, ઘણી નીંદ્રાવાળો, નટવીદ્યામાં કુશળ, મંત્ર યંત્રપર પ્રીતી, છળભેદી, માથાકુટીઓ, નીંદા કરનાર, સ્વાર્થી એટલાં લક્ષણ તમોગુણનાં જાણવાં.

લવણાદીક્ષાર વસ્તુ વાહાલાં તેના સમજ—લગ્નમાં, અથવા નવ માસ કુંડળીમાં સુર્ય જે ભાવને વીશે રહ્યો હોય તે અથવા તે ભાવને દેખતો હોય તો, તીખી વસ્તુ ઉપર વધારે પ્રીતી કરે ચંદ્ર. બળવાન હોય તો, મીઠું અને ક્ષારવાળી વસ્તુ ઉપર વધારે પ્રીતી. મંગળ બળવાન હોય તો કડવા કસાયલા પદાર્થપર પ્રીતી જાણવી. બુધ બળવાન હોય તો, મીશ્ર (ખાટી તીખી) ને મીષ્ટાનપર પ્રીતી. ગુરૂ; મધુરરસ પ્રીય ને મધુર ખાવાવાળો જાણવો. શુક્ર; ખાટા પદાર્થનો ભોક્તા. શની બળવાન તો કસાયાલા રશનો ભોકતા સમજવો. કટુ કપટી ને કુટીલ બોલવાની સમજ લગ્ને અથવા ચર

રાશીમાં સુર્ય હોય તેમજ લગ્ને કે ચર રાશીમાં ચંદ્ર હોય તો જ્યાં ત્યાં ફેરવ્યા કરે (પ્રવેશ નીવાસ કરાવે) લગ્નમાં સૌમ્ય હોય તો મીઠા મીઠા બોલો બોલાય. પાપ ગ્રહ હોય તો કડવા બોલ બોલાય. સૌમ્ય ગ્રહ લગ્ને હોય તો નીષ્કપટી હૃદયનો માણુસ જાણવો ને પાપ ગ્રહ લગ્ને હોય તો કપટી સમજવો.

શરીરની અંદર તીલાદીકની સમજ—દ્રષ્કાણુ કુંડળીની અંદર લગ્ન તથા ગ્રહો જો પેહેલાં દ્રષ્કાણુમાં હોય તો શીર વીભાગમાં તીલાદી ચીન્હ જાણવું તેની બીગત. માથે, દ્રષ્ટે, કાને, નાકે કપાળે, હનુ, (ડાઢી હડપચી) મુખ એટલે ઠેકાણે ચીન્હ જાણવા. લગ્ન અને ગ્રહો બીજા દ્રષ્કાણુમાં હોય તો, કંઠ, બાહુ ને મૂળે, હાથે પાસે હૃદયે, ઉદરે, અને નાભીએ એટલામાંથી ગમે તે ભાગે તીલ મસાદીક ચીન્હ જાણવું. લગ્ન અને બીજા ગ્રહો જો ત્રીજા દ્રષ્કાણુમાં હોય તો પેઢુ, વૃષણ, વ્યંજન, ઉરૂ (જાંગના મુળ) જંઘા અને પગે તે ગમે તે ભાગમાં તીલ મસાદીક ગડ ગુંબડનાં ચીન્હ હોવા જોઈએ. જન્મ કુંડળીમાં નવમે ને પાંચમે સૌમ્ય ગ્રહ હોય તો શાસ્ત્રને જાણવાવાળો, સારી વાત કરનારો, ધર્મપર ભાવ રાખનારો, ઉદાર ચીતવાળો, ડાહ્યો, સદા ઉધમી, વાચાળ, થોડી નીંદ્રા કરનાર, હાસ્ય સ્વભાવનો,ને પ્રસીદ્ધ પુરૂષ જાણવો. તેમજ નવમે, ને પાંચમે પાપગ્રહ હોય તો, હઠી, સ્વચ્છાચારી, કોઈ વખત તામસી પ્રકૃતીવાળો, આળસુ, ઊંઘણશી, ને પૂર્વે જે ગુણો કહ્યા છે તે રહીતજ સમજવો. સૂર્ય ને ભોમ બળવાન હોય તો પૂર્વ વયે સુખી જાણવો. ગુરૂ શુક્ર બળવાન હોય તો મધ્યમ વયે સુખી જાણવો, ને શની ચંદ્ર બળવાન હોય તો અંત્ય અવસ્થામાં સૂખી જાણવો. તેમજ ઉપરની સબળની રીત મુજબના ગ્રહો જો નીર્બળ હોય તો પ્રથક પ્રથક અવસ્થા ત્રણેમાં દુખી જાણવું. લગ્નનો સ્વામી લગ્નમાં હોય તો દે-

હનું સુખ જાણવું. લગ્નનો સ્વામી પોતાના નવ માસમાં શુભ ગ્રહની સાથે હોય, અગર શુભ ગ્રહ જોતો હોય તો પણ દેહનું સુખ સમજવું. લગ્નનો સ્વામી પાપ ગ્રહની સાથે ત્રીકસ્થાનકમાં હોય તો દેહને કષ્ટ જાણવું. લગ્ને શની, રાશીનો સ્વામી ત્રીકસ્થાનકમાં હોય તો દેહને દુરબળ કરે. લગ્ને શની રાશીનો શુભ ગ્રહ તેને પાપ ગ્રહ જોતો ન હોય તો દેહને પૂષ્ટી કરે. તેમજ લગ્નમાં બળવાન શુભ ગ્રહ હોય તોપણ દેહને સુખી રાખે.

ધન ભાવ વીચાર.

સોનુ, રૂપુ, ઈત્યાદીક ધાતુને વેચવાનો ધંધો, ભંડાર, કુટુંબ, ઈત્યાદીક પદાર્થોને ધનભવનમાં જોવા. બીજા ભાવનો સ્વામી, સ્વગ્રહી, યા ઉંચ, અને શુભ ગ્રહ સાથે હોય તો ધનાદીકનો લાભ આપે. લગ્ને ચતુષ્પદ રાશી હોય, અને ધન ભાવે શુભ ગ્રહ દેખતા હોય તો ચતુષ્પદથી ધનની વૃદ્ધી જાણવી. બીજે અને બારમે પાપ ગ્રહ હોય તો દુષ્ટ નજરવાળો માણસ જાણવો; ધન આવે અને જાય; સ્થીર કરીને રહે નહી. હોરા કુંડળીમાં ધન ભાવે શુભ ગ્રહ હોય તો, ધનની પ્રાપ્તી કરે: તેમજ જો ધન ભાવે રવી હોય તો જમણે હાથે કાંઈક રોગ રહે; અને તેની દશા અંતર દશામાં રાજદંડ દેવરાવે. ચંદ્ર ધન ભાવે હોય તો સારા સુખવાળો, રોગ રહીત, ને કામી નર હોય. મંગળ ધન ભાવે હોય તો બુભુક્ષુત (ભીક્ષાવૃતીવાળો) માણસ જાણવો (પૈસેહીન) ધને બુધહોય તો ચીપટાક્ષ (ચુંચળી આંખોવાળો) આળસુ, પરભોક્તા, વેશ્યાનો ભાડખાઉ, થાય; અપુજ્ય ને પુજવાવાળો, ને ગાયનકળામાં ચતુર જાણવો. ધને ગુરૂ હોય તો સારા વાળવાળો, સારો પોશાક પહેરવાવાળો પંડીતને પ્રીય એવો, પરોપકારી કુવા, વાવ, ઈત્યાદીક કરાવવાવાળો પુરૂષ જાણવો. ધને શુક્ર હોય તો કટાક્ષ નેત્રવાળો ને ધનવાન જાણવો. ધને શની હોય તો ધન રહીત વર્તુલ નેત્રવાળો સમજ-

વો. ધનભવને રાહુ, સ્વગ્રહી, ઊંચ, ત્રીકોણમાં, અધીમીત્ર, એમાંના કોઇપણ સ્થાનકમાં હોય તો પોતાના દેશમાં ધનનો ઉદય જાણવો. ધનભવનેશ શત્રુના ઘરમાં હોય યા શત્રુ ગ્રહ દેખાતા હોય તો કુટુંબમાં શત્રુની પેઠે સરવ જાણવા. તેમજ ધન ભાવે પાપ ગ્રહ હોય યા દેખતા હોય તો તેના કુટુંબ-નો અભાવ જાણવો. ધનભાવમાં પાપગ્રહ હોય, ને તેના ઉ-પર શુભ ગ્રહની દ્રષ્ટી પડતી હોય તો કુટુંબનું સુખ મળે. પણ કોઇ વખતે કંકાસ ઉત્પન્ન થાય. ધનભાવે શુભ ગ્રહ હોશ યા દેખાતા હોય તો કુટુંબને પાળવાવાળો સમજવો.

સહજ ભાવની સમજ.

ત્રીજા ભાવને વીશે ભાઈઓ, ચાકર, પરાક્રમ, પોતાનો ઉદ્યમ વીગેરે જોવાં. ત્રીજા ભુવનનો સ્વામી સ્વગ્રહી અથ-વા ત્રીજા ભાવમાં હોય, યા ત્રીજા ભાવને દેખતો હોય તો પરાક્રમની વ્રધી જાણવી. ત્રીજે બળવાન રવી હોય તો ભા-ઈઓનું સુખ આપે. ત્રીજાનો સ્વામી નીચ, ને શત્રુના ઘર-નો રવી હોય તો ભાઈઓનું સુખ ટાળે. ચંદ્ર ત્રીજે હોયતો બેહેનનું સુખ જાણવું; ને બેહેન પછી ભાઈઓનો જન્મ જાણવો. ત્રીજે મંગળ હોય તો પરીતાપ જાણવા. ત્રીજે બુધ હોય તો બેહેન આંખે આંધળી થાય. ત્રીજે ગુરૂ હોય તો મોસાળ પક્ષનું સુખ જાણવું, ને કાકાના ઘરમાં કંઈક લક્ષ્મીની વૃધી કરે. ત્રીજે શુક્ર હોય તો પોતાના પરાક્રમનો ઉદય કરે. શની રાહુ ત્રીજે હોય તો રીષ્ટનો નાશ કરે, ને પાછળ ભાઈઓ જીવે નહીં. ત્રીજાનો સ્વામી, લગ્ને શની સાથે મીત્ર, વા, અતિ મીત્ર હોય, યા બળવાન હોય તો નોકર અને લક્ષ્મીનો વધારો કરે; તેમજ લગ્નેશ અને ત્ર-તીએશ શત્રુ હોય, યા નિર્બળ હોય તો ઘરનો નોકર ધન-નું રક્ષણ કરે તોપણ ધનનો નાશ થાય. ત્રીજા ભાવના લગ્નમાં જે અંક હોય તેટલા ભાઈઓ જાણવા. શની બુધ પુરૂષ રાશે હોય તો પુરૂષ જાણવા. ને સમરાશી હોય તો

બ્હેનનું સુખ જાણવું; ને બ્હેન પછી ભાઈઓનો જન્મ જાણવો. ત્રીજે મંગળ હોય તો પરીતાપ જાણવો. ત્રીજે બુધ હોય તો બ્હેન આંખે આંધળી થાય. ત્રીજે ગુરૂ હોય તો મોસાળ પક્ષનું સુખ જાણવુ, ને કાકાના ઘરમાં કંઈક લક્ષ્મીની વૃદ્ધી કરે. ત્રીજે શુક્ર હોય તો પોતાના પરાક્રમ નો ઉદય કરે શની, રાહુ ત્રીજે હોય તો રીપુનો નાશ કરે. ને પાછળ ભાઈઓ જીવે નહી. ત્રીજાનો સ્વામી લગ્ને, શની સાથે મીત્ર, વા, અતિમીત્ર હોય, યા બળવાન હોય તે નોકર લક્ષ્મીનો વધારો કરે; તેમજ લગ્નેશ ? અને ત્રતિએશ શત્રુ હોય, યા નિરબળ હોય તો ઘરનો નોકર ધનનું રક્ષણ કરે તોપણ ધનનો નાશ થાય. ત્રીજા ભાવના લગ્નમાં જે અંક હોય તેટલા ભાઈઓ જાણવા. શની બુધ પુરૂષ રાશે હોય તો પુરૂષ જાણવા; ને સમરાશી હોય તો સ્ત્રીઓ જાણવી; તેમજ ત્રીજા ભાવને જેટલા ગ્રહ દેખતા હોય તેટલા ભાઇઓનું સુખ જાણવું તેમાં સ્ત્રી ગ્રહ હોય તેટલી બ્હેનોનું સુખ જાણવું.

પરાક્રમનો વિચાર—ક્રુરગ્રહ સ્વગ્રહી ઉચના અંશમાં મીત્રના ઘરમાં નવમાંસમાં હોય અને તે ગ્રહ ૩–૬–૧૧ ગયા હોય તો પરાક્રમની વૃદ્ધી ક્રુર કાર્યથી જાણવી; અને પોતાના પરાક્રમથી બધા કાર્યની સીદ્ધી જાણવી. લગ્નથી સૌમ્યગ્રહકેંદ્ર ત્રીકોણમાં હોય તો તે વર્ષ મધ્યે સ્વપરાક્રમનો સુભ માર્ગે ઉદય જાણવો. સુર્ય વર્ષ ૨૨, ચંદ્ર વર્ષ ૨૪, મંગળ વર્ષ ૨૮, બુધ ૩૨, ગુરૂ ૧૬, શુક્ર ૨૫, શની વર્ષ ૩૬ ને રાહુ વર્ષે ૪૨ એટલામે વર્ષે ત્રતીયેશ પોતાની રાશીનો હોય, ઉચનો હોય, તો ઉદય જાણવો. ત્રીજા ભુવનને વિશે સૌમ્યગ્રહ નીરબળ યા દ્રષ્ટી રહીત હોય તો તે બીનપરાક્રમી જાણવો, ને તે નર દરીદ્રી જાણવો.

ચોથા ભાવના વિચારની સમજ.

ચોથે ભાવે કેટલા પદાર્થ જોવા તેની સમજ—મીત્ર, ગ્રહ, ગ્રામ, ચતુષ્પદને આદી દઈને પશુનું સુખ, ને ક્ષેત્ર દી

કથી લાભ, હાની, એટલા પદાર્થ ચોથા ભાવથી જોવા. ચોથા ભાવનો સ્વામી સ્વગ્રહી અથવા ચોથે ભાવે હોય તો સર્વ વસ્તુનું સુખ જાણવું. ચોથે રવી હોય તો માનું સુખ હોય નહી, ને ચંદ્ર ચોથે હોય તો માતાને વાતશ્લેશ્મનું જોર જાણવું. પણ માતુને શરીરે ચાર દીવશ સારૂં તો ચાર દીવસ પીડાજ જાણવી. મંગળ ચોથે હોય તો માતાને માંદગી જાણવી; એટલે શરીરે દુરબલ જાણવી. બુધ હોય તો ઉધમ રહીત. ગુરૂ હોય તો સ્વઉધમથી સીધી; ને શ્રદ્ધાદીકનું સુખ જાણવુ. શુક્રે નવા ઘરમાં રહી, ને સ્વકુળને અનુસરી ઉધમ મળે. ચોથે શની ને રાહુ હોય તો માતાનું સુખ જાણવું નહીં, કદાચ સુખ હોય તો શરીરે દુર્બળતા હોય, ને પોતાના ઘરમાં કંકાસ પેદા કરે. ચોથે ભાવે સુભ ગ્રહ હોય અથવા સુભ ગ્રહની દ્રષ્ટી હોય તો સ્વગ્રહે ઉત્સવાદી સુખ, ને ખાનપાનાદીક સુખ જાણવું. ચોથે ભાવે પાપગ્રહની રાશી હોય, અને સૌમ્યગ્રહ દેખતા હોય, યા સૌમ્યગ્રહની રાશીમાં પાપગ્રહ ભેગા હોય, અથવા જોતા હોય તો તેના ઘરમાં શુભ કાર્ય કોઈ દીવશ થાવજ નહીં. ચોથા ભુવનમાં પાપગ્રહ હોય અથવા દેખતા હોય તો પોતાના ઘરને વિશે કંકાસથી ઉદાશ વૃતી રહે. સૌમ્યગ્રહ ચોથે હોય અથવા તે ભાવને જોતા હોય તો પોતાના ઘરને વિશે બહુ બહુ સુખ મળે. ચોથા ભાવનો સ્વામી ચોથે હોય યા સૌમ્યગ્રહ ભેગા હોય, કે જોતા હોય, વા મિત્ર અધીમીત્ર હોય તો મીત્ર વર્ગથી સુખ જાણવું. ચોથા ભુવનનો સ્વામી ચોથે ન હોય, ને શત્રુ ભાવને વિશે શત્રુ, અધીશત્રુને પાપગ્રહ યુક્ત હોય તો મીત્ર પક્ષનું સુખ થાયજ નહી. જેમ મીત્ર ભાવનું સુખ તેમ શત્રુ ભાવનુ દુઃખજ જાણવું.

ઘરના સુખની સમજ—સુર્ય બળવાન હોય તો લાકડાના ઘરનુ સુખ જાણવું. ચંદ્ર બળવાન હોય તો નવીન ઘરનું સુખ આપે. મંગળ બળવાને બળેલા ઘરનું સુખ હો-

૫. બુધ બળવાન હોય તો પથ્થરનું શીલ્પશાસ્ત્ર પ્રમાણે બનાવેલા ઘરનુ સુખ મળે, ગુરૂ બળવાન હોય તો ચીરંકાળ પર્યંત નવા, ને મજબુત ઘરની પ્રાપ્તી થાય. શુક્ર બળવાન હોય તો મનને મોહીત કરે એવું ચીત્રવીચીત્ર ઘરની પ્રાપ્તીની કરે. શની બળવાન હોય તો જુના ઘરનું સુખ આપે. ચોથે ભાવે ચતુષ્પદ રાશી હોય અથવા તેના ઉપર દ્રષ્ટી હોય તો ચતુષ્પદાદી સુખ જાણવું; ને શત્રુ ભાવ હોય તો ચતુષ્પદાદી ઉલટું જાણવું (દુ:ખ) ચોથા ભાવનો સ્વામી અથવા દશમાનો અધીપતી લાભ ભાવે હોય કે ધન ભાવે હોય તો ગ્રામનાં રક્ષણથી સર્વ કાર્યની સીધી જાણવી.

પાંચમા ભાવની સમજ.

બુદ્ધી પ્રપંચ, મંત્ર વીદ્યા, વીનય, ગર્ભની સ્થીતી અથવા સંખ્યા, એટલી ચીજો પાંચમા ભાવમાં જોવી. પંચમેશ સ્વગ્રહી, અથવા ઉંચનો હોય, ને પાંચમાં ભાવનો સ્વામી પાંચમાને ભેગો હોય કે તેની દ્રષ્ટી હોય તો પાંચમા ભાવનો લાભ જાણવો; એટલે વીદ્યાદી લાભ થાય. પાંચમે રવી હોય તો પ્રથમના સંતાન જીવે નહી; પણ મધ્ય અવસ્થામાં સંતાન સુખ થાય પાંચમે મંગળ હોય તો પ્રથમ સંતાનને બહુ દુ:ખ થાય. ને મોસાળ પક્ષથી પીડા કરે. પાંચમે બુધ હોય તો કાર્યની સીધી કરે, વીદ્યાને વધારે પણ પુત્ર થાય તે વ્યસની પણ શુરવીર થાય. પાંચમે ગુરૂ હોય તો પુત્ર સારો થાય; વીદ્યાવાન, વ્યવહારમાં દક્ષ જાણવા (પ્રસીધ) ને સર્વ કળામાં કુશળ જાણવા. પાંચમે શુક્ર હોય તો પહેલાં પુત્રી થાય, ને બધાં મળી ૭ સંતાન થાય. શની ને રાહુ પાંચમે હોય તો સદાકાળ ગર્ભપાતજ થાય. રવી પાંચમે હોય તો એક પુત્ર થાય; ચંદ્ર હોય તો બે, મંગળે ત્રણ, બુધે આઠ પુત્રી થાય. ગુરૂએ પાંચ પુત્ર, શુક્રે ૭ પુત્રી, શનીએ ગર્ભપાત. ને રાહુ હોય તો ગર્ભ રહેજ નહીં. સંતાનભાવમાં જે આંકડા હોય

તેટલાં સંતાન કહેવાં, તેમાં જેટલા ગ્રહની દ્રષ્ટી હોય, ને બળ પામેલા હોય તે સ્ત્રી પુરૂષની સંખ્યા મુજબ સંતાનનું સુખ જાણવું. પાંચમે કન્યા લગ્ન અને મીનના નવ માંસમાં હોય, ને બુધની દ્રષ્ટી હોય તો તેને બે પુત્રી થાય; તેમજ પાંચમે મીથુન લગ્ન નવ માસે ન હોય, ને બુધની સંપુર્ણ દ્રષ્ટી હોય તો બે પુત્ર થાય. પાંચમે મીનલગ્ન નવ માસે ન હોય ને બુધની પુર્ણ દ્રષ્ટી હોય તો બે પુત્રી થાય.

પેહેલા ગર્ભમાં પુત્ર પુત્રીની સમજ—ગુરૂ સુર્ય એકી રાશીમાં હોય ને પાંચમા ભાવમા રહ્યો હોય કે દેખતા હોય તો પેહેલે ગર્ભે પુત્ર જાણવો. ચંદ્ર શુક્ર પાંચમે હોય; એકી રાશીના હોય, ને પાંચમાને જોતો હોય, તો પ્રથમ ગર્ભે કન્યા જાણવી. પાંચમાનો સ્વામી નીચ, કે પાપગ્રહની સાથે છઠે, સાતમે, કે આઠમે હોય તો તેની સ્ત્રી કાગવંધ્યા જાણવી. પાંચમાનો સ્વામી નીચ થઈને શનીની સાથે હોય તોપણ કાગવંધ્યા જાણવી. અગીઆરમે ચંદ્ર સાથે શની હોય તો પ્રજા વીનાનો જાણવો. ચંદ્ર અને બુધની સાથે શની પાંચમે હોય તો વેચાતી લીધેલી પ્રજા જાણવી. મંગળ, ને શની ચોથે હોય તો દત્ત પુત્રવાળો જાણવો.

ગર્ભપાતની સમજ—છઠાના સ્વામી સાથે શની છઠે હોય, ને સાતમે ચંદ્ર હોય તો ગર્ભપાત જાણવો. બળ વીનાનો મંગળ, ને શની ચોથે હોયતો ગર્ભપાત જાણવો.

છોકરાં ન થવાના યોગનીસમજ— પાંચમાને બધા ગ્રહ જોતા હોય તેમાં શુભગ્રહની દ્રષ્ટી ન હોય, ને નવમાંસમાં પાંચમાનો સ્વામી દુષ્ટ સ્થાનકમાં હોય તો બહુ સ્ત્રીઓ છતાં પણ પુત્ર વીનાનો જાણવો. પાંચમાનો સ્વામી શુભ ગ્રહ સાથે કેંદ્રમાં હોય તો ડાહ્યો મનુષ્ય જાણવો. ગુરૂ કેંદ્રમાં હોય તો ચપળ બુધીવાળો જાણવો. ચં-

દ્ર મંગળ, ને બુધ બળવાન હોય, યા પાંચમાને જોતા હોય તો તરત જવાબી જાણવો. બારમાનો સ્વામી લગ્નમાં હોય તો સારૂ બોલવાવાળો જાણવો. લગ્ને ચંદ્ર, મંગળ, ને શની, હોય તો મતીહીણ જાણવો. પાંચમાનો સ્વામી પાપગ્રહ સાથે હોય તો વીસ્મૃતી સ્વભાવવાળો માણસ જાણવો. ત્રીજાનો સ્વામી રાહુની સાથે હોય તો જડબુદ્ધીવાળો જાણવો. બીજાનો સ્વામી દશમે પાપગ્રહની સાથે હોય તો સભામાં જડ જાણવો. પાંચમે પાપગ્રહ હોય તો મ્લેચ્છમંત્ર જાણનારો એટલે વશીકરણ, ને કામણ કુટણ કરનારો જાણવો. બુધે જોએલા અંશમાં ચંદ્ર હોય તો વેદ જાણવો. અંશમાં ક્રુર સાથે ચંદ્ર, ને ગુરૂ હોય તો ગ્રંથ કરનારો જાણવો. અંશથી બીજે, પાંચમે, ગુરૂ હોય તો વ્યાકરણ જાણનારો જાણવો. અંશથી બીજે, ત્રીજે, કે પાંચમે બુધ, ગુરૂ હોય તો મીમાંસા ( ) જાણનારો જાણવો. અંશથી બીજે, ત્રીજે, કે પાંચમે મંગળ હોય તો તર્કશાસ્ત્રી જાણવો. સુર્યને ગુરૂ હોય તો ગાયનકળામાં કુશળ જાણવો. બીજાનો સ્વામી બળવાન, કેંદ્રમાં હોય તો જોતીષ જાણનારો જાણવો. દસમાનો સ્વામી લગ્નમાં હોય તો કવી જાણવો. પાંચમાનો સ્વામી દસમે યા અગીયારમે હોય તો વચન સીધી જાણવો. એ પ્રમાણે પાંચમો ભાવ જોવો.

છઠા ભાવની સમજ.

છઠા ભાવને વિશે શું જોવું તેની સમજ—શત્રુ, દુષ્ટ કર્મ, ચીંતા, શંકા, મોસાળ પક્ષથી લાભ, ને રોગનું નીર્માણ એટલા પદાર્થ છઠા ભાવમાં જોવાં.

ઘાતની સમજ—છઠે રવી બળવાન હોય તો શત્રુને છતે, લાકડાથી, પથ્થરથી, વા ચતુષ્પદથી (ચાર પગવાળાં જનાવરથી કે ઉંચેથી પડવાથી ઘાત જાણવી. છઠે ચંદ્ર હોય તો જળથી ઘાત, શીંગડાંવાળાં જનાવરથી ઘાત થાય, ને પુરૂષ આળસુ, ને તીક્ષણ સ્વભાવવાળો જાણવો. શુક્લ પ-

ક્ષનો ચંદ્ર છઠે હોય તો રોગનો ઉપદ્રવ કરે; ને કૃષ્ણ પક્ષનો હોય તો વાતકફના રોગને પેદા કરે; તેમ ચંદ્ર બળવાન હોય તો મોસાળ પક્ષથી સુખ આપે. છઠે મંગળ હોય તો વીષથી યા, અગ્નીથી ઘાત પેદા કરે, ને મોસાળ પક્ષનો નાશ કરે. છઠે બુધ હોય તો તાપથી પીડા ઉત્પન્ન કરે. છઠે ગુરૂ હોય તો બહુ શત્રુ પેદા કરે; પણ મોસાળ પક્ષથી લાભ મેળવે, ધનની વૃદ્ધી કરે, કુટુંબની સુખાકારી કરે, રાજ્યપક્ષના ઉદ્યમમાં સીદ્ધી મેળવે, એટલે રાજ્યની નોકરી કરે. છઠે શુક્ર હોય તો ધાતુ ક્ષય જાણવો; મોસાળ પક્ષમાં કંકાસ કરાવે, શત્રુ ઉત્પન્ન કરે પઈસા પાસે રહે નહી. ને ખરચ બહુ કરાવે. શની રાહુ છઠે હોયતો રોગ શત્રુનો નાશ કરે, ને ખરાબ રસ્તે પૈસા ખરચ કરાવે; મોસાળ પક્ષમાં સુખની હાની કરે.

શત્રુતાની સમજ—જન્મકુંડળીને વિશે છઠાનો સ્વામી છઠા ભાવને જોતો હોય, કે તેની સાથે હોય તો હમેશ શત્રુથી લડનારો જાણવો. છઠાનો અધીપતી છઠે હોતો શત્રુ બળવાન જાણવા. છઠાનો સ્વામી ત્રીજે હોય, ને તેને શત્રુગ્રહ જોતા હોય તો ભાઈ હોય તોપણ શત્રુ જાણવા. એ મુજબ છઠો ભાવ જોવો.

સાતમા ભાવની સમજ

સાતમા ભાવમાં કીયા પદાર્થો જોવા તેની સમજ—રણસંગ્રામમાં લડવાનું, વેપાર, જાયા, (સ્ત્રી) પરદેશ વીગેરે જોવાં. સાતમા ભાવનો સ્વામી સાતમે હોય, દ્રષ્ટી હોય, કે ભેગો હોય તો સાતમા ભાવની વૃધી જાણવી. સપ્તમેશ, સ્વગ્રહી, ઉચ્ચ અથવા, મીત્રના ઘરનો હોય, મુળ ત્રીકોણમાં હોય તો તેની સ્ત્રીનું સુખ જાણવું. લગ્નેશ ને સપ્તમેશ બે મીત્ર હોય તો સ્ત્રીનું સુખ જાણવું. નવમાંસ કુંડળીમાં લગ્નેશ લગ્નમાં હોય, યા લગ્નથી, ને ચંદ્રથી સપ્તમેશ મીત્ર હોય તો સ્ત્રીનું સુખ બહુ જાણવું. સાતમે પાપગ્રહ હોય તો કુભાર્યા જાણવી. સાતમા ભાવનો સ્વામી સ્વ

ગ્રહી થઈને ક્રુર હોય તો તેને સ્ત્રીનું સુખ ન જાણવું. સપ્તમેશ જે ગ્રહ હોય, ને તે ગ્રહ સાતમે હોય તો તે ગ્રહના સ્વરૂપ જેવી સ્ત્રી જાણવી. સાત્તમે એકી રાશી લગ્નથી કે સાતમાથી હોય તો ક્રુર સ્વભાવની સ્ત્રી જાણવી. બેકીરાશી ચંદ્રથી કે લગ્નથી સાતમે હોય તો તેની સ્ત્રી સારા સ્વભાવની જાણવી. ચંદ્રથી સાતમી રાશી વીશમ હોય, ને બીજે ઠેકાણે સમ હોય તો મીશ્ર ભાવ જાણવો.

વિવાહ થવાના કામનો સમજ—સાતમાનો સ્વામી સૌમ્યગ્રહ સાતમે હોય તો સાતમે વર્ષે વિવાહ જાણવો; ને તે ભાવે ચંદ્ર શુક્ર હોય તો તે ભાવનો જે આંક હોય તેટલામે વર્ષે વિવાહ જાણવો. સપ્તમેશ ચંદ્ર શુક્ર સ્વગ્રહી હોય તો બાર વર્ષ પછી લગ્ન થાય. સાતમા ભાવથી શુભગ્રહ ને પાપગ્રહ છઠે, આઠમે, ને બારમે હોય તો છઠે, આઠમે, ને બારમે વર્ષે સ્ત્રીને અંગે રોગ ઉત્પન્ન થાય. સાતમે સૂર્ય હોય તો પુત્ર થાય; ને ચંદ્ર હોય તો પુત્રી થાય. સુર્યે પ્રથમ પુત્ર પછી પૂત્રીને, ચંદ્રે પેહેલી પુત્રીને પછી પુત્ર જાણવો. સાતમે ચંદ્ર હોય તેની સ્ત્રી છીનાળ જાણવી; સ્વરૂપવાન મૃગાક્ષી, અંગે બળવાન, શરીરે પુષ્ટ સ્ત્રી જાણવી. સાતમે મંગળ હોય તો પ્રથમ છોકરાં જન્મ આપતાં બહુ કષ્ટ પડે ને રૂધીર વીકારાદીક સુવાવડનો રોગ થાય ને પુરૂષ પણ રોગી થાય. સાતમે બુધ હોય તો એ સ્ત્રી જાણવી; પુરૂષ વ્યભીચારી પરંતુ વહેપારમાં કુશળ જાણવો; ને માર્ગ ઉદ્યમે સુખી (પરદેશના વહેપારમાં) સાતમે ગુરૂ હોય તો પુત્રથી સુખ મળે, બાપથી પણ સુખ થાય. સ્ત્રી સારા સ્વભાવની ને પતીવ્રતા જાણવી. સાતમે શુક્ર હોય તો સ્ત્રી ને પુરૂષ બંને વ્યભિચારી જાણવાં. સાતમે શની, ભોમની રાશીમાં શુક્ર હોય તો તેની સ્ત્રી છીનાળ જાણવી. શુક્ર સાતમે, ને મંગળ ને સૂર્ય જોતો હોય તોપણ તેની સ્ત્રી છીનાળ જાણવી. છઠા આઠમા, ને નવમાના સ્વામીને પાપગ્રહ જોતો હોય તોપણ સ્ત્રી છીનાળ જાણવી. બુધને શુક્ર સાતમે હોય

તો પૂરૂષ સ્ત્રી વીનાનો જાણવો. સાતમે શુક્ર ને બારમે ચંદ્ર હોય તો સ્ત્રીનો શત્રુ (માર મારજ કરે) જાણવો; મંગળ ને બુધ ભેગા હોય તોપણ તેવોજ પૂરૂષ જાણવો. શુક્ર ને મંગળ સાતમે હોય તો વ્યભીચારી જાણવો. ચંદ્રથી દશમે શુક્ર ને તેનાથી દશમે શની હોય તોપણ તેવોજ પૂરૂષ જાણવો. સાતમે મંગળ હોય તો રજસ્વાળી સાથે વ્યભીચાર કરનારો જાણવો. સાતમાના સ્વામીને પાપગ્રહ જોતો હોય અથવા પાપગ્રહ સંગાથે હોય તો બેહેન સાથે વ્યભીચાર કરનારો જાણવો.

આઠમા ભાવનો વિચાર.

દુર દેશાવર જવું, શસ્ત્ર, આયુર્દાનું પ્રમાણ, ને મહોટું સંકટ તેનો વિચાર સર્વે આઠમા ભાવથી જાણવો. આઠમે સૂર્ય હોય તો શરીરે વ્યાધી ને નેત્ર રોગી જાણવો; ચંદ્ર હોય તો બહુ જાતના રોગ હોય, મંગળ હોય તો રાજાનો નોકર જાણવો. બુધ હોય તો સીતળ સ્વભાવ ને આયુષ્ય બહુ હોય ગુરૂ હોય તો વનમાં રહીને દુખ ભોગવે, ને ધર્મ રહિત દુષ્ટ કર્મ કરનારો જાણવો. શુક્ર હોય તો નીત્ય મૈથુન કરનાર (વ્યભીચારી) જાણવો. શની ને રાહુ હોય તો માતાથી વીરોધી જાણવો ધનહીન ચોર જાણવો. રવી આઠમે હોય કે જોતો હોય તો પથરની ઘાત જાણવી. ચંદ્ર હોય તો સીંગડાવાળા જનાવરથી ઘાત થાય. મંગળ હોય કે દેખતો હોય તો વીશ યા અગ્નીથી ઘાત થાય. શની રાહુ ભેગા હોય કે દેખતા હોય તો લોહાથી ઘાત થાય. આઠમે જળચર રાશી હોય યા બીજે હોયને ચંદ્ર શુક્ર તે ને જોતા હોય તો ત્રીજે વરશે જળની ઘાત જાણવી. આઠમે ધન રાશી ને પાપગ્રહ સાથે હોય તો ઘોડેથી પડવાની ઘાત સમજવી. કન્યાના ચંદ્ર આઠમે હોય તો જન્મે તેજ દીવશે અથવા પેહેલે વર્ષે મૃત્યુ જાણવું. આઠમે સીંહના ચંદ્ર હોય તો પાંચમે દીવશ કે પાંચમે વર્ષે મૃત્યુ જાણવું.

ચંદ્ર તુલના હોય તો ચોથે દીવશે કે ચોથે વર્ષે મૃત્યુ જાણવું. બીજે ને બારમે પાપગ્રહ ને શુભગ્રહ જોતા હોય તો અલ્પ આયુષ જાણવું. એટલે જન્મ પછી ૨–૩ ઘડી જીવી ને મરણ પામે. પાપગ્રહની સાથે અથવા પાપગ્રહે જોએલો શની આઠમે હોય તો અલ્પ આયુષ જાણવું. શનીશ્વર બળવાન હોય ને પાપગ્રહ છઠે કે આઠમે હોય, પાંચમે યા કેંદ્રમાં શુભગ્રહ હોય તો મધ્યમ આયુષ જાણવું. પાંચમે ગુરૂ ને ચંદ્ર ને દશમે મંગળ હોય તો ઘણુ આયુષ જાણવું.

મૃત્યુનો સમજ—નવમા સ્થાનકના પાપગ્રહો સુર્ય અને રાહુને જોતાં હોય તો સર્પથી મૃત્યુ જાણવું. આઠમે ચંદ્ર લગ્ને મંગળ ને શની હોય તો સ્ત્રીથી મૃત્યુ જાણવું. ધર્મ ભાવનો સ્વામી લગ્નમાં હોય તો પવિત્ર ભુમિમાં મૃત્યુ થાય. સાતમે સૂર્ય મંગળ ને ગુરૂ દશમે હોય તો શ્વાન કુરડવાથી મૃત્યુ જાણવું. આઠમે મંગળ ને બુધ હોય તો બંધીખાનામાં મૃત્યુ જાણવું. આઠમે શુભગ્રહ ને પાપગ્રહ તથા શત્રુગ્રહ જોતા ન હોય તો યુદ્ધમાં મૃત્યુ જાણવું. મેષ વૃશ્ચિકનો ચંદ્ર પાપગ્રહની વચ્ચે હોય તો શસ્ત્રથી વા અગ્નીથી મૃત્યુ જાણવું. ઉભયોદય રાશીમાં ચંદ્ર સુર્ય હોય તો જળથી મૃત્યુ જાણવું. છઠે આઠમે ચંદ્ર બુધ હોય તો ઝેરથી મૃત્યુ જાણવું. એ પ્રમાણે આઠમા ભાવને જોવો.

નવમા ભાવના વિચાર.

નવમા ભાવમાંશું વસ્તુ જોવી તેની સમજ—ધર્મ ભાગ્યનું પ્રફુલીત થવુ, શીતળપણું, તીર્થાટણ કરવાનું, પુન્યનું એટલા પદાર્થ નવમા ભાવમાં જોવા. નવમા ભાવનો સ્વામી સ્વગ્રહી, યા તેના ભાવમાં રહ્યો હોય, અથવા નવમા ભાવ ઉપર દ્રષ્ટી હોય તો સ્વદેશે ભાગ્યોદય જાણવું. તેમજ ધર્મવાન, દયાવાન, તીર્થ પ્રયાણ અથવા દેવાલયો વીગરે શુભ કામ કરવામાં મતી જાણવી. નવમા ભાવનો સ્વામી,

ને નવમાંસનો સ્વામીનીચ, શત્રુના ઘરમાં હોય, અથવા અસ્તનો હોય, વા શત્રુની રાશીમાં પાપગ્રહ જોતા હોય, અથવા તેની સાથે હોય તો ભાગ્યનો ઉદય જાણવો નહી; ધર્મ માર્ગ ઉપર વ્રતી થાય નહી; ને શુભકાર્યમાં વીઘ્ન થાય. શુભગ્રહની દ્રષ્ટી હોય, યા, નવમાંસમાં રહેલા હોય તો ભાગ્યનો ઉદય જાણવો. તેમજ જો પાપગ્રહ નવમે ભેગા હોય, યા, જોતા હોય તો ભાગ્યનો ઉદય ન જાણવો. નવમે પાપગ્રહ હોય, ને તેને સૌમ્ય ગ્રહ જોતા હોય તો પ્રથમ અવસ્થા દુ:ખી જાણવી; ને બીજી અવસ્થામાં સુખ જાણવું. નવમાનો સ્વામી ઉંચ હોય કે ભાગ્ય ભાવને જોતો હોય તો મોટા ભાગ્યનો ઉદય જાણવો.

કઇ દીશાએ ભાગ્યનો ઉદય થશે તે જોવાની સમજ—નવમાનો સ્વામી બુધ યા ગુરૂ જન્મ લગ્નમાં નીર્બળ હોય ને સૌમ્ય ગ્રહ જોતા હોય તો પૂર્વ દીશાએ ભાગ્યોદય જાણવો. ભાગ્યે શો રવી, ભૌમ દશમે ભાવે નીર્બળ હોય તો દક્ષીણ દીશામાં ભાગ્યોદય. નવમાનો સ્વામી શની સાતમે નીર્બળ હોય તો પશ્ચિમ દીશાએ. ભાગ્યનો સ્વામી ચંદ્ર શુક્ર નીર્બળ થઈને ચોથે ભાવે હોય તો ઉત્તર દીશાએ ભાગ્યોદય.

નવમે રવ્યાદી ગ્રહોનું ફળ—નવમે સૂર્ય હોય તો પછીના ભાઈઓ જીવે નહી, ને ચંદ્ર હોય તો નીત્ય ભાગ્યોદય, ઘડીમાં ઉદય ને ઘડીમાં અસ્ત, કર્ક વૃષના ચંદ્ર હોય તો મહાભાગ્ય-શાળી જાણવો. નવમે મંગળ હોય તો તીર્થયાત્રામાં દુ:ખી ને પારકા કામોનો નાશ કરવા વાળો જાણવો. મેષ, વૃશ્ચિક, મકર રાશીનો હોય તો શસ્ત્ર, પ્રવાળ ને રાતી વસ્તુથી ભાગ્યનો ઉદય જાણવો. નવમે બુધ હોય તો વનવાશી; પ્રથમ વયે સીવી. મીથુન કન્યારાશીનો હોય, ને પાપ ગ્રહ જોતા ન હોય તો રાજ્યકળામાં કુશળ ને ભાગ્યની વૃદ્ધી કરવાવાળો જાણવો. નવમે ગુરૂ, શુક્ર બળવાન હોય તો દેવાલય, જળાશય ને તીર્થયાત્રાદીક કાર્યથી

ભાગ્યનો ઉદય જાણવો. નવમે શની, રાહુ હોય તો મલીન ભાગ્યોદય, શઠ ધુતારા વીગરે મનુષ્ય પ્રીય જાણવા; ને મ્લેચ્છથી ભાગ્યોદય જાણવો; તેમજ જુગાર રમવામાં પુરો હોવો જોઈએ.

કેટલે વર્ષે ભાગ્યોદય થશે તે જોવાની સમજ— નવમે રવી બળવાન હોય તો ૨૨ મે વર્ષે ભાગ્યોદય જાણવો. નવમે ચંદ્ર બળવાન હોય તો ૨૪ મે વર્ષે. ભૌમ હોય તો ૨૮ મે વર્ષે. બુધે ૩૨ મે વર્ષે. ગુરૂ હોય તો ૧૬ મે વર્ષે. શુક્રે ૨૫ મે વર્ષે અને શની નવમે બળવાન હોય તો છત્રીશમે વર્ષે ભાગ્યનો ઉદય જાણવો. એ પ્રમાણે નવમો ભાવ જોવો.

દશમા ભાવની સમજ.

દશમા ભાવમાં કેટલા પદાર્થો જોવા તેની સમજ— વ્યાપારથી, લક્ષ્મી મેળવવાનું, રાજ્ય કારભાર, પીતાનું સુખ ને મોહોટી પ્રતીષ્ટા મેળવવી એ બધું દશમા ભાવમાં જોવું. દશમાનો સ્વામી દશમામાં હોય, કે તેને જોતો હોય, તેમજ પાપ, ને સૌમ્ય ગ્રહો જોતાં હોય, યા ભેગા હોય તો પીતાનું સુખ શ્રેષ્ઠ જાણવું, રાજ્યમાં માન પ્રતીષ્ટા મળે, ને વેપાર ઉદ્યમમાં લાભ થાય. દશમાનો સ્વામી નીચ, કે અસ્તનો હોય, પાપગ્રહમાં અંતરની અંદર હોય, યા ક્રુરગ્રહ ભેગા હોય કે દેખતા હોય તો પીતાનું સુખ ન જાણવું, તેમજ વ્યાપાર ઉદ્યમને હાની જાણવી. દ્વાદશાંશ કુંડળીની અંદર દશમાનો સ્વામી, શુભગ્રહ ભેગો હોય કે તે ગ્રહો તેને જોતા હોય, કે ઉંચ મૂળ ત્રીકોણ અને મીત્રની રાશીમાં હોય તો પીતાનું સંપુર્ણ સુખ જાણવું. તેની પેઠે લગ્નથી દશમાનો સ્વામી નિચનો થઈને દ્વાદશાંશમાં રહ્યો હોય તો પીતાના સુખનો નાશ કરે. સૂર્યથી દશમા ભાવે શુભ ગ્રહ હોય કે તેની દ્રષ્ટી હોય તો પીતાનું સુખ જાણવું; પણ પાપ ગ્રહની

દ્રષ્ટી હોય કે ભેગા હોય તો પીતાનું સુખ ન જાણવું. સુર્યથી બીજે સૌમ્ય ગ્રહ હોય તો તેનો પીતા ધનવાન જાણવો; ને પાપગ્રહ હોય તો નીરધન જાણવો.

વ્યાપારની સમજ—દશમાનો સ્વામી સૌમ્ય ગ્રહની સાથે હોય અથવા મીત્રની રાશીમાં હોય તો વેપારમાં લાભ જાણવો; ને સર્વ કાર્યની સીધ્ધી જાણવી; તેમજ જો પાપ ગ્રહ હોય તો વેપારની હાની જાણવી. જન્મ રાશીથી છઠે, આઠમે હોય તે રાશીના સ્વામીની વસ્તુથી લાભ ન જાણવો.

દશમે પ્રત્યેક ગ્રહ તેનું ફળ—દશમે સુર્ય હોય તો પીતાએ મેળવેલા પૈસાનું સુખ જાણવું. દશમે ચંદ્ર હોય તો માતાથી ધનની પ્રાપ્તી જાણવી; ને રાજ્યમાર્ગમા માન પ્રતીષ્ટા મળે, ને જ્યોતીષના ધંધાથી લાભ મળે. દશમે મંગળ હોય તો રાજાની નોકરી મળે; પીતાને રૂધીરનો વીકાર જાણવો, ને પારકાં કાર્ય કરવાથી પોતાના કાર્ય થાય. દશમે બુધ હોય તો પ્રથમ વયે સુખી ને પૂર્વે એકઠાં કરેલાં ધનને ભોગવવા વાળો જાણવો. દશમે ગુરૂ હોય તો રાજ્યમાં સારી નોકરી મળે, ને ધનવાન જાણવો: પોતાના ભાઈઓથી ધનની પ્રાપ્તી થાય, ને મધ્ય વયે સુખી જાણવો. દશમે શુક્ર હોય તો બુદ્ધિવાન, પીતા સાથે અણબનાવ રહે, ચતુર, વાચાળ,, ને વિદ્યા ઉપર પ્રીતી જાણવી. દશમે શની રાહુ હોય તો નીચ ઉદ્યમી જાણવો; ને નીચ કર્મથી પ્રતી જાણવી, માતાનું સ્વલ્પ સુખ, પીતા સાથે અણબનાવ રહે, ને મધ્ય વયમાં પીતાનુ સુખ જાય. દશમે કન્યા અગર મીથુનનો રાહુ હોય તો રાજ્યથી જય મેળવે ને પ્રતીષ્ઠા વધારે પરંતુ કયારેક અકસ્માત રાજ્ય ભય દેખાડે. એ પ્રમાણે દશમો ભાવ જોવો.

અગીયારમા ભાવની સમજ.

અગીયારમે ભાવે કેટલા પદાર્થ જોવા તેની સમજ—હાથી, ઘોડા, સોનું વસ્ત્ર, છત્ર, ને શુભ કાર્યો કરવા

વીગરે એ ભાવમાં જોવું. લાભભાવનો સ્વામી સ્વગ્રહી, ઉંચ, મીત્ર, ને અતીમીત્ર હોય, ને લાભભાવને જોતો હોય અથવા ભેગો હોય તો તે ભાવની વ્રધી જાણવી. અગીયારમે રવી, યા તેની દ્રષ્ટી હોય તો પરદેશમાં સુર્ય દશાથી લાભ જાણવો. લાભભાવે ચંદ્ર કે, તેની દ્રષ્ટી હોય તો જળથી ઉત્પન્ન થએલી વસ્તુ, મણી, મોતી, વીગેરેના વેહેપારથી લાભ મળે; ને સ્ત્રીની મદદથી લાભ થાય. શુકલ પક્ષનો ચંદ્ર જન્મ ચંદ્ર મીત્રના ઘરમાં હોય તો હાથી ઘોડાનો લાભ કરે. મંગળ બળવાન થઈને લાભભાવે રહ્યો હોય તો મણી, પ્રવાળાં, સોનાથી લાભ મેળવે, ને ઘણાક હુન્નરથી પૈસો મેળવે. મેષ, વૃશ્ચિક, ને મકરનો મંગળ હોય અગીયારમે રહ્યો હોય તો પૃથ્વીથી લાભ જાણવો. તેમજ મંગળ ને શનીની દ્રષ્ટી હોય, ને બીજી રાસીનો મંગળ હોય તો દક્ષિણ દીશાથી લાભ મેળવે; પરંતુ ક્રુર કર્મ કરનારો જાણવો. અગીઆરમે મીથુન, ને કન્યાનો બુધ હોય, ને તે મીત્રના ઘરમાં હોય અથવા મુળ ત્રીકોણમાં હોય તો નાના પ્રકારના કાવ્ય કરનારો જાણવો; રાજાથી લાભ મેળવે, ને તેને પુર્વ દીશાથી લાભ મળે; તેમજ બીજી રાશીમાં બુધ રહ્યા હોય, ને પાપગ્રહ જોતા હોય તો પુર્વ દીશામાં લાભ જાણવો; ને બીજી અવસ્થામાં સુખી જાણવો. લાભ ભાવે ધન મીનનો ગુરૂ હોય તો બહુ લાભવાળો જાણવો ને અનેક વસ્તુથી લાભ જાણવો; તેમજ યજ્ઞાદીક કાર્યો કરવાવાળો જાણવો. અગીઆરમે શુક્ર સ્વગ્રહી ઉંચ ને, મીત્રના ઘરનો હોય તો સોનાદી ધાતુથી લાભ જાણવો. તેમજ શુક્ર નિર્બળ, નીચ ને શત્રુના ઘરનો હોય તો અગીઆરમા ભાવની હાની જાણવી. લાભભાવે શની તુલ, મકર, ને કુંભનો હોય તો નીલમણીથી લાભ મેળવે. જ્યારે જન્મ કાળે રાજ્ય યોગ થાય એટલે શની લાભભાવે હોય ને તે બળવાન હોય તો હાથી ઘોડાથી લાભ મેળવે કર્ક લગ્ને ગુરૂ ભેગો, યાદ્રષ્ટી હોય, ને દશમે સોમ હોય, અગીઆરમે શ-

ક હોય તો તે રાજ્ય યોગ જાણવો; એટલે તેને ઘેર ગજાંત લક્ષ્મી જાણવી એ પ્રમાણે અગીઆરમો ભાવ જોવો.

બારમા ભાવની સમજ

બારમે ભાવે કેટલા પદાર્થ જોવા તેની સમજ—

હાની, દાન, પૈસાના ખર્ચ સંબંધી, દંડ દેવો, બંધનથી નિર્મુક્ત થવું એ બારમા ભાવમાં જોવું. બારમા ભાવનો સ્વામી સ્વગ્રહી, મીત્ર, અતિમીત્ર હોય અથવા બારમા ભાવમાં હોય, યા તેનાં ઉપર દ્રષ્ટી હોય તો સદાકાળ શુભમાર્ગે ધને લાભ જાણવો. ને પાપ ગ્રહ બારમે હોય યા દ્રષ્ટી હોય કે બારમાનો સ્વામી નીચ શત્રુના ઘરનો હોય તો તે ભાવની હાની જાણવી. એટલે કુમાર્ગે ધનનો નાશ જાણવો. તેમજ નેત્રદોષી એટલે કાણો યા આંધળો જાણવો. બારમે શની ને મંગળ જોતા હોય તો પૈસા બહુ ખરચ કરાવે, તેમ પૂર્ણ બળવાન ચંદ્ર, બુધ, ગુરૂ ને શુક્રની સાથે નવમાનો સ્વામી ન હોય તો બહુ ધન એકઠું કરાવે, પરંતુ સ્વભાવે કૃપણ જાણવો. દશમાનો સ્વામી નીચથઈને યા શત્રુના ઘરનો હોય પાપગ્રહ સાથે બારમે હોય તોતે માથાકુટીઓ થઈને એટલે અહંપદમાં પઈસાનો નાશ કરે; તેમજ ચાડી ચુગલી કરવાથી રાજ્યદંડ થાય. ધનેશ બારમે ગયો હોય, ને બારમાનો સ્વામી છઠે, આઠમે હોય ત્યારે દુષ્ટ કર્મ કરવાવાળો જાણવો; એટલે રંડીબાજીમાં પૈસા ખરાબ કરે, અથવા બીજી જગ્યાએ વ્યભીચારથી પૈસા બગાડે. બારમાનો સ્વામી છઠે ને છઠાનો સ્વામી બારમે હોય તો કજીઆથી ધનને ખરાબ કરે. વ્યયભાવ સ્વામી છઠે, આઠમે હોય, ને છઠાનો સ્વામી બારમે હોય તો કુમાર્ગે ધનનો નાશ કરે. ને અલ્પ અવસ્થામાં દરીદ્રી થાય. વ્યયભાવ સ્વામી શુભગ્રહની રાશીમાં હોય કે ભેગા હોય યા કેંદ્ર ત્રીકોણે હોય તો તે વીવાહને શુભ કાર્યમાં ધનનો ખરચ કરે.

પ્રત્યેક ગ્રહનું ફળ—બારમે રવી હોય તો દુષ્ટ ચેષ્ટાવાળો જાણવો, ને બારમે ચંદ્ર હોય તો ડાબી આંખે રોગી, યા કાણો હોય, તથા મીષ્ટાન ખાવાવાળો જાણવો. બારમે મંગળ હોય તો નાના પ્રકારના રોગને ઉત્પન્ન કરે, પૂર્વે એકઠા કરેલા ધનને વાપરવાવાળો જાણવો, ને અંત્ય અવસ્થામાં દુખી જાણવો. બારમે બુધ હોય તો સ્વભાવ શીતળ, ને પરકાર્ય કરવાવાળો જાણવો. ગુરૂ બારમે હોય તો નીચ કર્મ કરનાર, વ્યભીચારી, નીર્લજ હોય. બારમે શુક્ર હોય તો સ્વજન પ્રીય, નેત્ર રોગી, બહુ ધનવાન, ને શુભ કાર્ય કરતા જાણવો. બારમે શની રાહુ હોય તો ક્રોધી, અર્થ ક્લેશી, પુન્ય માર્ગે પ્રીતી રહીત, ને પરને દુઃખ દેવાવાળો જાણવો. એ પ્રમાણે બારમો ભાવ જોવો.

ઈતી સંક્ષેપથી દ્વાદશ ભાવ વિચાર સંપૂર્ણ.

સુર્યની દશાના ફળનો સમજ.

મનને ઉદ્વેગ કરે, ખેદ ઉત્પન્ન કરે, દ્રવ્યનો નાશ કરે, ક્લેશ ઉપજાવે, પ્રવાસ કરાવે, પીતનો ઉપદ્રવ કરે, સ્વજન, ભાઇઓથી વેર કરાવે, ને રાજ્યથી ભય દેખાડે.

ચંદ્રની દશાનું ફળ

સારા પ્રકારે ધનનો લાભ કરાવે, જળમાર્ગથી દ્રવ્ય મેળવે, રત્નાદીકનો લાભ કરાવે, પૃથ્વી, ને રાજ્યથી સુખ આપે, મીષ્ટાન ખવરાવે, સારી સજ્યા ઉપર સુવરાવે, સીંહાસનાદીકનો લાભ આપે, અને કુળમાં વીગ્રહ પેદા કરે.

મંગળની દશાનું ફળ

શસ્ત્રથી ઘાત કરાવે, બંધનમાં નાખે, રાજાથી પીડા કરાવે, મુર્છા આપે, કુટુંબમાં ક્લેશ પેદા કરે, શરીરે જ્વારાદીકની ઉત્પતી કરે, પૃથ્વિ, ત્રાંબુ, સોનું, અને તીખાશવાળા પદાર્થના રસથી ધનની પ્રાપ્તી કરે.

બુધની દશાનું ફળ

અપ્સરા ઈત્યાદી સારી સ્ત્રીથી સુખ મેળવે, પૃથ્વિ, સોનાનો લાભ આપે, સૌભાગ્ય, યશ, સીદ્ધી મેળવે, રાજાથી સુખ થાય, ને કફનો ઉપદ્રવ શરીરમાં રાખે.

શનીની દશાનું ફળ

અર્થે અપવાદ કરાવે, બંધીખાને નખાવે, વાયુનો પ્રકોપ કરાવે, સજ્જનમાં વીરોધ કરાવે, રાજાથી ભય દેખાડે, શરીરે પીડા કરે, સ્ત્રી પુત્રથી કંકાસ કરાવે, ને ઘરથી ભ્રષ્ટ કરાવે.

ગુરૂની દશાનું ફળ

રાજાથી, ઘોડાથી, સોનાથી લાભ મેળવે, સારી બુદ્ધી આપે, ઘણુક દ્રવ્ય મળે, મોહોટી કીર્તી મળે, રાજાથી ભય દેખાડે, જહરે ગુલ્મનો રોગ પેદા કરે, ને ક્યારેક શોકને પેદા કરે.

રાહુની દશાનું ફળ

બુદ્ધીને ફેરવે, ચીત ભ્રમ કરે, મનને દુઃખ આપે. વ્યાધી પેદા કરે, પરદેશ ફેરવે, થોડું માન્ય મળે, રાજાથી વ્યવહાર રખાવે.

શુક્રની દશાનું ફળ

મીત્રથી આનંદ અપાવે, રાજાથી લાભ મેળવે, સ્ત્રી વીલાસ આપે, સારા પદાર્થને ભોગવાવે, વાહનનું સુખ આપે, વાદ્વીવાદ કરાવે, એ સ્ત્રીનો સંગમ કરાવે, લાભને આપે, ધર્મ, અર્થને, આપે, કળા કૌશલ્યનો લાભ આપે, ને મોહોટી કીર્તી મેળવે. આ પ્રમાણે અષ્ટોતરી માહા દશાનુ ફળ જાણવું. માહાદશાની પેઠેજ અંતર દશાનાં ફળ જાણવાં, તેમજ વિંશોતરી દશાનું ફળ જાણવું. યોગની દશાનુ ફળ તેના નામ પ્રમાણે કહેવું. દશાનુ ફળ ગ્રહનાં યોગાનયોગ જોઈને કહેવું. ગ્રહોનું ફળ આપવું તે ગ્રહની સારી કે નઠારી દશાની અંદર આપે છે. જે ગ્રહ ઉ-

ચ હોય તેની દશા શ્રેષ્ટ જાણવી. ઉંચ, મીત્ર, કે સ્વગ્રહી નીચના અંશમાં હોય તો પ્રથમ ભાગમાં દશા સારૂં ફળ આપે ને પાછળથી સાધારણ આપે. સ્વગ્રહી યા મૂળ ત્રીકોણની દશા સારી જાણવી. મીત્ર ગ્રહ યા વર્ગોતિમીની દશા સારી જાણવી. નીચ ગ્રહની દશા સારાં ફળને આપે નહીં. પરમ ઉંચની દશા સંપુરણ ધન સુખ આપનારી જાણવી; તેમજ વધારે બળ પામેલાની દશા પણ સારી જાણવી. નીચની દશા ધનની હાની કરે, બળ વીનાના ગ્રહની દશા કષ્ટને આપે. શત્રુ નીચ ને, અસ્ત રાશીના અંશના ગ્રહની દશા અફળ જાણવી. પાપગ્રહમાં શુભગ્રહની દશા પેહેલું સુખ આપે, ને પછીથી ભય દેખાડે તેમજ શુભ ગ્રહની દશામાં પાપ ગ્રહની દશા પેહેલાં કષ્ટ આપે, ને પછી સુખ આપે. શુભ ગ્રહમાં શુભ ગ્રહની દશા સારા ફળને આપે. સૂર્યને મંગળની દશા બેસતાં સારૂ યા નઠારૂં ફળ આપે, શુક્ર, ચંદ્ર, ને ગુરૂ, મધ્યમાં ફળ આપે. રાહુ શની ને બુધ દશા ઉતરતાં ફળ આપે છે દશા પ્રકરણ સમાપ્ત.

અથ મુહૂર્ત પ્રકરણ પ્રારંભ.

રૂતુદાન દેવાના મહૂર્તની સમજ—સ્ત્રીને રૂતુદાન દેવા જવું ત્યારે ચંદ્રબળ જોવું, અને રજોદર્શન થયા પછી ચાર રાત્રી મુળ, મઘા, રેવતી, સ્વાતી, ઉતરાષાઢા, અને મૃગશીર એ નક્ષત્ર, ૪-૮-૩૦-૧૫ એ તિથી, શ્રાદ્ધનો દીવશ તથા શ્રાદ્ધના આગલા દીવશની રાત્રી,* સંધ્યાકાળ, પર્વણી એનો ત્યાગ કરીને પોતાની સ્ત્રીને રજોદાન દેવા જવું.

રજો દર્શન મૂ.—સ્ત્રીને પહેલું રૂતુ ચૈત્ર, જેઠ, અષાડ, ભાદરવો, કારતક અને પોસ માસની અંદર રૂતુ નેષ્ટ આવે તો તે જાણવું, તેમજ વિષ્કુંભ, અતિગંજ, ગંજ, વ્યાઘાત, શુલ, વજ, વ્યતિપાત પરીઘ અને વૈધૃત એ યોગ પણ નેષ્ટ જાણવા. ૬-૮-૧૨-૩૦-૪-૮-૧૪ એ તીથી રવી મંગળ, શની એ વાર પણ નેષ્ટ જાણવા. પાર કુંધર. ખરાબ જગ્યા નક્ષત્ર તિથીના સંધી મીશ્ર ઉગ્ર મૂળે રહીત તીક્ષણ નક્ષત્ર કુર્ણ પાપગ્રહનું લગ્ન રાતુ કાળુ ચીત્ર વીચીત્ર અને જુનું લુગડુ પહેરયુ હોય અને રજોદર્શન થાય તો નેષ્ટ ફળને આપે, ઉપર કહેલી બાબત શીવાય રજોદર્શન થાય તો શ્રેષ્ટ જાણવું.

રજસ્વળા સ્ત્રીને સ્નાન કરવાનું મૂ.—હસ્ત સ્વાતી અશ્વની, મૃગશીર, અનુરાધા, ધનેષ્ટા, શ્રવનક્ષત્ર, જેષ્ટા, મૃગશીર, રેવતી, હસ્ત અને રોહિણી એ નક્ષત્રને વિશે ગુરૂ, બુધ, શુક્ર, અને સોમવારે શુભથી ને વીશે રજસ્વળા સ્ત્રીને સ્નાન કરાવવું.

પુંસવનના મૂ.—પુંસવન એટલે સ્ત્રીને પેહેલા ગર્ભ રહે છે તેને બીજે વા ત્રીજે માસે રાખડી બાંધવી, ને જો ગર્ભનો પાત થતો હોય તો સીમંતની સાથે પુંસવન કાર્ય કરવું, મૃગશીર, પુનરવસુ, પુષ્ય, શ્રવણ, હસ્ત, મૂળ, મઘા, સ્વાતી,

રેવતી, રોહિણી, અશ્વની, મૃદુ, નક્ષત્ર ચીત્રા અને અનુરાધા એ નક્ષત્રને વીશે રવી,ગુરૂ, મંગળવારને દિવશે રગ્તા તીથી નો ત્યાગ કરીને પ્રથમ ગર્ભવંતી સ્ત્રીને રક્ષાબંધન કરવું.

સીમંતના મૂ.—સીમંત કર્મ, ગર્ભ ધારણ કર્યા પછી છઠે આઠમે માસે, મૃગશીર, શ્રવણ, હસ્ત, મુળ, પુસ્ય અને પુનરવસુ નક્ષત્રમાં, ગક્ષાંત, ભદ્રાગિર, કીર્ણ પાત અને વૈધ્રત યોગને તજી ચંદ્રબળ જોઈ કર્ક. ધન એ લગ્ન નંદા, પૂર્ણા, જ્યા, એ તિથીને વિશે મંગળ ગુરૂ અને રવીવારને દીવશે શ્રીમંત કર્મ કરવું.

જાત કર્મની સમજ—મૃદુ, ધ્રુવ અને ક્ષીપ્ર નક્ષત્રને વિશે, ગુરૂ અને શુક્રવાર લઈને પર્વ દીન રીક્તા એ તીથીને ત્યાગીને શુભ તીથીને વિશે જન્મથી અગ્યારમે બારમે દીવશે ઉદયકાળે જાતકર્મ કરવું.

સુતીકા સ્નાનના મૂ.—હસ્ત, ચીત્રા, પૂર્વાફાલગુની, સ્વાતી, ધનેષ્ટા, રેવતી, અનુરાધા, મૃગશીર, અશ્વની, અને ધ્રુવ નક્ષત્રને વિશે પર્વ દીવશ રકતા તીથી. અમાંસ એનો ત્યાગ કરીને ગુરૂ મંગળ અને રવીવારને દીવશ પ્રસુતીકાને સ્નાન કરાવવું, વીશેષ કરીને દશમ તેરસ અને બીજ તીથીનો ત્યાગ કરવો.

નામ કર્મના મુ.—જન્મથી દશમે, બારમે, તેરમે, સોળમે, વિશમે અને બત્રીસમે દીવશે, સૂતકને અન્તે અથવા પોતાના કુળને અનુસરીને, કૃતીકા, મૃગશીર, રેવતી, પુષ્ય એ નક્ષત્રની અન્દર સ્થીર રાશીમાં, પક્ષ છીદ્ર તીથી નામ શુકલ પક્ષની આઠમને દીવસે નામ કર્મ કરવું.

પારણાના મૂ.—મૃગશીર, અશ્વની, ધનેષ્ઠા, રેવતી, પુષ્ય, ચિત્રા, શતભીષા, અનુરાધા, ઉત્તરા, સ્વાતી, હસ્ત, એ નક્ષત્રને વિશે, અને ગુરૂ આદી લગ્નમાં સુભ ગ્રહ હોય, તેમજ શુભ તિથી અને સુભ વાર જોઈને બાળકને પારણામાં બેસારવું.

પારણાના ચક્રની સમજ—સૂર્યના નક્ષત્રથી દીનીઆ નક્ષત્ર સુધી ગુણવું, ગુણતા જે સંખ્યા થાય તેમાંથી પાંચ પાંચ ચાર દીશાએ નક્ષત્ર દેવા, અને સાત નક્ષત્ર મધ્યમાં દેવા એ પ્રમાણે પારણાના ચક્રમાં નક્ષત્ર દેવા. નક્ષત્રના ફળની સમજ-પૂર્વ દીશાના નક્ષત્ર આરોગ્યને આપે, દક્ષીણના નક્ષત્ર મૃત્યુ કરે, પશ્ચમના નક્ષત્ર બાળકને દુરબળ કરે, ઉત્તરના નક્ષત્ર વ્યાધિને પેદા કરે, અને મધ્યના સાત નક્ષત્ર આયુષ્યને વધારે. એ પ્રમાણે નક્ષત્રનું ફળ જાણવું અને જન્મથી ૩૨-૧૮-૧૬-૧૨-૧૦ એ દીવસને વિશે પારણામાં બાળકને સુવારવું.

તાંબુલ ભક્ષણ કરવાનું—બાળકને જન્મથી ... માસે મૂળ, હસ્ત, ચીત્રા, પુષ્ય, શ્રવણ, રેવની, મગશીર, પુનર્વસુ અને ધનેષ્ટાએ નક્ષત્રની અંદર રવી સોમ ગુરૂ અને શુક્રવારને દીવશે બાળકને તાંમ્બુળ ભક્ષણ કરાવવુ.

બાળકને સુર્યના દર્શન કરાવવાનું-હસ્ત, પુષ્ય, પુનર્વસુ, શ્રવણ, ધનેષ્ટા, અનુરાધા, જ્યેષ્ટા, મૂળ, રોહિણી, રેવતી, ઉત્તરાફાલગુની, મૃગશીર, ઉત્તરાષાઢા, અને સ્વાતી એ નક્ષત્રની અન્દર ત્રીજે, ચોથે માસે બુધ, ગુરૂ અને શુક્રવારને દીવશે, રીક્તા તીથી તજીને સીંહ કન્યા તુલ અને કુંભ એ લગ્નમાં સૌમ્ય ગ્રહ જોતો હોય તે વખતે બાળકને સુર્યનુ દર્શન કરાવવું.

બાળકને અન્ન પ્રાસનાનું મૂ.—પુત્રને છઠે અથવા આઠમે માસે અને પુત્રીને પાંચ વા સાતમે માસે પુનર્વસુ, પુષ્ય, ધનેષ્ટા, મૃગશીર, હસ્ત, સ્વાતી, ચિત્રા, અશ્વની, શ્રવણ, રોહિણી, શતભીષા, ઉત્તરા, રેવતી અને અનુરાધા એ નક્ષત્રને વિશે, રીક્તા ક્ષય દીવશ નંદા બારસ અને આઠમ તેને ત્યાગ કરીને શુક્ર, ગુરૂ, બુધ અને સોમવારને દીવશ બાળકને અન્ન પ્રાશન કરાવવું. વિશેષ અન્ન પ્રાસન ઉપવીત અને રાજ્યાભિશેકને વીશે જન્મ નક્ષત્ર શ્રેષ્ટ જાણવું.

બાળકને પ્રથવી ઉપર બેસારવાનું મુ.—જન્મથી પાં-

ચમે માસે ગ્રહનું બળ જોઇને ઉતરા ત્રણ મૃગશીર, પુષ્ય, વિશાખા, રોહિણી, હસ્ત, અશ્વનિ અને અનુરાધા એ નક્ષત્રને વિશે બાળકને ભૂમિ ઉપર બેસારવું.

કાન વિંધવાનુ મુ.—કાર્તિક, પૌષ, મહા, ચૈત્ર અને ફાલ્ગુન માસમાં શુકલ પક્ષને વિશે દીન સુધી જોઇને અનુરાધા, પુષ્ય, ચીત્રા, શ્રવણ, રેવતી, અશ્વની, પુનર્વસુ, હસ્ત અને ધનીષ્ટા એ નક્ષત્રની અંદર બુધ ગુરૂ અને શુક્રવારને દીવસ બાળકનાં કાન વીંધવા.

બાળકને ક્ષૌર કરાવવાનુ મુ.—રેવતી, અશ્વની, જેષ્ટા, પુષ્ય, પુનર્વસુ, હસ્ત, ચીત્રા, સ્વાતિ, મૃગશીર, શ્રવણ, ધનેષ્ટા અને શતભિષા એ નક્ષત્રને વિશે ગુરૂ બુધ, સોમ અને શુક્રવારને વિશે બાળકને પહેલા મુંડન કરાવવું એક વર્ષની ઉપર અથવા પોતાના કુળાચારને અનુસરીને ક્ષૌર કરાવવું. તેમજ અનુરાધા, રોહિણી, ઉત્તરા, મઘા, રવી, ભૌમ અને શનીવાર રિક્તા તિથી એનો ત્યાગ કરવા, અને જન્મ્યા પેહેલા ક્ષૌર કરાવવું.

ક્ષૌરે અવશ્ય તજવાની સમજ.—ભદ્રા પુનમ અથવા અમાસવ્રત કર્યાનો દીવસ, શ્રાદ્ધનો દીવસ, છઠ રાત્રી સંધ્યાકાળ, આઠમ, વ્યતીપાત, કષ્ટ યોગ, ભૌમ, રવિ, શનીવાર, કુંભ, ધન, કર્ક અને કન્યાના સૂર્યની અંદર જન્મ નક્ષત્ર હવનાદિક કાર્ય કર્યા પછી અલંકાર પહેરવાને વખતે પ્રયાણ કાળે ભોજન કર્યા પછી અભ્યંગ સ્નાન કર્યા. પછી મંગળાદીક કાર્ય કર્યા પછી પટ્ટાભિશેક કર્યા પછી સ્ત્રી રજસ્વાલા હોય ત્યારે બેકી દીવશની અંદર એટલી જગોએ અવસ્ય વર્જવું.

વિધારંભ મૂ.—મૃગશીર, આર્દ્રા, પુનર્વસુ, પુષ્પ, અશ્વલેષા, મૂળ, હસ્ત, અશ્વની, ભરણી, કૃતિકા, પૂર્વા, ત્રણ અને શ્રવણ એ નક્ષત્રની અંદર ગુરૂ, બુધ, શુક્ર અને સોમવારને દિવશ વિધારંભ શ્રેષ્ટ જાણવો,

ધનુર્વિદ્યાનુ મૂ.—પૂનર્વસુ, પુષ્ય, સ્વાતી, ચીત્રા, કૃતિકા, મઘા, ધ્રુવ નક્ષત્ર શ્રવણ, ધનેષ્ટા મુળ, મૃગશીર અને રેવતી નક્ષત્રને વિશે રવી, સોમ અને બુધવારને દીવસે ધનુર્વિદ્યાનો આરંભ કરવો.

ઉપવીત મૂ.—મહા, ફાગણ, ચૈત્ર, વૈશાક; અને જેષ્ટ માસમાં બીજ ત્રીજ, દશમ, અગ્યારશ અને બારશ, પાંચમ, છઠ એ તિથીની અંદર પુર્વાષાઢા, શ્રવણ. ધનેષ્ટા, શતભિષા, અશ્વની, મૃગશીર. હસ્ત, ચીત્રા, સ્વાતી, રેવતી, જેષ્ટા પુષ્ય, ઉત્તરા એ નક્ષત્રને વિશે. મેષ, મીન, ધન કન્યા, તુલ, અને સિંહ એ સંકૃતીમાં શુક્ર, રવી, ગુરૂવારને દિવશે ઉપવીત શ્રેષ્ટ જાણવું. તેમાં ચૈત્રમાં મીનના સૂર્ય વ્રતારંભમાં ઉત્તમ જાણવા. વ્રતારંભનો કાળ ગર્ભાધાનથી. આઠમે વર્ષે બ્રાહ્મણને ઉપવીત દેવુ, રાજાને અગ્યારમે વર્ષે, વૈસ્યને બારમે વર્ષે ઉપવીત દેવું, તેમજ બ્રાહ્મણને વસંત ઋતુ, રાજાને ગ્રીષ્મ ઋતુ, અને શરદ રૂતુમાં વૈસ્યને ઉપવીત દેવું. વીવાહ અને ઉપવીત મધ્યે જન્મ માસ જન્મ નક્ષત્ર અને જન્મકાળ વર્જવાં.

શૌદ્રને ઉપવીતનું મૂ૦—મૂળ, આર્દ્રા, શ્રવણ, મૃગશીર, ધનેષ્ટા, પુષ્ય, અશ્વની, રેવતી, રોહિણી, પુનર્વસુ, હસ્ત અનુરાધા, શતભિષા, ચિત્રા, સ્વાતી અને ઉત્તરા એ નક્ષત્રની અંદર શુક્ર, ગુરૂ, મંગળ, સોમ અને બુધવારને દીવશે શુદ્રને ઉપવીત દેવું.

માંડવાનું મૂ૦—વીવાહથી પહેલા ૪–૫–૭–૯–૧૧ એટલા દીવશની અંદર ચીત્રા, વિશાખા, શતભીષા, અશ્વની, જેષ્ટા, ભરણી, આર્દ્રા પુનર્વસુ, પુષ્ય, અશ્લેષા એ નક્ષત્રને વિશે રવી, મંગળ વારે માંડવો બાંધવો શ્રેષ્ટ જાણવો.

માંડવાના ખાતની સમજ—સિંહ, કન્યા અને તુલ સંક્રાંતીની અંદર વાયુ કોણે ખાત જાણવી, વ્રશ્ચિક, ધન, અને મકરમાં ઈશાન કોણે, કુંભ મીન અને મેષમાં અગ્ની કોણે, વૃષ, મીથુન અને કર્ક સંક્રાન્તીમાં નૈરૂત કોણે ખાત

જાણવી. ઘરગામ દેવી પ્રતિષ્ટા, દેવની પ્રતિષ્ટા, બાગ, ગાડુ, અને માંડવો નાખવામાં આ ખાત જોવી. વૃષ, મીથુન અને કર્કના સૂર્યમાં અગ્ની કોણે, સીંહ, કન્યા અને તુલમાં ઇશાન કોણે વૃશ્ચિક, ધન અને મકરમાં વાયુ કોણે, કુંભ, મીન અને મેષના, સૂર્યમાં નૈઋત કોણે ખાત જાણવી, આ ખાત ચોરીમાં, સ્થંડીલમાં કુંડમાં, કુવાની પ્રતિષ્ટામાં, તળાવની પ્રતિષ્ટામાં ખાત જોવી.

નવા સ્ત્રીને ઘેર તેડી લાવવાનું મૂ૦—વિવાહથી પહેલું વર્ષ, પોષ, અશાડ, અધિક માસ અને ચૈત્ર માસ ત્યાગીને માગશર, મહા, વૈશાક અને જ્યેષ્ટ માસની અંદર. હસ્ત ચીત્રા, સ્વાતી, મૂળ, મઘા, ઉત્તરા, શ્રવણ, ધનેષ્ટા, રેવતી, પુષ્ય અને અનુરાધા એ નક્ષત્રની અંદર ગુરૂ, ચંદ્ર, બુધ અને શુક્રવારને દીવશે નવી પરણેલી સ્ત્રીને ઘેર તેડાવવી.

નવા વસ્ત્ર પહેરવાનું મૂ૦—રોહિણી, હસ્ત, ચીત્રા, સ્વાતી, વિશાખા, અનુરાધા, અશ્વની, ઉત્તરા, પુનર્વસુ, પુષ્ય, રેવતીને વીશે, સોમ બુધ, ગુરૂ, શુક્ર અને શનીવારને વીશે નવા લુગડાં પહેરવાં.

નવા ઘરેણાં પહેરવાનું મૂ૦—હસ્ત, અનુરાધા, મૃગશીર, પૂર્વાષાઢા, ધનષ્ટા, ચીત્રા, ઉત્રા, પુનર્વસુ, રોહિણી એ નક્ષત્રને વિશે સ્થિર લગ્નમાં રવી, શુક્ર, બુધ અને ગુરૂવારને દીવશે સોના આદી લઈને ઘરેણાં પહેરવા.

દાંતનો ચુડો પહેરવાનુ મૂ.—પુર્વાષાઢા, અશ્વની, હસ્ત, ચીત્રા, સ્વાતી, વિશાખા, અનુરાધા, ધનેષ્ટા એ નક્ષત્રને વિશે ગુરૂ શુક્ર અને બુધવારે ચુડી પહેરવી.

પ્રયાણ મૂ.—દશા શુળના સમજ. શની, સોમવારે પૂર્વ દીશાએ જાવું નહીં. ગુરૂવારે દક્ષણ દિશામાં અને શુક્રવારે પાશ્ચમ દિશા ઉત્તરાદી દિશમાં મંગળ અને બુધવારે જાવું નહીં.

યોગનીની સમજ.—પડવો, અને નોમની પૂર્વ દીશામાં યોગની જાણવી. દશમ અને બીજને દીવશે ઉત્તર ત્રીજ અગીઆરશની અગ્ની કોણે, ચોથ બારસની નૈરૂત કોણે, પાંચમ અને તેરશની દક્ષણ દીશામાં, છઠ અને ચૌદશની પશ્ચિમમાં, સાતમ, પુનમ વાયુ કોણે, આઠમ અને અમાશ ઈશાન કોણે, યોગની જાણવી. ફળ; પછાડી અને જમણા હાથ તરફ સારા ફળને આપે. ડાબી અને સામી નેષ્ટ ફળને આપે.

કાળની સમજ—રવીવારે ઉત્તર, સોમે વાયુ કોણે, મંગળવારે આથમણી, બુધવારે નૈરૂતે, ગુરૂવારે દક્ષણાદી, શુક્રવારે અગ્નીકોણે, શનીવારે પૂર્વ દીશામાં કાળનાં ઘર જાણવાં.

ચંદ્રના ઘરની સમજ--મેષ, સીંહ અને ધનરાશીના ચંદ્રમાં પૂર્વ દિશાએ; વૃષ, કન્યા, મકરમાં દક્ષણ દીશા; મિથુન, તુલ, કુંભ, પશ્ચિમ દીશામાં; કર્ક, મીન અને વૃશ્ચિક સંક્રાંતીમાં ઉત્તર દીશાએ ચંદ્રનાં ઘર જાણવાં; સામે અને દક્ષણ દીશામાં ચંદ્રના ઘર શ્રેષ્ટ જાણવાં. ડાબી તરફ અને પછાડીના ભાગમાં ચંદ્રનું નેષ્ટ ફળ જાણવું; નક્ષત્ર મૃગશીર, અશ્વની, પુષ્ય, પુનર્વસુ, હસ્ત, અનુરાધા, શ્રવણ, મુળ, ધનેષ્ટા, રેવતી એ નક્ષત્રને વિશે, ૧-૨-૩-૫-૭-૧૦-૧૧-૧૩ એ તીથીને વિશે, ગુરૂ, શુક્ર. બુધ, અને સોમવારે તે દીવસ પ્રયાણ શ્રેષ્ટ જાણવું.

સમાપ્ત.

જોતિષ સિદ્ધાંત બુકના આશ્રય આપી
અગાઉથી થનાર ઘરાકોનું લીસ્ટ.

રા. રા. છગનલાલ લાધાભાઈ શાસ્ત્રી	૫૦
રા. કલ્યાણરાય આરતલાલ મેહેત્તા	૫
રા. શીવપ્રસાદ બેહેચરલાલ મેહેતા.	૫.
રા. છોટાલાલ હરીલાલ પારેખ.	૫
રા. બા. મે. ચુનીલાલ માણેકલાલ ફ. ક. સ. જડજ સા. ડી. અમદાવાદ.	૧
રા.સા.મે. ગોપાળશંકર વેણીશંકર મામલતદાર પ્ર.કડવંજ.	૧
રા. બા. મે. ગીરધર ઉલટરામ.	૧
રા. બજુરાવ ચમનલાલ ધ્રુ	૧
રા. હરીભાઈ રણછોડરાવ મઝુમદાર	૧
રા. ડાહયાભાઈ માધુભાઈ મજમુદાર.	૧
રા. કાશીરામ અંબાલાલ ટેલીગ્રાફ ઈન્સ્પેકટર બી. બી. એન્ડ સી. આર બરોડા ડીસ્ત્રીકટ	૧
રા. કેશવલાલ મનસુખરામ ટેલીગ્રાફ મા. અમદાવાદ રેલવે સ્ટેશન.	૧
રા. જેકીશનદાસ પરમાનંદદાસ.	૧
રા. ડાહયાભાઈ નારણજી.	૧
રા. ઈસ્માલ જાફરજી	૧
રા. ધાવજીભાઈ.	૧
રા. હરદાસરાય નરસીરામ.	૧
રા. ચમનલાલ રણછોડજી	૧
રા. ભગવતલાલ ડી. એમ. બારેન્ડી	૧
રા. ગોપાળદાસ દામોદરદાસ.	૧
રા. નાનાભાઈ દયાશંકર.	૧
રા. અંબાલાલ હરીલાલ.	૧
રા. વ્રજભુખણદાસ દલપતરામ.	૧
રા. કાશીદાસ નરસીહદાસ	૧

રા. દામોદર ઈશ્વરરાય. ૧
રા. દોલતરાય અચરતલાલ. ૧
રા. લક્ષ્મણરાય દોલતરાય ૧
સ્વ. બળવંતરાય વી. ગવરીશંકર ત્રીવેદી ૧
રા. બાલાભાઈ લલુભાઈ ૧
રા. પરશોતમરાય ચુનીલાલ ૧
રા. મણીલાલ ચુનીલાલ ૧
રા. કાશીશંકર પ્રભુશંકર. ૧
રા. જટાશંકર પ્રભુશંકર. ૧
રા. વીરપ્રસાદ બાપુલાલ સબ. પો. મા. સાણુંદ ૧
રા. બાપુભાઈ મણીરામ ભરૂચ. ૧
રા. મોતીલાલ મનસુખરામ, ૧
રા. વીનાયકરાય વી. હરીપ્રસાદ દેશાઈ ભાવનગર. ૧
રા. બળવંતરાય અનંતરાય. ૧
રા. ઉમાભાઈ જસવંતરાય. ૧
રા. આરતલાલ રામરાય મેહેતા. ૧
રા. ચીમનલાલ લખમીચંદ. ૧
રા. મોહોકમભાઈ વખતચંદ ૧
રા. ગોકળદાસ દામોદરદાસ ગુડઝ કલાર્ક ખારાઘોડા. ૧
શા. લલુ ઉમેદ. ૧
રા. આપુરાવ તાત્યા સાહેબ વડગાંવકર વડોદરા. ૧
શેઠ ચુનીલાલ લક્ષ્મીચંદ. ૧
રા. મોહનલાલ દ્વારકાંદાસ મેહેતા. ૧
રા. જીવરામ હરીશંકર દવે કચ્છ માંડવી. ૧
રા. તુળસીદાસ ઈજ્જતરામ પારેખ વડનગર. ૧
રા. ગણુપતરામ અમથારામ જોશી. ૧
રા. માહાશંકર જેશંકર જોશી. ૧
રા. મુળચંદ કાળીદાસ. ૧
રા. પ્રાણુલાલ ધીરજરાય મેહેતા. ૧
રા. મોતીલાલ વી. પ્રાણુલાલ રાણપુર પોસ્ટમાસ્તર. ૧

આ શીવાય બીજા કેટલાએક નામો અમને મ્હોડા મળવાથી દાખલ કર્યા નથી.